૫૦૨૫

વડોદરા દેશી કેળવણીખાતા માટે.

# भरतखंडनो सरळ इतिहास.

બનાવનાર.
વિઠ્ઠલદાસ ધનજીભાઇ પટેલ.

અમદાવાદ.
આર્યોદય પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૮——સન ૧૮૯૨.

કીમત ૭॥ આના.

# પ્રસ્તાવના.

નાનાં બાળકોને માફક આવે એવો સરળ ઇતિહાસ તૈયાર કરવાનું કામ વડોદરા રાજ્યના દેશી કેળવણીખાતા તરફથી મને સુપરત થતાં મેં તેવો ઇતિહાસ તૈયાર કરી મોકલ્યો, તે ત્યાંની કમિટિને તપાસવા માટે મોકલવામાં આવ્યો. કમિટિએ કરેલી સૂચનાઓ પ્રમાણે તેમાં સુધારો વધારો કરી તે ફરીથી રજુ કર્યો. એ ખાતાના ડિરેકટર સાહેબે તેને જાતે તપાસી કેટલીક સૂચનાઓ કરી તથા તેમને યોગ્ય લાગ્યો તે ફેરફાર કર્યો, તે અન્વયે પુસ્તક પુનઃ લખી છપાવવામાં આવ્યું છે.

એ પુસ્તક લખવામાં એલફિન્સ્ટન, મોરીસ, હંટર, મારીસન, મરે, ટેલર, સિંકલેર વગેરે કૃત અંગ્રેજી ઇતિહાસો, મરેઠી બખર, ભરતખંડનો ઇતિહાસ વગેરે ઇતિહાસોની મદદ લીધી છે.

શાળાઓમાં દાખલ થયા પછી અનુભવથી જો આ પુસ્તકમાં કાંઇ ફેરફાર કરવો યોગ્ય જણાય, તો બીજી આવૃત્તિ વખતે તે ઉપર લક્ષ આપવાનું બની આવે, માટે જે જે સૂચના આપવા સરખી હોય તે લખી મોકલવા વિનતિ છે.

કર્ત્તા.

# ઈતિહાસ શીખવવા વિષે સૂચના.

વખતની ક્રમ પ્રમાણે બનેલા ખરા બનાવોનું વર્ણન કરવું એજ કાંઈ ઇતિહાસ નથી. પરંતુ એ બનાવો શા સંબંધે કયા કારણથી બન્યા–કયા કયા સારા માઠા કર્મોના ફળરૂપ એ બનાવો નીપજ્યા, એ શોધી કહાડવાનું જ્ઞાન આપનાર ઇતિહાસ છે. ઇતિહાસમાં રાજ્યકીય, ધર્મ, વેપાર રોજગાર, દેશસ્થિતિ વગેરે સબંધી બનેલા બનાવોનું ચિત્ર આપવામાં આવેછે. એ ઉપરથી સારા શિક્ષકો વિદ્યાર્થિને દૃષ્ટાંતિક નીતિ ને સાંસારિક જ્ઞાન આપી શકેછે.

ક્રમવાર બનાવો ગોખાવવા અને વિદ્યાર્થિને જુદા જુદા પ્રકારની નોટો, તારણો, કોષ્ટકો ને મુકાબલા વગેરે તૈયાર કરી આપી તેઓ પોપટીઆ જ્ઞાન મેળવી પરીક્ષામાં પાસ થાય એવા કરવા, એ ઇતિહાસ શીખવવાની ખરી મતલબ નથી. એ પ્રમાણે કરવાથી તો બાળકોને ચાલણગાડી આપી ચલાવવાને બદલે કમરે બેસાડી લેઇ જવા જેવું થાય છે. અને પરિણામે ઐતિહાસિક શિક્ષણની મતલબ ઉડી વળી શિક્ષક ને શીખનારની મેહેનત અફળ જાયછે.

નાનાં બાળકોને વાતો સાંભળવાનું મન વધારે હોય છે. રસિક લાગે એવી વાતો તેઓ ધ્યાન દેઈને સાંભળેછે, અને ધ્યાન આપી સાંભળેલાની તેમના કોમળ અંતઃકરણ ઉપર મજબુત છાપ પડેછે. તે છાપ મરણ પર્યંત જતી નથી. ઇતિહાસ એ ખરી બનેલી વાતોનો ભંડાર છે. એ ભંડારમાંથી શિક્ષકે નાના વિદ્યાર્થિઓને રસિક લાગે એવી રીતે એક એક વાત અનુક્રમે કહી જવી. આ પ્રમાણે થવાથી ઇતિહાસનું શિક્ષણ શીખનારના મન ઉપર બોજા રૂપ થવાને

બદલે, તેના મન ઉપર બીજા વિષયોના બોજાથી થએલા થાકને ખશેડી વિશ્રાંતિ આપેછે. ઇતિહાસનું પુસ્તક તો માત્ર મહેતાજીએ કહેલી વાર્તાની સાંકળની એકાદ કડી ગુંચવાઈ ગઈ હોય તે સાંકળીને બરાબર ઉકેલી ગોઠવવાનું સાધન છે—બાળકોની સ્મરણશક્તિને સહાયભૂત થનારૂં છે.

પરંતુ બાળકોનાં મન તાજાં કરવાં એજ ઇતિહાસ શીખવવાની મતલબ છે એમ નથી. ઇતિહાસના સત્ય બનાવો ઉપરથી દૃષ્ટાંતિક નીતિ ને સાંસારિક જ્ઞાન પણ તેમાંથી આપવાનું છે. આ કામ શીખવતી વખતે બાળકોને સૂચક સવાલો પુછવાથી પાર પડી શકેછે.

ઘણી અરસિક વાતો ને બનાવો તથા ઘણાં કઠિણ નામો ને તારીખો એ ઇતિહાસને લુખો બનાવી વિદ્યાર્થિને અરૂચી ઉત્પન્ન કરનાર બોજા રૂપ થઇ પડેછે. માટે શિક્ષકે થોડું શીખવવું પણ તે સાફલિક થાય એમ કરવું જોઇએ.

શીખવવામાં મહેતાજીને સહાયભૂત થાય તથા દૃષ્ટાંત રૂપ થઇ પડે, તેટલામાટે કેટલેક ઠેકાણે આ પુસ્તકમાં રાજા પ્રજાની ચડતી પડતીનાં કારણ, રાજાઓની રાજ્યરીતિની સ્તુતિ કે નિંદા કરેલી છે. કેટલેક ઠેકાણે બનેલા બનાવો ઉપરથી નીતિ ને ઉપદેશ પણ કહાડી બતાવ્યો છે. એ બધું શીખવતી વખતે શિક્ષકે દૃષ્ટાંત રૂપ લેઇને આ પુસ્તકમાં નહિ આપેલા સમયની, રાજા ને રાજ્યની, વ્યાપાર ને લોકોની ચડતી પડતી થવાનાં કારણ, રાજ્યરીતિ ને બનાવો ઉપરથી નીકળતાં નીતિ ને ઉપદેશ બાળકો પાસે કઢાવવાં; રાજાઓ, મહા પુરૂષો, ગવરનરો, રાજ્યનીતિરીતિ, લોકસ્થિતિ વિદ્યાકળા, વગેરેનો મુકાબલો કરાવવો. આખા પ્રકરણનું કે સમયનું, બાળકો બરાબર સમજ્યાં છે કે નહિ તે જાણવા માટે, તેમની પાસે તારણ કડાવવું. મહાન પુરૂષોનું

જન્મચરિત્ર લખાવવું. મતલબ કે બાળકને ઇતિહાસના સર્વે બનાવો માત્ર ગોખીને યાદ રાખવાની જરૂર નથી. પરંતુ તે તેમને એવી રીતે શીખવવા કે શાળા છોડયા પછી પણ ઐતિહાસિક બનાવો વાંચવાનો ને તે ઉપરથી શિક્ષા લેવાનો તેમને શોખ થાય. અગત્યનો બનાવ વાંચ્યાથી તેની તારીખ તો આપોઆપ યાદ રહેછેજ. ઇતિહાસ એ ગાટી સહિત સોનું છે. તેમાંથી માટી ગાળી કહાડી ચોખું સોનું જુદું પાડતાં બાળકોને શીખવવું એ શિક્ષકનું કામ છે.

ઉપલા વર્ગના પુખ્ત વિદ્યાર્થિને અમુક બનાવ વિષે વિશેષ જ્ઞાન આપવાની શિક્ષકને જરૂર જણાય તો તે તેણે બીજાં પુસ્તકોમાંથી વાંચી લાવી તે વાર્તા રૂપે આપવું. અગંર તે વાંચી જઇ વાર્તારૂપ લખી લાવવાનું તેમને સોંપવું. પણ એમ કરતાં શિક્ષકે યાદ રાખવું કે એ વાર્તા બાળકોએ કોઇ પુસ્તકની નકલ કરીને તો આણી નથી. વિદ્યાર્થિએ લખેલી વાર્તા વંચાવી તેમાંની ખામીઓ સકારણ સમજાવી સુધારવી. વળી કોઇ કોઇવાર એ વાત બાળકોને એકઠા કરી શિક્ષકે વાંચી બતાવવી. શિક્ષકે પોતાના ખાનગી વાંચનમાંથી શિક્ષણ સંબંધી ઉપયોગી લાગે તેની નોંધ કે ટીપણ કરી લેવું. એમ કરવાથી તેની પાસે જ્ઞાનનો મોટો ભંડોળ એકઠો થશે, ને તે પાઠ શીખવવામાં બહુ મદદગાર ને રસિક થઇ પડશે. શિક્ષકે બાળકોના મન ઉપર ઘણા લુખા બનાવોનો બોજો નહિ ભરતાં રસિક ને ઉપયોગી થોડા બનાવો ઉપરથી શીખામણ આપી એવા બનાવો વાંચવાની હોંસ ઉત્પન્ન થાય એવી રીતે તેમને તૈયાર કરવા જોઇએ.

આ પ્રમાણે કરવાથી વિદ્યાર્થિને ઇતિહાસ સંબંધી ઉંચી પ્રતિનું જ્ઞાન મળે છે. [illegible]ગની તર્ક. કારણ. મુકાબલો[illegible]ની

અનુમાન શક્તિ કસાય છે. નીતિ ને સાંસારિક ઉપયોગી ગ્નાન મળે છે. સારાસાર સમજાઇ સુકૃત્યનું સારૂં ને દુષ્કર્મનું બુરૂં ફળ મળે છે એવું સત્ય તેમના મન ઉપર ઠસવાથી પરમ કૃપાળુ પરમાત્માના ન્યાયીપણાની તેને ખાતરી થાય છે. આ પ્રમાણે બને ત્યારેજ ઐતિહાસિક શિક્ષણ સાફલ્ય થયું સમજવું.

નાનપણમાં વ્યાસ પુરાણી વગેરે કથા કહેનાર પાસેથી સાંભળેલાં રામાયણ, મહાભારત, આદિમાંનાં નામ, કામ, બનાવ વગેરે યાદ રહેછે ને શાળામાં શિક્ષકે શીખવેલો ઈતિહાસ શાળામાંજ કે શાળા છોડયા પછી થોડી મુદતમાંજ ભૂલી જવાય છે તેનું કારણ શું ? અયોધ્યા, જનક, રામ, દશરથ, કૌશલ્યા, સીતા, વાળી, મંદોદરી, કુંભકર્ણ, હસ્તિનાપુર, ઇંદ્રપ્રસ્થ, ભીષ્મ, કર્ણ, દ્રુપદ, દ્રૌપદિ, વૈરાટ વગેરે નામો ને તેમનો ઇતિહાસ સાથેનો સંબંધ એકવાર સાંભળ્યા છતાં મરણ પર્યંત ભૂલાતો નથી અને શાળામાં સેંકડોવાર ગોખાયલાં નામો ભૂલી જવાય છે. મહાભારત ને રામાયણ વગેરે ગ્રંથો જેવા લખાયા છે તેવા ઇતિહાસ લખાયા નથી કે વ્યાસના કથન કરતાં શિક્ષકના શિક્ષણની અસર ઓછી થાય છે ! હજારો વરસ ઉપર થઇ ગએલાં નામો ભૂલાતાં નથી ને થોડાં સૈકાંની અંદરનાં નામો ગગજમાંથી ભૂસાઇ કેમ જાય છે ? મને તો એનું કારણ એટલુંજ સમજાય છે કે બાળકોના મુખ આગળ સાલવાર લુખા બનાવોનો ખીચડો ધરવા કરતાં મહાન, જરૂરી ને રસિક મહાત્માના બનાવોનું પકવાન ધરવાથી તેમને તે રૂચીકર થાય છે, એટલે તે વિના પ્રયાસે યાદ રહી જાય છે. રામાયણાદિમાં કલ્પના વડે મીઠું મરચું ભભરાવેલું હોવાથી તે વધારે રસિક લાગે છે, પરંતુ તે વડે ખરા ઇતિહાસ ત-

રીતે તેમની કીમત ઓછી થાય છે એ વાત લક્ષમાં લેવા સરખી છે ખરી.

ત્યારે સવાલ એ થાય છે કે ભરતખંડનો ઇતિહાસ કેમ શીખવવો ? ઇતિહાસની શરૂઆતમાં ક્રમ સાચવવાની કાંઈ જરૂર નથી. આપણો ઇતિહાસ જેટલાં ધોરણમાં શીખવવો હોય તેટલા, વખતના ક્રમ પ્રમાણે ભાગ પાડવા. જો ત્રણ ધોરણમાં શીખવાતો હોય તો હિંદુ, મુસલમાન, ને અંગ્રેજી રાજ્ય એવા ત્રણ ભાગ પાડવા. કદિ બે ભાગ પાડવા હોય તો હિંદુ મુસલમાન યુગ ને અંગ્રેજી યુગ એવા બે પાડવા. હિંદુ ભાગ શરૂ કરતાં હિંદુઓ આ દેશમાં ક્યાંથી આવ્યા ને આવીને તેઓ ક્યાં વસ્યા, તે વખતે આ દેશમાં કયા લોકો હતા, એ વાત શીખવવા કરતાં શરૂઆતમાં હરિશ્ચંદ્ર, રામ, કૃષ્ણ, પાંડવ કૈરવ, ઇત્યાદિની રસમય વાર્તાઓજ કહેવી, કે જેથી ઇતિહાસનું પગરણ રસભર્યું મંડાય. એ વખતે વધારે ઉંડું, પુખ્ત ને વિચાર કરવા યોગ્ય ગુઢ જ્ઞાન ન આપતાં માત્ર ઇતિહાસનું ખોખું તેમના મનમાં ઉત્પન્ન થાય એવી રીતે શીખવવું. મોટી મોટી વાતો વિગતવાર પ્રથમ શીખવવી ને થોડી જરૂરી મૂકી દેવી. એ પ્રમાણે જે યુગ શીખવવાનો હોય તે યુગ પુરો કર્યા પછી વચમાં પડતા મૂકેલા જરૂરી બનાવોનો શીખેલા બનાવો સાથેનો સંબંધ બતાવવો. તથા તે વખતના લોકોની સ્થિતિ, વેપાર, હુન્નર, રાજ્યનીતિરીતિ વગેરે શીખવવું. આપણા ઇતિહાસના પ્રથમ યુગમાં તારીખો થોડીજ જાણવામાં આવેલી છે. પરંતુ પાછલા યુગની તારીખોમાં પણ એવો નિયમ રાખવો ન જોઇએ કે સર્વે તારીખો જાણવી જોઇએ. મોટા બનાવોની હકીકત જાણ્યા સિવાય તારીખો યાદ રાખવી એ તો બિલકુલ નકામું છે. આપણા ઐતિહાસિક ગ્ર-

નને ક્રમવાર ગોઠવવામાં તારીખો માત્ર મદદગાર થાય છે. તારીખો પંડે તે બનાવો જેટલી ઉપયોગી નથી. મહાભારતનું યુદ્ધ, બૌદ્ધ, સિકંદરની સ્વારી, અશોક વગેરેની તારીખો બનાવના જ્ઞાનની સાથે યાદ કરાવવી. પરંતુ સિકંદર કોણ હતો, ક્યાંથી, શા માટે ને શી રીતે આવ્યો ને આવીને શું કર્યું એ જાણ્યા સિવાય "સિકંદરે ઈ. સ. પુ. ૩૨૭ માં હિંદ ઉપર સ્વારી કરી" એટલુંજ માત્ર ગોખાવવું એ નિરૂપયોગી છે.

એ પ્રમાણે ઇતિહાસનો પ્રથમ યુગ બે કે ત્રણ વખતે થઇને પૂરો કરાવવો. પહેલી વખતે મૂખ્ય પુરૂષોનાં ચરિત્ર ને સાલ, બીજી વખતે તેથી વધારે હકિકત, મોટા બનાવોનો સંબંધ ને સાલ અને ત્રીજી વખત ઇતિહાસમાં ઉપર કહ્યા પ્રમાણે ને ઉપર કહેલી રીતિએ જેટલું જ્ઞાન આપવું જોઇએ તેટલું આપવું.

બીજા યુગમાં પણ પ્રથમ મહંમદ, શાહાબુદીન, બાબર, અકબર, ઔરંગજેબ વગેરેની વાતો ને સાલ કહેવી. અને પાછળથી ઇતિહાસની પૂરી મતલબ સરે એ રીતે જ્ઞાન આપવું. વળી ત્રીજી વખતે પાઠ આપતી વખતે શિક્ષકે એકલાં જન્મચરિત્રજ નહિ પણ રાજ્યબંધારણ, રાજ્યનીતિ રીતિ, લોકસ્થિતિ, વિદ્યાહુન્નર, વેપાર રોજગાર, રાજ્યની ચડતી પડતીનાં કારણ વગેરે બાબતો ઉપર જુદા જુદા ગ્રંથો ઉપરથી જ્ઞાન મેળવી પાઠ આપવા. એટલે બૌદ્ધ ધર્મની ચડતી પડતી થવાનાં કારણ, મુસલમાની ધર્મની ચડતી પડતીનાં કારણ, હિંદુ મુસલમાનની રાજ્ય નીતિ રીતિનો મુકાબલો, અકબર ઔરંગજેબની રાજ્યનીતિનો મુકાબલો, મહાન શિવાજીની ચડતી ને મરેઠાની પડતીનાં કારણ, અંગ્રેજી રાજ્યોદય થવાનાં કારણ. અંગ્રેજી રાજ્ય પદ્ધતિથી

દેશને લાભાલાભ વગેરે વિષે મુખ પાઠ આપી સહાયકારી પાઠ વડે ઇતિહાસને પુષ્ટી આપવી એ શિક્ષકની મોટી ફ-રજ છે. કેટલીક વખત તેમની વાતો ને બનાવ શીખવ્યા પ-છી તેનું તારણ કહાડી લાવવાને છોકરાંને કહેવું. વિક્રમ, શિવાજી, પહેલા બાજીરાવ જેવા સ્વદેશાભિમાની વીર પુરૂષો-નાં ચરિત્ર લખાવવાં કે શીખવવાં કે જેથી સ્વદેશ પ્રીતિ તે શું અને માણસ માત્રની સ્વદેશ પ્રત્યે શીશી ફરજો છે તે વિદ્યાર્થિ જાણી શકે.

# ભરતખંડનો ઇતિહાસ.

## ઉપોદ્ઘાત.

**હદ.** ૧ ભરત રાજાના નામ ઉપરથી આ દેશનું નામ ભરતખંડ પડ્યું છે. એની ઉત્તરે હિમાલય પર્વત, પૂર્વે બ્રહ્મપુત્રા નદી ને બંગાળી અખાત, પશ્ચિમે સિંધુ નદી ને આરબી સમુદ્ર અને દક્ષિણે હિંદી મહાસાગરછે. એ દેશની ઉત્તર દક્ષિણ લંબાઇ સુમારે ૧૯૦૦ મૈલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ પણ તેટલીજછે. એનું ક્ષેત્રફળ આશરે પંદર લાખ ચોરસ મૈલ અને વસતી ૮।। કરોડ માણસની છે.

**સ્વાભાવિક ભાગ.** ૨ ભરતખંડના સ્વાભાવિક ભાગ ત્રણ છે. ૧ હિમાલયની દક્ષિણ તળેટીનો ઉંચો પ્રદેશ, હિમાલય ને શિવાલિક પર્વતની વચે આવેલો છે. તેમાં કાશ્મિર, નેપાળ ને ભૂતાનના મુલકો છે. ૨ શિવાલિક ને વિંધ્યાચળની વચેનો ભાગ, તેમાં હિમાલયમાંથી નીકળનારી સિંધુ, ગંગા ને બ્રહ્મપુત્રા નદીઓ વહેછે, તથા પંજાબ, સિંધ, રજપુતસ્થાન, ગુજરાત, માળવા, દિલ્હી, આગ્રા, કાશી, બહાર ને બંગાળાના મુલક છે. ૩ વિંધ્યાચળની દક્ષિણે કન્યાકુમારી સુધીનો ભાગ, એમાં ગોદાવરી, કૃષ્ણા ને કાવેરી એ નદીઓ વહેછે તથા મહારાષ્ટ્ર, તેલંગણ, કર્ણાટક ને મૈસૂર વગેરે મુલક છે. પહેલા બંને ભાગને પ્રથમ હિંદુસ્થાન અને ત્રીજા ભાગને દક્ષિણ કહેતા.

**લોક.** ૩ જુદે જુદે વખતે આ દેશમાં જુદી જુદી જાતના લોક આવીને વસેલાછે. પ્રથમ આ દેશમાં અનાર્ય લોક રહેતા હતા. એ લોક જંગલી હતા, અને આજે પણ તેઓ જંગલી સ્થિતિમાં રહેછે. તેઓ લાકડાના દેવ કરીને પૂજેછે, અને આખું ગામ સાથે ઉજાણી કરેછે ને દારૂ પીએછે. એ

લોક અર્ધ નગ્ન અવસ્થામાં રહેછે. પ્રથમ તેઓ આ દેશના સપાટ મુલકમાં રહેતા, પણ પરદેશીઓએ આ દેશમાં આવી તેમને ડુંગરામાં નસાડી મૂક્યા. બંગાળાના સંતાલ, ઓરીસાના કંધ, રજપુતાના ને પૂર્વ ગુજરાતના ભીલ ને નાયકડા તથા દક્ષિણના તોડા એ અનાર્ય લોકના વંશજો છે. અનાર્ય લોક ઉપર પ્રથમ તૂરાની લોક તાતારમાંથી આશામને માર્ગે હિમાલય ઓળંગી આ દેશમાં આવ્યા. તેમના વંશજો હાલ દક્ષિણમાં ને લંકામાં રહેછે, અને તેઓ તામિલ, તેલુગુ, મલયાલમ, ને કાનડી બોલી બોલેછે. તૂરાની લોક પછી આર્ય લોક ખૈબરઘાટને માર્ગે આ દેશ ઉપર ચઢી આવ્યા. તેમનું મૂળ રહેઠાણ મધ્ય એશિઆમાં ઓક્સસ નદીના કાંઠાના મુલકમાં હતું, એમ પાશ્ચિમાત્ય વિદ્વાનો ધારે છે. ત્યાં તેમની વસ્તી વધી ત્યારે તેઓ આસપાસના ફળદ્રુપ દેશોમાં જઇ વસવા લાગ્યા. તેમની એક ટોળી પશ્ચિમમાં જઈ યુરોપમાં વસી; તેમના વંશજો યુરોપની હાલની પ્રજાઓ છે. બીજી એક ટોળી ઇરાનમાં ગઇ, તેમના વંશજો હાલના પારસીઓછે. ત્રીજી ટોળી પ્રથમ સિંધુ નદી ઉપર આવી વસી. ઇરાની લોકોએ એ સિંધુ ઉપર વૈસનારા લોકોને હિંદુ કહ્યા, તે ઉપરથી આ દેશના આર્ય લોકોનું નામ હિંદુ પડ્યું એવું કેટલાક અનુમાન કરે છે, કેમકે હિંદુ એ શબ્દનો ઉલ્લેખ સંસ્કૃતમાં છેજ નહીં. સિંધુની આ પાર આવી એ લોકો આગળ વધ્યા ને ધીમે ધીમે આખા દેશમાં પસર્યા. આર્ય લોકો પ્રથમ હિમાલય ને વિંધ્યાચળની વચેના પ્રદેશમાં વસ્યા ને તે ભાગનું નામ આર્યાવર્ત્ત પાડ્યું. આર્ય લોક પછી ઈરાની, ગ્રીક ને શક લોક આ દેશ ઉપર ચઢી આવ્યા. પણ તેઓ આ દેશમાં સ્થાયી વસ્યા

નહિ. તેમનામાંના જેઓ આ દેશમાં વસ્યા તેમણે આર્ય લોકનો ધર્મ ને આચાર વિચાર સ્વીકાર્યાથી તેઓ આર્ય લોકો ભેળા ભળી ગયા. પાછળથી મુસલમાનોના ડરથી નાસીને ઈરાનથી પારસી લોક આ દેશને પશ્ચિમ કાંઠે આવી વસ્યા. તેમના પછી કેટલેક વરસે મુસલમાનો આવ્યા ને આ દેશમાં તેમનું રાજ્ય થયા પછી સ્થાયી વસ્યા. એ મુસલમાનો આર્બસ્તાન, ઈરાન, અફ્ઘાનિસ્તાન ને તુર્કસ્તાનથી આવેલા છે. એ શિવાય તેમણે આ દેશના વતનીઓને જુલમથી વટાળેલા મોળેસલામ મુસલમાનો છે. છેલ્લે યુરોપી લોકમાંના ફીરંગી (પોર્તુગીઝ), ફ્રેંચ, વલંદા (ડચ) ને અંગ્રેજ આ દેશમાં આવ્યા.

**ધર્મ.** ૪ પારસી લોક આવ્યા તે પહેલાં જે લોક આ દેશમાં રહેતા હતા તે સર્વનો અરસ્પરસ સંબંધ થવાથી તેમનો ધર્મ, રીતભાત ને વ્યવહાર એક જાતનાં થઈ ગયાં ને તે સર્વે હિંદુના નામથી ઓળખાવા લાગ્યા. પારસીઓ પોતાનો અગ્નિ પૂજવાનો ધર્મ સાચવીને જુદા પડ્યા. પારસી પછી મુસલમાનો આવ્યા તેમણે બળાત્કારે ઘણા હિંદુને મુસલમાન બનાવ્યા. વોહોરા, મેમણ વગેરે હિંદુમાંથી થએલા મુસલમાન છે. તેમના પછી પોર્તુગીઝ લોક આવ્યા. તેમણે ને તે પછીના અંગ્રેજ વગેરે બીજી યુરોપી પ્રજાએ ધર્મ સંબંધી બળાત્કાર ન કરતાં પોતાના ખ્રિસ્તિ ધર્મના પાદરીઓ મારફત ઉપદેશ કરાવી હિંદુના ખ્રિસ્તિ કર્યા. તેઓ વિશ્વાસી કહેવાયછે. એ પ્રમાણે આ દેશમાં હિંદુ, મુસલમાન, પારસી ને ખ્રિસ્તિ એ ચાર મૂખ્ય ધર્મોછે.

**ભાષા.** ૫ આ દેશના અસલી રહેવાસી અનાર્ય લોકની ભાષા આર્ય લોકની ભાષાથી જુદી છે તે છતાં તેમનો આર્ય

સાથે ઘણા વર્ષથી સંસર્ગ થયાથી તેમની ભાષામાં આર્ય ભાષાના ઘણા શબ્દો મળેલાછે. પ્રથમ આવેલા તૂરાની લોકમાં ચાર ભાષા બોલાયછે. તેનાં નામ ઉપર ત્રીજી કલમમાં આપેલાંછે. આર્ય લોક પ્રથમ સંસ્કૃત ભાષા બોલતા પણ પાછળથી તેમાં વિકાર થતાં હાલમાં બોલાતી ગુજરાતી, મરાઠી, બંગાળી, પંજાબી, હિંદી વગેરે પ્રાકૃત ભાષા થઇ. મુસલમાનો પોતપોતાના દેશની પિરતુ, ફારસી ને આરબી ભાષા આ દેશમાં લાવ્યા. મુસલમાની રાજ્યમાં રાજ્ય દરબારી ભાષા ફારસી હોવાથી આર્ય લોકની બોલીમાં ફારસી શબ્દો ભળ્યા. તે પછી યુરોપી પ્રજાઓ આવી તેમની પોર્તુગીઝ, ફ્રેંચ, ને અંગ્રેજી બોલી આ દેશમાં ચાલી. અંગ્રેજી રાજ્યને લીધે હાલમાં સર્વત્ર અંગ્રેજી ભાષા બહુ શીખાયછે.

# भरतखंडनो इतिहास.

## प्राचीन काळ (वेद युग)

## પ્રકરણ ૧ લું.

### આર્ય લોકનું આ દેશમાં આગમન.

**આર્ય લોક પંજાબમાં.** ૧ પાછળ જણાવ્યા પ્રમાણે આર્ય લોકની એક ટોળી કાબુલ થઇ ખૈબરઘાટને માર્ગે સિંધુ નદીને કાંઠે આવી વસી ને ત્યાંથી આગળ વધી પંજાબમાં પેઠી. તે વખતે ત્યાં અનાર્ય લોક રહેતા હતા. તેમને આર્ય લોકે હાંકી કહાડી તેમની જમીન પોતે ખેડવા લાગ્યા. આર્ય લોક અનાર્યોને અસુર, રાક્ષસ, પિશાચ વગેરે કહેતા. વસ્તીના વધારાની સાથે આર્ય લોક પૂર્વમાં આગળ વધતા ગયા ને અનાર્ય લોકની જમીન દબાવતા ચાલ્યા.

આ ઉપરથી તેઓ આર્ય લોકની સામા થયા ને સુર ને અસુર વચ્ચે ભારે યુદ્ધ મચ્યાં. પરંતુ છેવટે અસુરો હાર્યા ને ડુંગરામાં ભરાયા, એટલે તેમનો ફળદ્રુપ સપાટ પ્રદેશ આર્યોએ કબજે કર્યો. એ રીતે પંજાબમાં વસ્યા પછી તેમણે ત્યાં વેદ મંત્રો બનાવ્યા હોય એવું અનુમાન કરવામાં આવે છે. તેઓ ગોર વર્ણના, સુંદર દેખાવના, બહાદુર ને ઉત્સાહી હતા. તેઓ આ દેશમાં આવ્યા ત્યારે પોતાનો ધર્મ અને હુન્નર પણ લેતા આવ્યા હતા.

**આર્ય ધર્મ.** ૨ આર્ય લોક પ્રથમ કુદરતી શક્તિને દેવ ગણી તેની સ્તુતિ કરતા. વેદના મંત્રોમાં એ દેવોની સ્તુતિ છે. તેમનો મૂખ્ય આધાર ખેતી ઉપર હતો ને ખેતીનો આધાર વરસાદ ને સૂર્ય ઉપર હોવાથી તેઓ વરસા-

દના દેવ ઇંદ્રની ને સૂર્યની સ્તુતિ કરતા. અગ્નિ દેવ પણ તેટલોજ જરૂરનો હોવાથી તેની પણ પ્રાર્થના કરતા. એ પ્રમાણે ઇંદ્ર, અગ્નિ ને સૂર્ય એ ત્રીમૂર્ત્તિ દેવની તેઓ પ્રથમ પ્રાર્થના કરતા. પરંતુ તે વખતના આર્યો મૂર્ત્તિ પૂજતા નહિ ને જાતિભેદ રાખતા નહિ. આર્ય લોક વેદને ઈશ્વરદત્ત માનેછે. એ વેદ ચાર છે. ઋગ્‌વેદ, યજુર્‌વેદ, સામવેદ, અને અથર્વવેદ. મનાય છે કે બ્રહ્માએ ચારે વેદ ઋષિઓને આપ્યા.*તે તેમણે બ્રાહ્મણોને પાઠે કરાવ્યા. તે વખતે લખવાની લિપિ નહિ હોવાથી એ વેદમંત્રોને તેઓ વંશપરંપરા પાઠે કરતા.

**સ્થિતિ.** ૩ આર્ય લોક આ દેશમાં આવ્યા ત્યારે તેઓ ખેતી કરતા, ગાય, બળદ ને ઘોડા પાળતા, ઘર બાંધીને રહેતા, રથમાં બેસતા ને લઢાઇમાં બખ્તર પહેરતા. વળી આગળ જતાં તેઓ વ્યાપારાર્થે વહાણ પણ બાંધવા લાગ્યા. આ ઉપરથી જણાય છે કે તેઓ સુતાર, લુહાર ને કડીઆનો હુન્નર જાણતા હતા, તથા તેઓ વણકરનું ને દરજીનું કામ પણ કરતા હતા. ગાય, બળદ, ઘોડા વગેરે પાળેલાં જાનવર એ તેમનું ધન હતું. તેઓ પ્રમાણિક ને નેક ધાનતના હતા,,તેથી તેમનામાં ચોરી થતી નહિ અને સરકારમાં ફરીઆદ કરવા જવાની જરૂર પડતી નહિ. તેઓ વિદ્વાન, બુદ્ધિવાન, બહાદુર, સ્વદેશાભિમાની, સ્વધર્મરક્ષક ને સ્વધર્માચરણી હતા. તેઓ રાજાની સત્તામાં રહી કાયદા પાળતા, ને તેમનો ન્યાય પંચની મારફત થતો. તેઓ સ્ત્રીઓને માન આપતા અને તેમને સાથે રાખીને દેવની પ્રાર્થના ને પૂજન કરતા. એ સમે રાજા ઠરાવવો એ લોકોને હાથ હતું, તેથી રાજાઓ આપ અખ્ત્યાર ને સ્વે-

બ્રહ્મચારી થતા નહિ. લોકો ઘરના વડીલને માન આપી તેની આજ્ઞામાં રહેતા.

**જાતિ.** ૪ આ દેશમાં આવ્યા પછી હિંદુઓમાં ચાર જાતિ થઈ. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર. શાસ્ત્ર જાણનારા, ધર્મોપદેશ કરનારા, હોમ વગેરે ધર્મક્રિયા કરાવનારા અને શાસ્ત્ર પ્રમાણે રાજાને સલાહ આપનારા તે બ્રાહ્મણો. રાજ્ય કરનારા ને યુદ્ધમાં તેમને મદદ કરનારા લડવૈયા તે ક્ષત્રી. ને ખેતી ને વેપાર કરનારા તે વૈશ્ય. આ ત્રણ જાતી આર્ય કૂળની હતી. તેમને દ્વિજ એટલે બેવાર જન્મેલા કહેતા, ને તેઓ જનોઇ પહેરતા. હોમ ને ધર્મક્રિયા વખતે એ ત્રણે જાતિ સાથે રહેતી. મહેનત મજુરી કરનાર, ચાકરી કરનાર અને મામનાં બીજાં હલકાં કામ કરનારા શૂદ્ર કહેવાતા. એ લોકો અનાર્ય હતા. તેમને દ્વિજ લોકો યજ્ઞમાં સાથે રાખતા નહિ તથા તેમની સાથે ખાવા પીવાનો વ્યવહાર પણ રાખતા નહોતા. વેદમંત્રોનો એક શબ્દ પણ તેમને કાને પડવા દેતા નહિ. એ ચારે વર્ણોમાં બ્રાહ્મણ સર્વોત્કૃષ્ટ ગણાતા. જનોઈ દીધા પછી દ્વિજના જન્મારાના ચાર ભાગ પાડ્યા હતા. ૧ લામાં તે પરણ્યા વગર કોઈ ગુરૂપાસે જઇ વેદાભ્યાસ કરતો. ૨ જામાં પરણીને તે ગૃહસ્થાશ્રમ ધર્મ પાળતો ને સંસારનો અનુભવ મેળવતો. ૩ જામાં તે વનમાં જઇ કંદમૂળ ને ફળફુલ ઉપર ગુજારો કરી ધર્મ સાધના કરતો ને ૪ થા ભાગમાં તે સન્યાસી થતો. છેલ્લા ભાગમાં તે સંસારનો બિલકુલ ત્યાગ કરતો. એ સમયે વગર માગે જે મળે તે ખાવું ને આત્મનિગ્રહ કરી સુખ દુઃખની દરકાર રાખ્યા વગર આ સંસારની માયા છોડી દેઇ પોતાનો આત્મા પરમાત્મામાં ભળી જાય એવી યોગ સાધના કરવી, એજ તેનું

કર્તવ્ય હતું. બ્રાહ્મણો પોતાના જન્મનું સાર્થક કરવાને ધર્મ સાધના કરતા એટલુંજ નહિ પણ તેઓ પોતાના બીજા આર્ય બાંધવો માટે ભાષા સર્વોત્કૃષ્ટ બનાવી તેમને ધર્મોપદેશ કરતા, તેમને માટે કાયદા કરતા તથા બીજાં વિદ્યાકુન્નર ઉત્પંન કરતા. અને રાજાઓના મંત્રિઓનું કામ કરી, રાજાઓને રાજ્યનીતિ શીખવતા એવા આપણા પુર્વજો બુદ્ધિશાળી હતા.

**ભાષા.** ૫ આર્યોની મૂળ ભાષા વેદની હતી. પરંતુ આ દેશમાં આવ્યા પછી તે સંસ્કૃત થઈ. સંસ્કૃત એટલે સુધારીને ઉત્કૃષ્ટ કરેલી. બ્રાહ્મણો એ ભાષા બોલતા ને લખતા. આગળ જતાં સંસ્કૃત બોલી કઠણ પડવાથી બ્રાહ્મણ સિવાયનાં લોક તેમાંથી અપભ્રષ્ટ થએલી પ્રાકૃત બોલી બોલવા લાગ્યા. બ્રાહ્મણોમાં પણ કેટલેક કાળે સંસ્કૃત ભાષા બોલાતી બંધ પડી ને માત્ર પુસ્તકોની ભાષા સંસ્કૃત રહી. તે વખતમાં સંસ્કૃત બગડીને વપરાતી ભાષાઓ પ્રાકૃત કહેવાતી. હાલમાં બોલાતી ગુજરાતી, મરાઠી, બંગાળી, હિંદી, પંજાબી વગેરે ભાષા પ્રાકૃતમાંથી અપભ્રષ્ટ થએલી ભાષાઓ છે. વિક્રમ સંવત્ પૂર્વે ઘણા કાળથી લખવાની લિપિ નીકળી હતી. એમની લખવાની લિપિ બીજી કોઇ પણ કરતાં સરળ, પૂર્ણ, ને શાસ્ત્રીય બંધારણ વાળીછે.

**સંસ્કૃત ગ્રંથો.** ૬. આપણા પૂર્વજોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર એટલા બધા ગ્રંથો બનાવ્યા છે કે તેટલો પુસ્તક ભંડાર તે વખતે બીજી કોઇપણ પ્રજામાં નહોતો. વૈદક, જ્યોતિષ્ અને ગાયન ઉપરજ સેંકડો ગ્રંથો બનેલા છે. તે ઉપરથી તરજુમા થઈ એ વિદ્યા પરદેશોમાં દાખલ થઇ હતી એવું ઘણા વિદ્વાનોનું મત છે. શિલ્પશાસ્ત્ર, ન્યાય ને વ્યાકરણના ગ્રંથો ઘણા છે. વળી તત્વજ્ઞાનના ગ્રંથો પુષ્કળ થયા છે, તેમાં ષડ્દર્શન

એટલે તત્વજ્ઞાનનાં છ દર્પણ એ મૂખ્ય છે. ચારે વર્ણના ધર્મ શાસ્ત્રોનાં પુસ્તકો બહુ છે, તેમાં મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્કય-સ્મૃતિ મૂખ્ય છે. એ કાયદાનાં પુસ્તકો ત્રણ ભાગમાં વહેં-ચાયલાં છે. ૧ લામાં આચારાધ્યાય એટલે ઘર સંસારનાં કર્ત્તવ્યો ને પદ્ધતિ છે. ૨ જામાં વ્યવહારાધ્યાય એટલે ન્યાય પ્રકરણ છે, ૩ જા માં પ્રાયશ્ચિતાધ્યાય એટલે તેમાં પાપથી કે દોષથી મુકત થવાનાં પ્રાયશ્ચિત બતાવ્યાં છે. એ કાયદા આજથી સુમારે અઢી હજાર વરસ ઉપર રચેલા છતાં તે હજુ ચાલે છે અને તેમાં સુધારો કે ફેરફાર કરવો પડયો નથી, એ તેમના કર્ત્તાનું કેટલું જ્ઞાન અને અનુભવ બતાવેછે? એ કાયદાને બ્રાહ્મણ ધર્મ માનનારા ઇશ્વરી ફરમાન મુજબ માન આપી પાળેછે. સર્વથી મોટો પુસ્તક ભંડાર તેમનાં કાવ્યોનો છે. અસલથીજ બ્રાહ્મણ ગદ્યમાં થોડું લખતા. તેમણે ઘણું લખાણ પદ્યમાં કરેલું છે. એ પદ્યનાં લખાણોમાં એમનાં રામાયણ ને મહાભારતનાં વીરરસ કાવ્યો જગત્ પ્રસિદ્ધછે. એ કાવ્યો ઐતિહાસિક છે, પરંતુ તેમાં સાલવાર ઈતિહાસ લખ્યો નથી. ગદ્ય લખાણોમાં કાદંબરીની વાર્તાનું પુસ્તક અને પંચતંત્ર મુખ્ય છે. પંચતંત્રનું પુસ્તક એટલુંતો રસિક ને ઉપદેશ આપનારૂં છે કે તેનો તરજુમો દુનીઆની ઘણીખરી ભાષામાં થયો છે. નાટકો લખવામાં પણ બ્રાહ્મણો પાછળ પડ્યા નહોતા. દુનીઆની કોઇપણ પ્રજાએ નહિ લખેલાં તે વખતથી બ્રાહ્મણો નાટકો લખતા આવ્યા છે. એ નાટક લખનારામાં ઉજેણના રાજા વિક્રમાદિત્યના દરબારમાં નવ પંડિત રત્નો હતાં, તેમાંનો મહા કવિ કાળીદાસ અગ્રેસર છે. એમનું રચેલું શકુંતલાનું નાટક દુનીઆના કોઈપણ રસિક નાટકની બરોબરી કરી શકે એવું છે. એ રીતે બ્રાહ્મણો ધર્મપુસ્તકો બનાવનારાને સાચવનારા, તત્વજ્ઞાન સમજનારા, ચારે વર્ણને ધર્માચારથી ચ-

આવી કબજે રાખનારા, કવિ, વૈદ્ય ને જોષિનું કામ કરનારા; રાજાઓને રાજ્યનીતિ શીખવી અંકુશમાં રાખી મંત્રીનું કામ કરનારા હતા. આ દેશમાં છેલ્લાં અઢી હજાર વરસમાં કેટલાએક પરદેશીઓના હુમલા થયા, બૌદ્ધનું પરિબળ થયું, મુસલમાનોના જુલમ થયા, પરદેશી ને પરધર્મી રાજ્યો થયાં, તોપણ આજ સુધી આર્યો પોતાનું આર્યત્વ સાચવી શક્યા છે તે, એ બ્રાહ્મણ સત્તાના પ્રતાપછે. પરંતુ પ્રાચીન આર્યોની એટલી વડાઇ દર્શાવતાં આપણને શરમાવનારી એક બીના કહેવી જોઇએ, તે એકે આપણા વડીલોએ સર્વ વિદ્યા સ્વતઃ મેળવી પરદેશીઓને આપી; પરદેશીઓ તેમાં સુધારો વધારો કરી આપણા કરતાં ચઢીઆતા થઈ ગયા, તે છતાં આપણે તો આપણું હતું તે પણ ગુમાવી બેઠા છીએ. જે બ્રાહ્મણ સત્તા પહેલાં પોતાની શક્તિ વડે પૂજ્ય ગનાતી તે ક્રમે કરીને શક્તિ તથા પૂજ્યભાવ ખોતી ચાલીછે.

**રાજ્ય પદ્ધતિ.** રાજા રાજ્યનું કામકાજ કરતા ને બ્રાહ્મણો મંત્રીનું કામ કરી તેમને રાજ્ય ચલાવવામાં ને ઇનસાફ કરવામાં સલાહ આપી મદદ કરતા. રાજ્યના મોટા મોટા ભાગ પાડી તે ઉપર સુબા નીમેલા હતા ને તે દરેકના તાબામાં હજાર હજાર ગામો હતાં. સુબાના હાથ નીચે સો સો ગામના વહિવટ કરનાર ને તેના હાથ નીચે દશ દશ ગામના ને તેથી ઉતરતા એક એક ગામના ઉપરી હતા. તે સર્વે પોતાના કામકાજના રાજાને જવાબદાર હતા. જમીનનું મહેસુલ એ રાજ્યની ઉપજનું મૂખ્ય સાધન હતું. તે વગર માલની આયાત નિકાસ ઉપર દાણુપણ લેવાતું હતું. ગરીબ લોક વેરો આપી શકતા નહિ તેના બદલામાં મહિનામાં એક દિવસ રાજ્ય વેઠ કરતા. ગામનો પટેલ પોતાના ગામનો જમીન વેરો રાજાને કેટલો આપવો તે આંકનું

ડો રાજા સાથે નક્કી કરી તેનો જવાબદાર પોતે થતો. તે વેરો ગામના લોકોમાં ફાળવવામાં આવતો ને તે ગામના લોકની ચાલ ચલગતનો જવાબદાર પણ તેજ હતો. તે ગામના લોકના માંહોમાંહેના ટંટા પંચની મારફત ચૂકવતો; તેના બદલામાં તેને રાજા તરફથી પસાયતાની જમીન મળતી તથા તે વેઠ વેરાથી મુક્ત હતો. પટેલના હાથ નીચે બીજા ગામ નોકરો હતા તેમને પણ રાજ્ય તરફથી પસાયતાં મળતાં.

——*——

# પ્રાચીન કાળ.

## પ્રકરણ બીજું.

### આર્ય ક્ષત્રી રાજ્યો.

**ઇતિહાસ જાણવાનું સાધન.** ૧ આપણા લોકે પરદેશના લોકોની માફક સાલવાર ઇતિહાસ લખેલો નથી તેથી તથા જે લખ્યો છે તે કાવ્યમાં હોવાથી તેની ઐતિહાસિક કીમત ઘટી જાયછે. તથાપિ તે ઉપરથી ઉપજતું સત્ય, આપણા લોકોના સંબંધમાં આવેલા પરદેશીઓનાં લખાણ, તામ્રપટ અને શિલાલેખ વગેરે ઉપરથી આપણા પ્રાચીન કાળના ઈતિહાસ ઉપર કાંઇક પ્રકાશ પડેછે.

**આર્યોનું પ્રથમ આગમન.** ૨ આર્ય લોક પ્રથમ આ દેશમાં તે વખતે તેમની સંખ્યા ઘણી નહિ હોય, તેથી પોતાના કુટુંબના વડાની આજ્ઞામાં રહેતા. આગળ જેમ જેમ તેમની સંખ્યા વધતી ગઈ તેમ તેમ તેઓ અનાર્યોને નસાડી આગળ વધતા ગયા. તે વસ્તીનો, મુલકનો ને અનાર્યોનો બંદોબસ્ત રાખવાને તેમને રાજા નીમવાની જરૂર જણાયાથી પોતાનામાંથી જે શક્તિવાન, મોભાવાળો, બહોળા કુટુંબનો ને યોગ્ય વીર પુરૂષ જણાયો હશે તેને

તેમણે રાજા ઠરાવ્યો હશે. આગળ જતાં એ રાજા બળવાન થવાથી વંશપરંપરાનો થયો હશે. તોપણ રાજા અયોગ્ય હોય, બ્રાહ્મણોની રાજ્યનીતિ પ્રમાણે સલાહ નહિ માનનારો ને દુરાચરણી હોય તો તેને ગાદીએથી ઉઠાડી યોગ્ય નરને ગાદીએ બેસાડ્યાના પણ કોઈ કોઈ દાખલા મળી આવેછે. એ ઉપરથી માલમ પડેછે કે તે સમયના રાજા આપઅખ્ત્યાર ને સ્વેચ્છાચારી થઇ શકતા નહીં.

**ભરતખંડમાં આર્યોનો પ્રસાર ને રાજ્ય.** ૩ પંજાબમાંથી આર્યો આગળ વધીને ગંગા ને જમનાંની વચેના દુઆબમાં વસ્યા. ત્યાં તેમનો વિસ્તાર વધ્યો ત્યારે તેઓ પૂર્વ તરફ અયોધ્યા, બહાર ને બંગાળામાં જઇ વસ્યા. રામચંદ્રના જન્મ સુધી વિંધ્યાચળની દક્ષિણમાં આર્યોની વસ્તી નહોતી એવું રામાયણ ઉપરથી માલમ પડેછે. રામચંદ્ર વનવાસ નીકળ્યા ત્યારે એ ભાગમાં પુષ્કળ જંગલ હતાં ને તેમાં અનાર્યો છૂટા છવાયા ને ક્વચિત ગામ બાંધી રહેતા હતા. તેમનાં રાજ્ય તો કોઇકજ હતાં. ઉત્તર ભરતખંડમાં આર્યોની વસ્તી વધી ત્યારે તેઓ અર્વલી ને વિંધ્યાચળ ઓળંગી દક્ષિણે આવ્યા ને ત્યાંના સપાટ પ્રદેશમાંથી અનાર્યોને હાંકી કહાડી તેમને ડુંગરામાં ને જંગલોમાં નસાડ્યા. એ પ્રમાણે આર્યો ધીરે ધીરે આખા ભરતખંડમાં ફેલાયા ને અનાર્યો જંગલોમાં ને ડુંગરામાં ભરાયા. આર્ય લોક જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેઓ પોતાનાં વિદ્યા, હુન્નર, સુધારા આદિ સાથે લેતા ગયા; ને જુદાં જુદાં સ્થળોએ આર્ય રાજ્યો સ્થાપ્યાં. એ રીતે પંજાબ, હસ્તિનાપુર, ઇંદ્રપ્રસ્થ, કાશી, અયોધ્યા, મગધ, બંગાળા, ગુજરાત, દ્રવિડ વગેરે સ્થળોમાં આર્ય રાજ્ય થયાં. અનાર્યોએ પોતાનો સપાટ ને ફળદ્રુપ મુલક નહિ છોડવાને આર્યો સાથે ઘણાં યુદ્ધ કર્યાં, તથા આર્યોના હોમ યજ્ઞાદિ ધર્મક્રિયાઓમાં ભંગ પાડવાને યત્ન કર્યો.

પરંતુ પરિણામે તેમને પોતાનો મુલક તજવો પડયો. આ લડાઇઓમાં જે અનાર્યો (અસુરો) નાસી નહિ જતાં તાબે થયા તેમને આર્યોએ પોતાના દાસ બનાવ્યા. આ અનાર્યોની શુદ્ર જાતિ થઇ.

**આર્યોના ચાર યુગ.** ૪. આર્ય લોકે પોતાના સમયના ચાર મહાન ભાગ પાડેલા છે. ૧ સત્યયુગ, ૨ ત્રેતા, ૩ દ્વાપર ને ૪ કળિયુગ. પ્રથમ યુગમાં સૌ લોક સત્યવાદી હતા. ગમે તેવે પ્રસંગે પણ સત્યજ બોલવું ને બોલેલું પાળવું એ દરેક આર્યનું સુલક્ષણ હતું. એ ઉપરથી જણાય છે કે એ વખતે જૂઠ, પ્રપંચ, દગો, પારકું છીનવી લેવાની ધાનત, ચોરી, વ્યભિચાર ઈત્યાદિ દોષનો સ્પર્શ પણ આર્યોમાં નહિ હશે. તાળું, કૂંચી, અદાલતો, ન્યાય, કાયદા, રાજા વગેરેની તેમને જરૂરજ પડતી નહિ હોય. આગળ જતાં એ યુગમાં કાંઈક તફાવત પડયો. સત્ય કાંઇક ઘટીને અસત્યનો થોડો પ્રવેશ થયો ત્યારથી આર્યોએ તે વખતનું નામ ત્રેતા પાડયું. તે કરતાં પણ અસત્ય વધીને સત્ય અસત્ય સરખા પ્રમાણમાં આવ્યું ત્યારે તે સમયનું નામ દ્વાપર પાડયું. છેવટ અસત્ય ઘણું ને સત્યનો થોડોક અંશ રહ્યો ત્યારે એવા સમયને કળિયુગ નામ આપ્યું છે. હાલનો ચાલતો સમય તે કળિયુગ છે.

**હરિશ્ચંદ્ર રાજા.** ૫. અયોધ્યામાં આર્ય રાજ્ય સ્થાપનાર રાજા ઇક્ષ્વાકુ થયો. એ રાજ્યની સ્થાપના સત્યયુગમાં થઇ. ઇક્ષ્વાકુના વંશમાં ૩૦મી પેઢીએ હરિશ્ચંદ્ર નામે સત્યવાદી રાજા થઈ ગયો. એ રાજાનું નામ આજે પણ આપણે પુજ્યભાવથી સંભારીએ છીએ. હરિશ્ચંદ્ર રાજાનું સત્ય વૃત્ત તજાવવાને વિશ્વામિત્ર નામે ઋષિએ ઘણો યત્ન કર્યો પણ તેણે પોતાનું સત્ય વૃત્ત છોડયું નહિ.

એ રાજાએ પોતાનું વ્રત પાળવાને રાજ્ય ખોયું, અસહ્ય કષ્ટ વેઠયું, પોતાની સ્ત્રી ને પુત્ર વેચ્યાં તથા તેમને નીચ કામ કરતાં નજરે જોયાં, તોપણ પોતાનું વૃત્ત તજ્યું નહિ. તેની પત્નિ તારામતિ પણ પોતાના પતિનું વૃત્ત સાચવવાને રાજ્ય સુખ છોડી તેના દુઃખમાં ખુશીની સાથે ભાગીએણ થઈ અને અંતે ગુણિકાને ઘેર વેચાઇ. તેનો પુત્ર રોહિતાશ્વ પણ એજ રીતે રાજ્ય છોડી પોતાના પિતાશ્રી સાથે કષ્ટ વેઠતાં છેવટે વેચાયો ને નહિ થાય એવું નીચ કામ કર્યું. આ પ્રમાણે ત્રણે જણાએ ગમે તેટલું દુઃખ વેઠતાં પણ સત્ય ન તજ્યું ત્યારે પરિણામે પરમેશ્વરે સહાય કરી તેમને મૂળ સ્થિતિમાં આણી મૂક્યાં, ને પાછું રાજ્ય સુખ આપ્યું. એ હરિશ્ચંદ્ર રાજા સત્યવાદીને નામે, તેની સ્ત્રી તારામતિ સતિ નામે ને તેનો પુત્ર રોહિતાશ્વ સુપુત્રને નામે આજે પણ આર્યોમાં પૂજાય છે.

ગમે તેવાં કષ્ટ પડે તોપણ તે આપણી કસોટીને માટે છે એમ માની સંતોષ ને ધીરજ રાખી સહન કર્યાંથી પરિણામે પરમેશ્વર આપણને સારૂંજ ફળ આપેછે, એ હરિશ્ચંદ્રના દૃષ્ટાંતથી સાબીત થાયછે.

**ફરશુરામ.** ૬. સત્યયુગ પછીના ત્રેતા યુગમાં ક્ષત્રી રાજાઓ બળવાન થઇ બ્રાહ્મણ સત્તાનો ને સલાહનો અનાદર કરવા લાગ્યા, ત્યારે બ્રાહ્મણ સત્તાની પુનઃ સ્થાપના કરવાને જમદગ્નિ ઋષિના પુત્ર ફરશુરામે ક્ષત્રી રાજાઓ સામાં હથિઆર લીધાં, ને રાજાઓને તાબે કર્યાં. એ ફરશુરામની માતા ક્ષત્રાણી હતી. તે ઉપરથી જણાયછે કે તે સમયે બ્રાહ્મણો ક્ષત્રીકન્યા પરણતા હતા. ક્ષત્રીઓ ફરીને નિરંકુશ થયાથી ફરશુરામે બીજી વાર તેમને હરાવ્યા. પરંતુ ક્ષત્રીઓ વારંવાર સામા ઊઠવાથી ફરશુરામે એકવીશવાર ક્ષત્રી રાજાઓને હરાવીને નક્ષત્રી

પૃથ્વી કરી. માત્ર બે રાજાઓ અપુત્ર હોવાથી પરશુરામે જીવતા રાખ્યા હતા—અયોધ્યાના રાજા દશરથ અને મિથિલાના રાજા જનક એ બંને તે વખતે અપુત્ર હતા. મિથિલા પ્રાંતને આજે તિર્હુત કહેછે. એ બંને રાજ્યો સૂર્યવંશી હતાં. આગળ જતાં દશરથને ચાર પુત્ર ને જનકરાજાને ચાર પુત્રીઓ થઇ. દશરથના વડા પુત્રનું નામ રામચંદ્ર હતું. સૂર્યવંશી રાજ્યોનો ઇતિહાસ અને તેમાં વિશેષે રામચંદ્રનો ઇતિહાસ વાલ્મિકઋષિકૃત રામાયણ નામે વીરરસ કાવ્યના ગ્રંથમાં આપેલો છે. તેનો સાર આવતા પ્રકરણમાં આપ્યો છે.

---

## પ્રકરણ ૩ જું.

## સૂર્યવંશીરાજા.

### રામાયણ.

**રામચંદ્રનો જન્મ.** ૧. હરિશ્ચંદ્ર રાજા પછી કેટલીક પેઢીએ અયોધ્યાની ગાદીએ દશરથ રાજા થયા. તેમને ત્રણ રાણીઓ હતી. તેમાં પટરાણી કૌશલ્યાને પેટ રામાયણની કથાના નાયક રામજીનો જન્મ થયો. બીજી સુમિત્રાને પેટ લક્ષ્મણ ને શત્રુઘ્નનો, ને નાની કૈકેયને પેટ ભરતનો જન્મ થયો.

**સીતા સ્વયંવર.** ૨. તે સમયે અયોધ્યાની પૂર્વે મિથિલાનું રાજ્ય હતું, ત્યાં જનક રાજા રાજ્ય કરતો હતો. તેને સીતા નામે એક પરમ ગુણવાન ને રૂપવાન પુત્રી હતી. સીતાને પરણાવવા માટે જનકે સ્વયંવર રચી દેશે દેશના રાજાઓને નોતર્યા. જનકને શિવજીએ અતિ મોટું ધનુષ્ય આપેલું હતું તે ધનુષ્ય જે તોડે તેને સીતા પરણાવવી એવી સરત હતી.

**રામનું લગ્ન.** ૩. એ વખતે વિશ્વામિત્ર નામે ઋષિએ યજ્ઞ આરંભ્યો હતો, તેનો આસપાસના અસુર લોક ભંગ કરતા હતા. એ અસુરોને મારી કાઢવા માટે વિશ્વામિત્ર અયોધ્યે દશરથ રાજાની મદદ માગવા ગયા ને રામજીને પોતાની સહાયે મોકલવાની માગણી કરી. રામ બાલ્યાવસ્થામાં હોવાથી તેમને મોકલવાની દશરથની ઇચ્છા નહોતી, છતાં ઋષિની આજ્ઞા નહિ લોપાયાથી રામને લક્ષ્મણ સહિત ઋષિની સાથે મોકલ્યા. રામે રાક્ષસોનો બંદોબસ્ત રાખી વિશ્વામિત્રનો યજ્ઞ પૂરો કરાવ્યો. એટલામાં સીતા સ્વયંવરની વાત સાંભળવામાં આવ્યાથી ઋષિ રામ લક્ષ્મણને લેઇ સ્વયંવરમાં ગયા. ત્યાં ઘણા રાજાઓ આવ્યા હતા. લંકાનો રાક્ષસ રાજા રાવણ પણ ત્યાં હતો. શિવજીનું આપેલું ધનુષ્ય કોઇથી તૂટયું નહિ ત્યારે ઋષિની આજ્ઞા લેઇ રામે તે ધનુષ્ય તોડયું. તેથી જનકે સીતાને રામ વેરે પરણાવી. તથા પોતાની બીજી ત્રણ કુંવરીઓને રામચંદ્રના બીજા ત્રણ ભાઇઓને આપી.

**રામચંદ્રના રાજ્યાભિષેકમાં ભંગ.** ૪. દશરથ રાજા વૃદ્ધ થયો ત્યારે પોતાની પ્રજાની ને ગુરૂ વશિષ્ટની સંમતી લેઇ પોતાના જ્યેષ્ટ પુત્ર રામને રાજ્યાભિષેક કરવાનો ઠરાવ કર્યો. પણ તે વાત રામની ઓરમાઇ માતા કૈકેયને રૂચી નહિ. એ કૈકેયને એક સમયે દશરથ રાજાએ વચન આપ્યું હતું કે "તું માગીશ તે આપીશ." એ વચન પ્રમાણે કૈકેયે માગ્યું કે "રામને ચૌદ વરસ વનવાસ મોકલો ને મારા પુત્ર ભરતને રાજ્ય આપો." આ સાંભળી દશરથને ઘણો ખેદ થયો તોપણ પોતાનું આપેલું વચન કેમ તોડાય? પોતાના વહાલા પુત્રને રાજ્ય નહિ આપતાં દેશવટો દેવો એ દશરથને મોતથી પણ કારી લાગ્યું. વચન ભંગ થવાય નહિ

ને રામને દેશવટો દેવો પડે નહિ તે સારૂ તેણે કૈકેયને ઘણું સમજાવી, પણ તે એકની બે થઇ નહિ. પરંતુ રામને દેશવટો દેવાની વાત કહેવાને દશરથની જીભ ઉપડી નહિ. તેમ દશરથના વૃદ્ધપણાગાં યોગ્ય રીતે રાજ્ય ચલાવી રામે પ્રજાપ્યાર એટલો સંપાદન કર્યો હતો કે પ્રજાની સંમતિ વગર દશરથથી રામને દેશવટો દેવાય તેમ પણ નહોતું. છેવટે એ વાત રામના જાણવામાં આવી, ત્યારે પોતાના પિતાનું વચન પાળવાની ખાતર પોતાને વનમાં જવાની રજા આપવાને રામે દશરથને વિનતિ કરી, તથા રાજ્યાભિષેક કરવા સારૂ ભરતને તેને મોસાળથી અયોધ્યે બોલાવ્યો. ભરત ઓરમાયો તોપણ તે સદ્‌ગુણી રામનો ભાઇ હતો. તેણે રાજ્ય લેવાની સાફ નાપાડી, ને રામને ગાદીએ બેસવાને કાલાવાલા કર્યા. વળી પોતાના પિતાને તથા જ્યેષ્ટબંધુને એ પ્રમાણે દુઃખી કર્યા બાબત ભરતે પોતાની માતાને બહુ ઠપકો દીધો. પરંતુ સદ્‌ગુણી રામે ભરતને ગાદીએ બેસવાની શિખામણ દીધી ને કહ્યું કે આપણા પિતાનું વચન વ્યર્થ જવું ન જોઈએ. વચન ગયા પછી જગતમાં શું રહેછે? પિતાનું વચન પાળવું એ પુત્રધર્મ છે. આપણે પિતાનું વચન લોપનાર પાપી પુત્ર થવું ન જોઈએ. આ પ્રમાણે ઘણો ઉપદેશ દીધો ત્યારે રામ વનવાસથી પાછા આવે ત્યાં સૂધી માત્ર રામની વતી રાજ્ય ચલાવવાનું ભરતે માથે લીધું. આ ઉપરથી હાલના રાજાઓને અને રાજ્યબંધુઓને કેટલી બધી શિખામણ લેવાની છે? રાજ્ય લોભથી પુત્રો પિતાને કેદ કરે છે કે બંધુઓ દ્વેષ બુદ્ધિથી માંહોમાંહે લઢી મરે છે, તેમણે રામ અને ભરતના દાખલાથી અવશ્ય ઉપદેશ લેવો જોઇએ.

**રામનું વનવાસ જવું.** ૫. પિતાનો હુકમ લેઈ રામ

વનવાસ જવા તૈયાર થયા ત્યારે તેમની પતિવ્રતા સ્ત્રી સીતા ને તેમનો ઓરમાઇ ભાઇ લક્ષ્મણ તેમની સાથે વનમાં જવાને તૈયાર થયાં. રાજ્યસુખ તજી જંગલનાં અસહ્ય દુઃખો ખમવા તત્પર થવાથી સીતાનું કેવું પાતિવ્રત્ય અને લક્ષ્મણનો બંધુપ્રેમ જણાયછે. ત્રણે જણાં નગર બહાર નીકળ્યાં ત્યારે સમસ્ત પ્રજા શોકાતુર થઇ. અને જે પ્રજા પોતાના પ્રીય રામચંદ્રને ગાદીએ બેઠેલા જોવાને ઇંતેજાર હતી તે પ્રજા તેમને વનમાં જતા જોઈ શોકાતુર ચહેરે વિદાય કરવાને આવી. પ્રજા સમસ્ત રામની સાથે વનમાં જવાને તૈયાર થવાથી તેમને પાછા વળવાને અને શોક નહિ કરવાને રામે ઉપદેશ કર્યો. એ ઉપદેશમાં રામે પુત્ર ધર્મ ને રાજા પ્રજા ના ધર્મ બરાબર બતાવ્યા છે. અંતે રામના આગ્રહ ને ઉપદેશથી શોકમાં ડૂબેલી પ્રજા પાછી ગઈ. રાજા પ્રજાનો કેવો પ્રેમભાવ ને રૈયતની કેવી વફાદારી! રામ વનવાસ જવાને નીકળ્યાની ખબર સાંભળી દશરથે પણ પુત્ર વિયોગના દુઃખથી દેહ છોડી.

**સીતાનું હરણ.** ૬. રામ, લક્ષ્મણ ને સીતા વનમાં ભટકતાં ને રખડતાં દક્ષિણમાં ગોદાવરીને કાંઠે હાલ જ્યાં નાસિક ગામ છે ત્યાં એક મઢી કે પર્ણકૂટી બાંધીને રહ્યાં. તે વખતે આસપાસ સઘળે જંગલ હતું. અયોધ્યેથી નાસિક આવતા સૂધી રસ્તામાં પણ સઘળે ડુંગરા, જંગલ ને નદીઓ સિવાય તેમને કાંઇ મળ્યું નહોતું. આસપાસના જંગલમાંથી ફળફૂલાદિ વીણી લાવી ત્રણે જણાં પોતાનો નિર્વાહ ચલાવી સુખમાં રહેતાં. તેવામાં લંકાના અસુર રાજા રાવણની બેન સુપર્ણખા રામના સૌંદર્યથી મોહિત થઇ પરણવાને આવી. રામ જે એક પત્નિવ્રત્ત પાળનાર હતા તેમણે પરણવાની ના પાડી તેને તુચ્છકારી કાઢી

મૂકી. એ ઉપરથી ગુસ્સે થઇ તેણે પોતાના ભાઇ રાવણને રામની ખુબસુરત સ્ત્રી સીતાનું હરણ કરી લાવવાને ઉશ્કેર્યો. રાવણ ત્યાં આવ્યો ને લાગ સાધી સીતાનું હરણ કરી લેઇ ગયો.

**સીતાની શોધ.** ૭. સીતાનું હરણ કર્યું ત્યારે રામ ને લક્ષ્મણ શિકારે ગયા હતા. ત્યાંથી પાછા આવી મઢીમાં જુએછે તો સીતાને દીઠી નહિ. તેથી બંને ભાઇ શોકાતુર થઇ સીતાની શોધ કરવાને દક્ષિણ દિશામાં ચાલ્યા. તે સમયે ત્યાં પુષ્કળ જંગલો હતાં. તેમાં કોઇ કોઈ જગાએ જંગલી અનાર્ય લોક રહેતા હતા. માર્ગમાં જતાં પૂછપાછ કરતાં કોઈએ તેમને ખબર આપી કે લંકાનો રાજા રાવણ સીતાને લેઈ ગયોછે, તેથી ત્યાં જવાની રામે તૈયારી કરી. આગળ ચાલતાં જંગલી લોકોનું કિરિકંધા નામે ગામ આવ્યું. ત્યાં વાળી નામે રાજા હતો. એ વાળીને તેના ભાઇ સુગ્રીવ સાથે અણબનાવ હતો, સુગ્રીવે રાજ્ય મળવાની સરતે રામને મદદ કરવાનું કબુલ કર્યું, તેથી રામે સુગ્રીવનો પક્ષ ધરીને વાળીને માર્યો, ને સુગ્રીવને ગાદીએ બેસાડયો. એ સુગ્રીવના પ્રધાન હનુમાનને રામે નિશાની દાખલ પોતાની વીંટી આપી સીતાની શોધ કાઢવાને લંકામાં મોકલ્યો. તેણે લંકામાં જઇ સીતાની ભાળ કાઢી અને તેનો સંદેશો લેઇ પાછો આવ્યો.

**લંકા ઉપર રામની સ્વારી.** ૮. સીતાની ભાળ લાગ્યાથી તેને પાછી મેળવવા માટે રામે સુગ્રીવ અને તેના બીજા સહાયકારીઓનું સૈન્ય જમાવ્યું. એ સૈન્યનાં માણસોને રામાયણમાં વાંદરાં ને રીંછડાં કહેલાં છે, એ જંગલવાસી વનચરોનું સૈન્ય લેઇ રામ શ્વેતબિંદુ રામેશ્વર આવ્યા ને ત્યાં રામેશ્વરની સ્થાપના કરી. લંકા એ બેટ હોવાથી આ દેસ ને લંકા વચ્ચે સમુદ્ર છે. એ સમુદ્ર ઓળંગી લંકામાં જવા માટે

રામે દરિયા ઉપર પૂલ બંધાવ્યો. ત્યાંથી લંકામાં આવી રામચંદ્ર વાળીના પુત્ર અંગદને સીતા વગર લઢવે મળે તો ઠીક એ વિચારથી રાવણ પાસે વિષ્ટી કરવાને મોકલ્યો. પણ રાવણે માન્યું નહિ. રાવણની સ્ત્રી મંદોદરી પણ સતિ ને શાણી હતી. તેણે સીતાને પાછી આપવા માટે રાવણને ઘણો સમજાવ્યો. તેમજ રાવણના ભાઇ વિભિષણે પણ સમજાવ્યો ને છેવટે તે રાવણનો દુરાગ્રહ જોઈ રામની પક્ષે ગયો. પણ એ કશાથી રાવણ ડગ્યો નહિ. એમ છતાં સીતા જેવી નિરાધાર અબળા પોતાના કબજામાં લાંબી મુદ્દત સૂધી આવેલી હતી તે છતાં, રાવણ જેવા જંગલી રાજાએ તેના ઉપર બળાત્કાર ન કર્યો એવી એ વખતના જંગલી લોકોની પણ નીતિ હતી.

**સીતાને પાછી મેળવવી.** ૯. રાવણને સમજાવીને સીતા પાછી મેળવવાના સઘળા પ્રયત્ન વ્યર્થ ગયા ત્યારે છેવટે રામે તેની સાથે યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં રાવણ, તેનો ભાઇ કુંભકર્ણ, રાવણનો પુત્ર ઈંદ્રજીત વગેરે સર્વે મરાયા. રાવણના પુત્ર પુત્રાદિક મરી ગયાથી રામચંદ્રે લંકાની ગાદીએ વિભિષણને બેસાડ્યો. અને વનવાસની મુદ્દત પૂરી થવાથી પોતે સીતાને લેઇ પાછા અયોધ્યે ગયા.

**સિતાનો પુનઃ વનવાસ.** ૧૦. રામના આવ્યાથી સર્વ પ્રજાજન અને ભરત આદિ પ્રસંન થયા ને તેમને રાજ્યાભિષેક કર્યો. ગાદીએ બેઠા પછી રામ નગર ચરચા જોવા નીકળતા ને લોકવાયકા સાંભળતા. એક સમયે સીતાના પતિવૃત્ત ઉપર શક પડતી લોકવાયકા રામે સાંભળી. સીતાના સત ઉપર રામને પુર્ણ વિશ્વાસ છતાં લોકમાં નિંદા થતી અટકાવવા સીતાને ખબર આપ્યા વગર રામે લક્ષ્મણ સાથે તેને વનમાં મોકલી દીધી. સીતા સગર્ભા હતી તે લ-

ક્ષ્મણના ગયા પછી હૈયાફાટ શોક કરતી ને વનમાં એક-લી ભટકતી કેટલેક દિવસે વાલ્મિક મુનીને આશ્રમે આવી. તેમણે સીતાને ઓળખ્યાથી પોતાની સંભાળ નીચે પોતાના આશ્રમમાં રાખી. ત્યાં સીતાને બે પુત્ર અવતર્યા. મુનીએ તેમની બરદાસ્ત કરીને ઉછેર્યા તથા શસ્ત્ર વિદ્યા શિખવી.

**સીતાનો રામ સાથે મેળાપ.** ૧૧. આગળ જતાં રામે અસ્વમેધ કર્યો. અશ્વમેધ કરનાર પોતાના ઘોડાને છૂટો મૂકે છે ને તેની પાછળ તેનું રક્ષણ કરવાને તેનું સૈન્ય જાયછે. જો કોઇ એ ઘોડો બાંધે તો તેનું રક્ષક સૈન્ય અસ્વ બાંધનારને હરાવી તાબે કરે છે ને ઘોડાને છોડાવે છે. એ પ્રમાણે સર્વત્ર વિજય કરી ઘોડો પાછો લાવે છે. એ અશ્વમેધ કરનાર ચક્રવર્તિ રાજા કહેવાય છે. રામનો અસ્વ પણ ફરતો ફરતો વાંલ્મિક મુનીને આશ્રમે આવ્યો. ત્યાં સીતાના બંને પુત્ર લવ ને કુશ હતા તેમણે તે બાંધ્યો. એ બંને પુત્રો રામને કે રામ પોંતાના પુત્રોને ઓળખતા નહોતા; તેથી યુદ્ધ થયું. તેમાં એ બંને પુત્રોએ બતાવેલા પરાક્રમથી રામ બહુ ખુશી થયા. યુદ્ધના સમાચાર સાંભળી વાલ્મિક ઋષિ ત્યાં ગયા. તેમને રામે આ બંને પુત્રોની હકીકત પૂછી તેથી વાલ્મિકે એ પુત્રો તમારાજ છે, એમ જણાવી તેમને તથા તેમની નિર્દોષ માતા સીતાને સાથે લઇ જવાને તેમણે રામને ઉપદેશ કર્યો. તેથી રામ ત્રણે જણાંને લેઈ અયોધ્યે આવ્યા.

**રામ રાજ્ય.** ૧૨. સીતાને લાવ્યા પછી રામે સુખ શાંતિમાં રાજ્ય ચલાવ્યું. તેઓ દરરોજ રાત્રે વેશ પાલટી નગર ચર્ચા જોતા, સાંભળતા ને રૈયતનું દુઃખ ટાળતા; તથા રાજ્યનો બંદોબસ્ત રાખતા. રાજ્યનીતિ પ્રમાણે રાજ્ય ચલાવીને અને ન્યાયશાસ્ત્ર પ્રમાણે ન્યાય કરીને રૈયતને આબાદ ને સુખી કરી ત-

થા રૈયતને પોતાના સંતાનની પેઠે પાળી પોષી તેમનો પ્રેમ સંપાદન કર્યો. તેથીજ સલાહ શાંતિવાળા સુખી ને આબાદ રાજ્યને "રામ રાજ્યની" ઉપમા આજે પણ આપવામાં આવેછે. આવા રાજા ઈશ્વરના અવતાર તરીકે પૂજાય એમાં શું આશ્ચર્ય ! રામ છતાં તથા લાંબી મુદત સૂધી સીતાનો વિયોગ પડ્યા છતાં રામચંદ્રે છેવટ સૂધી પોતાનું એક પત્નિવ્રત્ત પાળ્યું હતું, તેમજ સીતાએ પણ પોતાનું પાતિવ્રત્ય સાચવ્યું હતું. રામચંદ્ર પછી એમના પુત્રો ગાદીએ બેઠા ને લાંબી મુદત સૂધી એમના વંશમાં અયોધ્યાનું રાજ્ય ચાલ્યું

## પ્રકરણ ૪ થું.

### મહાભારત.

**ચંદ્રવંશી રાજ્ય.** ૧. રામના ઈતિહાસની સાથે સૂર્યવંશી રાજાઓનો ઇતિહાસ પણ પૂરો થાયછે. તે પછીના ઘણા કાળ સૂધીનો ઈતિહાસ માલમ પડતો નથી. ત્રેતાયુગ પુરો થયા પછી દ્વાપરની અંતે ગંગાને જમનાંની વચ્ચેના પ્રદેશમાં ચંદ્રવંશી રાજ્યો પ્રખ્યાતિને પામ્યાં ત્યારથી ઈતિહાસનું કાંઇક જ્ઞાન આપણને મળેછે. એ ચંદ્રવંશી રાજ્યોમાં દિલ્હીની પૂર્વમાં ગંગાને કાંઠે આવેલા હસ્તિનાપુરમાં પાંડવ કૌરવોનું અને મથુરામાં કંસનું રાજ્ય મુખ્ય છે. તે વગર એ સમયે મગધ (બહાર) માં જરાસંધનું, પંચાળ (પંજાબ) માં દ્રુપદનું, ને દ્રવિડમાં શિશુપાળનું* રાજ્ય હતું. ગૂજરાતમાં તે વખતે વસ્તી થઇ હતી. ત્યાં વૈરાટ (ધોળકા) માં વૈરાટ રા-

* શિશુપાળ ખરેખરો ક્યાંનો રાજા અને વૈરાટ ને કુતળપૂર ક્યાં તે વિષે મત ભેદછે.

જાનું ને કુંતલપૂર (કુતીઆણા) માં ભીમક રાજાનું રાજ હતું. વળી પોતાના મામા કંસને મારીને જરાસંધના ડરથી નાસી આવી કૃષ્ણે દ્વારિકામાં યાદવોનું રાજ્ય સ્થાપ્યું હતું. એ સર્વ રાજ્ય ચંદ્રવંશી આર્યોનાં હતાં. રામાયણમાં જેમ સૂર્યવંશી આર્યોનો ઇતિહાસછે તેમ મહાભારતમાં ચંદ્રવંશી રાજ્યોનો ઇતિહાસછે. આ વીરરસ કાવ્યનો કર્ત્તા વ્યાસમુની માછણનો પુત્ર હતો એમ કહેવાયછે,

**હસ્તિનાપુરનું રાજ્ય. ૨.** કાળીદાસના કરેલા શકુંતલા નાટકમાં આવેલા દુષ્યંત રાજાનો કુંવર ભરત મહા પરાક્રમી રાજા થઇ ગયો. તેના નામ ઉપરથી આ દેશનું નામ ભરતખંડ પડયાનું પૂર્વે કહેવામાં આવ્યુંછે. તેના વંશમાં ધૃતરાષ્ટ્ર કરીને એક અંધ રાજા હસ્તિનાપુરમાં રાજ્ય કરતો હતો. તેને સો દીકરા હતા. ધૃતરાષ્ટ્રની પૂર્વે કેટલીક પેઢી ઉપર કુરૂ કરીને રાજા થઇ ગયો તેના નામ ઉપરથી એ સો ભાઈઓ કૌરવ કહેવાતા હતા. તેમાં સૌથી મોટો દુર્યોધન હતો. દુર્યોધનની મા ગાંધારી (કંદાહારી) કંદહારની રાજ્ય પુત્રી હતી. ધૃતરાષ્ટ્રનો ભાઇ પાંડુ મરી ગયો હતો. તેને બે સ્ત્રીઓ હતી. કુંતા અને માદ્રી. તેમાંની કુંતા કૃષ્ણના બાપ વસુદેવની બેન હતી. એ કુંતાને યુધિષ્ટિર, ભીમ ને અર્જુન એ ત્રણ દીકરા હતા, ને માદ્રીને નકુલ ને સહદેવ એ બે પુત્રો હતા. એ પાંચે પાંડુના નામ ઉપરથી પાંડવ કહેવાતા. પાંડુ પોતાના પુત્રોને બાળવયમાં મૂકી મરણ પામ્યાથી તેઓ કાકાના દરબારમાં ઉછરીને મોટા થયા. કાકાએ પોતાના ને પાંડુના પુત્રોને ભણાવવા માટે દ્રોણ નામે ગુરૂને રાખ્યા. તેણે તેમને રાજ્યનીતિ ને શસ્ત્ર વિદ્યા સારી રીતે શીખવીને હોંશીઆર બનાવ્યા.

**રાજ્યના ભાગ. ૩.** ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રને ભત્રિજા

વચ્ચે લગારે ભિન્નભાવ રાખ્યો નહિ. પણ તે તેના જ્યેષ્ટ પુત્ર દુર્યોધનને ગમતું નહોતું. પાંડવો રાજ્યના ભાગીઆ હતા તેથી તે તેમના ઉપર દ્વેષ કરતો હતો. બંને પક્ષના માણુસોના સમજાવ્યાથી અંતે રાજ્યના બે ભાગ પાડી હસ્તિનાપુર દુર્યોધનને અને વરણાવતી (અલ્હાબાદ) પાંડવોને આપ્યાં. દુર્યોધને દ્વેષ બુદ્ધિથી વરણાવતીમાં પાંડવોને રહેવા માટે રાજ્યમહેલ લાખ, ચરબી ને તેલ જેવા જ્વાળાગ્રાહી પદાર્થથી બંધાવ્યો હતો. જેનું લાક્ષાગ્રહ નામ પાડયું હતું. પાંડવો તે મહેલમાં રહેવા ગયા ત્યારે દુર્યોધને પોતાના પિત્રાઈઓને જીવતા બાળી મૂકવા માટે તે મહેલને આગ લગાડાવી. પરંતુ જમીનની અંદર એક ભોંયરા વાટે પાંડવો સલામત નીકળી ગયા, ને વનમાં ભટકવા લાગ્યા.

**દ્રૌપદી સ્વયંવર.** ૪ એવામાં પંચાળ દેશના રાજા દ્રુપદે પોતાની પૂત્રીને પરણાવવા સારૂ સ્વયંવર મંડપ રચ્યો. ત્યાં સઘળા રાજા રાણા એકઠા થયા. પાણીના કુંડમાં થાંભલા ઉપર ઊંચે ગોળ ફરતું એક મચ્છ લટકાવેલું હતું. તે મચ્છનું કુંડના પાણીમાં પ્રતિબિંબ પડતું હતું. તે પ્રતિબિંબ જોઇને થાંભલે બાંધેલા બે શીંકાંમાં પગ રાખી જે પુરૂષ મચ્છને વીંધે તેને દ્રૌપદી પરણે એવી સરત હતી. પાંડવો વનમાં બ્રાહ્મણને વેશે રહેતા હતા. ત્યાં આ સ્વયંવરની વાત સાંભળવામાં આવ્યાથી બીજા બ્રાહ્મણોની સોબતમાં તેઓ પણ સ્વયંવરમાં આવ્યા. સ્વયંવરની સરત કોઇ ક્ષત્રી રાજાથી પળાઇ નહિ. પાંડવોનો પિત્રાઈ દુર્યોધન પણ હાર્યો. ત્યારે બ્રાહ્મણને વેશે આવેલો અર્જુન પોતાના સોબતી બ્રાહ્મણોની આજ્ઞાથી મચ્છ વેધ કરવા ઉઠયો. તેણે મચ્છ વેધ કર્યાથી દ્રુપદે પોતાની કુંવરી દ્રૌપદીને તેની વેરે પરણાવી. ચૂકથી માતાએ આપેલી આશીષને તાબે થતાં પાંચે પાંડવોએ તેને સ્ત્રી તરીકે સ્વિકારી.

**પાંડવોને પુનઃ રાજ્ય પ્રાપ્તિ તથા તેમનો પુનઃ વનવાસ.** ૫. દ્રૌપદી પરણ્યાનીવાત દુર્યોધનને જાણી ત્યારે તે વધારે દ્વેષ કરવા લાગ્યો, પરંતુ પોતાના ભત્રિજા જીવતા છે એવી ખબર મળ્યાથી ધૃતરાષ્ટ્રે તેમને હસ્તિનાપુર બોલાવી અર્ધું રાજ્ય આપ્યું. પાંડવો જમનાંને કાંઠે ઇંદ્રપ્રસ્થ (દિલ્લી) વસાવી ત્યાં રાજ્ય કરવા લાગ્યા. અદેખા દુર્યોધનને એ વાત પસંદ પડી નહિ. તેણે યુધિષ્ઠિરને જૂગટું રમવાને બોલાવ્યો. તેમાં યુધિષ્ઠિર પોતાનું રાજ્યપાટ, પત્નિ ને ભાઈઓ સર્વસ્વ હાર્યા, તોપણ વૃદ્ધ ધૃતરાષ્ટ્રે એકવાર ફરીને તેમનું રાજ્ય તેમને પાછું આપ્યું. પરંતુ દુર્યોધને ફરીને તેમને જૂગટું રમાડીને હરાવ્યા. આ વખતે જે હારે તે બાર વરસ વનમાં રહી, તેરમે વરસ છૂપા રહે એવી શરત હતી. તેથી જૂગટાનાં માઠાં ફળો ભોગવવાને સત્યવાદી પાંડવો વનમાં ગયા. દ્રૌપદી સાથે તેઓ બાર વરસ વનમાં રખડ્યા. પાંડવો વનમાં રહ્યા તેનો ઘણો ભાગ તેમણે *બાગલાણના જંગલોમાં કાઢેલો હતો. ખાનદેશ ને નાસિકમાં તે વખતે વસ્તી નહોતી, માત્ર જંગલો હતાં. નાસિકની પાસેના એક ડુંગરમાં ગુફા બાંધી તેઓ રહેતા હતા. તે જગા પાંડવગુફાને નામે આજે પણ મશહુર છે. એ સમયમાં ભીમ હેડંબા નામે રાક્ષસી (અનાર્ય સ્ત્રી) સાથે પરણ્યો હતો. તે હેડંબાને રહેવાની જગા હેડંબબારીને નામે આજે જાણીતી છે. બાર વરસ પૂરાં થયાં ત્યારે તેરમે વરસે પાંડવો વેષ પાલટી વૈરાટ નગરના રાજાને ત્યાં છૂપા રહ્યા. ત્યાં અર્જુને છૂપે વેષે વૈરાટ રાજાની કન્યા ઉત્તરાને વિદ્યાભ્યાસ કરાવ્યો. એ દરમિયાન અર્જુને કૃષ્ણની બેન સુભદ્રાનું હરણ કરી

---

* પાંડવોના વનવાસનાં સ્થળ વિષે જુદા જુદા પ્રાંતના લોક જુદાં જુદાં મત ધરાવે છે.

લગ્ન કર્યું હતું. એ સુભદ્રાથી થયેલો અર્જુનનો પુત્ર અભિમન્યુ વૈરાટ રાજાની કુંવરી ઉત્રા વેરે પરણાવ્યો. દ્વારકાંના યાદવ રાજા કૃષ્ણ અર્જુનના મિત્ર હતા, એટલુંજ નહિ પણ બેવડા સગપણની ગાંઠથી સંધાયલા હતા. એ પ્રમાણે વૈરાટ રાજા, કૃષ્ણ ને દ્રુપદ રાજા પાંડવોને પક્ષે થયાથી તેમનો પક્ષ સબળ થયો.

**મહાભારતનું યુદ્ધ.** ૬. વનમાં રહેવાનાં તેર વરસ પુરાં થતાં કૃષ્ણ દુર્યોધન પાસે પાંડવોની વતી વિષ્ટી કરવા ગયા. તેમણે પાંડવોને અર્ધું રાજ્ય આપવા માટે તેને સમજાવ્યો, પણ તેણે તેગનું કાંઇ માન્યું નહિ. તેથી કૃષ્ણ, વૈરાટ રાજા, દ્રુપદ રાજા ને બીજા સગા સ્નેહીની મદદ લેઈ પાંડવો યુદ્ધે ચઢ્યા. કૌરવોએ પણ પોતાના સગા વહાલાને મદદે બોલાવ્યા, અને કુરૂક્ષેત્ર (પાણીપત) ના રણમાં રાજ્યલોભથી ભાઈઓભાઇનાં ગળાં કાપવાને સામ સામા થયા. ભરતખંડમાં રાજ્યલોભથી ભાઈ ભાઈને મારવાને રણમાં ચઢેલાનો આ પહેલ વહેલોજ દાખલો હતો. અને તેથી એજ વખતથી ભરતખંડગાં કળિયુગ બેઠો એમ કહેવાય છે.

* અરાડ અક્ષોહિણી સૈન્ય કુરૂક્ષેત્રમાં એકઠું થયું

---

*એક અક્ષોહિણીનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

૨૧૮૭૦ રથગાં બેસી લઢનાર.
૨૧૮૭૦ હાથી ઉપર બેસી લઢનાર.
૬૫૬૧૦ ઘોડેસ્વાર.
૧૦૯૩૫૦ પાયદળ.

૨૧૮૭૦૦ કુલ સૈન્ય.
×૧૮

૩૯૩૬૬૦૦ મહાભારતના યુદ્ધમાં બંને પક્ષનું સૈન્ય. તેગાંથી સાત અક્ષોહિણી પાંડવોનું ને અગિયાર અક્ષોહિણી સૈન્ય કૌરવોનું હતું.

ને અરાડ દિવસ સુધી આ નાશકારક યુદ્ધ ચાલ્યું. પાંડવ કોરવોનો ગુરૂ દ્રોણુ, દ્રોણુનો પુત્ર અશ્વત્થામા, ગુરૂ કૃપાચાર્ય, ગાંધારીનો ભાઇ શકુનિ, પિતામહ ભીષ્મ, પાંડવોનો દૂધભાઇ કર્ણ, અને ઘણા રાજા કૌરવોને પક્ષે આવ્યા હતા. એ યુદ્ધમાં સો કૌરવ, દ્રોણુ, કર્ણ, ભીષ્મ ઇત્યાદિ સર્વે મરાયા. માત્ર દ્રોણુનો પુત્ર અશ્વત્થામા જીવતો રહ્યો. પાંડવોમાં પાંચ ભાઇ ને કૃષ્ણુ જીવતા રહ્યા. ધૃતરાષ્ટ્રે પોતાના ભત્રિજાઓને રાજ્ય સ્વાધિન કર્યું. જયેષ્ઠ પાંડવ યુધિષ્ટિર ગાદીએ બેઠા ને અશ્વમેધ કરી ભરતખંડના ચક્રવર્તિ રાજા થયા. કૃષ્ણુ દ્વારકામાં પાછા ગયા. ત્યાંથી પ્રભાસપાટણુની જાત્રા કરવા અર્થે સર્વ યાદવો ગયા ને દારૂ પી માંહોમાંહે લઢીને કપાઇ મુઆ. દારૂ પીવાના આ બુરા પરિણામથી થયેલા શોકમાં કૃષ્ણે પણુ દેહ મૂકી.

**યાદવ વંશ.** ૭. કૃષ્ણુ દેવલોક પામ્યા પછી કેટલેક વરસે બાકીના યાદવો દ્વારીકા છોડી સિંધ તરફ ગયા ને ત્યાંથી આગળ વધી અફ્ઘાનિસ્તાનમાં વસ્યા. એ દેશમાં મુસલમાનોનું પ્રબળ થયું ત્યારે તેમના વંશજો પંજાબમાં આવ્યા ને આગળ જતાં જેસલમેરમાં ગાદી કરી. ગૂજરાત ને કચ્છના જાડેજા સિંધમાંથી આવેલા યાદવજાતના રજપૂતો છે.

**પાંડવોનો રાજ્ય ત્યાગ.** ૮. પોતાના ભાઇ ભત્રિજાના મોતથી પાંડવો શોકાતુર હતા તેમાં કૃષ્ણુના મોતથી ઉમેરો થયો, તેથી અર્જુનના પુત્ર અભિમન્યુના કુંવર પરિક્ષિત્‌ને હસ્તિનાપુરનું રાજ્ય સોંપી પાંચે પાંડવ ને દ્રૌપદી હિમાલય પર્વત ઉપર ચઢયાં ને દેવલોક પામ્યાં. એ રીતે મહાભારતના મુખ્ય યુદ્ધની સમાપ્તિ થઈ. યુધિષ્ઠિર મહા ધર્મનિષ્ટ ને સત્યવાદી રાજા હતો, તેથી લોકો આજે પણુ એને

ધર્મરાજાને નામે ઓળખે છે. એજ કારણથી એનો સંવત ગણાતો હતો. માળવામાં વિક્રમાદિત્ય રાજા થયો ત્યાં સૂધી તે ચાલ્યો. યુધિષ્ઠિરના સંવતને આજે ૪૯૯૧ વરસ થયાં, એટલે એ રાજા ઈ. સ. પૂ. ૩૧૦૦ વરસ ઉપર થઇ ગયો ને મહાભારતના યુદ્ધને પણ એટલાંજ વરસ થયાં.

૯. મહાભારતમાં પાંડવ કૈરવોના યુદ્ધના વર્ણન સિંવાય બીજી રસિક અને સુબોધકારક આડ કથાઓનો ખજાનો છે. તેમાં રાજા પ્રજાના ધર્મ તથા જ્ઞાનોપદેશ આપ્યો છે. કુરૂક્ષેત્રના યુદ્ધ સમયે અર્જુને પોતાના ભાઇઓને, ગુરૂને તથા સગાં સ્નેહીઓને મારવાની ના કહી, ત્યારે કૃષ્ણે અર્જુનને જે ઉપદેશ કર્યો છે તેથી તો હદ વાળી છે. એને ભગવદ્ગીતા કહેછે. વળી વિદુરે પાંડવોને રાજ્ય ભાગ આપવા માટે દુર્યોધનને જે ઉપદેશ કર્યો છે તે ખરી રાજ્ય નીર્તિ છે; એને વિદુરનીતિ કહેછે.

**હસ્તિનાપુરનું રાજ્ય.** ૧૦.૮ યુધિષ્ઠિરના વંશમાં આઠમી પેઢીએ નીમી નામે રાજાના વખતમાં હસ્તિનાપુર ગંગામાં તણાઈ ગયું તેથી એ રાજાઓએ બીજી રાજધાની કરી ત્યાં રાજ્ય કર્યું. એ રાજ્ય મગધના રાજા જરાસંધના વંશજ સહદેવે જીતી લીધું.

**મગધ રાજ્ય.** ૧૧. સહદેવના વંશમાં કેટલીક પેઢી સૂધી રાજ્ય ચાલ્યા પછી તક્ષકવંશ થયો. એ લોક સિથિયન જાતના હશે એમ અનુમાન થાયછે, ને તેમની ધ્વજા ઉપર સર્પચિન્હ હોવાથી આર્યો તેમને તક્ષક કહેતા. તક્ષક રાજ્ય દશ પેઢી ચાલ્યા પછી નંદવંશના રાજા થયા. છેલ્લા નંદરાજા પાસેથી એ રાજ્ય તેના અનોરસ પુત્ર ચંદ્રગુપ્તે જીતી લીધું. ચંદ્રગુપ્તના રાજ્યને મૌર્ય રાજ્ય કહેછે. એ રાજ્યની હકીકત આગળ આવશે.

# પ્રકરણ ૫ મું.

## પરદેશી લોકની સ્વારીઓ.

**સેમિરામિસ.** ૧. યુધિષ્ઠિરના વંશજોના સમયમાં આસિરિઆ દેશની સેમિરામિસ નામે રાણીએ આ દેશ ઉપર સ્વારી કરી હોય એમ જણાયછે. પંજાબનો રાજા યુદ્ધમાં હાથી લાવી તેના સામો થયો; તેથી સેમિરામિસનું સૈન્ય ભયભિત થઇ નાસી ગયું ને રાણી પણ નિરાશ થઈ પાછી ગઈ. એ સ્વારી ઈ. સ. પૂ. સુમારે ૧૮૦૦ વરસ પર થઇ હતી.

**સેસોસ્ત્રિસ.** ૨. મિસર દેશનો સેસોસ્ત્રિસ રાજા પણ આ દેશ ઉપર ચઢી આવ્યો હતો. તે વખતે ભરતખંડમાં મગધના સહદેવના વંશજ રાજા બળવાન હતા. સેસોસ્ત્રિસની સ્વારીની કાંઈ પણ નિશાની આ દેશમાં રહી નથી.

**દરવેશ ગુસ્તાસ્પ.** ૩. મગધના તક્ષક રાજાઓના સમયમાં દરવેશ ગુસ્તાસ્પ નામે ઇરાનના પારસી રાજાએ પંજાબ ઉપર ચઢાઇ કરીને કેટલોક ભાગ જીતી લીધો. ઇ. સ. પૂ. ૫૧૮. તે આ દેશમાંથી પુષ્કળ સોનું લેઈ પાછો ગયો. એ દરવેશે ગ્રીસ દેશ ઉપર સ્વારી કરી ત્યારે એની પાસે ભરતખંડી સિપાઇઓ હતા તે ઉપરથી એની આ દેશ ઉપરની સ્વારીની વાતને ટેકો મળેછે.

**સિકંદર.** ૪. ઉપર કહેલા રાજાની સ્વારીઓ કરતાં વધારે ખાતરી લાયક સ્વારી સિકંદરની હતી. એ રાજા ગ્રીસ દેશમાં રાજ્ય કરતો હતો. તેણે ઈરાનનું પારસી રાજ્ય જીતીને પંજાબ ઉપર ઇ. સ. પૂ. ૩૨૭ માં સ્વારી કરી. ઝેલમ નદી સુધી સિકંદરની સામું કોઇ થયું નહિ. ઝેલમની પૂર્વમાં સિંધુ સુધી પૌરવ નામે આર્ય ક્ષત્રી રાજા રાજ્ય કરતો હતો, તે પોતાની સેના લેઈ સ્વદેશ રક્ષણાર્થે સિકંદર સામો યુદ્ધ

કરવાને ઉભો. પૌરવ ને તેની સેના બહુ બહાદુરીથી લઢી, પણ તેના બે પુત્રો લઢાઇમાં પડ્યા ને પોતે કેદ પકડાયો તેથી સિકંદર જય પામ્યો. પૌરવે બતાવેલા પરાક્રમથી સિકંદર મોહિત થયો ને મોટા દિલથી તેને માન આપી તેનું રાજ્ય પાછું સોંપ્યું. ઇ. સ. પૂ. ૩૨૭. એ વખતે મગધમાં નંદ વંશનો છેલ્લો રાજા નવમો નંદ રાજ્ય કરતો હતો, તેનો અનૌરસ પુત્ર ચંદ્રગુપ્ત રાજ્ય ખટપટથી નાસીને પૌરવને આશ્રયે આવ્યો હતો, તેણે મગધ સુધીનો મુલક જીતી લેવાને સિકંદરને સલાહ આપી. સિકંદરની પણ એવી ઈચ્છા થઈ; પરંતુ તેનું સૈન્ય પોતાના મુલકથી ઘણે દૂર આવ્યું હતું તેથી, તથા પૌરવના સૈન્યના પરાક્રમથી ડરી ગયું હતું, તેથી તેગણે આગળ જવાની ના પાડી. તેમજ ભરતખંડના ભીતરમાં એકજ હાર થાય તો આખું ગ્રીક સૈન્ય નાશ પામે એવું હોવાથી ચતુર સિકંદર પાછો ફર્યો. પૌરવ હાર્યો તોપણ તેના પરાક્રમથી ભરતખંડ સિકંદરનો ભોગ થતો બચ્યો. બીયા નદી આગળથી સિકંદર પાછો ફર્યો, તે સતલજ નદીમાં વહાણો બંધાવી તેમાં બેસી મુલતાન ગયો. ત્યાં પણ ભરતખંડના આર્યો સાથે તેને લઢવું પડ્યું. સિકંદર જય પામ્યો પણ તે જખમી થયો. આગળ ચાલતાં તે પાતાળનગર ( હૈદરાબાદ) આવ્યો ને તે જીત્યું. ત્યાંથી પોતે બલુચિસ્તાન ને ઈરાનને માર્ગે બાબીલોન (એશિઆઇ તુર્કસ્તાનમાં હિલ્લાની પાસે હતું) ગયો. ત્યાં એ મહાન પાદશાહ ઈ. સ. પૂ. ૩૨૩ માં મરણ પામ્યો. તેને પુત્ર ન હોવાથી તેનું વિસ્તિર્ણ રાજ્ય એના સરદારોએ વહેંચી લીધું; તેમાં ભરતખંડનો જે ભાગ સિકંદરે જીત્યો હતો તે ભાગ, તેના સરદાર સેલ્યુકસ નિકેટરના તાબામાં આવ્યો.

**સેલ્યુકસ.** ૫. સેલ્યુકસ નિકેટરના રાજ્યની શરૂઆતનાં વર્ષ પોતાના રાજ્યનો બંદોબસ્ત કરવામાં ગયાં. ત્યાં સુધીમાં સિકંદરને હુસ્કેરનાર ચંદ્રગુપ્ત મગધમાં રાજા થયો હતો. તેણે આસપાસનાં નાનાં રાજ્યો જીતીને પોતાના રાજ્યની મજબુતી કરી. એટલામાં સેલ્યુકસ પોતાના રાજ્યનો બંદોબસ્ત કરી આ દેશ ઉપર ચઢી આવ્યો. પણ ચંદ્રગુપ્ત આગળ તેનું કાંઇ ન ચાલ્યાથી બંને વચ્ચે સલાહ થઇ. તેથી સેલ્યુકસે પોતાની કુંવરી ચંદ્રગુપ્તને દીધી. તથા સિંધુની પૂર્વનો સિકંદરે જીતેલો સર્વ મુલક આપી સિંધુ નદી બંનેના રાજ્યની હદ નક્કી કરી.

**મેઘાસ્થિનિસ.** સેલ્યુકસે ચંદ્રગુપ્તના દરબારમાં મેઘાસ્થિનિસ નામે એક એલચીને રાખ્યો હતો, તે ઇ. સ. પૂ. ૩૦૬ થી ઇ. સ. પૂ. ૨૯૮ સુધી મગધની રાજ્યધાની પાટલીપુત્ર (પટણા) માં રહેતો હતો. એ ગ્રીક એલચીએ તે વખતના આ દેશના આર્યોની રીતભાત, સંસાર સ્થિતિ, વિદ્યા કળા, ગ્રંથો ને સદ્ગુણોનું વર્ણન કર્યું છે, તેમાં એણે આ દેશના આર્ય લોકનાં બહુ વખાણ કર્યાં છે.

**બાકૃત્રિયાના ગ્રીક.** ૬. બાકૃત્રિયા (બલ્ખ) સિકંદરે જીતી લીધું હતું ત્યાં સેલ્યુકસના રાજ્યની પડતીમાં એક સ્વતંત્ર ગ્રીક રાજ્ય થયું હતું, તેના રાજાઓએ ભરતખંડ ઉપર સ્વારીઓ કરી પંજાબનો કેટલોક ભાગ જીત્યો હતો. પણ બસેં વરસમાં એ રાજ્ય નબળું થઇ પડી ભાગ્યું.

**શક કે સિથિયન લોક.** ૭. બલ્ખનું ગ્રીક રાજ્ય તાર્તર જાતના શક લોકે ડૂબાવ્યું. એ શક લોક પ્રથમ મધ્ય એશિઆમાં રહેતા હતા, તેમણે ભરતખંડની વાયવ્યકોણમાં એક જબરૂં રાજ્ય સ્થાપ્યું, તથા સ્વારીઓ કરીને સિંધને ગુજરાત સુધીનો મુલક જીતી લીધો. કાઠિઆવાડની લગભગ

કાઠી પ્રજા શક રાજ્યનો અવશેષ હોય એવું અનુમાન થાય છે. શક લોકોનો બળવાન રાજા કનિસ્ક નામે થયો. તેણે બૌદ્ધ ધર્મને આશ્રય આપ્યો એ વાત આગળ આવશે. કનિસ્કના તાબામાં કાશ્મિર, પંજાબ, સિંધ, ગૂજરાત, કાબુલ, યાર્કંદ ને ખોકાન સુધીનો મુલક હતો.

## પ્રકરણ ૬ ઠું.

### મગધનું મૌર્ય રાજ્ય.

**ચંદ્રગુપ્ત.** ૧. મગધના નવમા નંદરાજાના અનૌરસ પુત્ર ચંદ્રગુપ્તે પંજાબમાં બળવો કરી ગ્રીક થાણાં ઉઠાડી મૂક્યાં ને પૌરષને રાજ્યભ્રષ્ટ કરી પોતે રાજા થયો. તે પછી મગધમાં બળવો થયો તેમાં રાજ્ય કુટુંબની કતલ થઈ, તે લાગ સાધી ચંદ્રગુપ્તે પોતાના પ્રધાન ચાણાક્યની સહાયથી રાજ્યનો કબજો લીધો ને પોતે ગાદીએ બેઠો. ઇ. સ. પૂ. ૩૧૫. ચંદ્રગુપ્ત ને તેના પ્રધાન ચાણાક્યે રાજ્યનીતિ ને રાજ્ય કૌશલ્ય શીખવી પ્રવિણ બનાવ્યો હતો. ચંદ્રગુપ્તના વંશજો મૌર્યવંશી કહેવાયછે. એ રાજા મહા પ્રતાપી રાજા થયો. એણે સેલ્યુકસને હરાવી સંધિ કરી એ વાત તો પાછળ આવી ગઇ છે. એ સમયે નર્મદાની ઉત્તરે નાનાં નાનાં ઘણાં રાજ્યો સ્વતંત્ર હતાં, તે સર્વે એણે જીતીને તાબે કર્યાં. એ મહારાજા ૨૪ વરસ રાજ્ય કરી ઇ. સ. પૂ. ૨૯૧ માં મરણ પામ્યો.

**ચંદ્રગુપ્તની રાજ્ય વ્યવસ્થા.** ૨. ચંદ્રગુપ્તે મુસાફરીની સુગમતા સારૂ રસ્તા ને ધર્મશાળા બંધાવી, લોકના જાનમાલની સલામતી માટે ઠામ ઠામ થાણાં બેસાડ્યાં. એ સમયે સંસ્કૃતમાંથી અપભ્રંશ થએલી પાલી ભાષા બોલાતી હતી,

તેમાં ચંદ્રગુપ્તે સંસ્કૃત પુસ્તકોના તરજુમા કરાવી સંસ્કૃત જ્ઞાન ભંડાર પોતાની પ્રજાની આગળ ખુલ્લો મૂકયો. વળી એના વખતમાં પશ્ચિમની પ્રજા સાથે હિંદનો વેપાર વધ્યો તથા પૂર્વના મુલકોમાં જાવા, શિયામ વગેરે ઠેકાણે આર્યો વેપારાર્થે જઈ વસ્યા ને ત્યાં પોતાનો ધર્મ લેતા ગયા.

**બિંદુસાર.** ૩. ચંદ્રગુપ્ત પછી તેનો પુત્ર બિંદુસાર ગાદીએ બેઠો. એ રાજા પણ એના બાપ જેવોજ પ્રતાપી હતો. ઉત્તર ભરતખંડનાં જે રાજ્યો ચંદ્રગુપ્તે જીતવાં બાકી મૂકયાં હતાં તે એના પ્રતાપી પુત્રે જીત્યાં. ૨૮ વરસ રાજ્ય કરી બિંદુસાર ઇ. સ. પૂ. ૨૬૩ માં મરણ પામ્યો. તેથી તેનો કુંવર અશોક મગધની ગાદીએ બેઠો.

**અશોક.** ૪. અશોકનું બીજું નામ પ્રિયદર્શી હતું. એણે ૪૦ વરસ સૂધી રાજ્ય કર્યું. એ મુદ્દતમાં એણે બાકીનો ભરતખંડ અને અફઘાનિસ્તાનનો મુલક જીતી લીધો. એ બહુ પરાક્રમી ને ધર્મી મહારાજાધિરાજ હતો. અત્યાર સૂધી બ્રાહ્મણ ધર્મ એ રાજ્યધર્મ હતો, તે ફેરવીને અશોકે બૌદ્ધધર્મને રાજ્યધર્મ બનાવ્યો. અશોકે પોતે ખુલ્લી રીતે બૌદ્ધધર્મ પાળ્યો એટલુંજ નહિ પણ એ ધર્મને રાજ્યધનથી ઉત્તેજન આપ્યું. એણે બૌદ્ધધર્મનો નિર્ણય કરવાને સભા ઠરાવી તથા એ ધર્મનાં મૂળતત્વોનાં જાહેરનામાં પ્રસિદ્ધ કરી જુદે જુદે સ્થળે સ્તંભો ઉપર ને શિલા ઉપર કોતરાવ્યાં. વળી એ ધર્મ પવિત્ર રહે તે સારૂ તેની દેખરેખ રાખનારા ઠરાવ્યા. તથા ધર્મોપદેશ કરવા માટે દેશ પરદેશ ગોરજીઓ મોકલ્યા. બૌદ્ધ ધર્મશાસ્ત્રોનો માગધી ભાષામાં સંગ્રહ કરાવ્યો. આવા આવા ઉપાયોથી બૌદ્ધધર્મ અશોકના આખા રાજ્યમાં પ્રસર્યો, એટલુંજ નહિ પણ એ ધર્મના જતીઓએ તિબેટ, ચીન, બ્રહ્મદેશ, શિયામ, જાવા, કેમ્બોડિયા, લંકા વગેરે દૂરના

દેશોમાં પણ ફેલાવ્યો. ગુજરાતમાં પણ અશોકનું રાજ્ય હતું. તેની કોતરાવેલી બૌદ્ધધર્મની આજ્ઞાઓ જુનાગઢ પાસેના ગીરનાર ઉપર હજુ પણ છે.

**અશોકના ગુણ.** ૫. અશોક શાણો ને પરોપકારી રાજા હતો. મગધના રાજ્યનો સર્વથી વધારે વિસ્તાર એના વખતમાં હતો. એ રાજા પ્રજામાં સુધારો કરવાને આતુર ને તેનું પાલન કરવામાં ઉત્સુક હતો. એણે રાજ્યમાં પ્રજાને ઉપયોગી ન્યાયકોર્ટો સ્થાપી તથા દેહાંતદંડની શિક્ષા બંધ પાડી. વળી રસ્તા વધાર્યા ને વેપારને ઉત્તેજન આપ્યું તથા ધર્મનાં મોટાં મોટાં મંદિરો બંધાવ્યાં. એ રાજા ઈ. સ. પૂ. ૨૨૩ માં મરણ પામ્યો.

**મગધના રાજ્યનો અંત.** ૬. અશોકના મુઆ પછી એનું વિસ્તિર્ણ રાજ્ય એના ત્રણ દીકરાઓએ વહેંચી લીધું. ૨૮ વરસમાં એના વંશમાં સાત રાજા થયા. એ નબળા રાજાઓના વખતમાં અશોકના બળવાન રાજ્યની પડતી થઈ. મૌર્ય વંશના છેલ્લા રાજા પછી ઇ. સ. પૂ. ૧૯૫ માં સંગાકૂળના રાજા થયા. આશરે સો વરસ એ રાજ્ય ચાલ્યા પછી ઈ. સ. પૂ. ૮૬ માં કન્વાકૂળનું રાજ્ય થયું. એ રાજ્ય ઇ. સ. ૩૧ લગી ચાલ્યું. અંતે માળવાના પરમાર રાજાઓએ મગધનું રાજ્ય પોતાના રાજ્ય સાથે જોડી દીધું.

## પ્રકરણ ૭ મું.

### બૌદ્ધધર્મ.

**ગોતમ બુદ્ધ.** ૧. બૌદ્ધ ધર્મનો સ્થાપનાર ગૌતમ ઇ. સ. પૂ. ૬૨૩.માં સુદ્ધોદન નામે રાજાને ત્યાં જન્મ્યો હતો. એ રાજાનું રાજ્ય કાશીની ઉત્તરે સો મૈલ ઉપર હતું. અ-

ને તેની રાજ્યધાની કપીલવસ્તુ હતી. નાનપણમાંથી બુ-દ્ધની ધર્મ ઉપર આસ્તા વધારે હતી. ત્રીસ વરસનો થતાં સૂધી તે પોતાના પિતાને ત્યાં રહ્યો, એટલામાં એને એક કુંવર થયો. તેથી બુદ્ધે વિચાર કર્યો કે હવે વધારે વખત સંસારમાં રહ્યાથી માયાની જાળમાં વધારે સપડાઇશું ને તેથી ધર્મસાધના થશે નહિ. એવા વિચારથી તે એક રાત્રે છાનોમાનો પોતાનો બાળક પુત્ર, જુવાન સ્ત્રી અને વૃદ્ધ માબાપ તજીને જંગલમાં ચાલ્યો ગયો. એ ઉપરથી બુદ્ધની જબરી આસ્થા, દૃઢતા ને આત્મસંયમતા માલમ પડે છે. વનમાં જઇ એણે પોતાનાં રાજ્યવસ્ત્ર ફેંકી દઈ સાધુનાં વસ્ત્ર પહેર્યાં. ૭ વરસ સૂધી બહાર રખડીને એણે ધર્મશાસ્ત્રોનું અધ્યયન કર્યું. ઇ. સ. પૂ. ૫૮૭ થી પોતાની છત્રીસ વરસની ઉમરે તે જાહેર ઉપદેશ કરવા લાગ્યો.

**બૌદ્ધમત.** ૨. બૌધમતમાં મુખ્ય વાત સંસારસુધારણા ને નીતિ ઉપદેશ હતો. તે કહેતો કે સર્વ મનુષ્ય સરખાં છે ને તેમાં ઊંચો નીચો કોઇ નથી. સર્વે પોતાનાં સુકૃત્યોથી મોક્ષ કે નિર્વાણ પામી શકે છે. માટે દરેક જણે સદ્‌ગુણી થઇ પાપ વર્જવું ને અંતઃકરણ નિર્મળ રાખવું. માણસ મન, વાણી ને કર્મથી શુદ્ધ હોય તો ઉત્તમ ગતિ પામે. જેવાં કર્મ કરે તેવી ગતિ થાય. જેવું વાવશે તેવું લણશે. જો મનુષ્ય દરેક જાતની તૃષ્ણા તજીને માયાથી છૂટે ને દેહ દમન કરી આત્મસંયમતા મેળવે તો તે પુનર્જન્મથી છૂટી મોક્ષ કે નિર્વાણ પામે. એ સદ્‌ગતિ થવાના સાધન તરીકે એના ઉપદેશમાં મુખ્ય ત્રણ વાત હતી. દેહદમન, મનુષ્યપર હેત ને સર્વ જીવ સરખા ગણી હલકા જીવનું પાલણ કરવું. ત્રીજા ઉપદેશનો અમલ કરવાને એણે બ્રાહ્મણ ધર્મ પ્રમાણે થતા અજામેધ, અશ્વમેધ વગેરે

જાનવરોના હોમ અટકાવ્યા તથા લોકોને માંસાહાર તજાવી વનસ્પતિના આહારી કર્યા, એ ચાલ આ દેશમાંથી બૌદ્ધધર્મ નાબુદ થયો તોપણ હજુ ચાલેછે.

**બૌદ્ધમત પ્રસાર.** ૩. એણે પ્રથમ કાશીમાં જઇ દી-અંતથી પોતાના ધર્મનો ઉપદેશ કરવા માંડયો ને ત્યાંથી મગધ ગયો. ત્યાં તે સમયે બિંબીસાર નામે તક્ષક રાજા હતો, તેને ઉપદેશ કરી પોતાનો શિષ્ય બનાવ્યો. આગળ થોડે વર્ષે તે કપિલવસ્તુ ગયો ને પોતાનાં માતપિતા, ને સ્ત્રી પુત્રને ઉપદેશ કરી પોતાના ધર્મમાં આણ્યાં. તેની સ્ત્રી તો તેજ વખતે આરજા થઇ. એનો જાતિસ્વભાવ ઘણો દયાળુ હોવાથી એના દરેક ઉપદેશમાં દયાનું તત્વ હતું. ધીરે ધીરે એના ઉપદેશથી એના ઘણા શિષ્ય થયા ને ધર્મનો પ્રસાર વધતો ગયો. વરસના આઠ કોરા માસમાં તે ગામ પરગામ રખડીને ઉપદેશ કરતો ને ચાર માસ એક જગાએ રહેતો. એજ પ્રમાણે એના શિષ્યોને પણ તે દેશ પરદેશ ઉપદેશ કરવાને મોકલતો. એણે ૪૪ વરસ સુધી દેશમાં રખડીને ઉપદેશ કર્યાથી ઇ. સ. પૂ. ૫૪૩ માં એના મરણ સમયે ઘણા જણા બૌદ્ધ સંપ્રદાયી થયા હતા.

**બૌદ્ધ શિષ્યો.** ૪. બૌદ્ધે ચલાવેલો ધર્મ એના મરણ પછી પણ પ્રસરતો ગયો. એણે પોતાના ધર્મનો પાયો એવો મજબુત રચ્યો હતો કે એના મુઆ પછી પણ દૃઢ થતો ગયો. ધર્મ ફેલાવવાની જે પદ્ધતિ એણે રચી હતી તેજ એના શિષ્યોએ પણ ચાલુ રાખી. એના ઉપદેશનાં સૂત્રો માણસના મનના વલણને રૂચતાં હોવાથી ધીમે ધીમે એ ધર્મમાં ઘણા રાજા રાણા ભળ્યા. મહારાજા અશોકે તો બ્રાહ્મણ ધર્મને બદલે બૌદ્ધ ધર્મને રાજ્ય ધર્મ બનાવી તેને કેવો આશ્રય આપ્યો તે વાત પાછળ આવી ગઈછે. એના યત્નથી

બૌદ્ધ આખા ભરતખંડમાં પ્રસર્યો એટલુંજ નહિ પણ અ-ફખ, કાબુલ, તીબેટ, બ્રહ્મદેશ, શિયામ ને લંકામાં પણ પ્રસર્યો. અશોક પછીના પણ માગધી રાજાઓ એજ ધર્મના ને તેને આશ્રય આપનારા હતા.

**મહારાજા કનિસ્ક.** ૬. અશોક જેવો એ ધર્મને આશ્રય આપનારો મહારાજા કનિસ્ક હતો. એ રાજા સિથિઅન જાતનો હતો, ને તેનું રાજ્ય ભરતખંડના વાયવ્ય ને પશ્ચિમ ભાગમાં તથા તીબેટ, કાબુલ ને ખોકાન સુધી હતું. એ રાજા ઈ. સ. ૪૦ માં થઈ ગયો. એણે બૌદ્ધ ધર્મ પુસ્તકોનું ફરીને સંશોધન કરાવ્યું. અશોક પછીના નબળા રાજાના સમયમાં એ ધર્મ ઉપર દેખરેખ રાખનારાની સભા નિર્માલ્ય થઇ ગઈ હતી, તેથી એણે બીજી સભા ઠરાવી; તથા રાજ્યધનથી આશ્રય આપી દેશ પરદેશ ઉપદેશકો મોકલ્યા. કનિસ્કના સંશોધન પ્રમાણે તીબેટ, ચીન, તાર્તરી ને જાપાનમાં ને અશોકની સંશોધન પ્રમાણે લંકા, બ્રહ્મદેશ, શિઆમ ને જાવા વગેરે ઠેકાણે આજે એ ધર્મ ચાલે છે, તેથી કનિસ્કનો ઉત્તર ને અશોકનો દક્ષિણ સંપ્રદાય કહેવાય છે.

**મહારાજા શિલાદિત્ય.** ૭. બૌદ્ધ મતને આશ્રય આપનારામાં કનોજનો મહારાજા શિલાદિત્ય એ છેલ્લો હતો. એ રાઠોડ રાજા ઇ. સ. ૬૩૪ માં થઇ ગયો. એણે અશોકની પેઠે રાજ્યધન વડે એ ધર્મને બહુ આશ્રય આપ્યો. એ રાજા પાંચ પાંચ વર્ષે એકઠું થએલું સર્વ રાજ્યધન ધર્મદાનમાં ખર્ચી નાંખતો. એ ધનવડે એણે જતીઓને આશ્રય આપી બૌદ્ધ ધર્મ ઉત્તેજ્યો; એમ છતાં એણે બ્રાહ્મણ ધર્મનો કાંઇ અવરોધ કર્યો નહોતો.

**બૌદ્ધ ધર્મની પડતી.** ૮. બૌદ્ધ ધર્મની પૂર ચઢતીના વખતમાં પણ બ્રાહ્મણ ધર્મ નાબુદ થયો નહોતો. રાખ

બળેલા અંગારામાં રહેલા અગ્નિની માફક તે ઢંકાઇ રહ્યો હતો. એ અંગારાનો પવન ફુંકનારા બ્રાહ્મણ વિદ્વાનો મળવાથી તેને જાગૃત થતાં વાર લાગી નહિ. અશોક પછીના માગધી રાજાઓ નબળા થયા ને બૌદ્ધ ધર્મને આશ્રય મળતો ઘટ્યો એટલે બ્રાહ્મણો પોતાના ધર્મ માટે મંથન કરવા લાગ્યા. બ્રાહ્મણોએ પોતાના મૂળના વેદ ધર્મમાં કેટલોક ફેરફાર ને સુધારો કરી ઉપદેશ કરવા માંડ્યો. એ ઉપદેશથી કેટલાક રાજા રાણા એ ધર્મમાં આવ્યા. એ પ્રમાણે બૌદ્ધ ધર્મીઓની પડતી ને બ્રાહ્મણ ધર્મની ચઢતી થતી જોઇ મહારાજા કનિસ્કે તેનો જીર્ણોદ્ધાર કર્યો. પરંતુ તેના મૂવા પછી ફરીને બ્રાહ્મણોએ પોતાનો ઉદ્યોગ જારી રાખ્યો. તેમના નવા સુધરેલા ધર્મમાં રાજા રાણા દાખલ થવા લાગ્યા. એ રાજાઓમાં અગ્નિકૂળના રજપૂતો મુખ્ય છે. એ રજપૂતોનાં મગધ, માળવા ને વરંગુળમાં જોરાવર રાજ્યો હતાં. બ્રાહ્મણોના નિરંતર ઉદ્યોગથી ને રાજાઓના આશ્રયથી એ રાજ્યોમાંથી બૌદ્ધ ધર્મ નાબુદ થયો. ચીના જાત્રાળુઓએ જુદે જુદે વખતે આવીને એ સમયના બૌદ્ધધર્મની સ્થિતિનું જે વર્ણન કર્યું છે તે ઉપરથી જણાયછે કે ઇ. સં. ના છઠ્ઠા ને સાતમા સૈકડામાં બૌદ્ધ ને બ્રાહ્મણ ધર્મી મંદિરો દરેક મોટા સ્થળમાં સરખાં હતાં, પરંતુ આઠમા ને નવમા સૈકડામાં તો અપાશરા ઉજડ પડી ગયા ને બ્રાહ્મણોનાં દેવમંદિરો સર્વત્ર આગળ વધ્યાં, દશમા સૈકડા સુધીમાં તો બૌદ્ધ ધર્મનું વૃક્ષ આ દેશમાં સુકાઈ ગયું.

**નવો બ્રાહ્મણ ધર્મ.** ૯. આ દેશમાંથી બૌદ્ધ ધર્મનું મૂળ કાઢી બ્રાહ્મણ ધર્મ ચલાવવા માટે બ્રાહ્મણોએ વિક્રમ સંવતની શરૂઆતથી એક હજાર વરસ સુધી મહા મહેનત કરી ત્યારે તેઓ નિરંતર આગ્રહ, ઉદ્યોગ ને બુદ્ધિકૌ-

શસ્ત્રથી અંતે જય પામ્યા. એ હજાર વર્ષમાં ઘણા બ્રાહ્મણ વિદ્વાનો થયા ને તેમણે પોતાના પ્રાચીન વેદ ધર્મમાં ફેરફાર કરી નવો બ્રાહ્મણ ધર્મ ઉપજાવ્યો. એ બ્રાહ્મણ ધર્મ તે વખતના લોકોની રૂચીને અનુસરતો બનાવ્યો. બૌદ્ધ ધર્મનો નિર્વાણ મેળવવા માટે ઉપવાસ, દેહદમન ને આત્મ સંયમતા કરવાં એ ઘણું મુશ્કેલ હતું તેથી બ્રાહ્મણોએ મોક્ષ માર્ગ સહેલો બતાવ્યો. સત્કર્મ, સદાચાર ને ઇશ્વર ઉપર દૃઢ વિશ્વાસ ને તેની ભક્તિ એ મોક્ષનાં સાધન બતાવ્યાં. વળી અજ્ઞાન લોકને ઇશ્વર ઉપર આસ્થા બેસવાને પરમેશ્વરની મૂર્ત્તિઓ દાખલ કરી. પ્રાચીન વેદ ધર્મની ત્રિપુટી સૂર્ય, ઇંદ્ર ને અગ્નિની જગાએ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વરની ત્રિપુટી દાખલ થઇ. બ્રહ્મા ઉત્પંન કરનાર, વિષ્ણુ પાલન કરી મોક્ષ આપનાર ને મહેશ્વર સંહાર કરનાર. એ સિવાય પણ ઘણા દેવ દેવીઓ ને વ્રત ઉપવાસ દાખલ થયાં. દેવની મૂર્ત્તિને પૂજવાથી દેવ રાજી થઇ મોક્ષ આપે છે, એવું શીખવ્યાથી મૂર્ત્તિ પૂજા ચાલુ થઇ. એ દેવો ઉપર આસ્થા બેસવાને તેમનાં મહાન કર્મો ને ચમત્કાર દર્શાવનારાં પુરાણાદિ નવિન પુસ્તકો થયાં. વેદમાં બતાવેલ અહિંસા પરમ ધર્મને બૌદ્ધ મત વાળાએ પોતાના ધર્મનું એક મુખ્યતત્વ માન્યું હતું તેનો બ્રાહ્મણોએ લોકોની રૂચીને અનુસરી સ્વીકાર કર્યો અને પશ્વાદિ હોમ હવનની બંધી કરી. આ પ્રમાણે બ્રાહ્મણોએ પોતાનો ધર્મ સુદૃઢ કરી બૌદ્ધ ધર્મ સાથે બાથ ભીડી અને હજાર વર્ષમાં તેમણે આ દેશમાંથી એ ધર્મ નાબુદ કર્યો.

**કુમારિલ ભટ્ટ.** ૧૦. એ ધર્મ યુદ્ધ કરનારામાં ને બ્રાહ્મણોને વિજય અપાવનારામાં પ્રથમ બંગાળામાં કુમારિલ ભટ્ટ નામે બ્રાહ્મણ થયા. તેમણે ત્યાંના રાજાને બ્રાહ્મણ ધ-

ર્મમાં લાવી તેની મારફત બૌદ્ધ પ્રબળ ઘણું તોડયું. એ રાજાએ ફરમાવ્યું કે જે બ્રાહ્મણ ધર્મમાં ન આવે તેને મારી કૂટીને લાવવો. આવા ઉપાયથી ક્ષય લાગેલા બૌદ્ધ ધર્મનો જલદી નાશ થયો.

**શંકરાચાર્ય.** ૧૧. કુમારિલ સ્વામીનું કામ બાકીનું તેમના શિષ્ય શંકરાચાર્યે પુરૂં કર્યું. એમનો જન્મ મલબારમાં થયો હતો. તેમણે કેપ કન્યાકુમારીથી તે ઉત્તરમાં હિમાલય સૂધી આખા દેશમાં ફરી ભટકીને બ્રાહ્મણ ધર્મનો ઉપદેશ કર્યો; તથા મોટા મોટા રાજા રાણાને એ ધર્મમાં આણ્યા. એ મહા પુરૂષે પોતાની ૩૨ વરસની કાચી વયે પોતે લીધેલા અથાક શ્રમને લીધે કેદારનાથમાં દેહ મૂકયો. પરંતુ એટલી ટુંકી મુદતમાં પણ એમનું ધારેલું કામ પૂરૂં થયું. એ મહાન કાર્યને લીધે આજે પણ સર્વે વેદ ધર્મી આર્યો એમને પૂજ્ય ભાવથી સંભારે છે.

**બૌદ્ધ ધર્મનો અવશેષ.** ૧૨. બ્રાહ્મણ ધર્મના ઉદયથી બૌદ્ધ ધર્મ આ દેશમાંથી નાબુદ થયો. હાલમાં એ ધર્મ તીબેટ, ચીન, જાપાન, તાતાર, બ્રહ્મદેશ, શિયામ, જાવા, લંકા વગેરે ઠેકાણે ચાલે છે. હજુપણ એ ધર્મ માનનારાની સંખ્યા દુનીઆના બીજા કોઇપણ ધર્મ કરતાં વધારે છે. પરંતુ આ દેશમાં તો એ ધર્મના લેખો, ગુફાઓ ને મંદિરો સિવાય બીજું કાંઇ નથી.

**જૈનધર્મ.** ૧૩. જૈનધર્મને કેટલાક બૌદ્ધ ધર્મનો એક પંથ કિંવા શાખા માનેછે ને કેટલાક તેને જુદોજ ધર્મ ગણે છે. એ ધર્મ માનનારાને શ્રાવક કહેછે. એ પંથમાં જાતિભેદ નથી, તથા નિર્વાણ પામેલા તિર્થંકરો વેદ ને પુરાણના દેવોથી શ્રેષ્ટ મનાયછે. અહિંસા એ તેમના ધર્મનો મુખ્ય ઉદ્દેશછે. તેઓ જગત્‌ને અનાદિ માનેછે ને જગત્ ક-

ર્ત્તાનો ઇનકાર કરેછે. બૌદ્ધધર્મીની પેઠે જૈનધર્મી પણ સત્કર્મથી આત્મા નિર્વાણ પામે, એવું માને છે. તેથી તેઓ ઉપવાસ કરેછે ને ધર્મ નિયમો પાળેછે. એ લોક નિર્વાણ પામેલા ૨૪ તિર્થંકરોને એટલે જીનોને પૂજેછે તે ઉપરથી એ ધર્મનું નામ જૈન (કે જીન) પડચું છે. ગુજરાતના સોલંકી રાજાઓના વખતમાં, તેમાં વિશેષે કુમારપાળના વખતમાં એ ધર્મનું જોર વધારે હતું. એ ધર્મમાં સારાસારા વિદ્વાનો ઘણા થઇ ગયાછે, તેમાં હેમાચાર્ય ને મેરૂતુંગ મુખ્યછે. જૈન ધર્મનાં પુસ્તકોનો સંગ્રહ પાટણ, ખંભાત, ને જેસલમેરમાં ઘણો છે.

---

## પ્રકરણ ૮ મું.

### માળવાનું પરમાર રાજય.

**વિક્રમાદિત્ય.** ૧. અશોકના વંશજોનું રાજ્ય નબળું પડચા પછી અગ્નિકૂળની આંધ્ર નામે શાખાનું રાજ્ય બળવાન થયું. એ જાતનાં રાજ્ય મગધ, માળવા ને વરંગુળમાં જોરાવર હતાં. માળવામાં આંધ્ર જાતની પરમાર શાખાનું રાજ્ય હતું. આપણા દેશમાં ભરથરી રાજાની જે વાત ચાલેછે, તે માળવાનો પરમાર રાજા હતો. એની રાજ્યધાની ઉજણમાં હતી. ભરથરી રાજાએ રાજ્યપાટ તજી વૈરાગ્ય લીધો, એ વાત તેના ભાઇ વિક્રમાદિત્યને માલમ પડતાંજ તેણે ઉજેણમાં આવીને રાજ્યનો કબજો લીધો. ઇ. સ. પુ. ૫૭

**વિક્રમ સંવત.** ૨. વિક્રમ ગાદીએ બેઠો તેવામાં ભરતખંડની વાયવ્ય કોણમાં શક લોકોનું રાજ્ય હતું તે શક

લોકનાં ધાડાં ભરતખંડ ઉપર ચઢી આવી લૂટફાટ કરવા લાગ્યાં. તથા તેમના રાજા મુલક જીતી લેવા લાગ્યા. તેમને અટકાવવાને ભરતખંડના રાજાઓ પ્રયત્ન કરવા લાગ્યા. એમાં સૌથી વધારે યત્ન કરનાર માળવાનો રાજા વિક્રમાદિત્ય હતો. એણે એ લોકોને હરાવીને ઘણીવાર મારી કાઢ્યા. એ ઉપરથી એ મહારાજા શકારિ (શક લોકનો શત્રુ) એવું ઉપનામ પામ્યો, તથા એવું નામ રાખવાને એ ગાદીએ બેઠો ત્યારથી (પ્ર. સ. પુ. ૫૭ થી) લોકો એનો શક ગણવા લાગ્યા તેથી તે વખતે યુધિષ્ટિરનો જે શક ચાલતો હતો તે બંધ પડ્યો.

**વિક્રમના ગુણ.** ૩. એ મહારાજા તે સમયનાં ભરતખંડનાં નાનાં નાનાં રાજ્યો જીતીને ચક્રવર્તિ થયો. એ રાજા દયાળુ ને પરોપકારી હતો. કોઇનું પણ દુઃખ મટાડવાને તે પોતાનું તન, મન ને ધન ખર્ચતો; તેથી આપણા લોકો એને પરદુઃખ ભંજનને નામે આજે પણ ઓળખે છે. વળી તે રૈયતનું સુખ દુઃખ જાણવાને મહારાજા રામચંદ્રની પેઠે વેષ બદલીને રાત્રે નગર ચરચા જોતો. તે રાજ્ય ચલાવવામાં નિપુણ ને વિદ્યાને આશ્રય આપનારો હતો. એ રાજા બ્રાહ્મણધર્મી હતો. એના દરબારમાં ૯ પંડિત રત્નો હતાં. તેમાં કાળીદાસ, ભવભૂતિ ને માઘ એ મુખ્ય હતા. એ પંડિતોનાં કરેલાં ઘણાં સંસ્કૃત પુસ્તકો ને નાટકો છે; વિક્રમના વખતમાં પ્રજા વિદ્વાન, આબાદ ને સુખી હતી.

**ભોજરાજા.** ૪. વિક્રમ પછી ઘણાકાળ સુધી ઉજેણની ગાદીએ કોઇ પરાક્રમી રાજા થયો નથી. ગુજરાતમાં ભીમ બાણાવળી રાજા રાજ્ય કરતો હતો તે વખતે માળવામાં ભોજ રાજા રાજ્ય કરતો હતો. એની રાજ્યગાદી ધારા નગરમાં હતી. એ ભોજ રાજા પણ પરાક્રમી ને વિ-

ધાને આશ્રય આપનારો હતો. ભોજના વખતમાં કન્યાઓને કેળવણી આપવા માટે કન્યાશાળા સ્થાપેલી હતી. એવું કહેવાય છે કે એના વખતમાં ખેડુતો પણ સંસ્કૃત ભાષા બોલી જાણતા.

**માળવી રાજ્યની આખર.** ૫. ભોજના પૌત્ર યશોવરમા નામે રાજાને ગુજરાતના મહારાજા સિદ્ધરાજે જીતીને માળવાનું પરમાર રાજ્ય ખંડીઉં બનાવ્યું. એ સમયે યશોવરમાનો કુંવર જગદેવ ને તેની સ્ત્રી વીરમતિ સિદ્ધરાજને આશ્રયે આવ્યાં હતાં. એ જગદેવ બહાદુર, પરાક્રમી ને રાજ્યભક્ત હતો. સિદ્ધરાજ પછી માળવાનું રાજ્ય ફરીને સ્વતંત્ર થયું, તે દિલ્લીના ગુલામવંશના પાદશાહ અલ્તમશે ઇ. સ. ૧૨૩૧ માં જીત્યું ત્યાં સુધી ચાલ્યું.

---

## પ્રકરણ ૯ મું.

## ઉત્તર ભરતખંડનાં બીજાં આર્ય રાજ્ય.

**કાશ્મિરનું રાજ્ય.** ૧. કાશ્મિરના રાજ્યનો ઇ. સ. પુ. ૧૪૦૦ થી ઇ. સ. ૧૦૦૦ સુધીનો ઇતિહાસ રાજ્ય તરંગિણી નામે ગ્રંથમાં આપેલો છે. એ રાજ્ય ભરતખંડનાં બીજાં રાજ્યોના સંબંધમાં કોઇકજ વાર આવતું. ત્યાં ઘણા કુળના રાજા થયા તેમાં ગોનાર્દ કુળનો મેઘવાહન નામે રાજા ચક્રવર્તિ થયો, તેણે દક્ષિણ ભરતખંડમાં પણ સ્વારી કરીને આખો દેશ તાબે કર્યો હતો.

**પંજાબનું રાજ્ય.** ૨. સિકંદરે પૌરવને પંજાબનો રાજા હરાવ્યો ત્યારથી તે મુસલમાનોએ ઇ. સ. ૧૦૨૫ માં પંજાબ જીત્યું ત્યાં સુધી એ રાજ્ય અશ્વનંદી રાજાઓને તાબે હતું. એ રાજ્યના સિક્કા ઉપર એક તરફ અશ્વ ને એક તરફ નંદી હોવાથી એ રાજ્યને અશ્વનંદી કહે છે.

**ગુજરાતનું રાજ્ય.** ૩. યાદવો ગયા પછી ઘણા વખત સૂધી એ રાજ્યનો ઇતિહાસ અંધારામાં છે. તે પછી ગુજરાત અશોકના તાબામાં ગયું ને તેના વંશજો પાસેથી શક લોકે જીત્યું. એ શક લોકના સિક્કા ઉપર સૂર્ય હોવાથી તેઓ સૂર્ય પૂજક હશે ને સિંધ તરફથી કે સમુદ્ર માર્ગે કાઠિઆવાડ જીતીને ત્યાં તેમણે રાજ્ય સ્થાપ્યું હશે એમ ધરાય છે. કાઠીઆવાડમાં તેઓ બૌદ્ધ ધર્મી થયા. તેમની રાજ્યધાની સિહોરમાં હતી. એ રાજાઓના તાબામાં પશ્ચિમ હિંદુસ્તાનનો કોલ્હાપુર ને સતારા સૂધીનો મુલક હતો. એ રાજ્યને શાહકૂળનું રાજ્ય કહે છે. કાઠી લોક એ શક જાતનો અવશેષ હોય એમ ધરાય છે. શક રાજ્ય પછી ઇ. સં. ૨૨૪ થી ઈ. સ. ૫૨૪ સૂધીમાં સેન કે ગુપ્ત કૂળનું રાજ્ય થયું. તેમની રાજ્યધાની વલ્લભીપુરમાં હતી. તેમના વખતમાં ગુજરાતમાં બૌદ્ધ ધર્મનું પ્રબળ હતું. એ શક ને ગુપ્ત રાજાઓના વખતમાં વેપારનો ફેલાવો થયો ને ઇજીપ્ત સાથે વેપાર ચાલ્યો. ગુપ્ત પછી ચૌરા કે ચાવડા રજપૂતો જોરાવર થયા. તેમની રાજ્યધાની પંચાસરમાં હતી. ચાલુક્ય રાજા ભુવડે જયશીખરનું રાજ્ય જીત્યું ત્યારે તેના કુંવર વનરાજે અણહિલવાડ બાંધી ત્યાં ગાદી કરી. ચાવડા પછી ચાલુક્ય કે સોળંકી કૂળનું રાજ્ય થયું. મહારાજા સિદ્ધરાજ ને જૈન ધર્મી કુમારપાળ એ સોળંકી રાજા હતા. તે પછીના વાઘેલા રાજાના સમયમાં દિલ્લીના મુસલમાન પાદશાહ અલ્લાઉદ્દીને ઇ. સ. ૧૨૯૭ માં ગુજરાત જીત્યું ત્યાં સૂધી ગુજરાતમાં રજપૂત રાજ્ય હતું.

**કનોજનું રાઠોડ રાજ્ય.** ૪. કનોજમાં રાઠોડ રાજાનું રાજ્ય હતું, એ રાજ્યમાં મહારાજા શિલાદિત્ય બૌદ્ધ ધર્મને આશ્રય આપનાર થયો એ વાત પાછળ આવી ગઇ છે.

એ રાઠોડોનું રાજ્ય જયચંદ્ર પાસેથી મુસલમાનોએ શી રીતે જીત્યું એ વાત આગળ આવશે.

**બંગાળાનું રાજ્ય.** ૫. મહાભારતના યુદ્ધ પછીથી તે બંગાળા ઈ. સ. ૧૨૦૩ માં મુસલમાનોએ જીત્યું ત્યાં સૂધીમાં ત્યાં ચાર કૂળના રાજા થઇ ગયા. તેમાંના ત્રીજા પાળ કૂળનો બૌદ્ધ ધર્મી રાજા દેવપાળદેવ ચક્રવર્તિ રાજા થયો. તેણે પણ લંકા સુધીનો ભરતખંડ જીતી લીધો હતો.

**બીજાં રાજ્ય.** એ સિવાય દિલ્લી, કલિંજર, અજમેર ને ગ્વાલિયરનાં રજપૂત રાજ્યો પણ હયાતીમાં હતાં. એ રાજ્યો મુસલમાનોએ ક્યારે ને શી રીતે જીત્યાં એ વાત આગળ આવશે.

---

## પ્રકરણ ૧૦ મું.

### દક્ષિણનાં આર્ય રાજ્યો.

**દક્ષિણમાં આર્ય વસાયત.** ૧. આર્ય લોક ઉત્તરમાં ફેલાયા પછી તેઓ ધીરે ધીરે નર્મદાની દક્ષિણના મુલકમાં પણ વસવા લાગ્યા. તે વખતે ત્યાં અનાર્ય કે અસુર લોકો રહેતા હતા. દક્ષિણ ભરતખંડના દક્ષિણ ભાગને દ્રાવિડ દેશી કહેછે. તે ભાગમાં વિદ્યાહુન્નરાદિ આર્ય સુધારા અગસ્ત્ય ઋષિએ દાખલ કર્યા એમ કહેવાય છે, જ્યારે રામચંદ્ર સીતાની શોધ માટે દક્ષિણમાં ગયા ત્યારે ત્યાં ઘણાં જંગલો હતાં ને તેમાં જંગલી લોક રહેતા હતા; એ વાત પાછળ આવી ગઇ છે. આર્ય લોકે ત્યાં વસ્યા પછી ત્યાંના અનાર્યોને બ્રાહ્મણ ધર્મમાં લીધા ને અશોકના વખતમાં તેઓ બૌદ્ધ ધર્મી થયા. પણ ફરીને શંકરાચાર્યે તેમને બ્રાહ્મણ ધર્મમાં આણ્યા. દક્ષિણ દેશ જીતવાને પણ ભરતખંડના ચક્રવર્તિ રાજાઓ આવ્યા હતા. રામચંદ્ર ને યુધિષ્ઠિર પછી ચંદ્રગુપ્ત, અશોક

મેઘવાહન ને દેવપાળદેવે સ્વારીઓ કરી એ દેશ જીત્યો હ-તો. તેમાંના છેલ્લા ચાર રાજાઓએ તો લંકા પણ જીતી હતી.

**કલ્યાણીનું ચાલુક્ય રાજ્ય.** ૨. એ ચાલુક્ય કે સોલંકી રજપૂતો સૂર્યવંશી છે ને તેઓએ અયોધ્યેથી દક્ષિ-ણમાં આવી ઈ. સ. ૨૫૦ ને સુમારે કલ્યાણીમાં રાજ્ય સ્થા-પ્યું. એ રાજ્ય આગળ જતાં બહુ બળવાન થયું ને ત્યાંના રાજાઓએ દક્ષિણનાં ઘણાં રાજ્યો ઉપર ઉપરી પણું મેળ-વ્યું. જયશિખરી પાસેથી ગુજરાત જીતનારો ભુવડ પણ એજ ચાલુક્યોનો રાજા હતો બારમા સૈકાની આખરે એ રાજ્ય દેવગઢના જાદવ રાજાઓએ જીતી લીધું. ચાલુક્ય રા-જાઓ પ્રથમ શીવમાર્ગી હતા, પણ પાછળથી તેઓ જૈન ધર્મી થયા હતા. બારમા સૈકાની આખરે એ રાજ્યની પ-ડતીના વખતમાં દક્ષિણમાં એક બસાપા નામે બ્રાહ્મણે ન-વો શીવમાર્ગ કાઢ્યો ને તે પંથમાં વચલા વર્ગના ઘણા લોક ભળ્યા. એ પંથને લિંગાયત કહેછે ને તે હજુ પણ દ-ક્ષિણમાં ઘણો ચાલેછે.

**શાળીવાહન.** ૩. ગોદાવરીને તીરે પૈઠણ નગરીમાં શાળીવાહન નામે એક જોરાવર રાજા થયો. ઈ. સ. ૭૮. એ રાજા કુંભારનો છોકરો હતો. એણે શક લોકોનાં લૂટારૂ ટો-ળાંને હરાવીને કાઢી મૂક્યા તથા માળવાના વિક્રમાદિત્યના વંશજ પાસેથી નર્મદા સુધીનું રાજ્ય જીતી લીધું, તેથી લોકો એનો શક ગણવા લાગ્યા. એ શક નર્મદાની દક્ષિણમાં આજે પણ ચાલેછે; ને વિક્રમનો શક સંવતના નામથી નર્મદાના ઉત્તરમાં ચાલેછે. શાળીવાહન પછી એના રાજ્યનું શું થયું તેનો ખાતરી લાયક એહવાલ કાંઇ મળતો નથી.

**વરંગુળનું રાજ્ય.** ૪. વરંગુળમાં આંધ્ર જાતનારજ-પૂતોનું રાજ્ય હતું. તેમનું રાજ્ય હાલના નિજામના રાજ્યના

પૂર્વ ભાગમાં હતું. ત્યાં ગણપતિ વંશના રાજા બહુ જોરાવર થઇ ગયા ને તેમણે ગોદાવરીની દક્ષિણનો ઘણો ભાગ તાબે કર્યો. પણ એજ રાજ્યકૂળ પાસેથી ઇ. સ. ૧૩૩૨ માં વરંગુળ જીતીને મુસલમાનોએ એ રાજ્ય નબળું કર્યું ને આગળ જતાં ગોવળકોંડાના પાદશાહોએ મુસલમાની રાજ્યમાં જોડી દીધું.

**ઓઢીયા પ્રાંતનું રાજ્ય.** ૫. ઓઢીઆ પ્રાંતમાં કેશરીકૂળના રાજાઓનું રાજ્ય ઇ. સ. ૧૧૩૧ સુધી હતું. પછી ત્યાં ગંગા વંશના ને તેમની પછી સૂર્યવંશના ગજપતિ રાજા થયા. એમનું રાજ્ય ઇ. સ. ૧૫૭૮માં અકબરે જીતી લીધું.

**ચેરા રાજ્ય.** ૬. ઉપર કહેલાં સર્વે રાજ્યો કૃષ્ણા નદીની ઉત્તરમાં હતાં. એ નદીની દક્ષિણમાં મલબાર કાંઠા ઉપર ચેરાકૂળનું રજપૂત રાજ્ય હતું. એને તાબે ત્રાવણકોરથી કાનડા સુધીનો સઘળો મલબાર કાંઠો હતો. એ રાજ્ય ઇ. સ. ના દશમા સૈકડામાં આસપાસનાં રાજ્યોએ જીતી લીધું.

**બલાળ રાજ્ય.** ૭. ચેરા રાજ્યના નાશ પછી તરત બલાલ રજપૂતોનું રાજ્ય થયું. તેમની રાજ્યધાની મૈસૂરની ઉત્તરમાં દ્વારસમુદ્ર હતી. ત્યાંના રાજાઓ જૈનધર્મી હતા. પણ ઇ. સ. ૧૧૩૩ માં ત્યાંના વિષ્ણુ વર્ધમાન નામે રાજાને રામાનુજ સ્વામીએ વૈષ્ણવ ધર્મમાં આણ્યો. એ રાજ્ય ઇ. સ. ૧૩૧૦ માં મુસલમાનોએ જીત્યું.

**ચોલ રાજ્ય.** ૮. કાંજેવરમમાં ચોલ જાતનું રાજ્ય હતું. એ રાજ્યનો મૂળ પુરૂષ ઉત્તર ભરતખંડમાંથી આવ્યો હતો. એ રાજ્ય ઇ. સ. પુ. સુમારે ૩૫૦ વરસ ઉપર લગ્ન સંબંધથી પાંડય રાજ્ય સાથે જોડાઇ ગયું. ફરીને ઇ. સ. ૨૧૪ માં એ રાજ્ય છૂટું પડયું ને તેમણે પોતાની રાજ્યધાની તંજાવરમાં કરી. ઇ. સ. ના ચૌદમા સૈકડાથી એ

રાજ્ય પડતીમાં આવ્યું ને છેવટે શિવાજીના ભાઇ વ્યંકાજી-એ તંજાવરમાં મરાઠી રાજ્ય સ્થાપ્યું.

**પાંડય રાજય.** ૯. છેક દક્ષિણમાં મધુરામાં પાંડય વંશના રાજાઓનું રાજય હતું. એ રાજયનો સ્થાપનાર પાંડય નામે વૈશ્ય જાતિનો પુરૂષ હતો તેણે અયોધ્યેથી આવીને ઇ. સ. પુ. નવમા સૈકડામાં રાજય સ્થાપ્યું. ઇ. સ. ના આ-રંભમાં પાંડય રાજાએ રોમના આગસ્ટસ પાદશાહ પાસે વકીલ મોકલ્યો હતો. આગળ જતાં એ રાજય નબળું પ-ડયું ને ઇ. સ. ૧૭૩૬ માં અર્કાટના નવાબે જીતી લીધું. એકજ વંશમાં પચીસેં વરસ સૂધી ચાલેલું રાજય દુનીઆ-માં એ એકજ છે. પાંડય ને ચોલ રાજા પ્રથમ શીવમાર્ગી હતા તે આગળ જતાં જૈન ધર્મી થયા, પરંતુ ફરીને પાછા તેઓ શીવમાર્ગમાં આવ્યા હતા.

---

## પ્રકરણ ૧૧ મું.

### બ્રાહ્મણ ધર્મની પુનઃ સ્થાપના થઇ તે વખતે ભરતખંડની સ્થિતિ.

**જાતિ બંધન.** ૧. શક લોકોની સ્વારીઓને લીધે તથા આ દેશમાં તેમના રાજયો થયાથી તે લોકો ભરતખં-ડમાં પુષ્કળ આવી વસ્યા હતા. તેથી આ દેશમાં અનાર્ય, આર્ય અને શક એ ત્રણ પ્રકારના લોક થયા. શક અને અનાર્ય લોકોને બૌદ્ધ ધર્મીઓએ પોતાના ધર્મમાં લેઇ આ-ર્યોના સંસર્ગમાં આણ્યા; તેથી બીજી સંકર જાતિ પણ ઘણી થઇ. આ કારણથી બ્રાહ્મણોએ બૌદ્ધ ધર્મ તોડવા સારૂ મથન કર્યું ત્યારે તેમણે બધી વર્ણોની ફરીને વ્યવસ્થા કરી. પ્રથમ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય ને શુદ્ર એ ચાર જાતિ હતી, પણ

આ વખતે તેમણે ધંધા પ્રમાણે અટક વર્ણ બાંધી હોય એમ જણાય છે. તેમાંથી પેટા ધંધા ને ગામ પરત્વે સેંકડો જાતિ થઇ. એટલુંજ નહિ પણ આગળ જતાં એ જાતિનું દૃઢ બંધન થયું. તોપણ એ બંધનથી આર્ય ધર્મનું ઐક્ય મુસલમાનોના અસહ્ય જુલમ છતાં પણ તૂટયું નહિ.

**બ્રાહ્મણો.** ૨. અસલના બ્રાહ્મણોની પેઠે એ વખતના બ્રાહ્મણો પણ શાસ્ત્ર ભણતા, જપતપ કરતા, તત્વજ્ઞાન શીખતા, ન્યાય શીખવતા ને ધર્મોપદેશ કરતા. તેઓ સંસાર વ્યવહારની ખટપટમાં ઝાઝા પડતા નહિ, તોપણ રાજ્ય દરબારમાં ને અન્યવર્ણ ઉપર એ લોકોની સત્તા ઘણી હતી. તેમણે જ્યોતિષમાં ને ગણિતમાં સર્વથી વધારે કુશળતા મેળવી હતી.

**ક્ષત્રી.** ૩. જેમ બ્રાહ્મણોએ આર્ય ધર્મનું મહાત્મ સાચવ્યું તેમ ક્ષત્રીઓએ પણ પોતાની મોટાઇ ખોઇ નહોતી. ભરતખંડમાં નાનાં નાનાં ઘણાં રાજ્યો હતાં. તેમનો ઉપરી ચક્રવર્તિ રાજા તો કોઇકજવાર થતો, તે છતાં તેઓ પરદેશીઓના હુમલાથી બચવાને સંપ કરી સામા થતા, ને તેમને થકવીને પાછા કાઢતા. આર્યોના આવ્યા પછી ગ્રીક ને શક લોકે ઘણું મથન કર્યું, તોપણ તેઓ આ દેશમાં રાજ્ય કરતા તરીકે સ્થાયી રહી શક્યા નહિ; એવું તે વખતનાં આર્ય રાજ્યોનું ઐક્ય હતું.

**યુદ્ધસાધન.** ૪. એ સમયે યુદ્ધમાં રથ, હાથી, ઘોડા ને પ્યાદલ હતાં, તથા તરવાર, ઢાલ, તીર, કામઠાં, ભાલા, બરછી, કટાર વગેરે હથીઆરો વપરાતાં હતાં. બંદુકો વાપરવાને તે વખતે દારૂની શોધ લાગી નહોતી એમ ધરાયછે.

**ક્ષત્રીકર્મ.** ૫. રાજાઓ રૈયતને પોતાનાં છોકરાં પ્રમાણે ગણીને પાળતા, રક્ષણ કરતા, વાજબી ઇનસાફ આ-

ધતા, મુસાફરો માટે રસ્તા, કુવા, ધર્મશાળા વગેરે બંધાવતા, ગરીબો માટે અન્નછત્ર માંડતા, હુન્નર, કળા, વેપાર, રોજગાર, તથા વિદ્યાને ઉત્તેજન આપતા. તેઓ શૂરા, પરાક્રમી, સ્વદેશાભિમાની ને સ્વધર્માભિમાની હતા. તેમની રાજ્યવ્યવસ્થા પાછળ કહેલી રાજ્યપદ્ધતિ પ્રમાણેજ હતી.

**વૈશ્ય.** ૬. વૈશ્ય લોકો પણ ખેતી, વેપાર ને કારીગરીનાં કામ કરવા કરાવવામાં તથા સુધારો વધારો કરાવવામાં ખંતીલા હતા. તેઓ નમ્ર સ્વભાવના, વિવેકી, બુદ્ધિશાળી, કાયદા પાળનારા, સાદા, પ્રમાણિક, સાચા, શાંત, ઉત્સાહી ને ઉદ્યોગી હતા. વળી તેઓ ધંધા રોજગારમાં દગો ફટકો નહિ કરનારા ને વ્યસન વગરના હતા. બાપનું દેવું આપવાની દીકરો પોતાની ફરજ અને ધર્મ સમજતો તેથી લેણા દેણાની ફર્યાદ સરકારમાં થતી નહિ. લોક ઉદ્યોગી હોવાથી તે સમયે આજના જેટલા ભીખારીઓ પણ નહોતા.

**હુન્નર ને કારીગરી.** ૭. એ સમયે વિદ્યા હુન્નર સારાં ખીલ્યાં હતાં. જુદી જુદી જાતનો રેશમી ને કસબી વણાટ તથા ઉન ને સૂતરાઉ વણાટ સુંદર થતો હતો. સારા સારા સોના રૂપાના હીરા ને રત્ન જડીત દાગીના ને નમુના થતા હતા. હાથીદાંત, સૂખડ ને સાગ સીસમ ઉપર નકસીદાર કામ ઘણું થતું હતું. તાંબા પીતળનાં વાસણ સુંદર થતાં હતાં. એ વખતે શિલ્પ વિદ્યામાં પણ તેઓ બહુ આગળ વધ્યા હતાં; એ તેમનાં તે વખતનાં કરેલાં કામો ગુફા, દેવાલયો, ને મકાનો ઉપરથી સાબીત થાયછે.

**વેપાર રોજગાર.** ૮. સિકંદરની સ્વારીથી અને તે પછી ગ્રીક લોકનો આ દેશ સાથે સંબંધ થવાથી આપણી વિદ્યા ને માલ તે દેશોમાં જવા લાગ્યો. સિકંદરની સ્વારીની મતલબ પણ આ દેશ સાથે યુરોપનો વેપાર માર્ગ ખુલ્લો

કરવાની હતી, તે મતલબ એ રીતે સરી. પરદેશના હજારો વેપારીઓ હજારો મૈલથી આ દેશમાં આવી વહાણોમાં માલ ભરીને લેઇ જવા લાગ્યા તથા વસવા લાગ્યા, એટલુંજ નહિ પણ આ દેશના બ્રાહ્મણ ધર્મ માનનારા ને બૌદ્ધધર્મીઓ ચીન, જાવા, જંગબાર, મોખા ને બસરા સૂધી જઇ વેપાર અર્થે વસ્યા હતા. પગ રસ્તે પણ આ દેશનો માલ ઘણા દૂરના પરદેશોમાં જતો હતો. આ ઉપરથી માલમ પડેછેકે તે વખતનો ભરતખંડ વિદ્યા, હુન્નર, વેપારરોજગાર ને દોલતમાં ઘણો ચઢીઆતો હતો.

**તે સમયની સ્ત્રીઓ.** ૯. તે વખતની સ્ત્રીઓ ભણેલી ગણેલી ને શાસ્ત્રજ્ઞાન ધરાવનારી હતી. સ્ત્રીઓમાં એઝલ પડદાનો ધારો નહોતો ને સતી થવાનો ચાલ નવોજ દાખલ થયો હતો. તે વખતે બાળલગ્ન કરવાનો રિવાજ નહિ હતો, સ્ત્રી પુરૂષ સદ્ગુણી ને સદાચારી હોઇ એક બીજા સાથે હળીમળીને ચાલી સુખી રહેતાં. જો કે સ્ત્રીઓ ધણીની કે ધણી નહોય તો બીજા વડીલની આજ્ઞામાં રહેતી, તોપણ તેમને યોગ્ય છૂટ ને માન મળતાં. સાસુ વહુ એક બીજા સાથે યોગ્ય મર્યાદામાં રહી સંપી જંપીને ચાલતાં, તેથી તે વખતના આર્યોનો ઘર સંસાર સલાહ શાંતિવાળો ને સુખદાયક હતો.

**દક્ષિણના આર્ય રાજાઓએ કરેલાં કામ.** ૧૦. ઉત્તરની પેઠે દક્ષિણમાં પણ આર્ય લોકે ઇ. સ. પૂર્વનાં કેટલાક સૈકડાથી સુધારા દાખલ કર્યા હતા. દક્ષિણનાં રાજ્યોએ ને તેમાં મુખ્યત્વે ચૌલ રાજાઓએ ઘણાં મકાનો, મંદિરો ને ગુફાઓ કરાવ્યાં હતાં. તેઓ સુંદર કારીગરીનાં, ભવ્ય ને શોભાયમાન હતાં. દક્ષિણના રાજાઓએ પોતાની રૈયતનું કલ્યાણ કરવા તરફ થોડી કાળજી બતાવી નથી.

તેમણે મોટી નાની નદીઓમાં બંધ બાંધી નહેરો કરી તેનું પાણી ખેતીના ઉપયોગમાં આવે એવી યોજનાઓ કરી હતી. વળી નાની નદીઓ સૂકાઇ જતાં ખેતીમાં કામ લાગે નહિ, માટે તેવી નદીઓનું પાણી મોટાં મોટાં તળાવો ખોદાવી તેમાં વાળી લીધું હતું, ને તે તળાવનું પાણી ખેતીમાં કામ લાગે એવી યુક્તિઓ કરી હતી. એ રાજાઓએ એવાં ખેતીને ઉપયોગી જે કામો કર્યાં હતાં, તેમાંનાં પચાસ હજાર તો મદ્રાસ ઇલાકામાં હજુ પણ કામ આવે એવી સ્થિતિમાં છે. વળી રાજાઓએ રૈયતને કેળવવાને પાઠશાળાઓ પણ સ્થાપી હતી. દક્ષિણ દેશને દરિયા સાથે ઘણો સંબંધ હોવાથી એ દેશ સાથે ઇજીપ્ત, અરબસ્તાન વગેરે પરદેશના લોક વેપાર અર્થે આવતા તેમનું રક્ષણ કરીને તથા તેમને સહાય આપીને વેપારને પણ એ રાજાઓએ ઉત્તેજન આપ્યું હતું.

**રાજ્ય વ્યવસ્થા.** ૧૧. ઉત્તરની માફક દક્ષિણમાં પણ ગામનો પટેલ મૂખ્ય હતો. તે ગામની પોલીસનું કામ કરતો ને બંદોબસ્ત રાખતો. એ પટેલને પગારના બદલામાં જમીન આપેલી હતી ને તે ગામની ઉપજ ઉઘરાવી સરકારમાં ભરવાને જવાબદાર હતો. તે ગામમાં ગુન્હાનો બંદોબસ્ત રાખતો પણ તેમનો ઇનસાફ પંચની મારફતે કરતો. એવાં સો સો ગામના તાલુકા કરેલા હતા ને તે તાલુકાનું મેહેસુલ ઉઘરાવવાને તથા ઇનસાફ કરવાને સરકારી અમલદારો નીમેલા હતા. એ અમલદારો વંશ પરંપરાના હતા. એ રીતે ખેતીના પાકનું ને જાન માલનું રક્ષણ થવાથી દક્ષિણના લોકો પણ આબાદ ને સુખી હતા.

**ધર્મ.** ૧૨. બ્રાહ્મણ ધર્મ દક્ષિણમાં પ્રથમ દાખલ થયો હતો. તે બદલાઇને અશોકના સમયથી બૌદ્ધ ધર્મ ચાલ્યો.

પણ બૌદ્ધ ધર્મની પડતીના વખતમાં ફરીને બ્રાહ્મણ ધર્મ પ્રસર્યો. ગુજરાતમાંથી જૈન ધર્મ દક્ષિણમાં જતાં કેટલાક રાજા જૈન ધર્મી થયા. સાતમા સૈકડા સુધી જૈન ધર્મનું ત્યાં પ્રબળ હતું. આગળ શંકરાચાર્યે ને રામાનુજ સ્વામીએ કેટલાક રાજાને ફરીને શીવમાર્ગી ને વિષ્ણુમાર્ગી કરી બ્રાહ્મણ ધર્મમાં આણ્યા. બસાપાના લિંગાયત નામે શીવમાર્ગીની વાત પાછળ આવી ગઈ છે.

---

## પ્રકરણ ૧ લું.

### મુસલમાનોની ભરતખંડ ઉપર સ્વારીઓ.

**હજરત મહમદ.** ૧. મુસલમાની ધર્મનો સ્થાપનાર હજરત મહમદ પેગંબરનો જન્મ મક્કામાં થયો. ઇ. સ. ૫૬૯. તેમણે પોતાની ૪૦ વરસની ઉમરે ઇ. સ. ૬૦૯ માં નવો ધર્મ સ્થાપી લોકોને ઉપદેશ કરવા માંડયો. તે સમયના આરબ લોકો ઘણા દેવને માનનારા ને મૂર્તિપૂજકો હતા. હજરત મહમદે ઉપદેશ કર્યો કે પરમેશ્વર એક છે, ઘણા નથી. પરમેશ્વરનો પેગંબર એટલે સંદેશો લાવનાર મહમદ છે. એણે મૂર્તિ પૂજવાની મના કરી; તથા બધા મુસલમાનો ભાઇ છે, ધર્મને માટે લઢીને મરનાર સ્વર્ગે જાય છે ને મૂર્તિપૂજકો મુસલમાની ધર્મમાં લાવવાથી પુન્ય થાય છે એમ શીખવ્યું.

**મુસલમાની ધર્મનો ઉદય.** ૨. મહમદનો ઉપદેશ આરબ ધર્મની વિરૂદ્ધ હોવાથી તેઓ તેની સામા ઉઠયા ને તેને મારી નાંખવાનો વિચાર કર્યો. તેથી હજરત મહમદ નાસીને મદીને ગયા. ઇ. સ. ૬૨૨. નાસવાને અરબી બોલીમાં હીજરી કહેછે, તેથી મુસલમાનો એ વરસથી સન ગણવા

લાગ્યા તેનું નામ હીજરી પડયું. મદીને નાસી ગયા પછી હજરત પેગંબરે પોતાની હીમત છોડી નહિ. આગ્રહથી ને ઉત્સાહથી પોતાના નવા ધર્મનો ઉપદેશ જારી રાખ્યો. તેથી તેમના સામા વાળીઆ લઢવાને ઉઠયા. પણ મહંમદે પોતાના શિષ્યોમાં ધર્મનો જુસ્સો ઉત્પંન કર્યો હતો; તેથી તેમણે દુશ્મનોને મારી હઠાવ્યા. એ રીતે થોડી મુદતમાં આખા અરબસ્તાનમાં મુસલમાની ધર્મ ફેલાયો. પેગંબર જેવોજ જુસ્સો ને આગ્રહ તેમના શિષ્યોમાં આવ્યો હતો, તેથી તેઓ સઘળા એક સરખા ઝનુનથી પરધર્મીઓની સામા થયા ને તેમને વશ કર્યા. મહમદ પેગંબરનો કાળ ઇ. સ. ૬૩૨ માં થયો.

**મુસલમાની ધર્મનો વિસ્તાર.** ૩. પેગંબરનો કાળ થયા પછી પણ તેમના શિષ્યોનો જુસ્સો નરમ પડયો નહિ. તેમણે આસપાસના દેશોમાં પણ એ ધર્મ જોરાવરીથી મનાવવા તથા મારી કૂટીને મુસલમાન કરવાનો ઉદ્યોગ જારી રાખ્યો. મહંમદ પછી તેમની ગાદીએ તેમના શિષ્યો બેઠા તે ખલીફા કહેવાતા. એ ખલીફાએ મુસલમાની ધર્મ ફેલાવવાને પરદેશોમાં પોતાનાં સૈન્ય મોકલ્યાં. અરબસ્તાનની પાસેના ઇરાન દેશ ઉપર પહેલી ધાડ આવી. તે વખતે ઇરાનમાં પારસી લોકોનું રાજ્ય હતું. પણ તે પહેલાંના જેવું બળવાન નહોતું. પોતાનો ધર્મ અને રાજ્ય સાચવવાને પારસીઓ ઘણું લઢયા, પણ મુસલમાની જુસ્સાના પૂરને તેઓ રોકી શકયા નહિ. મુસલમાનોએ પારસી રાજ્ય જીતી લીધું, અને અગ્નિપૂજક પારસીઓને જુલમથી વટાળીને મુસલમાન કર્યા. કેટલાક ખરા ધર્મચુસ્ત પારસીઓ નાસીને ત્યાંના ડુંગરોમાં સંતાઇ બેઠા ને કેટલાક પોતાના આતસ બેહેરામને લેઈ વહાણમાં બેસી ભરતખંડમાં નાસી આવ્યા.

તે વખતે મુંબાઇની ઉત્તરમાં સંજાણમાં એક રજપૂત રાજ્ય હતું. તેની સાથે કેટલીક સરતો કરીને તથા ભરતખંડના આર્ય રાજાને દગો નહિ દેવાનું કબુલ કરીને તેની રૈયત થઇને તેઓ ત્યાં વસ્યા. ત્યાંથી થોડી મુદતમાં ગુજરાતના દક્ષિણ ભાગમાં દમણની પાસે ઉદવાડામાં આવી તેમના આતસ બેહેરામની સ્થાપના કરી, ખેતીનો શાંત ધંધો તેઓ કરવા લાગ્યા. ધીરે ધીરે તેઓ વેપાર રોજગારમાં પડી આજે સુખી થયા છે.

ઇરાન જીત્યું તેવામાં અરબસ્તાનની ઉત્તરનો મુલક તુર્કસ્તાન જીતીને ખલીફાએ બસરામાં ગાદી કરી. ત્યાંથી તેમણે ઉત્તરમાં એશિયામૈનર જીતી યુરોપમાં પગ ઘાલ્યો, ને યુરોપી તુર્કસ્તાન જીત્યું. પશ્ચિમમાં તેમણે મિસરથી મોરોકો સુધીનો આખો ઉત્તર આફ્રિકા જીતીને મુસલમાની ધર્મમાં આણ્યો. મોરોક્કોથી જીબ્રાલ્ટરની સામુદ્રધુની ઓળંગીને તેઓ સ્પેનમાં પેઠા ને ગ્રાનેડામાં રાજ્યધાની કરી આરબ રાજ્યસ્થાપ્યું.

ઇરાનથી પૂર્વમાં પણ મુસલમાનો આગળ વધ્યા, ને તાર્તરી, અફઘાનીસ્તાન ને બલુચીસ્તાનના લોકો બસરાંના ખલીફાને તાબે થયા; તથા મુસલમાની ધર્મ સ્વીકાર્યો. ભરતખંડના વેપાર રોજગાર ને વૈભવથી લોભાઇને આરબોએ ભરતખંડમાં પણ મુસલમાની ધર્મ સ્થાપન કરવાનું ધાર્યું. પરંતુ હિંદુકુશ આગળ તેમને અટકવું પડ્યું. બીજા દેશો જેવા મુસલમાની ઝનુનને જેવી સહેલાઇથી તાબે થયા હતા તેવી સેહેલાઇથી ભરતખંડ વાસીઓ તાબે થાય તેવું ન હોવાથી ત્રણસેં વરસ સુધી તેઓ હિંદુકુશની આ પાર આવી શક્યા નહિ. બીજી તરફ તાર્ત્તરીના મોટા ગોબીના રણ સુધી ઘુસ્યા. પણ ત્યાં બૌદ્ધધર્મી ચીનાઓએ તેમને

ચીનની ઉત્તરમાં મોટો કોટ કરી ચીનમાં આવતા અટકાવ્યા. એ કોટ દુનીઆની હસ્તકૃત કારીગરીના ચમત્કારનો એક મોટો નમુનો છે.

**મુસલમાનોની જળમાર્ગે સ્વારીઓ.** ૪. મુસલમાનો જમીનમાર્ગે ભરતખંડમાં આવી ન શક્યા ત્યારે તેમણે દરિયા માર્ગે ભરતખંડ ઉપર આવવાનો વિચાર કર્યો. તેમણે પ્રથમ ઇ. સ. ૬૩૬ માં મુંબાઇની પાસેનાં બંદરો ઉપર ને ભરૂચ ઉપર નૌકા સૈન્ય મોકલ્યું. પણ તેમાં તેમનું કાંઇ ન વળવાથી તેઓ પાછા ગયા. થોડા વરસ પછી ઇ. સ. ૬૬૪ માં સિંધ ઉપર નૌકા સૈન્ય આવ્યું, પરંતુ તેમાં પણ ન ફાવ્યાથી તેઓ પાછા વળ્યા.

**સિંધમાં મુસલમાની રાજ્ય.** ૫. ઇ. સ. ૭૧૨ માં ભરતખંડના બંદરમાં એક અરબી વહાણુ પકડ્યું હશે તેની નુકશાની ભરી લેવાને વાલીદ નામે ખલીફની કારકીર્દિમાં મહમદ કાસમ નામે એક સરદારને સિંધ ઉપર મોકલ્યો. તે વખતે કરાંચીની પાસે દેવળગામ કરીને એક મોટું નગર હતું. ત્યાં દાહીર નામે રજપૂત રાજા રાજ્ય કરતો હતો. આખો સિંધ પ્રાંત ને ઉત્તરમાં મુલતાન સુધીનો મુલક એના તાબામાં હતો. દાહીર રાજાએ પર ધર્મીઓને અટકાવવા માટે જબરૂં યુદ્ધ કર્યું, પણ તેમાં તે મરાયો ને તેનું સઘળું રજપૂત સૈન્ય કેસરીયાં કરીને મુસલમાનો ઉપર તૂટી પડયું. એકે એક રજપૂત મરાયો પણ દુસ્મનને તાબે થયો નહિ. રજપૂત સ્ત્રીઓ પણ ચીતા ખડકી પોતાની મેળે બળીને મરણુ પામી. એ વખતની સ્ત્રીઓને પોતાની આબરૂ એટલી વહાલી હતી કે દુસ્મનને હાથ નહિ જવા માટે તેઓ જીવતી બળી મૂઇ. જીત મેળવ્યા પછી કાસમે દેવળ ગામને લૂટી લીધું, તથા ત્યાંના વતનીઓની કતલ ક-

રી. તાબે થયેલી નિર્દોષ પ્રજાને હણવા જેવી નીચ ને નિર્દય વૃત્તિનો એ કાસમ હતો. એણે દાહીરના તાબાનાં બીજાં મોટાં મોટાં નગરો પણ જીતીને લૂટી લીધાં ને આખા રાજયની પાયમલી કરી. કાસમે ૪૦ વરસ સૂધી સિંધમાં મુસલમાની રાજ્ય ટકાવ્યું, પણ ત્યાંના લોકોની લઢાઇમાં દૃઢતા ને બહાદુરી તથા સ્વધર્મ ઉપર આસ્થા જોઇને તેનાથી આગળ વધાયું નહિ. સિંધદેશ પણ માત્ર તેના પરાક્રમથીજ ટકી રહ્યો હતો.

**સિંધમાં પુનઃ રજપૂત રાજ્ય.** ૬. કાસમને મોકલનાર હાકેમ મરી ગયાથી તેની જગાએ બીજો ખલીફ થયો તેની કાસમ ઉપર અપ્રીતિ થઇ. તેણે કાસમને બરતરફ કરીને તેની જગાએ બીજા હાકેમને મોકલ્યો. મુસલમાનોમાં આ પ્રમાણે કુસંપ પેઠેલો જોઇ, રજપૂતો તેનો લાભ લેવાનું ચૂક્યા નહિ. તેમણે એકઠા થઇ સંપ કરી કાસમ ઉપર હુમલો કરીને તેને પકડીને મારી નાંખ્યો તથા તેનું માથું ગંધાતા ચામડામાં સીવી બસરાના સુબાને મોકલી દીધું. એ રીતે કુસંપથી સિંધના મુસલમાની રાજયની આખર આવી ને સિંધ ઉપર ફરીને રજપૂત રાજયનો વાવટો ઉડવા લાગ્યો.

**ગીજનીમાં મુસલમાની રાજ્ય.** ૭. ખલીફાનું રાજ્ય બહુ વિસ્તિર્ણ થયાથી તથા તેઓ નબળા થવાથી તેમના દૂરના મુલકોના સુબા સ્વતંત્ર થવા લાગ્યા. એ પ્રમાણે બુખારામાં એક સ્વતંત્ર મુસલમાની રાજ્ય થયું હતું, ત્યાંના કોઇ સુલતાનનો અલપ્તગીન નામે ગુલામ હતો, તેણે ઇ. સ. ૯૬૨ માં ગીજનીમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. પંદર વરસ રાજ્ય કરીને તે મરણ પામ્યાથી તેની ગાદીએ તેનો જમાઇ સબક્તગીન સુલતાન થયો.

**સુલતાન સબકતગીન.** ૮. એ સુલતાન બહુ બહાદુર ને ચતુર લઢવૈયો હતો. એણે અફઘાનિસ્તાનની ઉત્તરનો મુલક તથા બલુચિસ્તાન જીતીને રાજ્યનો વધારો કર્યો. એ સુલતાનના લોકો ભરતખંડમાં આવી વારંવાર લૂટફાટ કરતા હતા, તેમને અટકાવી સજા કરવા સારૂ લાહોરનો રાજા જયપાળ લશ્કર લેઇ અફઘાનિસ્તાન ઉપર ચઢયો. સબકતગીન પણ તેની સામો લઢવાને આવ્યો. બંને જણા વચે રણસંગ્રામ ચાલતો હતો તેવામાં ભારે વાવાઝુંડ ને વરસાદ થયો. આ તકનો લાભ લેઇ સબકતગીને લાહોરના રાજાનો પાછા જવાનો માર્ગ રોકયો. રજપૂત સેના આ રીતે અંતરાયાથી જયપાળે સુલતાનને ૫૦ હાથી આપ્યા તથા અઢી લાખ રૂપીઆ દંડના પાછળથી મોકલવાને કબુલ્યા. જયપાળે લાહોર આવ્યા પછી દરબાર ભરી દંડ આપવો કે નહિ તે બાબત સલાહ પૂછી. રજપૂતોએ કહ્યું કે એક વાર વચન આપ્યું તે પાળ્યા વગર ચાલે નહિ, માટે દંડ આપવો. બ્રાહ્મણોએ કહ્યુ કે ક્ષત્રી રાજાએ મ્લેચ્છને દંડ આપવો ઉચિત નથી. જયપાળે બ્રાહ્મણોની સલાહ માની દંડ ન આપ્યો. તેથી એ દંડ વસુલ કરવાને સબકતગીન ભરતખંડ ઉપર ચઢી આવ્યો. લાહોરના રાજાએ પણ અજમેર, દિલ્હી, કલિંજર ને કનોજના રાજાને પોતાની મદદે બોલાવ્યા. એ રાજાઓ પોતાના દેશનું ને ધર્મનું રક્ષણ કરવાને પોત પોતાનાં સૈન્ય લેઇ આવ્યા. પેશાવર આગળ રજપૂત ને મુસલમાનો વચ્ચે જબરો જંગ મચ્યો, પણ તેમાં જયપાળ હાર્યો, તેથી, સુલતાન એ મુલક લૂટીને પાછો ગયો; ને પેશાવરમાં દશ હજાર પઠાણોનું તેણે થાણું બેસાડ્યું. એ પછી સબકતગીનને મધ્ય એશિયામાં રોકાવું પડયાથી તેણે ભરતખંડને યાદ કર્યું નહિ. એ નબળા સુદ્ધ

સ. ૯૯૭ માં મરણ પામ્યો. તેથી તેનો દાસી પુત્ર મહ-મદ તેની ગાદીએ બેઠો.

---

## પ્રકરણ ૨ જું.

### સુલતાન મહુમદ.

**મહુમદની ૧ લી સ્વારી.** ૧. સુલતાન મહમદ બહાદૂર ને ચતુર પણ ધર્માંધ ને નિર્દય હતો. એણે પરાક્રમ વડે પોતાના બાપના રાજ્યમાં ઉમેરો કર્યો. ચાર વરસ પોતાના રાજ્યનો બંદોબસ્ત કરવામાં ગાળ્યા પછી ઇ.સ. ૧૦૦૧ માં એણે પંજાબના રાજા જયપાળ ઉપર સ્વારી કરીને તેને હરાવ્યો. એ રીતે જયપાળ બે વાર હાર્યાથી શરમીંદો થઈ પોતાના પુત્ર અનંગપાળને રાજ્ય સોંપી ચીતા ખડકાવી બળી મૂઓ. એવી એ વખતના રજપૂત રાજાઓને લાગણી હતી.

**બીજી ને ત્રીજી સ્વારી.** ૨. પંજાબની દક્ષિણે તે વખતે ભાટી રજપૂતોનું રાજ્ય હતું. એ રજપૂતો જાદવોના વંશનાછે, ને તેમનું રાજ્ય હાલ જેસલમેરમાં છે. એ લોકોનો તે સમયે વિજયરાય કરીને રાજા હતો, તેણે ખંડણી ન આપ્યાથી મહમદે ઈ. સ. ૧૦૦૪ માં તેના ઉપર સ્વારી કરી. વિજયરાય બહુ બહાદુરીથી લઢયો ને મુસલમાનોના ઘણા હુમલા પાછા વાળ્યા પણ છેવટે તે. હાર્યો. મુલતાનના મુસલમાન સુબાએ બંડ કર્યાથી મહમદે ત્રીજી સ્વારી કરીને તેને વશ કર્યો.

**ચોથી સ્વારી.** ૩. આ પ્રમાણે મુસલમાનોની જીત થયાથી તથા તેમનું રાજ્ય પડોશમાં આવ્યાથી હિંદુ ધર્મને ભય પેઠું. લાહોરનું રાજ્ય નજીકમાં હોવાથી અનંગપાળને વધારે

દહેશત લાગી. તેથી તેણે નર્મદાની ઉત્તરના સઘળા હિંદુરાજાઓને મુસલમાનોનું બળ તોડવાને પોતાની સહાયે બોલાવ્યા. ઉજ્જેણ, કલિંજર, ગ્વાલિયર, અજમેર, દિલ્લી ને કનોજના રાજાઓ પોતપોતાનું સૈન્ય લેઇ હિંદુ ધર્મની વહારે ધાયા. એ સમયે ભરતખંડના લોકોમાં ધર્મરક્ષણનો જુસ્સો એટલો બધો પ્રસર્યો હતો કે ડુંગરાના જંગલી લોકો પણ પોતાનાં તીરકામઠાં લેઇ અનંગપાળની મદદે આવ્યા. એ ધર્મયુદ્ધમાં મદદ કરવાને સ્ત્રીઓએ પણ પોતાનાં ઘરેણાં ગાંઠાં ગળાવીને ધન મોકલ્યું હતું. મુસલમાનો પણ તેટલાજ જુસ્સાથી ઉશ્કેરાઇ લઢવાને આવ્યા હતા. અટકની પાસે વૈહિંદગઢ આગળ રણસંગ્રામ થયો. ઇ. સ. ૧૦૦૮. રજપૂતોએ જુંસ્સાબંધ હલ્લો કરી ઘણા મુસલમાનોને કાપી નાંખ્યા ને ભરતવાસીઓની બાજુ ચઢતી કરી પણ એટલામાં અનંગપાળના હાથીને તીર વાગ્યાથી તે હાથીઉપરથી ઉતરીને ઘોડા ઉપર બેઠો. રજપૂત સૈન્યે પોતાના રાજાને હાથી ઉપર નહિ દીઠાથી નિરાશ થઈ નાસવા માંડ્યું ને આર્યં સૈન્યમાં ભંગાણ પડ્યું. એ ગરબડનો લાભ મળ્યા છતાં પણ મહમદે મહા મુશ્કેલીથી જય મેળવ્યો.

**નગરકોટ ઉપર સ્વારી.** ૪. આ મોટી જીત મેળવ્યાથી મુસલમાનો વધારે જોસપર આવ્યા ને રજપૂતો નિરાશ થયા. હવે મહમદે આર્યોનાં દેવળો લૂટવાને તથા તોડવાને સ્વારીઓ કરવા માંડી. અનંગપાળને હરાવી તે નગરકોટ (બીયા નદીને કાંઠે હિમાલયના ડુંગરમાં હાલ કાંગ્રહગઢ છે તે)નું દેહેરૂં લૂટવાને ગયો. ત્યાંથી તેને ૭ લાખ સોનાના સિક્કા, બસેં મણ સોનું, બે હજાર મણ રૂપું તથા વીશમણ જવાહીર એટલું ધન મળ્યું.

**મહમદની બીજી સ્વારીઓ. ૫.** ઈ. સ. ૧૦૧૦માં મુલતાન ઉપર ફરીને તેણે સ્વારી કરી તેનો બંદોબસ્ત કર્યો. ઈ. સ. ૧૦૧૧ માં જમનાં ને સરસ્વતિ નદીની વચ્ચે થાનેસ્વરનું દેવસ્થાન લૂટીને ત્યાંથી પુષ્કળ ધન તથા બે લાખ કેદી લેઇ ગયો. પછી તે કાસ્મીર ઉપર ચઢયો, પણ ત્યાંથી હારીને પાછો ગયો. એ હારથી નિરાશ નહિ થતાં થોડી મુદતમાં એક બળવાન સૈન્ય લેઈ તે કનોજ ઉપર ચઢયો. પણ ત્યાંનો તથા મીરતનો રાજા લઢયા વગરજ તાબે થયા. એ બંને રાજા પાસેથી ધન લેઈ તેમને કાંઇપણ ઉપદ્રવ કર્યાં વગર તે મથુરા ઉપર ચઢયો. ત્યાં વૈષ્ણવોએ મોટાં મોટાં સુંદર મંદિરો બંધાવેલાં હતાં ને તેમાં સોના રૂપાની મૂર્તિઓ બેસાડેલી હતી. તે મુર્તિઓને ઘરેણાંગાંઠાં પણ પુષ્કળ હતાં. મહમદે તે સઘળું લૂટી લીધું. તેણે વીશ દિવસ સુધી એ શેહેર લૂટાવ્યું. ઘણાં મંદિરો તોડી નાંખ્યાં ને હજારો ગુલામ પકડી લીધા. મથુરાંની કેટલીક ઈમારતો એને એટલી પસંદ પડી કે તે સલામત રહેવા દીધી એટલુંજ નહિ પણ એવી ઈમારતો ગીજનીમાં બંધાવી ગીજની શેહેર શોભાવ્યું. મથુરાથી પાછા ગયા પછી મહમદે ફરીને આવીને પંજાબ ખાલસા કર્યું, ઇ. સ. ૧૦૨૨ તથા કાસ્મીર જીતવાને બીજી વાર ચઢયો. એ ચઢાઇમાં પણ હારીને તેને પાછા જવું પડયું. કનોજનો રાજા વગર લડવે મહમદને તાબે થયો માટે કલિંજરના રાજાએ તેના ઉપર ચઢાઈ કરીને માર્યો. એ કારણથી મહમદે કલિંજર જીત્યું, અને તેની પાસેથી તથા ગ્વાલિયરના રાજા પાસેથી ખંડણી લીધી.

**સોમનાથ ઉપર સ્વારી. ૬.** એણે ભરતખંડ ઉપર મૂખ્ય બાર સ્વારીઓ કરી, તેમાં સર્વેથી મોટી ને છેલ્લી ગુજરાત ઉપરની હતી. ગુજરાતના દક્ષિણ કાંઠા ઉપર કાઠિ-

આવાડમાં સોમનાથ મહાદેવનું પ્રખ્યાત દેવળ છે. શીવનાં બાર જ્યોતિર્લિંગમાંનું સોમનાથનું ઘણું પ્રસિધ્ધ છે. તેથી એ દેવળ તોડવાને મહમદ ધર્માંધ મુસલમાનોનું જોરાવર લશ્કર લેઇને મુલતાનની વાટે મોટા રણમાં થઈ અણહિલવાડ આવ્યો. તે વખતે ત્યાં ભીમ બાણાવળી નામે જોરાવર રાજા રાજ્ય કરતો હતો; પણ મહમદ અણધાર્યો આવી પહોંચ્યાથી તે નાસી ગયો. અણહિલવાડથી મહમદ સોમનાથ ઉપર ચઢ્યો. ઇ. સ. ૧૦૨૫. કાઠિઆવાડના ઘણા રાજા રાણા ને જંગલી લોકો સોમનાથના રક્ષણાર્થે પ્રભાસ પાટણમાં એકઠા થયા હતા. તેમણે મુસલમાનોના હુમલાને ત્રણ દિવસ સૂધી પાછા વાળ્યા. એવામાં ગુર્જર રાજા ભીમદેવ પોતાનું લશ્કર જમાવી સોમનાથના રક્ષણાર્થે આવી પહોંચ્યો. તેણે બહુ બહાદરીથી યુદ્ધ કર્યું, પણ તે હાર્યાથી જે લોકોએ ત્રણ દિવસ સૂધી મહમદને હરાવ્યો હતો તે લોકો હીમત હારી ગયા. ઘણા ભરતખંડીઓ રણમાં પડ્યા ને કેટલાક મછવામાં બેસી નાસી ગયા. મહમદે દેહેરામાં જઈ મૂર્તિ ભાગવા માંડી ત્યારે બ્રાહ્મણોએ ઘણા કાલાવાલા કરીને તે મૂર્તિ નહિ ભાગવાને કહ્યું. તથા તેના બદલામાં પાંચકરોડ રૂપિઆ આપવા માંડ્યા, પણ મહમદે કહ્યું કે મૂર્તિ વેચવા કરતાં તોડવાની કીર્તિ મને ઘણી ગમે છે એમ બોલી તેણે મૂર્તિ તોડી નાંખી; તથા ગામ ને દેવળ લૂટી લીધાં. ત્યાંથી સુમારે આઠ કરોડ રૂપિઆની કીમત જેટલું એને ધન મળ્યું તે લેઈ અણહિલવાડ આવ્યો. ત્યાંની હવા તેને બહુ પસંદ પડી. પણ એના સરદારોની સલાહ માની તે રણમાં થઈ સિંધને માર્ગે પાછો ગયો. પાછા જતાં રણમાં પાણીની તંગીથી એના લશ્કરને ઘણી આપદા વેઠવી પડી. પાણી વગર તરફડીને ઘણા જણ મરણ પામ્યા. પાછા

ગયા પછી તેણે ઈરાન જીત્યું. ઈ. સ. ૧૦૩૦ માં ૩૩ વરસ રાજ્ય કરીને તે મરણ પામ્યો.

**મહમદે સ્વારીઓ કરી તેની મતલબ.** ૭. મહમદની મતલબ આર્ય ધર્મનાં દેવળો તોડવાં, મૂર્તિઓ ભાગવી, લોકોને વટાળી મુસલમાન કરવા ને ગુલામ કરીને વેચવા, તથા મુલકો ને દેવળો લૂટી ધન લેઈ જવું એ હતી. એ મતલબ સરી. એણે ગીજની શેહેર ભરતખંડની લૂટથી ભરી કાઢ્યું, પણ આર્ય ધર્મ તોડવાની તેની મતલબ સરી નહિ. એણે ભરતખંડનો પંજાબ એકલો પ્રાંત માત્ર ખાલિસા કર્યો હતો. મહમદના સ્વધર્મી ને સ્વદેશી ઇતિહાસ કર્તા એને ઘણો વખાણે છે. લઢાઇઓ કરી, મુલક લુટી પ્રજાને પાયમાલ કરનારને વખાણવો એ વાજબી નથી. એવા રાજા મોટી ધાડ પાડનારા કે લૂટારા કહેવાય. લોકોને મારવા, લૂટવા, ગુલામ કરવા ને મુલક ઉજડ કરવામાં પોતાની શક્તિ વાપર્યાને બદલે જે રાજા પ્રજાનું કલ્યાણ કરવામાં તે વાપરે છે, તેજ રાજા સ્તુતિપાત્ર છે.

---

## પ્રકરણ ત્રીજું.

### ઘોરી રાજ્ય.

**મહમદના રાજ્યની પડતી.** ૧. મહમદ ગીજનીના મુઆ પછી એની ગાદીએ નબળા સુલતાનો થયા. દ્વેષ બુદ્ધિથી ને રાજ્ય લોભથી તેઓ માંહો માંહે લઢી મુઆ. તેથી એ રાજ્યના સરદારો સ્વતંત્ર થઇ બેઠા. પંજાબ પ્રાંત પણ તેના વંશજો પાસેથી પાછો જીતી લેવા સારૂ દિલ્લીના છત્રપતિઓએ પ્રયત્ન કર્યો ને તેનો થોડોક ભાગ જીતી પણ લીધો, તોપણ એ બધો પ્રાંત મુસલમાનોના કબજામાંથી

રજપૂતો લેઇ શક્યા નહિ. ગીજની સિવાયના બાકીના ઘણા પ્રાંતો ત્યાંના મુસલમાન હાકેમો પચાવી પડયા. મહમદનો વંશજ બેહેરામ સન ૧૧૧૮ માં ગાદીએ બેઠો. તેને ગીજની ને હેરાતની વચ્ચે આવેલા ઘોર પ્રાંતના સુલતાન સાથે ટંટો થવાથી ઘોરી સુલતાન અલ્લાઉદ્દીને ગીજની ઉપર ચઢાઇ કરીને જીતી લીધું તથા બેહેરામને નસાડી મૂક્યો. ઘોરી સુલતાને ગીજની લૂટીને ઉજડ કર્યું તથા આગ લગાડીને સાત દિવસ સૂધી બાળ્યું ને મોટી મોટી કબરો ને ઇમારતો ખોદાવી નાંખી. આ ઉપરથી એને દુનીઆ બાળનારો એવું અપકીર્તિ દર્શક વિશેષણ જોડાયું. ગીજનીની આઠી દશા થયાના સમાચાર બેહેરામે સાંભળ્યા તેથી તથા થાક નેં વિપત્તિથી તે રસ્તામાંજ મરણ પામ્યો. ઇ. સ. ૧૧૫૨. એ બેહેરામનો છોકરો ખુશરૂ લાહોર ગયો નેં ત્યાંજ રાજધાની કરી તેણે સાત વર્ષ રાજ્ય કર્યું. એના મુઆ પછી એનો દીકરો ખુશરૂ મલેક ઇ. સ. ૧૧૫૯ માં ગાદીએ બેઠો, એની પાસેથી ઇ. સ. ૧૧૮૬ માં ઘોરીવંશનાસુલતાને પંજાબ જીતીને ગીજનીના રાજ્યની સમાપ્તિ કરી.

**શાહબુદ્દીન ઘોરી.** ૨. હવે ગીજનીમાં ઘોરી વંશનું રાજ્ય થયું. સુલતાન અલ્લાઉદ્દીન પછી તેનો ભત્રિજો ગ્યાસુદ્દીન ઘોરી સુલતાન થયો. તેનો ભાઇ મહમદ ઘોરી બહુ પરાક્રમી પણ નિર્દય હતો. એ મહમદને શાહબુદ્દીન પણ કહેછે. ગ્યાસુદ્દીન રાજ્યનું કામ કરતો ને શાહબુદ્દીન લઢાઇનું કામ કરતો. મહમદ ગીજનીની પેઠે એણે પણ ભરતખંડ ઉપર નવ સ્વારીઓ કરી. સુલતાન મહમદની મતલબ માત્ર લૂટફાટ કરવાની ને દેવળો તોડવાની હોય, પણ મહમદ ઘોરીની મતલબ તો મુલકો જીતવાની હતી. સુલતાન મહમદની સ્વારીઓને આ વખતે લગભગ બસેં વરસ થવા આવ્યાં,

હતાં, તે મુદ્દતમાં કોઇ સુલતાને ભરતખંડનું નામ દીધું નહોતું. તેથી ભરતખંડના રાજા મુસલમાનોના બળથી ગાફલ રહ્યા. ગીજનીમાં શું બને છે તેની તેમણે દરકાર રાખી નહિ. તેથી ત્યાંના સુલતાનોના કુસંપનો ને નબળાઇનો લાભ લેઇ તેઓ સંપ કરી ચેતી શકયા નહિ, એટલુંજ નહિ પણ મુસલમાનો પાસેથી પંજાબ જીતી લેવાને સાધારણ યત્ન કર્યા ઉપરાંત ઝાઝી મેહેનત લીધી નહિ. એ બેદરકારી ને કુસંપનાં ફળ તેમને ભુંડાં મળ્યાં-ઘોરી સુલતાને ભરતખંડ ઉપર નવ ચઢાઇઓ કરીને ઉત્તર ભરતખંડનો ઘણો ભાગ જીતીને ખાલસા કર્યો.

**ઘોરી શાહની ગુજરાત ને અજમેરપર સ્વારી.** ૩. એણે પહેલી સ્વારી ગુજરાત ઉપર કરી. તે વખતે ત્યાં ભોળો ભીમદેવ રાજા હતો. તેણે સુલતાનને હરાવીને નસાડયો. તે પછી શાહ અજમેર ઉપર ચઢી આવ્યો. અજમેરમાં ચોહાણ રાજા સોમેસ્વર હતો. તેણે પણ શાહબુદીનને હરાવીને પાછો કાઢયો. ત્યાંથી પંજાબ જીતી તેણે સિંધ સર કરવાનો યત્ન કર્યો પણ તેમાં તે નિષ્ફળ થયો.

**શાહની દિલ્લી ઉપર ચઢાઇ.** ૫. ઇ. સ. ૧૧૯૧ માં શાહબુદીન એક જબરૂં લશ્કર લેઇ દિલ્લી ઉપર ચઢી આવ્યો. દિલ્લીમાં તે વખતે અજમેરના રાજા સોમેસ્વરનો દીકરો પ્રથુરાજા રાજ્ય કરતો હતો. એ પ્રથુરાજાને સોળ મોટા પટાવતો હતા. તે પણ બહાદુર ને પરાક્રમી હતાં. રાજ્યકવિ ચંદ બારોટ પણ એક પટાવત હતો, અને જાતે બારોટ છતાં પણ તે એક જબરો ગોદ્ધો હતો. ઘોરીશાહના આવવાના સમાચાર સાંભળી પ્રથુરાજાએ પોતાના સગા સ્નેહીઓને પોતાની સહાયે બોલાવ્યા ને પોતાનું સૈન્ય જમાવ્યું. ચીતોડનો રાણો સમરસી પ્રથુરાજાનો બનેવી હતો,

તે પણ એની મદદે આવ્યો. પાણીપતના મેદાનમાં રજપૂત મુસલમાન સામસામા થયા. એ યુદ્ધમાં શાહબુદીન હાર્યો ને ઘાયલ થઇને નાસી ગયો. ત્રણ વાર રજપૂતોથી હાર્યા છતાં શાહબુદ્દીન ના હીમત થયો નહિ. તેણે વળી ભરતખંડ ઉપર ચઢવાને એક જોરાવર સૈન્ય તૈયાર કર્યું ને સન ૧૧૯૩ માં બીજી વાર દિલ્લી ઉપર ચઢી આવ્યો. સમરસી રાણો વળી આ વખત પણ પ્રથુરાજાની વહારે આવ્યો. વળી પાણીપતના રણક્ષેત્રમાં બંને લશ્કર સામસામી આવ્યાં. સમરસીની સલાહથી પ્રથુરાજાએ શાહબુદ્દીનને કહાવ્યું કે "તમને હારીને નાસી ગયાને હજુ બે વરસ તો થયાં નથી, હજુ તમારા જખમો પણ પુરા રૂઝાયા નહિ હોય, એટલામાં વળી ક્યાં મોત માગવા આવ્યા છો. હજુ સમજીને પાછા જાઓ તો અમે તમને નિર્વિઘ્ને જવા દેઇશું." શાહબુદીને આ સંદેશાનો લાભ લેઇ રજપૂતોને છેતર્યા. તે જાણતો હતો કે રજપૂતો બહાદૂર પણ પ્રમાણિક ને વિશ્વાસુ છે, તેથી તેણે કહાવ્યું કે "હું તો મારા ભાઇનો સરદાર છું, તેના હુકમ પ્રમાણે હું કરૂંછું. પાછા જવા માટે આજે હું તેને પુછાવું છું. તેનો હુકમ આવશે તે પ્રમાણે કરીશ." આ જવાબથી રજપૂતો સમજ્યા કે મુસલમાન સરદાર લઢવાને બીએ છે. પોતાના ભાઇનો હુકમ મંગાવી તે જરૂર પાછો જશે. રજપૂતો મુસલમાનોને પોતાના જેવાજ પ્રમાણિક સમજી ગાફલ રહ્યા ને શાહબુદ્દીનની કપટ જાળમાં તેઓ સજ્જડ ફસાયા. રજપૂતોને ગાફલ રહેલા જોઇ ઘોરી શાહે એકદમ છાપો મારી રજપૂત સૈન્યનો નાશ કર્યો. તેમાં રાણો સમરસી ને તેનો કુંવર મરાયો, પ્રથુરાજના સરદારો પણ મરાયા ને એ પંડે લઢતો લઢતો કેદ પકડાયો. જ્યારે સિકંદર પાદશાહે પોરવને પકડ્યો ત્યારે તેના પરાક્રમથી મોહિત થઇ

તેણે તેને માન આપી તેનું રાજ્ય પાછું સોંપ્યું પણ શાહબુદ્દીને તો પ્રથુરાજાને પકડી કતલ કરાવ્યો. સુધરેલા ને જંગલી જીતનારામાં આવો તફાવત છે.

**દિલ્હીમાં મુસલમાની રાજ્ય.** ૬. પાણીપતમાં જીતીને શાહબુદ્દીન દિલ્લી ગયો ને એ રાજ્ય પોતાના રાજ્ય સાથે જોડી દેઈ ત્યાં પોતાના કુતુબુદ્દીન નામે સરદારને સુબો ઠરાવ્યો. ત્યાંથી તે અજમેર ગયો ને તે જીતી ત્યાં પ્રથુરાજના અનૌરસ પુત્રને ખંડીઓ રાજા બનાવી તે પાછો ગયો.

**કનોજના રાજ્યની આખર.** ૭. દિલ્લીનું રાજ્ય લેવડાવી પૃથુરાજ ઉપરનું વેર વાળવા સારૂ જે શાહબુદ્દીન ઘોરીને કનોજના રાઠોડ જયચંદ્રે બોલાવ્યો હતો તેજ શાહબુદ્દીન બીજે વરસે કનોજ ઉપર ચઢી આવ્યો. જયચંદ્ર બહાદુરીથી લઢતાં લઢતાં મરાયો ને એનું રાજ્ય મુસલમાની રાજ્યમાં ભળ્યું. ઈ. સ. ૧૧૯૪. આ બંને રજપુત રાજ્યો મુસલમાની રાજ્યમાં જોડાયાં, પણ ત્યાંના રજપૂતો મુસલમાનોને તાબે થયા નહિ. તેઓ હાલના રજપૂતસ્થાનના મુલકમાં આવી વસ્યા. કનોજના રાઠોડોએ મારવાડમાં આવી કેટલીક મુદત પછી જોધપુરનું રાજ્ય સ્થાપ્યું. ઈ. સ. ૧૪૫૯.

**શાહબુદ્દીનને ગાદી મળવી.** ૮. કનોજથી શાહબુદ્દીન કાશી ગયો ને ત્યાંનાં દેહેરાં તોડ્યાં, મૂર્તિઓ ભાગી ને ગામડાં લૂટયાં. તે પછી તે સ્વદેશ ગયો. ત્યાં એનો ભાઈ મરણ પામ્યાથી પંડે ગીજનીની ગાદીએ બેઠો. ઈ. સ. ૧૨૦૨. તે પછી ઘણી મુદત સુધી તે ભરતખંડમાં આવ્યો નહિ.

**શાહબુદ્દીનનો નાશ.** ૯. પંજાબમાં ગક્કર નામે પહાડી જાતના લોકે બળવો કર્યો તે સમાવવાને શાહ હિંદમાં આવ્યો. બંડ સમાવીને તે પાછો જતો હતો તેવામાં તેને

ગક્કર લોકે તેના તંબુમાં પેસીને મારી નાંખ્યો. ઈ. સ. ૧૨૦૬. એ સમયે એની સત્તા નીચે માળવા, મેવાડ ને ગુજરાત વગરનો આખો ઉત્તર ભરતખંડ હતો.

**ઘોરી રાજ્યની આખર.** ૧૦. શાહબુદ્દીન પછી એનો ભત્રીજો ગીજનીની ગાદીએ બેઠો, પણ તેનાથી વિસ્તિર્ણ રાજ્ય સચવાયું નહિ. તેથી તેણે કુતુબુદ્દીનને ભરતખંડના રાજાનો ખિતાબ મોકલી દીધો. ઈ. સ. ૧૨૦૬. તે પછી એનું ગીજનીનું રાજ્ય પણ ઈ. સ. ૧૨૧૫ સુધીમાં ગયું ને ઘોરી રાજ્યની આખર આવી.

**કુતબુદ્દીન.** ૧૧. ઈ. સ. ૧૧૯૪ માં શાહબુદ્દીન પાછો ગયો તે પછી ભરતખંડના પ્રાંતો જીતવાનું કામ એના સરદારોએ કર્યું. કુતબુદ્દીન અજમેર જીતીને ઈ. સ. ૧૧૯૫ માં ગુજરાત ઉપર ચઢ્યો. ભોળોભીમ હારીને ડુંગરામાં ભરાયો. પણ એવામાં કુતબુદ્દીનને દિલ્લી જવું પડ્યાથી ભીમદેવે ગુજરાત પાછું જીતી લીધું. વળી કુતબુદ્દીને ગ્વાલિયરના કિલ્લાને લાંબી મુદત ઘેરો ઘાલીને જીતી લીધો.

**બખ્તીઆર ખીલજી.** ૧૨. મહમદ ઘોરીનો બીજો સરદાર બખ્તીઆર કરીને હતો, તેણે ઇ. સ. ૧૧૯૯ માં બહાર ને અયોધ્યા પ્રાંતો જીતી લીધા. તે વખતે બંગાળામાં લક્ષ્મણસેન કરીને રાજા હતો, તે નદીઆ ગામમાં રહેતો હતો. તેના ઉપર બખ્તીઆરે ઈ. સ. ૧૨૦૩ માં એકદમ હુમલો કર્યો. આ અણધાર્યા હુમલાથી રાજા નાસી ગયો ને જગન્નાથ પુરીમાં ઇશ્વર ભક્તિ કરવામાં પોતાનું બાકીનું આયુષ્ય તેણે ગાળ્યું. એ રીતે બંગાળામાં પણ મુસલમાની રાજ્ય થયું.

**નાસીરૂદ્દીન. ૧૩. મહમદ ઘોરીનો ત્રીજો સરદાર નાસીરૂદ્દીન કરીને હતો, તે ઉત્તર સિંધમાં સુબો હતો. મુ**

હમદ ઘોરીના મુઆથી ત્રણે સરદારો સ્વતંત્ર થયા. પણ ગીજનીના સુલતાને કુતબુદ્દીનનું સ્વતંત્રપણું કબુલ કર્યું, તેથી દિલ્હી હિંદના મુસલમાની રાજયનું પાયતખ્ત થયું. ઈ. સ. ૧૨૦૬.

—o—

## પ્રકરણ ૪ થું.

### ભરતખંડમાં મુસલમાની રાજય થયું તે સમયે આર્યોની સ્થિતિ.

**રજપૂત રાજય.** ૧. જ્યારે શાહબુદ્દીન ઘોરી ભરતખંડ ઉપર સ્વારીઓ કરવા લાગ્યો ત્યારે દિલ્હી, અજમેર, કનોજ, ગુજરાત ને મેવાડ એ પાંચ રજપૂત રાજયો જોરાવર હતાં. દિલ્લીમાં અનંગપાળ તુંવાર, કનોજમાં જયચંદ્ર રાઠોડ, અજમેરમાં સોમેશ્વર ચોહાણ, ગુજરાતમાં ભોળોભીમ ચાલુક્ય ને મેવાડમાં સમરસી સિસોદીઆ રાણો રાજ્ય કરતા હતા. એ વગર માળવા, કાશી, ગ્વાલિયર ને કલિંજરમાં પણ બળવાન રજપૂત રાજયો હતાં. એ રાજ્યો માંહો માંહે લઢીને નબળાં થયાં, તે પહેલાં શાહબુદ્દીને ગુજરાત ને અજમેર ઉપર ચઢાઇ કરી હતી. પણ તે બંને ઠેકાણેથી તે હારીને માર ખાઇ નાઠો હતો. પરંતુ ભરતખંડના કમનસીબે રજપૂત રાજાઓમાં દ્વેષ ને કુસંપનાં બીજ રોપાયાં અને તેથી આખરે ઘોરી શાહ ફતેહ પામ્યો.

**પ્રથુરાજ ને જયચંદ્ર વચ્ચે દ્વેષનું કારણ.** ૨. દિલ્લીના રાજા અનંગપાળને પુત્ર નહોતો. માત્ર બે કન્યાઓ હતી. તેમાંની એક અજમેરના સોમેશ્વરને અને બીજી કનોજના વિજયપાળ રાજાને દીધી હતી. સોમેશ્વરને પ્રથુરાજ ને વિજયપાળને જયચંદ્ર નામે કુંવર હતા, અનંગપાળે

પોતાના રાજ્યના ભાગ પાડી નબળું નહિ કરતાં, ડહાપણથી પ્રથુરાજને દત્તક લેઇ દિલ્લીની ગાદીએ બેસાડચો. પણ તે જયચંદ્રને ગમ્યું નહિ, તેણે દિલ્લીના રાજયનો અર્ધ ભાગ મેળવવાને પ્રથુરાજ સાથે ટંટો કર્યો.

**જયચંદ્રનો યજ્ઞ.** ૩. કનોજનો રાજા જયચંદ્ર ઘણો બળવાન હતો. એનું સૈન્ય એટલું હતું કે એને દળે પાંગળો કહેતા. એણે ભરતખંડનાં રજપૂત રાજ્યોમાં પોતાનું ગૌરવ વધારવાને રાજસુયજ્ઞ આરંભ્યો. કળિયુગના આરંભમાં પાંડવોએ એ યજ્ઞ કર્યો હતો તે સિવાય બીજા કોઇએ કર્યો નહોતો. જયચંદ્રને એના સલાહકારોએ એ યજ્ઞ કરવાની ના પાડી, પણ તેમને નહિ ગણકારતાં સર્વ રાજાઓને તેણે આમંત્રણ મોકલ્યાં. જયચંદ્રની કુંવરી સંયોગતા બહુ ખુબસુરત હતી, તેનો સ્વયંવર પણ તેજ સમયે કરવાનો હતો. સંયોગતાને વરવાના લોભમાં ને જયચંદ્રના ડરથી કનોજમાં સઘળા રાજારાણા એકઠા થયા. માત્ર દિલ્લીનો પ્રથુરાજ આવ્યો નહિ. યજ્ઞમાં આવનાર રાજાને કાંઇપણ કામ કરવાનું સોંપે છે, તે પ્રમાણે પ્રથુરાજને માટે દ્વારપાળનું કામ નિર્માણ કરેલું હતું. પ્રથુરાજ ન આવ્યાથી દ્વારપાળની જગાએ એના નામનું પૂતળું બનાવી ઉભું કર્યું. સંયોગતાને સ્વયંવર મંડપમાં બોલાવી ત્યારે તેણે સઘળા રાજા રાણાને જોયા, પણ કોઇ સાથે વરવાનો તેને ઇચ્છા થઇ નહિ. તેની ઇચ્છા બહાદૂર પ્રથુરાજ વેરે વરવાની હોવાથી તેણે પ્રથુરાજના પુતળાને વરમાળ આરોપી, આ સમાચાર સાંભળીને પ્રથુરાજ આવીને સંયોગતાનું હરણ કરી લેઇ ગયો. આથી જયચંદ્ર ને પ્રથુરાજ વચ્ચેના વૈરમાં ઉમેરો થયો.

**પ્રથુરાજને ભોળાભીમ વચ્ચે દ્વેષનું કારણ.** ૪. પ્રથુરાજને ગુજરાતના રાજા ભોળાભીમ સાથે પણ વૈર થયું

હતું. આબુમાં જેતસી પરમાર નામે રાજા હતો. તેને એક સુંદર કુંવરી હતી; તેનો વિવાહ પ્રથુરાજ વેરે કર્યો હતો. એ કુંવરીનું માગું ગુજરાતના ભોળા ભીમદેવે કર્યું. જેતસી- એ ભીમથી ડરીને પોતાની કુંવરી અજમેર મોકલી દીધી. તેથી ભીમદેવે ક્રોધે ભરાઇને આબુ ઉપર ચઢાઇ કરી. ત્યાં જેતસીને હરાવીને તે અજમેર ઉપર ચઢ્યો. ભીમદેવે અ- જમેરના સોમેસ્વરને હરાવીને મારી નાખ્યો. આ ઉપરથી પ્રથુરાજે પોતાના બાપનું વેર લેવાને ગુજરાત ઉપર ચઢાઇ કરી. એણે ભીમદેવને હરાવીને નસાડ્યો. એવામાં શાહબુ- દીન દિલ્લી ઉપર ચઢી આવ્યાથી તે પાછો ગયો.

**ઘોરીશાહની ફતેહનું કારણ.** ૫. મહમદ ઘોરી ભરતખંડ ઉપર સ્વારીઓ કરવા લાગ્યો ત્યારે રાજ્ય લોભથી કે કન્યા પરણવાના કારણથી થએલા કુસંપે રજપૂત રા- જ્યો માંહોમાંહે લઢીને નબળાં થયાં હતાં. તેમનું સૈન્ય ક- પાઈ ગયું હતું ને તેમની જગા પુરનાર બીજા યોદ્ધા તુરત પુરા પડે એમ નહોતું. આ સમયે રજપુતોએ માંહોમાંહેનું વૈર ભૂલી જઈ સંપ કરી લાહોરના અનંગપાળે જેવું આર્ય- ત્વનું અભિમાન ઉપજાવ્યું હતું, તેવું અભિમાન ઉપજાવી એકત્ર ક્ષત્રી બળથી લઢવું જોઇતું હતું. તેમ ન કરતાં ભર- તખંડનાં રજપૂત રાજ્યોની પાયમાલી કરનાર શાહબુદીન છેક નજીક આવ્યો તોપણ તેઓ ચેત્યા નહિ. વારા ફરતી પો- તાનો પણ વારો આવશે એવું તેઓ સમજ્યા નહિ, ને પોતાના દેશના ને ધર્મના શત્રુ સામા લઢવાને ઐક્ય કરી સઘળું રજપૂત બળ જમાવ્યું નહિ, પણ ઉલટા દિલ્લીની શી વલેહ થાય છે તે ત્રાહિતની પેઠે જોઈ રહ્યા. એટલુંજ નહિ પણ જ્યારે પોતાનાથી વેર ન વળાયું ત્યારે કુસંપને દ્વેષ બુદ્ધિથી કનોજના જયચંદ્રે ઘોરીશાહને દિલ્લીનું રાજ્ય

જીતવાને આમંત્રણ કર્યું. તેથી તેણે પોતાનેજ હાથે પોતાના પગપર કૂહાડી મારી, તથા દેશદ્રોહીનું કાળું કલંક પોતાને માથે લીધું, તે કલંક ભરતખંડના ઇતિહાસમાં નિરંતર રહેશે. એ સમયે રજપૂતોમાં દ્વેષ ને કુસંપ એટલા દૃઢ થયા હતા કે તેથી તેઓ સઘળા પોતાનું સામાન્ય હિત વીસરી ગયા; ને તેથીજ મુસલમાનો જય પામ્યા. જો એ વખતે ભરતખંડના સઘળા ક્ષત્રી રાજાઓએ પોતાનું ને સ્વદેશનું સામાન્ય હિત સમજીને સ્વધર્મ ને સ્વદેશ રક્ષણ માટે સ્વદેશાભિમાનથી ઐક્ય કર્યું હોત, તો જે ઘોરીશાહે પ્રથમ ગુજરાત ઉપર ચઢાઈ કરી ત્યારે ભીમદેવનો, અજમેર ઉપર ચઢ્યો ત્યારે સોમેશ્વરનો ને દિલ્લી ઉપર પ્રથમ આવ્યો ત્યારે પ્રથુરાજનો મારખાઈ હાર ખાધી હતી, તે ઘોરી શાહ રજપૂતોના એકત્ર બળ આગળ કદી ટકી શકત નહિ, અને ભરતખંડમાં મુસલમાની રાજ્ય થાત નહિ.

**પ્રથુરાજ રાસો.** ૬. એ સમયના ઇતિહાસનું વર્ણન પ્રથુરાજના કવિ ચંદ બારોટે કર્યું છે, એને પ્રથુરાજ રાસો કહે છે. એ રાસો પાલી કે જૂની હિંદી ભાષામાં છે તે એટલો મોટો ને સુંદર છે કે તેને પ્રાકૃત મહાભારત કહેવામાં આવે છે અને તેના કર્તાને "બિરદાઇ" એટલે વરદાન પામેલો એવું નામ આપવામાં આવ્યું છે. ચંદના છંદ બહુ વખણાય છે, ને તે હાલના ભાટચારણો ગાયછે, ત્યારે તે સાંભળનારનાં રૂઆં પણ ઉભાં થાય, એવા તે વીરરસથી ભરેલા છે.

**ધર્મ.** ૭. સુલતાન મહમદે સ્વારીઓ કરવા માંડી તે સમયે બૌદ્ધ ધર્મે ભરતખંડમાંથી વિદાયગીરી લીધી હતી. પરંતુ જૈનધર્મ તે વખતે પુર ચઢતીમાં હતો. ગુજરાત, મારવાડ ને દક્ષિણમાં તેનું બળ વિશેષ હતું. બ્રાહ્મણ ધર્મની

પુનઃસ્થાપના કરનાર શંકરાચાર્ય ગુજરી ગયા હતા; ને તેમ-ના શિષ્યો એ ધર્મની મજબુતી કરવાને મથતા હતા. આ વખતે ભરતખંડના થોડાક રાજા સિવાય સઘળા બ્રાહ્મણ ધર્મમાં આવ્યા હતા. જાતિબંધન મજબુત થયું હતું ને સતિ થવાનો રિવાજ ચાલતો હતો.

**દેશસ્થિતિ.** ૮. વેપાર રોજગાર ને ધનદોલતમાં આ દેશ પ્રથમના જેવોજ આબાદ હતો. પરદેશી વેપારીઓ આ દેશમાં માલ ખરીદવાને આવતા ને આ દેશીઓ દૂરના દેશોમાં વેપાર રોજગારે જતા. મુસલમાનોના હુમલા આ દેશમાં થવા લાગ્યા ત્યારથી મુસલમાની રાજ્ય સ્થપાતા સુધી-માં પાંચસેં વરસ થયાં હતાં. તેટલી લાંબી મુદતમાં માત્ર ભરતખંડના ઉત્તર ભાગમાંજ હુમલા થયા. દક્ષિણમાં તો હજુ મુસલમાની ધર્મનું નામ પણ કોઇ જાણતું નહોતું. તેથી તે દેશના વેપાર રોજગારમાં તથા વિદ્યા, હુન્નર, ધનદોલ-ત ને રાજ્ય બંધારણમાં કાંઇ પણ ફેરફાર થયો નહોતો. મ-હમદે સ્વારીઓ કરી ત્યાં સુધીના હુમલા માત્ર સિંધ ને પંજાબ ઉપરજ હતા. મહમદે ઉત્તર ભરતખંડના ઘણા ભાગમાં દ-રોડા પાડી લૂટો કરી, લોકોના જાનમાલને નુકશાન કર્યું ને દેશની પાયમાલી કરી, પરંતુ એવા હુમલા લાંબી મુદતે થતા, ને જે કરતા તે તરતજ લૂટીને ચાલ્યા જતા. તેથી વેપારી-ઓ પાછા રજપૂત રાજ્યોના આશ્રય ને રક્ષણ નીચે તાજા થતા. મહમદ ગજનવી પછી લગભગ બસેં વરસે શાહબુ-દ્દીન આવ્યો. એટલી મુદતમાં તો લોકો આબાદ થઇ મુ-સલમાનોના ત્રાસ અને કેર ભૂલી પણ ગયા હતા.

# દિલ્લીનું પઠાણ રાજ્ય.

## પ્રકરણ ૧ લું.

### ગુલામવંશ.

**કુતબુદ્દીન.** ૧. શાહબુદ્દીનનો સૂબો કુતબુદ્દીન કેવી રીતે દિલ્લીનો પાદશાહ થયો તે વાત પાછળ આવી ગઇછે. પાદશાહ થયા પછી એણે દિલ્લીની પાસે એક મિનારો બંધાવવા માંડયો, તેને કુતુબમિનાર કહે છે. તે હજુ ઉભો છે. કુતબુદ્દીન પહેલાં ગુલામ હતો. ત્યાંથી પોતાની લાયકીને હોંશીઆરી વડે દિલ્લીનો પાદશાહ થયો; તેથી એના વંશને ગુલામવંશ કહે છે. એણે નીતિથી નેં સદાચરણથી ચાર વરસ રાજ્ય ચલાવ્યું. તે ઈ. સ. ૧૨૧૦ માં મરણ પામ્યાથી તેનો દીકરો આરામ પાદશાહ થયો. પણ તેનામાં કાંઈ દમ ન હોવાથી તેના બનેવી અલ્તમશે તેજ સાલમાં તેને મારીને ગાદી લીધી.

**અલ્તમશ.** ૨. અલ્તમશ પાદશાહ બહુ બહાદુર હતો. ગાંદીએ બેઠા પછી થોડાજ વરસમાં ગીજનીનો પાદશાહ હિંદનું રાજ્ય પાછું મેળવવાને દિલ્લી ઉપર ચઢી આવ્યો, પણ અલ્તમશે તેને હરાવીને પાછો કાઢયો. ઈ. સ ૧૨૧૫. વળી તેણે પંજાબ ને બંગાળાના સ્વતંત્ર થઈ ગએલા સૂબાને હરાવીને તેમનું રાજ્ય દિલ્લીના રાજ્ય સાથે જોડી દીધું. એના વખતમાં જંઘિસખાં નામે બહાદુર પણ ક્રૂર મોગલ પાદશાહ કાબુલ જીતીને ખારીજમ (ખીવા) ના શાહજાદાની પાછળ પડી સિંધુ નદી સુધી આવ્યો હતો, પણ ત્યાંથી તે આગળ નહિ વધતાં ઈરાન તરફ ગયો. એ ભરતખંડના લોકોનાં ન-

સીખ જાણવાં, કેમકે તે વખતના મોગલો મુસલમાન થયા નહોતા, તોપણ તેઓ ક્રૂર ને લૂટારા હતા. જંધિસખાંના ડરથી મુક્ત થયા પછી અલ્તમશે લશ્કર જમાવીને માળવા ઉપર ચઢાઈ કરી તથા તે રાજ્ય જીતીને ત્યાંના પરમાર રાજ્યની આખર આણી. ઈ. સ. ૧૨૩૧. એ સાલથી માળવા દિલ્હીના રાજ્યનો પ્રાંત થયો. કુતબુદ્દીને ચણાવવા માંડેલો કુતુબ મિનારો એણે પુરો કરાવ્યો. એ મિનારો દુનીઆના કોઈપણ મિનારા કરતાં ઊંચો છે. એની ઉંચાઈ ૧૬૦ હાથ છે. એ પાદશાહ ઈ. સ. ૧૨૩૬ માં ૨૫ વરસ રાજ્ય કરી મરણ પામ્યો ત્યારે ગુજરાત, મેવાડ ને દક્ષિણ સિંધ સિવાયનો આખો ઉત્તર ભરતખંડ એના તાબામાં આવ્યો હતો.

રઝીઆબેગમ. ૩. અલ્તમશ પછી તેનો દીકરો ગાદીએ બેઠો પણ તે નઠારો હોવાથી અમીર ઉમરાવોએ એજ સાલમાં એને ઉઠાડી એની બેન રઝીઆબેગમને ગાદી આપી. મુસલમાનોના તખ્તે દિલ્લીની ગાદીએ માત્ર એજ બેગમ થઇ. એ બહુ બહાદુર, ભણેલી, ઉદ્યોગી ને દૃઢ મનની હતી. પણ તેના હબસી ગુલામ ઉપર તેની મેહેરબાની થવાથી તેના પઠાણ સરદારોએ તેને મારી નાંખી ઇ. સ. ૧૨૩૯. તેની પછી સરદારોએ અલ્તમશના બીજા છોકરા બેહેરામને ગાદી આપી. પણ બે વરસમાં તે મરાયાથી તેનો ભત્રીજો મસાઉદ પાદશાહ થયો. ૧૨૪૧. એ પાદશાહની પણ સરદારોએ એવીજ વલે કરીને તેના કાકા નાસરૂદ્દીનને ગાદી આપી. ૧૨૪૬. બેહેરામને મસાઉદના સમયમાં મોગલોએ પંજાબ ને બંગાળા ઉપર સ્વારીઓ કરી. પણ પઠાણોએ તેમને હરાવીને પાછા કાઢ્યા.

નાસરૂદ્દીન. ૪. નાસરૂદ્દીન બહુ ભલો ને સદ્‌ગુણી પાદશાહ હતો. તેને એકજ બેગમ હતી. તેના હાથની રસોઇ તે

જાણતો ને કુરાનની નકલો કરી તેના પૈસાવડે તે પોતાનું ગુજરાન ચલાવતો. તે કહેતો કે સરકારી ખજાનામાંથી ખાનગી ખરચ કરવાનો મને હક નથી. એ પોતાનો વખત ખુદાની બંદગીમાં ને પુસ્તકો લખવામાં ગાળતો, તેના રાજ્યનો સઘળો કારભાર તેનો વિશ્વાસુ વજીર બલબન ચલાવતો. નાસરૂદ્દીનના વખતમાં મોગલો પંજાબ ઉપર ચઢી આવ્યા, તેમને ત્યાંના સુબેદાર શીરખાંને પાછા વાળ્યા, તથા ગીજની જીતી લીધું. વળી સિંધ, મેવાડ, ચંદેરી ને બુંદેલખંડમાં રજપૂતોએ બળવા કર્યા, તે પણ બલબને સમાવ્યા. એના સમયમાં મોગલોના રાજા હોલાકુખાંના તરફથી વકીલ આવ્યો હતો તેને પાદશાહે બહુ માન આપ્યું. એ પાદશાહ ઈ. સ. ૧૨૬૬ માં અપુત્ર મરવાથી તેનો વજીર બલબન પાદશાહ થયો.

**બલબન.** ૫. બલબનખાં પણ પહેલાં અલ્તમશનો ગુલામ હતો. તે પોતાની હોંશીઆરી ને બહાદુરી વડે વધીને પાદશાહ થયો. એ સમયે ઉમરાવો રાજ્યના ધણી રણી થઇ પડયા હતા. તેઓ મરજીમાં આવે તેને ગાદીએ ઉઠાડતા ને મરજીમાં આવે તેને બેસાડતા. એ ઉમરાવોની સત્તા એણે પ્રથમ તોડી. એણે બંડખોર અને ગુન્હેગાર ઉપર જુલમ કરી ત્રાસ બેસાડી રાજ્યનો બંદોબસ્ત કર્યો. દિલ્લીની દક્ષિણના મેવાડ પ્રાંતના લોકો વારે વારે બળવો કરતા તેમનાં એક લાખ માણસો મારી નાંખી તેમનું મૂળ કાઢ્યું. તથા જે જંગલોમાં તેઓ ભરાઈ રહેતા તે જંગલો કપાવી નાંખી વસ્તી થવા જોગ સપાટ મુલક બનાવ્યો. બંગાળાના સુબા તોગ્રલબેગે બળવો કર્યો તે સમાવવાને લશ્કર મોકલ્યું, પણ તેનો સરદાર હારીને પાછો આવ્યો. તેથી તેણે પંડે જઇને તોગ્રલને હરાવીને માર્યો એટલુંજ નહિ,

પણ સરદારોમાં ત્રાસ બેસાડવા સારૂ પેલા હારીને નાસી આવનાર સરદારને ફાંસી દીધો. ગાળામાં પોતાના દીકરા બકારાખાંને તેણે સુબો ઠરાવ્યો. તથા પંજાબના સુબા શીરખાંના મરણથી તેની જગાએ પોતાના વહાલા દીકરા મહમદને સુબો બનાવ્યો. મહમદે ઇરાની મોગલો જોડે બે વાર લડાઇ કરીને હરાવ્યા, તથા તેમણે દબાવેલો મુલક પાછો લીધો. પણ બીજી વારની લઢાઇમાં મહમદ માર્યો ગયો. પાદશાહ આ સમયે ૮૦ વરસનો વૃદ્ધ થયો હતો. તેવામાં પોતાના બહાદુર ને વહાલા પુત્રના મરણના સમાચાર મળ્યા, તેના શોકમાંજ તેણે પ્રાણ તજ્યા ઈ. સ. ૧૨૮૭.

**બલબનના ગુણ.** ૬. એ પાદશાહ બહુ બહાદુર પણ ક્રૂર હતો. એનો મોટો દીકરો મહમદ વિદ્વાનોને આશ્રય આપનારો હતો. એના વખતમાં મધ્ય એશિઆમાંથી મોગલોના જુલમથી નાસી આવેલા પંદર પાદશાહો એને આશ્રમે રહ્યા હતા. એ પાદશાહોએ ખોએલાં રાજ્યો (બગદાદ, ખારીજમ, ઘોર)નાં નામ દિલ્લીના મોહોલ્લાઓને આપ્યાં હતાં.

**કૈકુબાદ.** ૭. બલબને મરતી વખતે મહમદના દીકરા કૈખુશરૂને રાજ્ય આપવાનો ઠરાવ કર્યો હતો, પણ ઉગતાને પૂજનાર એના અમીરોએ બંગાળાના સુબા બકારાખાંના દીકરા કૈકુબાદને ગાદી આપી. એ પાદશાહ બદફેલીમાં પડયાથી તેનો કારભાર નાજીમુદીન નામે વજીર કરવા લાગ્યો. એ વજીરે મુસલમાન થએલા મોગલોને કાપી નાંખ્યા, તથા પાદશાહને તેના બાપ સાથે કજીઓ કરાવ્યો. કૈકુબાદ બકારાખાંની સામો લઢવાને ઉઠયો, પણ ચતુર બકારાખાંએ પોતાના દીકરાને પોતાના પક્ષમાં લેઇ વજીરનો ઘાત કરાવ્યો. વળી પાછો કૈકુબાદ બદફેલીમાં પડયો તેથી તેના નવા વજીર જલાલુદ્દીને તેને મરાવી નાંખ્યો ને પોતે પાદશાહ થયો ઇ. સ. ૧૨૯૦.

# પ્રકરણ ૨ જું.

## ખીલજીવંશ.

**જલાલુદ્દીન.** ૧. જલાલુદ્દીન જાતે ખીલજી પઠાણ હતો. માટે એના વશજોને ખીલજીવંશ કહે છે. જોકે એ પોતાના પાદશાહને મારીને ગાદીએ બેઠો હતો, તોપણ પાદશાહ થયા પછી એણે એના દુશ્મનો ઉપર દયા કરી. તે એક્લો તો દયાળુ હતો કે ગુન્હેગારને પણ તે છોડી દેતો. પરંતુ એવી અયોગ્ય દયાનું ફળ સારૂં થયું નહિ. રાજ્યમાં ખૂન, ચોરી ને લૂટ વધી પડી. બલબનનો ભત્રીજો કરાનો સુબો હતો તેણે બંડ કર્યું. તેને હરાવીને પાદશાહે મુલતાનની સુબાગીરી ઉપર તેને નીમ્યો. એના વખતમાં મોગલો પંજાબ ઉપર ચઢી આવ્યા, તેમને તેણે હરાવ્યા પણ તેમના ઉપર ક્રૂરતા ન કરતાં સલાહ કરી, તેથી ૩૦૦૦ મોગલ તેની ચાકરીમાં રહ્યા ને મુસલમાન થયા. ઈ. સ. ૧૨૯૨. તેમને રહેવાને દિલ્લીમાં જગા આપી તે જગા મોગલપરાને નામે હજુ પણ જાણીતી છે. જલાલુદ્દીનનો ભત્રીજો અલ્લાઉદ્દીન પ્રયાગની પાસે કરાનો સુબો હતો. તે બહુ બહાદુર ને છાતીધડો પણ જુલમી ને ક્રૂર હતો. તેણે ૮૦૦૦ સ્વારો લેઇ વિંધ્યાચળની દક્ષિણમાં સ્વારી કરી. દક્ષિણ દેશ ઉપર સ્વારી કરનાર આ પહેલોજ મુસલમાન સરદાર હતો. અલ્લાઉદ્દીને જાહેર કર્યું કે હું પાદશાહની નોકરી છોડી રાજ મહેંદ્રિના મહારાજાને ત્યાં નોકર રહેવા જાઉંછું. તેથી રાજપુત્રોએ એને અટકાવ્યો કે હેરાન કર્યો નહિ. એવી છેતરપંડી કરીને એણે મહારાષ્ટ્રની રાજ્યધાની દેવગીરી ઉપર છાપો માર્યો ને જણાવ્યું કે આખી પાદશાહી ફોજ પાછળ આવેછે, તેની હરોલનો ભાગ લેઇ હું આવ્યોછું. રજપૂતો આથી ડર્યા

ને સામા થયા નહિ. તેથી અલ્લાઉદ્દીન પુષ્કળ લૂટ લેઇ પાછો ફરે ગયો. ધરડો જલાલુદ્દીન પોતાના ભત્રિજાની ફિકરમાં હતો, તે પાછો આવ્યાના સમાચાર સાંભળી તેને મળવા ગયો. એના સરદારોએ એને ચેતાવ્યો કે અલ્લાઉદ્દીનની ઇચ્છા રાજ્ય મેળવવાની છે માટે તેને મળવા ન જવું. પણ પાદશાહે તે ગણકાર્યું નહિ. તે જેવો અલ્લાઉદ્દીનને ભેટવા જાય છે તેવો ખુની અલ્લાઉદ્દીને તેનો ઘાત કરાવ્યો. ઇ. સ. ૧૨૯૫. દેવગીરીથી આણેલી લૂટ વડે લશ્કર તથા ઉમરાવોને રાજી કરીને તે પાદશાહ થયો. ગાદીએ બેઠા પછી રાજ્યનો દાવો કરનાર પાદશાહી કુટુંબનો એણે ઘાત કરાવ્યો. જલાલુદ્દીન દયાળુ છતાં સ્વાર્થને લીધે એણે બે ખુન કર્યા હતાં. કૈકુબાદને મરાવી ગાદી લીધી તે પ્રથમ ખુન. એના બીજા ખુનની વાત આ પ્રમાણેછે. સીદી મૌલા કરીને એક ફકીર ઘણું ધર્મદાન કરતો હતો, તેની પાસે પારસમણીછે એવું સાંભળ્યા ઉપરથી તે લેવાને તેને મરાવ્યો. તે પછી વાવંટોળ થયો, તેનો વડો પુત્ર મુવો, વરસાદ ન થયો, દુકાળ પડયો ને થોડી મુદતમાં પાદશાહ પણ મરાયો. આ અનર્થ ફકીરે મરતી વખતે દીધેલા શાપથી થયો એમ લોક માનવા લાગ્યા.

**અલ્લાઉદ્દીન.** ૨. પઠાણ પાદશાહોના વારામાં મુખ્યત્વે ચાર બનાવ બનતા. ૧. જેનું બળ હોય તે સામાને મારીને પાદશાહ થાય. ૨. ખંડીઆ રજપૂત રાજાઓ ને મુસલમાન સુબાઓના બળવા. ૩. વાયવ્ય કોણના ઘાટોને માર્ગે મોગલોની સ્વારીઓ. ૪. સ્વતંત્ર રજપૂત રાજ્યો જીતવાને સ્વારીઓ. એ બધા બનાવોમાં મારા મારી ને કાપા કાપી ઘણી થતી ને લૂટફાટથી રૈયત હેરાન થઇ પાયમાલ થતી.

**ગુજરાતનું જીતાવું.** ૩. અલ્લાઉદ્દીને ઇ. સ. ૧૨૯૭ માં ગુજરાત ઉપર સ્વારી કરીને ત્યાંના વાઘેલા રાજા કરણ

મેઘા પાસેથી ગુજરાત જીતી, ત્યારથી ગુજરાતમાં મુસલમાનોનું રાજ્ય થયું. કરણ ઘેલો દેવગીરીના રાજાના આશ્રય નીચે બાગલાણમાં નાસી ગયો. સન ૧૨૯૮ માં મોગલ સરદાર કતલધખાં દિલ્લી સુધી ધસી આવ્યો, તેને અલ્લાઉદ્દીનના સરદાર જાફરખાંએ હરાવ્યો ને તે તેની પાછળ પડયો. પણ અલ્લાઉદ્દીને તેને મદદ નહિ મોકલતાં મોગલોને હાથે મરાવા દીધો.

**રણથંભોરની જીત.** ૪. ઇ, સ. ૧૩૦૦ માં પાદશાહે રણથંભોર ઉપર ઘેરો ઘાલ્યો. એ ગઢ ઘણો મજબુત હોઇ રજપૂતોના તાબામાં હતો. પાદશાહે ઘેરા ઘાલી એ ગઢ લીધો. એવામાં જે રીતે જલાલુદ્દીનને મારીને એણે તે રાજ્ય લીધું હતું. તે રીતે રાજ્ય મેળવવાને એના ત્રણ ભત્રિજાઓએ યત્ન કર્યા, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ ને માર્યા ગયા.

**ચીતોડગઢની જીત.** ૫. ઇ. સ. ૧૩૦૩ માં પાદશાહે ચીતોડને ઘેરો ઘાલ્યો. કેટલાક દગા ફટકા ને બહાદુરી વડે તેણે એ ગઢ જીત્યો, પણ ત્યાંના સિસોદીઆ રાણા તાબે થયા નહિ. થોડી મુદતમાં રાણા હમીરે ચીતોડગઢ પાછો જીતી લીધો. ઇ. સ. ૧૩૦૪–૫ માં પાંચવાર મોગલો પંજાબ ઉપર ચઢી આવ્યા, પણ તેમને પંજાબના સુબા ગાજીખાંને હરાવ્યા. એ લઢાઇમાં પકડાયલા મોગલોને પાદશાહે હાથીને પગે બાંધી છુંદી માર્યા.

**દક્ષિણ ઉપર જીત.** ૬. ગુજરાત જીત્યું ત્યારે ખંભાતથી કાફુર નામે એક ગુલામ પકડાયો હતો. તેના ઉપર પાદશાહની પ્રીતિ થવાથી તેને લશ્કર આપી ઇ. સ. ૧૩૦૬ માં દક્ષિણ જીતવાને મોકલ્યો. તેણે પ્રથમ દેવગીરીના રાજા રામદેવ ઉપર સ્વારી કરીને તેને પકડીને દિલ્લી આણ્યો,

પાદશાહે રાજી થઇ તેને ખંડીઓ રાજા બનાવ્યો. ત્યાંથી કા-પુરે તેલંગણ ઉપર સ્વારી કરીને મહા પ્રરાક્રમે તેલંગણની રાજ્યધાની વરંગુળ જીત્યું ને એ રાજ્ય પણ ખંડીયું બનાવ્યું. ઇ. સ. ૧૩૦૯. આગળ જતાં ઇ. સ. ૧૩૧૨ સુધીમાં કાપુરે બીજી બે સ્વારીઓ કરીને મહારાષ્ટ્ર, કર્ણાટક, મૈસૂર ને મલબાર સઘળું જીતીને સેતબિંદુ રામેશ્વરમાં મસીદ બંધાવી. કાપુરે આખા દક્ષિણ દેશ ઉપર દિલ્હીના પાદશાહની આણ ફેરવી. દિલ્હીના આગલા કોઇ પણ પાદશાહની સત્તા દક્ષિણમાં એટલી જામી નહોતી.

**મોગલોની કતલ.** ૭. ગીજનીના તુર્ક મુસલમાનો; ઘોર, ગુલામ ને ખીલજી વંશના પઠાણ; ને મોગલ એ રીતે મધ્ય એશિઆમાંથી ત્રણ ટોળાં ભરતખંડના ઉત્તર ભાગમાં આવ્યાં; તેથી ત્યાં મુસલમાનની વસ્તી બહુ થઇ. મોગલો પ્રથમ તો પંજાબ જીતવાને આવ્યા હતા, પણ તે નહિં જીતાયાથી દિલ્હીના પાદશાહની નોકરીમાં રહ્યા. ગુલામ વંશના વારામાં એ મોગલ સિપાઇઓ બળવાન થયાથી ઇ. સ. ૧૨૮૬ માં તેમની કતલ કરાવી. એ મોગલોમાંના ત્રણ હજાર પ્રથમ ઇ. સ. ૧૨૯૨ માં મુસલમાન થયા. આગળ જતાં મોગલોની વસ્તી વધી પડી ને તેઓ દગો કરવા લાગ્યા, ત્યારે ઇ. સ. ૧૩૧૧ માં અલ્લાઉદ્દીને પંદર હજાર મોગલો કપાવી નાંખ્યા.

**રજપૂતોના બળવા.** ૮. અલ્લાઉદ્દીનના સમયમાં તુર્ક, પઠાણ ને મોગલ લશ્કરની ખુબ ભરતી થયાથી તે દક્ષિણ ભરતખંડ જીતવાને સમર્થ થયો. તોપણ રજપૂતો નિરાશ થયા નહિ. ગુજરાતના રજપૂતોએ બંડ કર્યું ને રાણા હમીરે ચીતોડ પાછું લીધું, તથા દક્ષિણમાં રામદેવના જમાઇ હરપાળે બંડ કરીને મુસલમાન કિલ્લેદારોને કાઢી મૂક્યા.

**પાદશાહની ઘાત.** ૯. દિલ્હીમાં દારૂની કેફથી પાદશાહનું મન બગડયું; તેમાં તેણે પોતાના ભાઇ અલફખાં તથા બહાદુર સરદાર અલ્પખાંને મરાવ્યા. તેથી ઘણે ઠેકાણે બંડો ઊઠયાં. એવામાં પાદશાહના વહાલા સરદાર કાફુરે તેને ઝેર દેઇને માર્યો ઇ. સ. ૧૩૧૫.

**મુબારક.** ૧૦. કાફુરે અલ્લાઉદ્દીનના દીકરા ઉમરને ગાદીએ બેસાડયો ને પોતે કારભાર કરવા લાગ્યો, તથા ઉમરના બે ભાઇઓની આંખો ફોડીને ત્રીજા મુબારકને મારવાને મારા મોકલ્યા. એ મારાને પોતાનાં ઘરેણાં ગાંઠાં આપી મુબારક ઉગર્યા. આ વાત ઉમરાવોના જાણવામાં આવ્યાથી તેમણે કાફુરને માર્યો ને મુબારકને ગાદી આપી. પણ તે બહુ દુષ્ટ ને રંડીબાજ હતો. એણે મહારાષ્ટ્રના રાજા હરપાળની જીવતાં ચામડી ઉતરડાવી મરાવી નાખ્યો. એનો કારભાર ખુશરૂખાં નામે મુસલમાન થયેલો ઢેડ કરતો હતો. એ ખુશરૂએ મલબાર સુધી સ્વારી કરીને મુલક લૂટયો ને મુબારકને મારી રાજ્યનો ધણી થયો.

**ખીલજી વંશનો આખર.** ૧૧. ખુશરૂએ ખીલજી વંશના કોઇ પણ બાળકને જીવતો રહેવા દીધો નહિ. એ અંતઃકરણથી મુસલમાન થયો નહોતો. તેથી પાદશાહ થયા પછી મસીદોમાં મૂર્તિઓ ગોઠવી ને પોતે કુરાન ઉપર બેસવા લાગ્યો. એણે દિલ્હીમાં ફરીને દેશી રાજ્ય સ્થાપવા મેહેનત કરી. પણ એ ઢેડ હોવાથી રજપૂતો એના પક્ષમાં આવ્યા નહિ. જાતિબંધન ને જાતિ અભિમાને આર્યોનું ઐક્ય બળ થતું અટકાવ્યું. આ ભ્રષ્ટ મુસલમાન સામા સબળા મુસલમાનો ઉઠયા. તેવામાં પંજાબના સુબા ગાજીખાં તઘલખે ખુશરૂને હરાવીને માર્યો ને દિલ્હીનું રાજ્ય જીત્યું, ઇ. સ. ૧૩૨૦. એ રીતે ખીલજી વંશની આખર આવી.

**ઉપદેશ.** ૧૨. એ વંશના ઇતિહાસ ઉપરથી જણાય છે કે માણસ રાજ્ય લોભથી પાપ કરેછે, પણ ગમે તેટલી સાવચેતી રાખ્યા છતાં એ પાપનો બદલો પરમેશ્વર તરફ્-થી મળ્યા વગર રહેતો નથી. જલાલુદ્દીન, અલ્લાદ્દીન, કા-ફુર, ખુશરૂ એ બધા ખુન કરી સત્તા ધારી થયા પણ બહુ સભાળ રાખ્યા છતાં તે સર્વેનાં ખુનજ થયાં હતાં. માટે પાપ કરવાનો વિચાર કરવો એ પણ પાપ છે, એમ સમજી તેથી વેગળા રહેવું.

---

## પ્રકરણ ૩ જું.

### તઘલખ વંશ.

**ગ્યાસુદ્દીન.** ૧. રાજ્ય જીત્યા પછી ગાજીખાંએ (ગ્યા-સુદીન) બધા લોકોને ભેગા કરીને રાજ્યકૂળના કોઈ યોગ્ય પુરૂષને ગાદી આપવાનું કહ્યું. પણ સર્વેએ એકે અવાજે એ-નેજ પાદશાહ ઠરાવ્યો. તે બહુ ડાહ્યો પાદશાહ હતો. તેણે ખેડુતોના હકમાં કેટલાક લાભકારી ઠરાવ કર્યા. તે વખતે બંગાળામાં બક્રરાખાં સ્વતંત્રપણે કારભાર કરતો હતો, તેને પાદશાહે બંગાળે જઇને બહાલ રાખ્યો. તથા સોનાર ગામ (ઢાકા)નો બંદોબસ્ત કરીને તે પાછો આવ્યો. એના મોટા દીકરા મહમદે દક્ષિણમાં તેલંગણ ઉપર સ્વારી કરી હતી તે જીત કરીને પાછો આવ્યો. તેની મુલાકાત લેવાને પાદ-શાહ સામો ગયો. બંનેની મુલાકાત માટે મહમદે લાકડાનો એક માંડવો કરાવ્યો હતો, તે એકદમ પડવાથી પાદશાહ તેની નીચે ચગદાઈ મુઓ. એ ગ્યાસુદ્દીન દિલ્લીની નજીક તઘલખાબાદ નામે એક ગઢી બંધાવી ત્યાં પોતે રહેતો હ-તો. ગ્યાસુદ્દીનના મુઆથી ઈ. સ. ૧૩૨૫ માં તેનો દીકરો

મહમદ પાદશાહ થયો. એને જુમાખાં પણ કહેછે.

**મહમદ.** ૨. એ પાદશાહના વારામાં મોગલો પંજાબ ઉપર ચઢી આવ્યા. તેમને ધન આપીને પાછા કાઢ્યા. એ પાદશાહ લઢાઇમાં શૂરો, વિદ્યામાં પ્રવીણ, વૈદકમાં કુશળ, ઇશ્વર ભક્ત ને વિદ્વાનોને આશ્રય આપનારો પણ અવિચારી ને ગાંડો હતો. એના વખતમાં મહારાષ્ટ્ ને તેલંગણ ખાલસા કર્યાથી બધા પઠાણ પાદશાહો કરતાં એના વખતમાં રાજ્યની હદ વધારે થઇ. પણ અવિચાર, ગાંડાઇ ને ક્રૂરપણાથી રાજ્યમાં હિંદુ મુસલમાનોએ બળવા કર્યા ને તેઓ સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા. એના જુલમથી પ્રજા નાસી જવા લાગી; તોપણ કનોજ વગેરે ઠેકાણે ઘેરો ઘાલીને હજારો માણસોને તેણે મારી નાંખ્યા. વળી એણે મનુષ્યનો શિકાર કરવાની યુક્તિ કરીને ક્રૂરતાની હદ વાળી. લશ્કર વડે ગોળ ચક્રાવો ઘેરી એ ચક્રાવો નાનો કરતાં કરતાં છેવટે તેમાં જે માણસો ઘેરાય તેમનો તે શિકાર કરાવતો. માળવામાં ને પંજાબમાં બંડ થયાં તે એણે સમાવ્યાં

**સ્વતંત્ર રાજ્યોની સ્થાપના.** બંગાળામાં એક ફકરૂદ્દીન નામે સરદારે બળવો કરી તે રાજ્ય સ્વતંત્ર કર્યું. ઈ. સ. ૧૩૪૦. કર્ણાટકના બલ્લાળ રાજાએ તુંગભદ્રાને કાંઠે વિજયનગરમાં એક જોરાવર હિંદુ રાજ્ય સ્થાપ્યું. તથા તેલંગણના રાજાએ વરંગુળમાંથી મુસલમાની લશ્કર હાંકી કાઢીને ત્યાં રજપૂત રાજ્યની પુનઃસ્થાપના કરી. ઈ. સ. ૧૩૪૪. દિલ્લીમાં ગંગુ નામે એક બ્રાહ્મણને ત્યાં જાફરખાં નામે ગુલામ હતો. તે આગળ જતાં પાદશાહ થશે એવું ભવિષ્ય કહીને તેને તે બ્રાહ્મણે છોડી દીધો. જાફરખાં છૂટો થઇને દક્ષિણમાં ગયો ને ત્યાં મહમદ જુમાખાંના વખતમાં બળવો કરી ગુલબર્ગામાં મુસલમાની સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. ઈ. સ.

૧૩૪૭. પોતાને ગુલામગીરીથીમાંથી મુક્ત કરનાર તથા સારૂં ભવિષ્ય ભાખનાર બ્રાહ્મણનું નામ રાખવાને પોતાના ત્રણે રાજાનું નામ બ્રાહ્મણીરાજ્ય પાડયું; તથા તેને બોલાવી પોતાના જામદારખાનાનો ઉપરી નીમ્યો; ગુજરાતમાં તથા માળવામાં બીજા બળવા થયા તે સમાવવાને પાદશાહ ગુજ-રાતમાં આવ્યો ને સુરત તથા ખંભાત લૂટીને બળવાખોરોને ગોંડલ આગળ હરાવ્યા. ત્યાંથી બળવાખોર સિંધમાં નાઠા. પાદશાહ તેમની પછવાડે ગયો, પણ માંદો પડી ઠઠ્ઠામાં મ-રણ પામ્યો. ઈ. સ. ૧૩૫૧.

પાદશાહનાં ગાંડપણનાં કામ. ૪. એ પાદશાહ ગાં-ડો ને અવિચારી હતો તેથી પ્રજાને ઘણું નુકશાન થયું. મો-ગલોને પૈસા આપ્યાથી ખજાનો ખાલી થયો તેવામાં ચીન ને ઈરાન જીતવાનો તેને તુરંગ આવ્યો; પોતાના રાજ્યમાં ઉઠેલા બળવા તો સમ્યા નહોતા ને એક પછી એક સ્વં-તંત્ર રાજ્યો થઈ પ્રાંતો છૂટા પડતા હતા, તોપણ એકલાખ ફોજ તૈયાર કરી હિમાલયના ઘાટોને માર્ગે ચીન ઉપર મો-કલી. ચીનાઈ લોકે તેમને હરાવીને નસાડયા તથા પાછળ પડી તેમનો નાશ કર્યો; બીજી એક ફોજ ઇરાન ઉપર જ-વાને તૈયાર કરી પણ ખજાનો ખાલી થવાથી તે ફોજને ઇ-રાન ઉપર નહિ મોકલતાં રજા આપી. તેણે મુલકમાં પસ-રીને રૈયતને લૂટી હેરાન કરી મુલકનું સત્યાનાશ વાળ્યું. આ પ્રમાણે ખાલી થએલો ખજાનો ભરવાને એણે રૈયત ઉપર નવી જમાબંધી નાખી, દશથી વીશ ગણો કર વધારી મૂક્યો. તેથી જમીન ખેડયા વગરની પડતર રહી ને ખેડુતો દુઃખી થયા. વળી ખજાનો ભરવાને રૂપાને બદલે પીતળનું નાણું ચલાવવાનો ઠરાવ કર્યો. પણ તે પરદેશીઓએ લીધું નહિ, તેથી માત્ર એનાજ રાજ્યમાં એના જુલમથી ચાલ્યું. પણ

મહંમદે માણું ખેડુતો પાસેથી એની પાસે આવી એનાજ ખં-જાનામાં ભરાયું ને રૈયતને વેપાર રોજગારમાં આપદા ભો-ગવવી પડી. વળી દેવગીરી ગામ એને પસંદ પડ્યાથી ત્યાં રાજ્યધાની કરવાનો વિચાર કરી, દિલ્લીના લોકોને ત્યાં જઈ વસવા માટે બે ત્રણવાર હુકમ કર્યા. તેથી પ્રજા મહા મહા આપદા પામી તથા તેને ઘણું નુકશાન વેઠવું પડ્યું તોપણ તેનો વિચાર પાર ન પડ્યાથી અંતે તે વાત પડતી મૂકવી પડી. વળી પોતાનો દાંત પડી ગયો હતો, તેના ઉપર તેણે પુષ્કળ પૈસા ખરચી મસીદ બંધાવી હતી !

**ફીરોજશાહ.** ૫. મહંમદ પછી તેનો ભત્રીજો ફી-રોજશાહ તેની ગાદીએ બેઠો. એણે સિંધનો બળવો સમા-વ્યો. ઈ. સ. ૧૩૫૩. પણ બંગાળા ને બ્રાહ્મણી રાજ્યોની સ્વતંત્રતા કબુલ કરી. ઈ. સ. ૧૩૫૬. આગળ જતાં ગુજ-રાતમાં બળવો થયો તે સમાવવાને પાદશાહે ગુજરાત ઉપર ઈ. સ. ૧૩૭૨માં સ્વારી કરી પણ તે બરાબર સમ્યો નહિ.

**લોકોપયોગી કામ.** ૬. એ પાદશાહ બહુ પરોપ-કારી, ભોળો ને દયાળુ હતો. એના હાથ નીચે તેલંગણના બે હિંદુ વજીર હતા. તેમની સલાહથી એણે ખેડુતો ઉપરના કર ઓછા કર્યા. વસુલ બાકી રહે તો તે બાકી રાખનારનો ગુ-ન્હો માફ કરી ખેડુતો ઉપરનો જુલમ બંધ કર્યો. મુસલમાની રા-જ્યમાં રીબાવી રીબાવીને મારવાની, હાથ, નાક, કાન કાપ-વાની વગેરે ક્રૂર સજા બંધ પાડી તથા દેહાંત દંડ પણ જેમ બને તેમ થોડો કરવાનો ઠરાવ કર્યો. વળી એણે જમીનના ઉ-પયોગમાં આવે એવા બાંધ બંધાવ્યા, તળાવો ખોદાવ્યાં, ને-હેરો કરાવી ને મુસાફરો માટે પુલ તથા ધર્મશાળા બંધાવી. વળી રસ્તાને હમામખાનાં બંધાવી નિશાળો તથા દવાખાનાં ચાલુ કર્યાં. એણે બંધાવેલી નેહેરોમાંથી જમનાં નદીથી સત-

લજ નદી સુધી ખોદાવેલી નેહેર હજુ છે ને તે અંગ્રેજ સરકારે સમી કરાવી છે. એ ભલો પાદશાહ ૯૦ વરસની વયે ૩૭ વરસ રાજ્ય કરી ઇ. સ. ૧૩૮૮ માં મરણ પામ્યો.

**મહમદ.** ૭. ફીરોજુદ્દીન પછી તેનો પૌત્ર ગ્યાસુદ્દીન થયો. પણ પાંચ માસમાં તે મરાયાથી અબુબકર ગાદીએ બેઠો. એક વરસમાં તે પણ મરાયાથી નાસરૂદ્દીન પાદશાહ થયો ઇ. સ. ૧૩૯૦. એણે ચાર વરસ રાજ્ય કર્યું. તેના પછી ઈ. સ. ૧૩૯૪ માં તેનો ભાઈ મહમદ તખ્તનુશીન થયો.

**સ્વતંત્ર રાજ્ય.** ૮. મહમદ નાનો હોવાથી તથા રાજ્યમાં અવ્યવસ્થા હોવાથી ગુજરાત, જુઘાનપુર, માળવા ને ખાનદેશમાં સ્વતંત્ર મુસલમાની રાજ્ય થયાં.

**તૈમુરની સ્વારી.** ૯. એના વખતમાં તાતાર દેશનો મોગલ પાદશાહ તૈમુર હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યો. મહમદ ગુજરાતમાં નાસી ગયો. તૈમુરે દિલ્લી જીતીને ત્યાં કતલ તથા લૂટ ચલાવી. છેવટે લોકના જીવ લેતાં લેતાં તેની ફોજ થાકી ને લૂટવાનું કાંઈ ન રહ્યું ત્યારે તે જંપ્યો. એ પ્રમાણે પાંચ દિવસ સુધી તેણે શેહેર લૂટ્યું તથા બાળ્યું તે મહા અનર્થ કર્યો. તૈમુર અખૂટ લૂટ લેઇને પોતાને દેશ પાછો ગયો. જતી વખતે પંજાબમાં પોતાનીવતી ખીજરખાં નામે સુબો મૂકયો. તૈમુર ગયા પછી મહમદ પાછો આવ્યો ને મરતા સુધી રાજ્ય કર્યું ઈ. સ. ૧૪૧૨. મહમદ મુઆ પછી દોલતખાં લોદીએ પંદર માસ સુધી રાજ્ય કર્યું, પણ ઈ. સ. ૧૪૧૪માં પંજાબના સુબા ખીજરખાંએ તેને કાઢીને દિલ્લીની ગાદી લીધી.

# પ્રકરણ ૪ થું.

## સૈયદ તથા લોદીવંશ.

**ખીજરખાં.** ૧. ખીજરખાં હજરત મહમદનો વંશજ હતો એમ કહેછે ને તેથી એના વંશજો સૈયદ કહેવાય છે. એણે તૈમુરની વતી સાત વરસ સુધી દિલ્હીનું રાજ્ય ભોગવ્યું ને તે મુદતમાં રૈયતને ન્યાય ને સુખ આપી તેમનો પ્રેમ મેળવ્યો.

**ખીજરખાંના વંશજ.** ૨. ઈ. સ. ૧૪૨૧ માં ખીજરખાં મુઆ પછી એની ગાદીએ અનુક્રમે મુબારક, મહમદ અને અલ્લાઉદ્દીન એવા ત્રણ પાદશાહ થયા. તેમના વખતમાં દિલ્હીની પાદશાહત છેક પડી ભાગી. તેમનો અમલ તૂટીને રાજ્યની હદ છેક દિલ્હીની પાસે આવી ગઇ. અલ્લાઉદ્દીનના વખતમાં તો દિલ્હી શેહેર પણ તેની પાસેથી જાય એવી રાજ્યની સ્થિતિ થઇ ગયાથી પંજાબના સુબા બહિલોલ લોદીએ આવીને દિલ્હી લીધી. અલ્લાઉદ્દીને એ રાજ્ય બહિલોલને સ્વાધીન કરીને પોતે રાજીનામું આપ્યું. ઇ. સ. ૧૪૫૦.

**બહિલોલ લોદી.** ૩. બહિલોલ લોદી બહુ બહાદુર ને પરાક્રમી હતો. તેણે પંજાબ તથા મુલતાનના બળવા સમાવ્યા. એવામાં જુવાનપુરનો રાજા દિલ્હી ઉપર ચઢી આવ્યાથી પાદશાહે તેની સાથે છવીશ વરસ સુધી લડાઇ કરીને તેને હરાવ્યો ને એ રાજ્ય દિલ્હીના રાજ્ય સાથે જોડી દીધું. ઇ. સ. ૧૪૭૮. તે પછી તે દશ વરસમાં મરણ પામ્યો. તે વખતે હિમાલય, કાશી, બુદેલખંડ ને પંજાબ સુધીનો મુલક એના તાબામાં હતો. એના પછી એનો દીકરો સિકંદર પાદશાહ થયો.

સિકંદર લોદી. ૪. એ પાદશાહ બહુ બહાદુર ને વિદ્વાન પણ ધર્માંધ ને જુલમી હતો. તે મુસલમાનો તરફ દયાભાવ ને ન્યાયથી વર્તતો, ને હિંદુ પ્રજા ઉપર જુલમ કરતો. તેમનાં દેવળો ને મૂર્તિઓ તોડી તેમની ધર્મક્રિયા અટકાવતો. એના સમયમાં યુરોપના પોર્તુગીજ લોક હિંદમાં વેપાર કરવાને પેહેલ વહેલા દક્ષિણ હિંદના કાલિકોટ બંદરમાં આવ્યા. ઈ. સ. ૧૪૯૮. એણે એના બાપના રાજ્યમાં કેટલોક ઉમેરો કર્યો. એ પાદશાહ ઈ. સ. ૧૫૧૫ માં મરણ પામ્યાથી તેનો વડો દીકરો ઈબ્રાહિમ લોદી પાદશાહ થયો.

ઇબ્રાહિમ લોદી. ૫. ઈબ્રાહિમે ગાદીએ બેઠા પછી એના સામાવાળીઆમાંથી કેટલાકને મરાવી નાંખ્યા તથા કેટલાકને કેદ કર્યા. તે ઉપરથી કેટલાક સરદારોએ બળવા કર્યા. બહાર પ્રાંતનો સુબો પાદશાહથી સ્વતંત્ર થયો. તથા પંજાબના સુબા દોલતખાંએ કાબુલ જઈ બાબરની મદદ માગી. બાબર એ તૈમુરથી છઠ્ઠો પુરૂષ હતો ને તેની રાજ્યધાની કાબુલમાં હતી. તૈમુરનો વંશજ હોવાથી હિંદની ગાદી ઉપર તેનો હક છે એવું સમજાવી દોલતખાંએ બાબરને હિંદનું રાજ્ય જીતવાને ઉશ્કેર્યો. તેથી તે ભરતખંડ ઉપર ચડી આવ્યો ને પંજાબ જીતી પાણીપતના રણમાં ઇબ્રાહિમને હરાવીને માર્યો. ત્યાંથી દિલ્લી આવી મોગલાઇ રાજ્યની સ્થાપના કરી. ઇ. સ. ૧૫૨૬.

---

## પ્રકરણ ૫ મું.

### મોગલાઇ રાજ્ય થયું તે વખતનાં બીજાં સ્વતંત્ર રાજ્યો.

પઠાણ પાદશાહોએ હિંદમાં મુસલમાની રાજ્ય ફેલા-

વ્યું. તેમણે ઘણાં હિંદુ રાજ્યો ખાલસા કર્યાં ને કેટલાંક તાબે કર્યાં. મહમદ ગાંડાના વખતમાં એ રાજ્ય સૌથી વધારે વિસ્તારવાળું થયું હતું. તેની દક્ષિણ હદ કૃષ્ણા નદી સુધી ગઇ હતી, તોપણ રજપૂત રાજ્યો બીલકુલ નાબુદ થયાં નહોતાં. કાશ્મિર, દક્ષિણ સિંધ, રજપૂતસ્થાન, દક્ષિણ, ઓઢીઆ, ઇત્યાદિ ઠેકાણે ઘણાં રજપૂત રાજ્યો હતાં. તેઓ જોરાવર પાદશાહના સમયમાં તાબે થઇ ખંડણી આપતાં, ને નબળાના વખતમાં સ્વતંત્રપણે અમલ કરતાં. વળી જુમાંખાં ને બીજા દિલ્લીના નબળા પાદશાહના વખતમાં ઘણા મુસલમાન સુબા પણ સ્વતંત્રપણે રાજ્ય કરતા થયા હતા.

**કાશ્મીર.** ૧. ઇ. સ. પુ. ૩૭૧૪ થી તે ઇ. સ. ૧૨૯૪ સુધીમાં કાશ્મીરમાં ગોનાર્દ, આદિત્ય, નાગ ને ઉત્પાળ વગેરે કૂળનાં રાજ્યો થયાં હતાં. તેમાંનાં કેટલાંક બ્રાહ્મણ ધર્મી, કેટલાંક બૌદ્ધ ધર્મી, કેટલાંક અગ્નિપૂજક ને કેટલાંક નાગપૂજક હતાં. એ સમયનો ઇતિહાસ રાજ્યતરંગિણી નામે ગ્રંથમાં છે ને પાછલા વખતનો ઇતિહાસ મુસલમાનોએ લખેલો છે. ઇ. સ. ૧૩૧૫ માં ત્યાં સેનદેવ નામે રાજા હતો. એણે મીર નામે મુસલમાનને પ્રધાન નીમ્યો. સેનદેવ પછીના રાજા આણુંદરાયે ગીરને કાઢી મુક્યાથી તેણે બળવો કર્યો, એ દુઃખમાં રાજા મરણ પામ્યાથી તેની સ્ત્રીને પરણી મીર પાદશાહ થયો. ત્યાર પહેલાં મુસલમાનોએ કાશ્મીર જીતવાને બહુ મેહેનત કરી હતી; પણ તેઓ હારીને પાછા ગયા હતા. મીરે રૈયતપરના કર કમી કરી તેને સુખી કરી. કાશ્મીરમાં રાજ્ય લેવાને આગળ જતાં માંહોમાંહે વઢવાઢ ચાલી, પણ બાબરના પૌત્ર અકબરે કાશ્મીર જીત્યું ત્યાંસુધી એ રાજ્ય પોતાની સ્વતંત્રતા સાચવી શક્યું.

**સિંધ.** ૨. મહમદ કાસમ પછી સુમરા જાતના રજપૂતોએ સિંધ જીતીને પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. એ રાજ્ય તેરમા સૈકડા સુધી ચાલ્યું. તેરમા સૈકાની શરૂઆતમાં શાહબુદ્દીન ઘોરીના સરદાર નાસરૂદ્દીને સિંધનો ઉત્તર ભાગ જીતી લીધો; ને તે ભાગ આગળ જતાં અલ્તમશે જીતીને દિલ્લીના રાજ્ય સાથે જોડી દીધો, પરંતુ દક્ષિણ સિંધમાં સુમરા રજપૂતો નબળા થયાથી સુમાના રજપૂતો ગાદી ઉપર આવ્યા, તેમને જામ કહેતા. એ રજપૂતો આગળ જતાં મુસલમાન થયા ને તેમણે દિલ્લીના પાદશાહની તાબેદારી કબુલ કરી. પણ દિલ્લીના નબળા પાદશાહના વખતમાં તેઓ સ્વતંત્રપણે વર્તતા, એ પ્રાંત અકબરે દિલ્લીની પાદશાહત સાથે જોડી દીધો ત્યાંસુધી સ્વતંત્ર રહ્યો.

**મેવાડ.** ૩. પ્રથમ મેવાડની રાજ્યધાની ચિતોડમાં હતી. ત્યાંના રાણા અયોધ્યાના સૂર્યવંશી પ્રતાપી રાજા રામના વંશજો છે એમ કહેવાય છે. તેઓ પ્રથમ ગુજરાતમાં વલ્લભીપુરમાં રાજ્ય કરતા હતા. વલ્લભીપુર તૂટ્યા પછી કેટલીક મુદત સુધી તેમણે ઇડરમાં રાજ્ય કર્યું. ત્યાંથી આઠમા સૈકામાં બાપારાવળે ચીતોડ જીતી ત્યાં રાજ્યગાદી કરી. બાપારાવળના વંશજો ઘેલોટી કે સિસોદિયા રજપૂતો કહેવાયછે. પ્રથુરાજ ને શાહબુદ્દીનની લઢાઇમાં સમરસી રાણો ઘેલોટી સૈન્ય લેઈ પ્રથુરાજની મદદે ગયો હતો. આગળ અલ્લાઉદ્દીને ચીતોડ જીતી લીધું. પંદરમા સૈકડામાં મેવાડમાં કુંભોરાણો બહુ પ્રખ્યાત થયો. તે વખતે ગુજરાત ને માળવામાં સ્વતંત્ર મુસલમાન પાદશાહો હતા, તેમણે સંપ કરીને મેવાડ ઉપર ચઢાઈ કરી. તેમાં કુંભારાણાએ માળવાના રાજાને હરાવીને કેદ કર્યો. એ વિજયની નિશાની

દાખલ બધાવેલો કીર્તિસ્તંભ હજુ પણ ચીતોડમાં ઉભો છે. મીરાંબાઇનું નામ ગુજરાતમાં જાણીતુ છે. એ મીરાંબાઇ કુંભારાણાની રાણી હતી. આખા રજપૂતસ્થાનમાં મેવાડના રાણા વધારે કુળવાન ગણાય છે, ને ઘણા વખત સુધી આખા રાજસ્થાનની સરદારી મેવાડના રાણા ભોગવતા હતા. બાબર હિંદમાં આવ્યો ત્યારે કુંભારાણાનો પૌત્ર સંગરાણો રજપૂત રાજ્યોનો અગોવાન હતો.

જોધપુર. ૪. કનોજનું રાઠોડ રાજ્ય તૂટચા પછી ત્યાંના રજપૂતો રાજ્યસ્થાનમાં આવી વસ્યા. તેઓ મંડોરના રાવના આશ્રયમાં રહ્યા હતા. પરંતુ આગળ જતાં તેઓ બળવાન થયા. કુંભારાણાના બાપનો મામો જોધો રાઠોડ હતો. તેણે જોધપુર બાંધીને ત્યાં પોતાની ગાદી કરી. ઈ. સ. ૧૪૫૯. તેમજ એ જોધાના ભાઇ વિકાએ વિકાનેર વસાવી ત્યાં પોતાની રાજ્ય ગાદી કરી. એ જોધાના વંશજો આગળ જતાં દિલ્લીની પાદશાહત સાથે ટક્કર ઝીલી શકે એવા જોરાવર થયા. જ્યારે બાબરે ભરતખંડ જીત્યું ત્યારે જોધાના વંશમાં માલવદેવ રાજા રાજ્ય કરતો હતો.

જેપુર. ૫. જેપુરમાં કછવા જાતના રજપૂતોનું રાજ્ય છે. પહેલાં એ રાજાઓની રાજ્યધાની અંબરમાં હતી; તે અકબરના વખત સુધી ત્યાંજ રહી. એ રાજ્ય પહેલાં કાંઇ ગણતીમાં નહોતુ, પણ અકબર પાદશાહ અંબરના કછવા રાજાની કન્યા વેરે પરણ્યો ત્યારથી એ રાજ્ય પ્રસિદ્ધિમાં આવ્યું.

જેસલમેર. ૬. એ રાજ્યના રાજાઓ ભાટી રજપૂતો છે. તેઓ કૃષ્ણના વંશથી ઉતરેલા ગણાય છે. કાબુલમાં મુસલમાની રાજ્ય થયું ત્યારે ત્યાંથી જાદવો નાસીને સિંધુની આ તરફ આવ્યા ને ઈ. સ. ૭૩૧ માં સિંધુની પાસે તાનોટમાં ગાદી કરી. ત્યાંથી તેમણે ભાવલપુર પાસે આવી ઈ.

સ. ૧૧૫૬ માં જેસલમેર વસાવી ત્યાં રાજ્ય કરવા લાગ્યા. સુલતાન મહમદે ભાટી રાજા ઉપર સ્વારી કરી તેને ખંડીઓ બનાવ્યો હતો, પણ આગળ જલદીજ તે સ્વતંત્ર થયો.

**બુંદી ને કોટા.** ૭. એ ઠેકાણે હાડા રજપૂતો રાજ્ય કરે છે. પ્રથમ તેમની રાજ્યધાની હાડાવતીમાં હતી. ત્યાંથી તેમણે ઈ. સ. ૧૩૪૨ માં બુંદી વસાવી ત્યાં ગાદી કરી. એ રાજા પ્રથમ અજમેરના ખંડીઆ હતા તે અજમેર તૂટયા પછી ચીતોડના રાણાના ખંડીઆ થયા. બાબરના વખતમાં તેઓ બહુ જાહેરમાં નહોતા પણ અકબરના વખતમાં તેઓ પ્રખ્યાતિ પામ્યા. હુમાયુના વખતમાં રણથંભોરનો જબરો કિલ્લો એમને મળ્યો. કોટાનું રાજ્ય તો બુંદીમાંથી છેક અરાડમા સૈકામાં છૂટું પડયું.

**બીજાં રજપૂત રાજ્ય.** ૮. એ સિવાય પારકર ને અમરકોટનાં રજપૂત રાજ્ય મારવાડના રણની પશ્ચિમમાં હોવાથી તેમને મુસલમાનો ઝાઝી ઇજા કરી શકતા નહોતા. શીરોહીનું પરમાર રાજ્ય ગુજરાતની હદ ઉપર હતું, તેથી તેન ઉપર ગુજરાતના પાદશાહ ઉપરી પણાનો દાવો કરતા. ગ્વાલિયર ને ચંદેરીનાં રજપૂત રાજ્યો કોઇ વાર ખંડીઆં ને સ્વતંત્ર થતાં.

**દક્ષિણનાં રજપૂત રાજ્ય.** ૯. વરંગુળનું રજપૂત રાજ્ય જુમાખાંએ દિલ્હીની પાદશાહત સાથે જોડી દીધું હતું, પણ એજ પાદશાહના વખતમાં તે રાજ્ય ફરીને સ્વતંત્ર થયું હતું. એ રાજ્ય આગળ જતાં બ્રાહ્મણી પાદશાહોએ જીતી લીધું, ઈ. સ. ૧૪૨૧. વિજયનગરનું રાજ્ય દક્ષિણમાં સૌથી બળવાન ગણાતું હતું. ત્યાં નરસિંગ કુળના રાજાઓ રાજ્ય કરતા હતા. એ રાજાઓ કોઇના તાબેદાર કે ખંડીઆ નહોતા. તુંગભદ્રા નદીની દક્ષિણનો સઘળો પ્રદેશ તેમના તાબામાં

હતો. ઇ. સ. ૧૫૬૫ માં વિજાપુર, અહમદનગર, ગોવળકોંડા ને બેદરના મુસલમાન પાદશાહોએ પોતાનું એકત્ર સૈન્ય લેઇ વિજયનગરના રામ રાજાને તાલીકોટાના રણસંગ્રામમાં હરાવીને માર્યો ને વિજયનગરનો નાશ કરી એ રાજ્ય વહેંચી લીધું. એ રાજ્યને તાબે ઘણા ખંડીઆ રાજાઓ હતા, તેમની પાસેથી તેમણે ખંડણી લેવી ઠરાવી. એ રાજાઓના વંશજો હજુ પણ છે. તેઓ પોલીગાર કહેવાય છે. રામ રાજાનો, ભાઇ ચંદ્રગીરીમાં રાજ્ય કરવા લાગ્યો. એના વંશજો પાસેથી અંગ્રેજોએ મદ્રાસની જગા વેચાતી લેઇ કિલ્લો બાંધ્યો. એ ચંદ્રગીરી મદ્રાસની વાયવ્ય કોણમાં ૭૦ મૈલ પર હતું.

**ઓઢીઆનાં રાજ્ય.** ૧૦. ઓઢીઆ પ્રાંતમાં પણ નાનાં નાનાં સ્વતંત્ર રજપૂત રાજ્યો હતાં. એ રાજ્યો બાબર આવ્યો ત્યાં સુધી મુસલમાનોને તાબે થયાં નહોતાં. એ રાજ્ય અકબર પાદશાહે જીતીને દિલ્લીની પાદશાહત સાથે જોડી દીધાં.

આ રજપૂત રાજ્યો સિવાય બાબર ભરતખંડમાં આવ્યો ત્યારે ઘણા મુસલમાન સુબાઓ પણ દિલ્લીના પાદશાહથી સ્વતંત્ર પણે રાજ્ય કરતા હતા. તેમાં ગુજરાત, માળવા, ખાનદેશ, બંગાળા ને બ્રાહ્મણી વંશનાં રાજ્યો એ મૂખ્ય હતાં.

**ગુજરાત.** ૧૧. ગુજરાતનું રાજ્ય મુજફ્ફરશાહે છેલ્લા મહમદ તઘલખથી સ્વતંત્ર થઈ ઈ. સ. ૧૩૯૬ માં સ્થાપ્યું. એ પાદશાહના દીકરા અહમદશાહે ઈ. સ. ૧૪૧૨ માં અમદાવાદ વસાવ્યું. એ રાજ્યમાં મહમદ બેગડો જોરાવર પાદશાહ થયો. એણે ચાંપાનેર ને જુનાગઢ એ બે ગઢ જીત્યા ને મહેમદાવાદ વસાવ્યું. બાબર આવ્યો ત્યારે ત્યાં બહાદુરશાહ રાજ્ય કરતો હતો. એણે માળવાનું રાજ્ય જીતી લીધું તથા પોર્તુગીજ લોકો સાથે લઢાઇઓ કરી. એ રાજ્ય અકબર પાદશાહે જીતીને પોતાના રાજ્યમાં મેળવી દીધું.

**માળવા.** ૧૨. માળવામાં દિલાવરખાન ઘોરીએ ઇ. સ. ૧૪૦૧ માં સ્વતંત્ર મુસલમાની રાજ્ય સ્થાપ્યું. એમની રાજ્યધાની ધારામાં હતી. દિલાવરના દીકરા હુસંગ ઘોરીએ માંડુગઢ બંધાવ્યો. એ હુસંગના દીકરા મહમદ ઘોરીના વખતમાં મહમદ ખીલચીએ એ રાજ્ય જીતી લીધું. એ મહમદ ખીલચીએ ગુજરાતના પાદશાહ સાથે ઐક્ય કરી મેવાડ ઉપર હલ્લો કર્યો. પણ કુંભારાણાએ મહમદને હરાવીને કેદ કર્યો ને છ માસ પછી તેને માનસહિત છોડી દીધો. એ મહમદના વંશ પાસેથી ગુજરાતના બહાદુરશાહે માળવાનું રાજ્ય જીતીને ગુજરાત સાથે જોડી દીધું.

**બંગાળા.** ૧૩. બંગાળામાં ઇ. સ. ૧૩૩૯ માં ફકરુદીને સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. એ રાજ્ય બાબર આવ્યો ત્યાં સુધી સ્વતંત્ર હતું. બાબરના દીકરા હુમાયુના વખતમાં ફકરૂદીનના વંશજો પાસેથી શેરખાંએ તે જીત્યું. તેના વંશજ દાઉદ પાસેથી અકબરે જીતીને એ રાજ્યની આખર આણી.

**ખાનદેશ.** ૧૪. ફીરોજુદ્દીન તઘલખના સુબા મલેક ફુરકીએ ફીરોજના મુઆ પછી ખાનદેશમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. ઇ. સ. ૧૩૮૯. તેણે આસપાસનાં હિંદુ રાજ્યો જીતી લીધાં. તોપણ તેણે પોતાની હિંદુ પ્રજાને દુઃખ દીધું નહિ. તેણે ખેતીને તથા વેપારને ઉત્તેજન આપ્યું. એ પાદશાહ ઇ. સ. ૧૩૯૯ માં મુઆથી મલેક નસીર પાદશાહ થયો, તેણે દગાથી આસીરગઢનું હિંદુ રાજ્ય જીત્યું તથા બુરાનપુર વસાવી ત્યાં રાજ્યધાની કરી. એ રાજ્ય ગુજરાતના પાદશાહોએ જીતીને ખંડીયું બનાવ્યું. આગળ અહમદનગરના બ્રાહ્મણી રાજાઓએ ખાનદેશ જીતીને એ રાજ્યની આખર આણી, પણ છેવટે તેમની પાસેથી અકબરે જીતીને તે દિલ્લીના રાજ્ય સાથે જોડી દીધું.

બ્રાહ્મણી રાજ્ય. ૧૫. ઇ. સ ૧૩૪૭ માં જાફરખાં હસન ગંગુએ બ્રાહ્મણી નામ ધારણ કરી એ રાજ્યસ્થાપ્યાની વાત પાછળ આવી ગઈ છે. એની રાજ્યધાની ગુલબર્ગમાં હતી. એના વંશમાં એ રાજ્ય સુમારે ૧૭૫ વરસ ચાલ્યું. છેલ્લા પાદશાહ નબળા થયા તેમના વખતમાં એ રાજ્યના સુબા જુદા જુદા ભાગ પચાવી પડી સ્વતંત્ર પણે રાજ્ય કરવા લાગ્યા. એ રાજ્યમાંથી પાંચ સ્વતંત્ર રાજ્યો થયાં. ૧ ઇમાદશાહી, ૨ આદિલશાહી, ૩ નિજામશાહી, ૪ કુતુબશાહી ને ૫ બરીદશાહી. ઇમાદુલમુલ્કે ગાવિલગઢમાં ઈ. સ. ૧૪૮૪ માં, આદિલશાહે વિજાપુરમાં ૧૪૮૯ માં, નીજામશાહે અહમદનગરમાં ૧૪૯૦ માં, કુતુબકુલ્લીએ ગોવળકોંડામાં ૧૫૧૨ માં ને બરીદશાહે બેદરમાં ઈ. સ. ૧૫૨૬ માં અનુક્રમે પાંચે રાજ્યો સ્થાપ્યાં. તેમાં છેલ્લું રાજ્ય સ્થાપનાર બરીદશાહ છેલ્લા બ્રાહ્મણી પાદશાહનો વજીર હતો.

## પ્રકરણ ૬ ઠું.

### મોગલ રાજ્ય થયું ત્યારે ભરતખંડની સ્થિતિ.

**પઠાણ પાદશાહોના જુલમ.** ૧. બાબરે ભરતખંડ જીત્યું ત્યારે પઠાણ રાજ્યોને આ દેશમાં રાજ્ય કરવાને (ઇ. સ. ૧૨૦૬ થી ઇ. સ. ૧૫૨૬) ૩૨૦ વરસ થયાં હતાં. એ મુદતમાં ઘણાં પઠાણો આ દેશમાં ઘરબાર કરીને રહ્યા હતા. આ પઠાણ પાદશાહોમાં હિંદુ મુસલમાનને સરખા ગણી રૈયતને સુખ આપ્યું હોય એવો પાદશાહ તો કોઈ ભાગ્યેજ થયો હશે. અલાઉદ્દીન ખુનીએ જે ઘોર કર્મો કર્યા તે નહિ ભૂલાય એવાં હતાં. તેથી ગુજરાતમાં તે આજ પણ "અલાદીયા ખુની" ને નામે મશહુર છે. જુમાખાંએ તો

ક્રૂર કર્મો કરવામાં અલાઉદ્દીનને પણ વટાવ્યો હતો. સિકંદર લોદીએ પણ ધર્માંધપણાથી હિંદુઓનાં દેવળો તોડીને, નદી સ્નાન કરવાની બંધી કરીને હિંદુઓ ઉપર જુલમ કર્યો હતો. એ સિવાયના પાદશાહો પણ બહુધા જુલમી, ક્રૂર ને ધર્માંધ હતા. તેમણે હિંદુઓને પીડી, લૂટી, તથા ઘણાને જુલમથી વટાળીને મુસલમાન કર્યા. અલાઉદ્દીને ગુજરાતમાં એકજ વખતે સવામણ જનોઇ ઉતરે એટલા બ્રાહ્મણોને મુસલમાન કર્યા હતા, એમ કહેવાય છે. મેમણ, વહોરા, ઘાંચી ઇત્યાદિ જાતના મુસલમાન વિશેષે આ જુલમી પાદશાહોના વારામાં હિંદુમાંથી વટાળીને મુસલમાન કર્યા હતા.

**પઠાણ પાદશાહના જુલમનું પરિણામ.** ૨. એ પ્રમાણે મુસલમાનોએ હિંદુઓને જુલમથી માર્યા, વટાળ્યા, ગુલામ કર્યા, તેમનાં દેવળો તોડ્યાં, મૂર્તિઓ ભાગી, તેમની ધર્મક્રિયાઓ અટકાવી, તેમને રાજ્યમાં મોટા હોદ્દા નહિ આપતાં તેમના ઉપર જાત્રાવેરો ને માથાવેરો નાંખ્યો, તોપણ ભરતખંડમાંથી આર્ય ધર્મ નાશ પામ્યો નહિ. વળી પ્રાચીનકાળથી ચાલતો આવેલો ગ્રામ્ય પંચાયત વહિવટ દરેક ગામમાં ચાલુ રહ્યાથી તેઓ ગ્રામ્ય સ્વતંત્રતા સાચવી શક્યા. પરંતુ આ પઠાણ રાજ્ય પીડાના સમયમાં આર્ય વિદ્યાનો વધારો ન થતાં જે હતું તેમાંથી પણ તેઓ ગુમાવતા ચાલ્યા.

**પઠાણ પાદશાહોનાં સારાં કામ.** ૩. પઠાણ પાદશાહોમાં કુતુબુદ્દીન, ગ્યાસુદ્દીન ને ફીરોજુદ્દીન એ સારાં પાદશાહ થયા. તેઓ ન્યાયી, ધર્મી, ભલા ને સદ્‌ગુણી હતા. તેમણે લોકોપયોગી કામો કર્યાં હતાં તથા નિર્દય શિક્ષા બંધ પાડી હતી. પરંતુ તેમનાં લોકોપયોગી કામોમાંનાં ઘણાં ખરાં

મુસલમાન પ્રજાને માટે હતાં. હિંદુ પ્રજાને એ કામોથી લાભ થોડોજ થતો. ધર્મશાળા, હમામખાનાં, નિશાળો ઇત્યાદિ માત્ર મુસલમાનોનાજ ઉપયોગમાં આવતાં. તોપણ એટલું તો ખરૂં કે એવા સારા પાદશાહોના વખતમાં તેમને હાથે હિંદુ પ્રજા થોડી પીડા પામતી. તેમના સુબાઓ તેમના જેવીજ વૃત્તિના નં હોવાથી તેઓ હિંદુઓને હેરાન કરતા. તેથી હિંદુ રાજારાણા એ પાદશાહોના સમયમાં પણ ભાગ્યેજ જંપીને બેસતા. જ્યારે લાગ આવતો ત્યારે બળવો કરતા ને ઘણીવાર તો દિલ્લી સુધી ચઢી જઈ પઠાણ રાજ્ય લૂટતા. દક્ષિણના બ્રાહ્મણી રાજાઓ દિલ્લીના પાદશાહો કરતાં વધારે સારા હતા. તેમનો ઘણો ભાગ પોતાની સર્વ પ્રજાને રાજી રાખી ન્યાયથી ચાલનારો હતો. તેઓ રાજ્યનો બંદોબસ્ત રાખી રૈયતના જાન માલનું રક્ષણ કરતા ને ધર્મભેદ થોડો રાખતા. તેથી તેમની હિંદુ પ્રજા સંતોષથી રહેતી.

**હિંદુ ધર્મ.** ૪. બાબરે હિંદ જીત્યું ત્યારે બૌદ્ધ ધર્મી ભરતખંડમાં બીલકુલ નહોતા ને જૈનધર્મનું જોર પડી ભાગ્યું હતું. તે સમયે શંકરાચાર્યે ચલાવેલા શૈવમાર્ગનું જોર વધારે હતું; તેથી સઘળા રાજા રાણા એ પંથમાં ભળ્યા હતા. પાછળથી વિષ્ણુ પંથ ફેલાયો. એ પંથ ઇ. સ. ના બારમા સૈકામાં રામાનુજ સ્વામીએ દક્ષિણમાં ચલાવ્યો. તેમણે પ્રથમ મૈસૂરના વિષ્ણુવર્ધમાન નામે શ્રાવક રાજાને વૈષ્ણવ ધર્મમાં આણ્યો. એ સ્વામી સમાધિસ્ત થયા ત્યારે એમના પંથના ૭૦૦ મઠ હતા. એમની ગાદીએ પાંચમા આચાર્ય રામાનંદ સ્વામી થયા. તેમણે પોતાની ગાદી કાશીમાં કરી તથા ઉત્તર ભરતખંડમાં એ ધર્મ ઘણો ફેલાવ્યો. એ રામાનંદ સ્વામીનો શિષ્ય કબીર હતો. કબીરનાં પદો ઘણા લોકો હજુ પણ ભાવથી ગાય છે. શુક્લતિર્થ પાસે નર્મદાને કાંઠે

કબીરના નામથી જાણીતો વિશાળ વડ હજુ સુધી છે. સોળમા સૈકામાં વિષ્ણુમાર્ગની પડતી થતી જોઈ તૈલંગણમાં જન્મેલા વલ્લભસ્વામીએ એ પંથમાં થોડો ફેરફાર કરી એજ સૈકામાં કૃષ્ણની ભકિતનો પુષ્ટી માર્ગ ચલાવ્યો. આજે વાણીઆ, ભાટીઆ, લુવાણા વગેરે ઘણા લોક એ પંથમાં છે. ઉત્તર ભરતખંડમાં એ ધર્મનું જોર વિશેષ છે.

**સામાન્ય ધર્મ.** ૫. પઠાણ રાજ્યોના વારામાં મુસલમાનો તરફથી આર્ય પ્રજા વારંવાર પીડાતી જોઇને તથા એ બંને ધર્મવાળા માંહો માંહે ધર્મ યુદ્ધ કરતા જોઈ, એ બંને પ્રજા વચ્ચે ઐક્ય થાય ને ધર્મ યુદ્ધ અટકે તે સારૂ કેટલાક આર્ય આચાર્યોએ એ બંને ધર્મનાં થોડાં થોડાં મૂળતત્વો લેઇ નવા પંથ ઉભા કર્યા. એમ કરવાથી બંને પ્રજા વચ્ચે ધર્મ ટંટા થતા અટકશે એમ તેમણે ધાર્યું. તેમાં પહેલો પંદરમા સૈકાને આરંભે કબીર થયો. તથા બીજો એજ સૈકાના પાછલાં ભાગમાં કબીરનો શિષ્ય નાનક થયો. એ બંને પંથના ઘણા લોક આજ પણ છે. નાનકનો ધર્મ માનનારા શીખ કહેવાય છે. તેમની વસ્તી પંજાબમાં ઘણી છે. શીખ આચાર્યનું મથક અમૃતસરમાં છે. નાનકે ને કબીરે જે ઇચ્છાથી એ પંથો ઉભા કર્યા હતા, તે ઇચ્છા ઘણું કરીને પાર પડી નહિ.

**વેપાર રોજગાર.** ૬. ધર્મની બાબતમાં ભરતખંડની પ્રજા મતભેદથી જુદી પડી ગઇ હતી, તેમ વેપારરોજગારમાં પણ તેઓ પહેલાંના જેવા આગળ પડતા ને ચડીઆતા નહોતા. ચીન, જાવા, વગેરે તરફનો ને જમીન માર્ગનો વેપાર પ્રથમ કરતાં ઘણો પડી ભાગ્યો હતો. તેઓ પૂર્વના દેશોમાં પ્રથમની માફક વેપારાર્થે જતાં બંધ પડયા હતા. પણ તે ખોટ પશ્ચિમનાં બંદર માર્ગે ચાલતા વેપારમાં વધારો થ-

વાથી પુરાઇ હતી. મુસલમાન પાદશાહોની નબળાઇના વખતમાં પરાયાં લશ્કર આ દેશની પ્રજાને લૂટતાં, તોપણ તેઓ આ દેશમાં રહેતા હતા, તેથી તેમનો ધનસંગ્રહ આ દેશમાંજ વપરાતો હતો. એટલે વાસ્તવિક રીતે દેશમાં ધનની ખૂટ પડતી નહિ. તેમજ પાદશાહો ને ઉમરાવો સારી સારી ઉંચા પ્રકારની કારીગરીનો માલ ખરીદ કરતા ને કરાવતા તથા મોટાં મોટાં મકાનો બંધાવતા, તેથી આ દેશનાં વિદ્યા હુન્નરને પરોક્ષ રીતે ઉત્તેજન મળતું. મુસલમાનોના જુલમથી હિંદુઓ વટલવાની દેહેશતે પરદેશ જતા અટક્યા, જાતિબંધન મજબુત થયું ને તેમનામાં ઓઝલ પડદાની નવી રીત દાખલ થઇ.

**યુરોપ સાથે વેપાર.** ૭. પ્રથમ આ દેશનો માલ સિરિઆ ને મીસર તરફથી ગ્રીસ ને વેનીસના વેપારીઓ યુરોપમાં લેઈ જઈ વેચતા; તેથી તે બહુ મોઘો પડતો. પંદરમા સૈકાની આખરે યુરોપના પોર્તુગીજ ને સ્પાનિયર્ડ લોકો આ દેશમાં વેપારાર્થે આવવા માટેનો જળમાર્ગ ખોળવા લાગ્યા. બંને દેશના રાજાઓ સારા સારા વહાણવટીઓને પૈસાની ને વહાણની મદદ આપી એ માર્ગ ખોળવાને મોકલવા લાગ્યા. સ્પેનના રાજાએ ઇટાલીના જીનોઆ બંદરના વહાણવટી કોલંબસને એ માર્ગ શોધવાને મોકલ્યો. તેણે ઈ. સ. ૧૪૯૨ માં અમેરિકાખંડ શોધી કાઢ્યો. એટલે સ્પાનિયર્ડ લોક તે તરફ વસાયત કરવામાં ને વેપારમાં રોકાયા. પોર્તુગીજોએ વાસ્કોડીગામા નામે સરદારને વહાણ આપી મોકલ્યો, તે કેપઓવગુડ હોપની પ્રદક્ષિણા કરીને હિંદુસ્તાનની દક્ષિણમાં મલબાર કાંઠે કાલિકોટ બંદરમાં ઈ. સ. ૧૪૯૮. માં આવ્યો. ત્યાંથી માલ ખરીદ કરી યુરોપમાં લેઈ ગયો. એ પ્રમાણે પોર્તુગીજ જેઓ ફિરંગીને નામે જાણીતા હતા તે લોકો આ

દેશ સાથે વેપાર કરતા તથા નફો મેળવતા જોઇને આગળ જતાં વલંદા, અંગ્રેજ ને ફ્રેંચ લોક પણ આ દેશમાં વેપારાર્થે આવ્યા. એ વાત આગળ આવશે. આ પ્રમાણે જેમ જેમ ભરતખંડના માલની ખ્યાતિ ને ખપત વધતી ગઈ તેમ તેમ ભરતખંડી કારીગરો પોતાની કારીગરી ઉત્તમ પ્રકારની બનાવી ભરતખંડના હુન્નર પ્રદિપ્ત કરતા ગયા.

---

# મોગલ રાજ્ય.

## પ્રકરણ ૧ લું.

"। ૨.

૧. બાબર એ તૈમુરથી છઠ્ઠો પુરૂષ હતો. એ તુર્કી જાતનો હતો, પણ એની મા મોગલાણી હતી. ભરતખંડના ઇતિહાસમાં બાબરના વંશજોનું નામ મોગલ પડ્યાથી તથા તે તેમણે કાબુલ રાખ્યાથી એના રાજ્યને મોગલ રાજ્ય કહે છે. બાબરના બાપનું રાજ્ય તુર્કસ્તાનના ફર્ગાન (ખોકાન) પ્રાંતમાં હતું. એનો જન્મ ઇ. સ. ૧૪૮૨ માં થયો હતો. એ બાર વરસની બાળ વયે એના બાપની ગાદીએ બેઠો. એની રાજ્યધાની સમરકંદમાં હતી. ત્યાં એની બાળવયને લીધે એના પિતરાઇઓ સામા ઉઠ્યા ને ઉઝબેગ લોકો તેમાં સામેલ થયા. બાબરે ત્રણ વાર સમરકંદ જીત્યું ને ત્રણ વાર ગુમાવ્યું. અંતે ઇ. સ. ૧૫૦૪ માં તે કાબુલમાં રાજ્ય કરવા લાગ્યો. સૈયદ પાદશાહોના વખતમાં દિલ્હીની પાદશાહત પડી ભાગી હતી, તે લોદી પાદશાહો બરાબર સુધારી શક્યા નહોતા. દિલ્હી ને આગ્રા સિવાય બીજા પ્રાંતો તેમના તાબામાં નહોતા. એ સમયે દિલ્હીથી ઘણા પ્રાંતોના હાકેમો સ્વતંત્ર થઇ ગયા હતા. ભરતખંડી રાજ્યોની આવી ફાટફુટનો લાભ

લેવાને બાબર ઇ. સ. ૧૫૧૯ માં પંજાબ ઉપર આવ્યો ને તે તેણે તાબે કર્યો. સાત વરસ પછી તેણે ઇબ્રાહિમ લોદી પાસેથી દિલ્હીને આગ્રા પણ જીતી લીધાં. એ રીતે બાબર દિલ્હીની પાદશાહતનો ધણી થયો; એ વખતે રાજ્યધાની આગ્રામાં હતી.

**રાણાસંગની સ્વારી.** ૨. તે સમયે રજપૂતસ્થાનમાં સર્વોપરી રાણો સંગ હતો. આસપાસનાં સર્વ રજપૂત રાજ્યો એની આજ્ઞામાં હતાં. તેણે એક વાર ઇબ્રાહિમ લોદીને હરાવ્યો હતો તથા પોતાના રાજ્યની હદ વધારી હતી. વળી તેણે રણથંભોરનો મજબુત કિલ્લો જીતી લીધો હતો. તે દિલ્હીનું રાજ્ય જીતીને રજપૂત રાજ્યની પુનઃસ્થાપના કરવાની તૈયારી કરતો હતો, એવામાં બાબર આવ્યો. સંગે તેના ઉપર ચઢવાની તૈયારી કરી. બાબર મોગલ હોવાથી તથા એણે પઠાણ રાજ્ય જીત્યાથી પઠાણ રાજ્યના વંશજો પણ બાબર સામા ઉઠ્યા. તેમાંના ઘણાખરા સંગરાણાને મળી ગયા. ઇબ્રાહિમ લોદીનો છોકરો તો સંગને આશ્રયેજ હતો. મેવાતનો રાજા હસનખાન પોતાનું લશ્કર લેઈ સંગને આવી મળ્યો, જોધપુર, જેપુર, ડુંગરપુર, બુંદી, ઝાલોર, ચંદેરી, રાયસેન વગેરે ઠેકાણાના રજપૂત રાજાઓ પણ પોત પોતાનું સૈન્ય લઇ સંગની સહાયે આવ્યા. એ પ્રમાણે એક જોરાવર લશ્કર લેઈ સંગરાણો આગ્રા ઉપર ચઢ્યો.

**સંગની હાર.** ૩. સંગની સ્વારીની વાત સાંભળી બાબર પણ પોતાનું લશ્કર લેઇ સામો આવ્યો, એના લશ્કરના આગલા ભાગને રજપૂતોએ કાપી નાખ્યાથી બાબર મોરચા બાંધી છાવણી નાંખી પડ્યો. પંદર દિવસ સંધી કરવામાં રોકાયા. તેમાં બાબરે સંગને દરવરસે ખંડણી આપવાની કબુલ કરી. પણ એ સંધીનું નહિ આવ્યાથી બંને લશ્કરો લઢવાને તૈયાર થયાં. બાબરે

દારૂ પીવાની પ્રતિજ્ઞા લેઇને તથા અસરકારક ભાષણ કરીને પોતાના લશ્કરને હીમત આપી. ફતેહપુર સીક્રી આગળ ઇ. સ. ૧૫૨૭ માં લઢાઇ થઇ. એ વખતે મુસલમાનો હારવાની તૈયારીમાં હતા, અને રજપૂતો જુસ્સાભેર મુસલમાનો ઉપર તૂટી પડ્યા હતા, તેવામાં રાયસેનનો તુવાર રાજા શિલાદિત્ય જે બાબર સાથે પ્રથમ સંધી કરવામાં રોકાયો હતો ને જે રજપૂત લશ્કરની હરોલમાં હતો તે દગો કરી બાબરને મળી ગયો. હરોલનો ભાગ ફૂટ્યાથી રજપૂતો ગભરાયા ને તેમના લશ્કરમાં ભંગાણ પડ્યું. એથી મુસલમાનોએ જોરપર આવી મારો ચલાવ્યો ને રજપૂત સૈન્ય તારાજ કરી નાંખ્યું. સંગ પણ ઘાયલ થયો ને મુશ્કેલીથી નાસી છૂટ્યો. આ હારની દીલગીરીમાં તે થોડીજ મુદતમાં મરણ પામ્યો. એ સંગ એક હાથે ઠુંઠો, એક આંખે કાણો ને એક પગે લંગડો હતો. તથા એના શરીર ઉપર ૮૦ જખમો તો ગણી શકાતા હતા.

**બીજા મુલક જીતવા.** ૪. સંગ જેવા બળવાન શત્રુને જીત્યાથી બાબરને પોતાનું રાજ્ય મજબુત કરવામાં કોઇ આડે આવનાર રહ્યું નહિ, તેથી તેણે જીતેલા રાજ્યનો પાકો બંદોબસ્ત કરી ચંદેરીના રાજા મેદનીરાય ઉપર ચઢાઇ કરી. એ રાજા બહાદુરીથી લઢ્યો ને કેસરીઆં કરી મરણ પામ્યો. (ઇ. સ. ૧૫૨૮) એટલે એ રાજ્ય બાબરને હાથ આવ્યું. બાબરના પાટવી કુંવર હુમાયુએ જુવાનપુર સુધીનો દેશ તાબે કર્યો. બાબરે ગ્વાલિયર ને ગોહદ (ધોળપુર)નાં રાજ્ય પણ જીત્યાં. વળી તેણે બહાર પ્રાંત કબજે કરી બંગાળાના સ્વતંત્ર રાજાને વશ કર્યો.

**બાબરનું મરણ.** ૫. એવામાં તે માંદો પડીને ૪૮ વરસની ઉમરે મરણ પામ્યો. ઈ. સ. ૧૫૩૦. એનું મુડદું

એની ઇચ્છા પ્રમાણે કાબુલમાં લેઈ જઇને દાટયું. એના મરણ વખતે કાબુલથી બહાર સુધીનો મુલક એના તાબામાં હતો.

**બાબરના ગુણ ૬.** બાબરે પોતાનું જન્મ ચરિત્ર પોતાને હાથે તુર્કી ભાષામાં લખેલું છે. તે ઉપરથી જણાય છે કે એ બાર વરસની બાળ વયે ગાદીએ બેઠો ત્યારથી મરતા સુધી એનું આયુષ્ય લડાઇઓ લડવામાં ગયું છે. અને પ્રસંગોપાત કોઈ કોઈવાર કઠોરતા કરવી પડી હતી, તે છતાં તેનો મૂળ સ્વભાવ નિર્દય નહોતો. તે પોતે વિદ્વાન હોઈને ફારસી તથા તુર્કી ભાષામાં કાવ્ય બનાવતો હતો. વળી અવકાશના સમયમાં રસ્તા બંધાવવા, ઝાડો રોપાવવાં, કુવા, તળાવ ખોદાવવાં તથા પાણીના નળ બંધાવવા તરફ તે હમેશા લક્ષ આપતો.

---

## પ્રકરણ ૨ જું.

### હુમાયુ.

**મોગલાઇના ભાગ. ૧.** બાબરને ચાર દાકરા હતા. હુમાયુ, કામરાન, હિંદાલ ને મીરજાઅસ્કરી. તેમાં કાબુલ તથા કંદહાર કામરાનને, બહારપ્રાંત હિંદાલને, અને મેવાત પ્રાંત મીરજાઅસ્કરીને આપીને બાકીનું આગ્રા ને દિલ્લીનું રાજ્ય હુમાયુ કરવા લાગ્યો. ઈ. સ. ૧૫૩૦. હુમાયુંએ મોટા મનથી રાજ્યના ભાગ પાડી પોતાના ભાઇઓને તે વહેંચી આપ્યું, પણ તેથી મોગલાઈ બળના કડકા થતાં તે નબળું પડ્યું. પઠાણ રાજ્ય ગયાને માત્ર ચારજ વરસ થયાં હતાં, તેથી હજુ તેમનું બળ તૂટયું નહોતું. વળી તેઓ મોગલોને અંતઃકરણથી ધિક્કારતા હતા તેથી તેને માત્ર પોતાનાજ લશ્કર ઉપર આધાર રાખવાનો હતો, પરંતુ લશ્કરમાં ભરતી કરવાનું ક્ષેત્ર માત્ર કાબુલ હતુ, તે કામરાનને આપ્યાથી બંધ થયું.

**અફઘાનોના બળવા.** ૨. હુમાયુ ગાદીએ બેઠો કે જુવાનપુરના અફઘાનોએ બળવો કર્યો. હુમાયુએ તે સમાવ્યો. એવામાં શેરખાં નામે પઠાણે ચુનારગઢનો કિલ્લો લેઈ લીધો, હુમાયુએ ત્યાં જઈ ચુનારગઢ જીત્યો ને શેરખાંને વશ કર્યો.

**ગુજરાતના બહાદુરશાહ ઉપર ચઢાઇ.** ૩ ગુજરાતનો પાદશાહ બહાદુરશાહ હતો. તેણે માળવાનું રાજ્ય જીતીને ખાનદેશ, વરાડ ને અહમદનગરના રાજાઓ તાબે કર્યા હતા. વળી તેણે ફિરંગીઓ સાથે યુદ્ધ કરીને વિજય મેળવ્યો હતો. એણે હુમાયુના એક બંડખોર સાળાને આશ્રય આપ્યો હતો. તેને તે હુમાયુને સ્વાધીન કરતો નહોતો. વળી તેણે પાછલા લોદી પાદશાહના વંશજ અલાઉદ્દીન લોદીને લશ્કર તથા નાણાની મદદ આપી દિલ્લીનું રાજ્ય જીતવાને મોકલ્યો હતો, તથા પોતે લશ્કર લેઈ ચીતોડ ઉપર ચઢ્યો. સંગના મુઆ પછી રજપુતો નબળા પડી ગયા હતા, તેથી સંગના પુત્રને નસાડી તેણે ચીતોડ જીતી લીધું. બહાદુરશાહ ચીતોડ ઉપર ચઢ્યો ત્યારે સંગની સ્ત્રી કરણાવતિએ હુમાયુને ભાઈ તુલ્ય ગણી રક્ષા મોકલીને પોતાના કુંવરની મદદે બોલાવ્યો. એ કરણાવતિનો સ્વામી સંગ જો કે બાબર સામો લઢ્યો હતો તોપણ હુમાયુંએ મોટા મનથી કરણાવતિની રક્ષા બાંધી, તેને પોતાની બેહેન પ્રમાણે ગણી, તેના કુંવરની મદદે આવવા નીકળ્યો. એ વખતે હુમાયુ બંગાળામાં હતો ને શેરખાંને હરાવી ત્યાં પોતાનો અમલ બેસાડતો હતો, તેવામાં અલાઉદ્દીન લોદી આગ્રા ઉપર આવવા તથા બહાદુર ચીતોડ ઉપર ચઢવાના સમાચાર મળ્યા. તેથી તે તાબડતોબ આગ્રે આવ્યો ને અલાઉદ્દીનને હરાવી ચીતોડ આવવા નીકળ્યો. ઈ. સ. ૧૫૩૩.

**હુમાયુએ ગુજરાત જીત્યું.** ૪. હુમાયુ આવ્યો

ત્યારે બહાદુર ચીતોડ જીતીને મંદેસરમાં છાવણી નાંખી પડેલો હતો. તેથી હુમાયુ માંડુગઢ જીતીને મંદેસર આવ્યો. ત્યાં બહાદુરની છાવણીમાં અન્ન પાણીનો તોટો પડવાથી તે નાસીને ચાંપાનેર થઈ ખંભાત ગયો ને ત્યાંથી દીવ ગયો. હુમાયુ તેની પાછળ પડયો ને ચાંપાનેર જીતીને આખો ગુજરાત પ્રાંત તેણે વશ કર્યો. ઈ. સ. ૧૫૩૪.

**બંગાળા ઉપર ફરી સ્વારી.** ૫. હુમાયુ ગુજરાતમાં હતો તેવામાં શેરખાંએ ફરીને બળવો કરી બંગાળા જીત્યું. આવા સમાચાર મળવાથી મીરઝાઅસ્કરીને ગુજરાતનો સુબો ઠરાવી હુમાયુ બંગાળા ઉપર જવા નીકળ્યો. હુમાયુ ગયાથી બહાદુરે ફરી ગુજરાતને પાછું જીતી લીધું. ઈ. સ. ૧૫૩૬.

**હુમાયુની હાર.** ૬. હુમાયુ આગ્રે થઇ બંગાળે ગયો ને ચુનારગઢ જીતી ગૌડ (ઢાકા) સુધીનો મુલક તેણે તાબે કર્યો, પણ વર્ષાકાળ આવ્યાથી લઢાઇ બંધ પડી. એવામાં એની ફોજ એને છોડીને જવા લાગી, એનો ભાઇ હિંદાલ પોતાની સુબાગીરી ઉપરથી જતો રહ્યો તથા શેરખાંએ કનોજ સુધીનો મુલક જીત્યો. આવા સમાચાર મળ્યાથી તે આગ્રે આવવા નીકળ્યો. રસ્તામાં મોંગીર આગળ શત્રુની ફોજે એને હરાવ્યો. શેરખાંએ બક્સર આગળ એના ઉપર છાપો માર્યો. તેમાં એનું લશ્કર નાશ પામ્યું. તે એકલો મહા મુશ્કેલીથી બચીને આગ્રે પહોંચ્યો અને એની રાણી શત્રુને હાથ પકડાઇ (ઈ. સ. ૧૫૩૯). પણ શેરખાંએ તેને માનભેર આગ્રે મોકલી દીધી. તે પછી એણે પાદશાહપદ ધારણ કર્યું.

**હુમાયુની છેલ્લી હાર ને નાસવું.** ૭. થોડી મુદ્દત માં હુમાયુ, કામરાન ને હિંદાલ ત્રણે ભાઇએ દિલ્લીમાં એક-

દા થઇ એકમતથી લઢાઇની તૈયારી કરી લશ્કર જમાવી ઈ. સ. ૧૫૪૦ માં હુમાયુ શેરખાં સાથે લઢવાને ચાલ્યો. કનોજ આગળ બંનેના લશ્કર સામસામે થયાં. હુમાયુએ એ લઢાઇમાં સજાડ હાર ખાધી તેથી તે નાસી ગયો. ત્યાંથી તે દિલ્લી થઈ લાહોર ગયો. પણ કામરાન તેને મદદ કરે એમ નહિ જણાયાથી તથા પંજાબ પ્રાંત કામરાને શેરખાંને આપી દીધાથી તે સિંધ જીતવાને ગયો. ત્યાં દોઢ વર્ષ મથ્યો પણ તે નહિ જીતાયાથી જોધપુરના રાજાનો આશ્રય મેળવવાને ગયો. ત્યાં પણ મદદ નહિ મળવાથી તે અમરકોટ ગયો. અહીં તેની રાણી હમીદાએ મહાન અકબરને જન્મ આપ્યો. ઈ. સ. ૧૫૪૨.

**હુમાયુનું ઇરાન જવું.** ૮. અમરકોટના સોડા રાજા રાણાપ્રસાદે એને પંદર હજાર ફોજ મદદમાં આપી. તે લઇ હુમાયુ ઉપલો સિંધ જીતવાને નીકળ્યો. પણ તે જીતી શકયો નહિ, ને મહામુશ્કેલીથી ચાલીસ-પચાસ આદમીની સાથે તે કંદહારને માર્ગે ઇરાન ગયો. ૧૫૪૩; તે વખતે મીરજાઅશ્કરી કંદહારમાં અધિકારી હતો. તેનો ઇરાદો હુમાયુને પકડવાનો હતો, પણ તેમ બની શક્યું નહિ. માત્ર તેની રાણી હમીદા ને બાળકુંવર અકબર તેના તાબામાં આવ્યાં, તેમને એણે કેદ કર્યાં.

## પ્રકરણ ૨ જું.

### પુનઃપઠાણ રાજ્ય.

#### સુરકૂળના પાદશાહ.

**શેરખાં.** ૧. શેરખાંનો દાદો પેશાવર નજીક રહેતો હતો. ત્યાંથી તે બહલોલ લોદીના વખતમાં ચાકરી ખોળવાને દિલ્હી આવ્યો. તેના દીકરાને બંગાળાના સુબાએ ૫૦૦

સ્વારોની સરદારી ને જાગીર આપી. શેરખાંનું મૂળ નામ ફરીદ હતું ને તે સૂરફૂળનો પઠાણ હતો. બહાર પ્રાંતનો સુબો ઇબ્રાહિમ લોદીના વખતમાં સ્વતંત્ર થયો હતો તેને ત્યાં ફરીદ નોકર રહ્યો. તે તેના સ્વામી સાથે એક વખત શિકારે ગયો હતો ત્યાં તેણે એક વાઘને એકજ ઝટકાથી મારી નાંખ્યો; તેથી તેના સ્વામીએ તેને શેરખાંનો ઇલકાબ આપ્યો, ને ત્યારથી તે તેજ નામથી ઓળખાયો. એણે પોતાની હોંશીઆરી, ચતુરાઇ, બહાદુરી ને લઢાઇમાં કુશળતા બતાવી પઠાણ બળ એકત્ર કરી મોગલોને હરાવ્યા ને પોતે રાજ્યનો ધણી થયો.

**શેરખાંની જોધપુર ઉપર સ્વારી.** ૨. ઈ. સ. ૧૫૪૦માં ગાદીએ બેઠા પછી એણે માળવા પ્રાંત જીત્યો ને ત્યાંથી તે ઈ. સ. ૧૫૪૨ માં જોધપુરના રાજા માલદેવ ઉપર ચઢયો. ત્યાં ઘણા દિવસ સુધી લઢાઈ ચાલી પણ તેનો જય થયો નહિ. ત્યારે તેણે રાઠોડોના એક મોટા સરદારને ફોડવાની યુક્તિ કરી. તેણે તે રાઠોડ સરદારના નામથી પત્ર લખીને માલદેવના હાથમાં જાય એવી રીતે મોકલ્યો. તેમાં તે સરદારે ફૂટવાનું કબુલ કર્યાથી તેને જોધપુરની જાગીર આપવાની શેરખાંએ કબુલ કરી હતી. આ કાગળ માલદેવના હાથમાં આવ્યાથી તેણે તે કાગળ તે સરદારને બોલાવીને વંચાવ્યો. ત્યારે તેણે કહ્યું કે શેરખાંએ મારી નીમકહલાલી ને સ્વામીભક્તિને બટ્ટો લગાડવાને આ દગો કર્યો છે, પણ હું તેને તેની ખાતરી કરી આપીશ. એમ કહી તેણે માત્ર પોતાનાજ લશ્કરવડે શેરખાંના અસાવધ લશ્કર ઉપર એકદમ છાપો માર્યો ને તેને નસાડયો. આખું રાઠોડ સૈન્ય એ જોઇ શેરખાંના લશ્કર ઉપર તૂટી પડયું, તેથી તે હારીને પાછો ગયો.

**શેરખાંનું મરણ.** ૩. બીજે વર્ષે તેણે રાયસેનના કિલ્લા ઉપર ઘેરો ઘાલ્યો. ઘેરાયલા લશ્કરે બહાદુરી બતાવ્યાથી તેમને અભયવચન આપી કિલ્લો સર કર્યો ને કિલ્લેદારોને દગો કરી કાપી નાંખ્યા. ત્યાંથી તે કલિંજર ઉપર ચઢયો. ત્યાં એનું દારૂખાનું સળગી ઉઠયાથી તે દાઝયો ને મરણ પામ્યો. ઈ. સ. ૧૫૪૫.

**શેરખાંની રાજ્યનીતિ.** ૪. એ પાદશાહ બહુ ડાહ્યો ને પરાક્રમી હતો. એણે બીજા પઠાણ પાદશાહોની પેઠે એની હિંદુ પ્રજાને દુઃખ નહિ દેતાં તેને શાંત ને આબાદ કરી. બંગાળાથી સિંધુ નદી સુધી એક મોટો રસ્તો કરાવ્યો હતો ને તેના ઉપર ઝાડો રોપાવ્યાં હતાં. ઠેકાણે ઠેકાણે ધર્મશાળા ને કુવા બંધાવી અન્નછત્ર મંડાવ્યાં હતાં. લોભને લીધે વિશ્વાસઘાત કરીને રાયસેનના કિલ્લેદારોને માર્યા એજ માત્ર એણે મોટું પાપ કર્યું.

**સલીમશાહ.** ૫. શેરખાંના મોટા દીકરા આદીલીમાં રાજ્ય કરવાના દમ ન હોવાથી સરદારોએ શેરખાંના નાના દીકરા સલીમશાહને ગાદી આપી. એ પાદશાહ શૂરો ને હોંશીઆર હતો. એણે દિલ્લીમાં એક રાજ્યમેહેલ બંધાવ્યો. એણે એના બાપનું મેળવેલું રાજ્ય સાચવીને આબાદ કર્યું તથા શેરખાંનાં લોકોપયોગી કામો પુરાં કરી તેમાં વધારો કર્યો. એ પાદશાહ નવ વરસ રાજ્ય કરી ઇ. સ. ૧૫૫૩માં મરણ પામ્યો.

**આદીલશાહ.** ૬. સલીમશાહના બાળકુંવરને મારીને શેરખાંનો મોટો દીકરો પાદશાહ થયો, પણ તે જાતે નબળો હતો. તેણે ઘેલાળપણાથી ખજાનો ખાલી કર્યો, તથા મોટા મોટા સરદારોની જાગીરો લેઈ નાલાયક માણસોને આપવા માંડી તેથી દેશમાં બંડો ઉઠયાં. ઇબ્રાહીમ સૂર ના-

મે એના સાળાએ બળવો કરી દિલ્લી ને આગ્રા જીતી લીધાં. આદીલશાહ બંગાળામાં નાસી ગયો. ત્યાં ઇબ્રાહીમે તેના ઉપર સ્વારી કરી. પણ આદીલશાહના વજીર હેમુએ તેને હરાવ્યો. પંજાબમાં શેરખાંનો ભત્રીજો અહમદખાં સુબો હતો તેણે બળવો કરી દિલ્લી ને આગ્રા લઇ લીધાં, ને સિકંદર સૂર એ નામથી તે પાદશાહ થયો.

**મોગલાઇ રાજ્યની પુનઃસ્થાપના.** ૭. ઇ. સ. ૧૫૪૩ માં હુમાયુ ઇરાનમાં નાસી ગયો હતો, ત્યાં તે માત્ર ત્રણ વરસ રહ્યો. ત્યાંના પાદશાહ તમસ્પે ચૌદહજાર સ્વાર હુમાયુની મદદે આપ્યા તે વડે મીરજા અસ્કરી પાસેથી કંદહાર જીતી લીધું. બીજો ભાઇ કામરાન કાબુલમાં હતો તેણે હુમાયુની રાણી તથા કુંવર અકબરને કેદમાં રાખ્યાં હતાં તેના ઉપર હુમાયુએ સ્વારી કરી. તેણે કામરાનને હરાવ્યો ને તેની આંખો ફોડી ત્યાંથી પંદર હજાર લશ્કર લેઈ હુમાયુ પંજાબમાં પેઠો ને તે પ્રાંત તેણે કબજે કર્યો. ત્યાંથી આગળ વધી સિકંદર સૂર પાસેથી દિલ્લી ને આગ્રા પણ જીતી લીધાં. ઇ. સ. ૧૫૫૫. પરંતુ થોડીજ મુદતમાં તે દાદરા ઉપરથી પડીને મરણ પામ્યો. ૧૫૫૬.

**હુંમાયુના ગુણ.** ૮. હુમાયુ સ્વભાવે દયાળુ, માયાળુ, નમ્ર, સાદો, મોટા મનનો ને બહાદુર હતો, તોપણ લશ્કરી સરદાર તરીકે કુશળ ન હોવાથી શેરખાં જેવા કુશળ સરદારથી તે હાર પામ્યો.

# પ્રકરણ ૪ થું.

## મોગલાઇ રાજ્ય.

### અકબર.

**હેમુની સ્વારી.** ૧. હુમાયુ મરણ પામ્યો તે વખતે અકબર પંજાબમાં હતો. એવામાં આદીલીના વજીર હેમુએ મોગલો પાસેથી દિલ્લી ને આગ્રા પાછાં જીતી લેવાને સ્વારી કરી. આગ્રા જીતીને દિલ્લીના કિલ્લેદાર તારતીબેગ પાસેથી દિલ્લી પણ તેણે જીત્યું. આ સમાચાર સાંભળી અકબર પોતાનું સૈન્ય લેઇ તેના સામો આવ્યો. પાણીપતના રણક્ષેત્રમા બંને વચ્ચે યુદ્ધ થયું. હેમુની આંખમાં એક તીર વાગ્યું તોપણ તે બહુ બહાદુરીથી લડયો, પણ અંતે તે હાર્યો ને કેદ પકડાયો. એ વખતે પાદશાહનો મૂખ્ય મદદગાર તેનો વજીર બેહેરામખાન હતો. પાદશાહ નાનો હોવાથી તેના°રક્ષકનું ને રાજ્યના બંદોબસ્તનું કામ તે કરતો. બેહેરામખાને પરધર્મી હેમુનો શિરચ્છેદ કરવાનું પાદશાહને કહ્યું. ત્યારે અકબર મોટા મનથી પણ દૃઢતાથી બોલ્યો કે તાબે થએલા ધાયલ શત્રુ ઉપર હું ધા કરવાનો નથી. એથી બેહેરામને માઠું લાગ્યું ને એણેજ તેનો શિરચ્છેદ કર્યો. નાની વય છતાં અકબર કેવો દયાળુ ને મોટા મનનો હતો!

**હેમુના ગુણ.** ૨. હેમુ જાતનો વાણીઓ હતો, છતાં તે બહાદુર, બુદ્ધિવાન, દીર્ઘદૃષ્ટિવાળો, ને શાણો હતો. તે હલકી પદવી ઉપરથી પોતાના સારા ગુણોવડે પાદશાહની વજીરાત પામ્યો એટલુંજ નહિ, પણ પઠાણ જેવા અભિમાની ને તોફાની લોકોને વશ કરી તેમનો સેનાધિપતિ થયો. પોતાના સ્વામીની વતી દિલ્લી ને આગ્રા જીતીને મોગલોના બહાદુર સરદારો સામો થઈ શકયો. પઠાણ પાદશાહો-

ના સમયમાં હિંદમાંથી માત્ર હેમુજ એટલી ઉંચી પાયરીએ ચઢયો હતો. એના મરણથી આદીલીનો મૂખ્ય આધાર ગયો ને તે પોતે પણ બંગાળાનું એક બંડ સમાવતાં મરણ પામ્યો.

**અકબર બેહેરામથી છૂટો થાય છે.** ૩. બેહેરામ બહાદુર ને નીમકહલાલ પણ નિર્દય ને અવિવેકી હતો. એણે બાબરનો સોબતી ને હુમાયુને ઉપયોગી પડેલો દિલ્લીનો સુબો તારતીબેગ હતો તેને મરાવ્યો. તેમજ બીજા એક અમીરને પણ નાના સરખા અપરાધ માટે મરાવ્યો; તથા પાદશાહના ગુરૂને દેશપાર કર્યો. આવી વર્તણુકથી અકબરને માઠું લાગ્યું. બેહેરામના કઠણ સ્વભાવથી બીજા મોગલ સરદારો પણ તેનાથી કંટાળ્યા હતા. તેથી અકબરે બેહેરામથી સ્વતંત્ર થવાને ઇચ્છયું. તેણે આગ્રેથી દિલ્લી જઇ ઢંઢેરો પીટાવ્યો કે આજથી હું પાદશાહ છું. રાજ્યમાં મારા સિવાય કોઇનો હુકમ માનવો નહિ. આ સાંભળી બેહેરામને માઠું લાગ્યું, તેથી તેણે પંજાબમાં જઇને બળવો કર્યો. પણ પાદશાહે તેને હરાવ્યાથી તે શરણે આવ્યો. અકબરે તેણે કરેલા ઉપકાર સંભારીને તેનો ગુન્હો માફ કર્યો, ને તેને કહ્યું કે તમે કાંતો દરબારમાં મોટા અધિકાર ઉપર રહો, અથવા કોઇપણ ઠેકાણે સૂબાનું કામ કરો કે મક્કે જાઓ, બેહેરામે મક્કે જવાનું પસંદ કર્યું ને ત્યાં જવાને તે ગુજરાત ભણી ચાલ્યો. તેણે પહેલાં કોઈ અફ્ઘાનનો ઘાત કરાવ્યો હશે તેના છોકરાએ આવીને તેને માર્ગમાંજ મારી નાંખ્યો. ઇ. સ. ૧૫૬૦.

**શરૂઆતની મુશ્કેલીઓ.** ૪. બેહેરામથી છૂટયા પછી આખા રાજ્યનું જોખમ અકબરને માથે આવી પડ્યું. તે વખતે તે માત્ર ૧૮ વરસની કાચી વયનો હતો. પણ તે એટલો બુદ્ધિવાન, દીર્ઘદૃષ્ટિવાળો, ચપળ, બહાદુર ને

દઢ હતો કે તે વડે તેણે પોતાનું રાજ્ય સાચવ્યું, એટલુંજ નહિ પણ તે પોતાનું નામ અમર કરી ગયો. ભરતખંડના સઘળા પાદશાહો કરતાં તે ઉત્તમ નીવડ્યો અને દુનિઆમાં પણ એના જેવા પાદશાહો થોડાજ થયા છે. મોગલો પરદેશી ને પરધર્મી હતા, તેથી ભરતખંડની પ્રજા તેમને ચહાતી નહોતી. વળી આગલા પઠાણ પાદશાહોની જાતના સિપાઇ, સરદાર ને લોક એકધર્મી છતાં, હિંદુ કરતાં મોગલો ને વધારે ધિક્કારતા કેમકે મોગલો તેમનું રાજ્ય પચાવી પડનારા હતા. મોગલો પણ અકબર બાળક હોવાથી તથા બેહેરામનો ભય ગયાથી સ્વતંત્ર થવાને ઇચ્છતા હતા. આ પ્રમાણે અકબરને હિંદુ, પઠાણ ને મોગલ સઘળા તરફથી ભય હતું, ને તે સઘળાનો બંદોબસ્ત કરવાનો હતો. પણ સમયસૂચકતા વાપરી અકબર તે સઘળામાંથી સલામત પાર ઉતર્યો ને તેણે મોગલાઇ રાજ્ય મજબુત કર્યું. પઠાણ ને તુર્ક પાદશાહોના વખતમાં અફઘાનિસ્તાન, ઇરાન ને તુર્કસ્તાનમાંથી ઘણા લોક આવી લશ્કરની ભરતી કરતા, તેમ આ દેશમાં પણ એ લોકની વસ્તી ઘણી હોવાથી તેઓ પણ લશ્કરમાં નોકર રહેતા, પણ અકબરને તો કોઈ તરફથી મદદની આશા નહોતી. તેના વખતમાં કાબુલ મીરજા હકીમ (કામરાનનો દીકરો) ના તાબામાં હતું. અકબર નાનો હોવાથી તે તેની વિરૂદ્ધ હતો તથા રાજ્ય પચાવી પડવાની તેને ઇચ્છા હતી. વળી બીજા પણ કેટલાક મોગલ સરદારો સ્વતંત્ર થવાને ચહાતા હતા. તેથી તેમની મદદની આશા ક્યાંથી રખાય? પરંતુ આ સર્વ સંકટને પૂરો પડે તેવો અકબર હતો.

**મોગલ સરદારોને વશ કરવા.** ૫. અકબરે મોગલ સરદારોનો બંદોબસ્ત કરવાનું પ્રથમ ધાર્યું. તેના ખાન

જમાન નામે સરદારે પ્રથમ બળવો કર્યો, તથા માળવાના બંદોબસ્ત માટે મોકલેલો અબદુલ્લાખાન ગુજરાતના પાદશાહને મળી ગયો. ખાનજમાને અયોધ્યા ને પ્રયાગ જીતી લીધાં, તેથી અકબરે પંડે થોડાજ લશ્કર વડે એકદમ ઓચીંતા જઇને છાપો મારી ખાનજમાનને હરાવ્યો ને માર્યો. બહારપ્રાંતની ઉત્તરના સંબળ પ્રાંતના હાકેમ સુલતાન મિર્જાના છોકરાઓએ બળવો કર્યો. પાદશાહે તે બળવો સમાવ્યાથી એ છોકરા પણ ગુજરાતના પાદશાહને આશરે ગયા. અકબરના ભાઈ મીરજા હકીમે પંજાબ આવી જીત્યું, પણ અકબરે તેને હરાવીને પાછો કાબુલ કાઢયો. ઈ. સ. ૧૫૬૬. એ રીતે એણે છ વરસની અંદર પોતાના રાજ્યના સઘળા મોગલ બળવા સમાવી સમાધાની કરી, તથા બંડખોરો ઉપર દયા બતાવીને મોગલ સરદારોના મનમાં ભયની સાથે પ્રેમ ઉત્પંન કર્યો.

**અકબર હિંદુઓને મેળવી લે છે.** ૬. અકબરની ધારણા એવી હતી કે હિંદુ પ્રજાને મુસલમાન પ્રજાની સમાન પાળીને તથા સઘળી પ્રજા તરફ સમાન દૃષ્ટિ રાખીને તેમનો પ્રેમ સંપાદન કરવો કે જેથી પઠાણ પાદશાહોના વારામાં જેમ હિંદું પ્રજા વારંવાર સામી થતી તેમ સામી થાય નહિ. તથા તેમની સાથે સગપણની ગાંઠથી બંધાવાય તો તેઓ પોતાને જરૂર પડે તો પૂર્ણ પ્રેમથી મદદ કરે. આ ધારણા પાર પાડવાને તેણે પ્રથમ તો હિંદુઓ ઉપરના જાત્રા તથા જજીઆવેરા કાઢી નાંખ્યા. મનુષ્ય પોતાને પસંદ પડે તે ધર્મ પાળે તેમાં રાજ્ય તરફથી અડચણ નાંખવી કે જુલમ કરવો નહિ એવું જાહેર કર્યું. એણે રાજ્યધનથી મુસલમાની ધર્મને ઉત્તેજન આપ્યું નહિ, ને હિંદુ ધર્મને અડચણ કરી નહિ. તેથી એની મુસલમાન પ્રજા જો કે એને

નાસ્તિક કહેતી, તોપણ તેથી એની હિંદુ પ્રજા સંતોખાઈ. હિંદુઓને વશ કરવાને એણે બીજી યુક્તિ આ પ્રમાણે કરી. પ્રથમ એણે જયપુરના રાજા બહારમલ ઉપર સ્વારી કરીને તેને હરાવ્યો ને તેની કુંવરી વેરે પોતે પરણ્યો. તેમજ જોધપુરના રાજા માલદેવની *કુંવરી વેરે પણ તે પરણ્યો. પોતાના છોકરાને પણ રજપૂત કન્યા પરણાવી હતી. એ પ્રમાણે રાજ્યસ્થાનનાં મોટાં રાજ્યો સાથે સગાઈ કરીને તેમને પોતાના પક્ષમાં લીધાં એટલુંજ નહિ, પણ એ રાજાઓને પોતાના રાજ્યમાં સુબાઓની તથા સરદારોની જગાઓ આપી. જયપુરના રાજા બહારમલ પછી થયેલા ભગવાનદાસને પંજાબની સુબાગીરી ઉપર નીમ્યો તથા એ ભગવાનદાસના દીકરા માનસિંગને પોતાના લશ્કરમાં મોટા સરદારની જગા આપી. એ સિવાય બીજાં રજપૂત રાજ્યોને પણ તાબે કરીને તથા સગપણ કરીને ત્યાંના રાજાઓને લાયકી પ્રમાણે સરદારો બનાવ્યા.

**ચીતોડ ઉપર ચઢાઇ.** ૭. ચીતોડના રાણા માત્ર અકબર સાથે સગપણ કરવામાં ન ભળ્યા. મુસલમાનોને દીકરી દેવી એ હલકું કામ ગણી તેમણે પોતાની કન્યા ન દીધી, એટલુંજ નહિ પણ તેમના પટાવતોએ પણ ન દીધી. ચીતોડના સિસોદીઆ હિંદુસ્તાનમાં એક પ્રજાભાવ ઉત્પન્ન કરવાના અકબરના મહાન કાર્યમાં ન ભળ્યા, અને જે ભળ્યા હતા તેમને હલકા ગણી અપમાન આપવા લાગ્યા. તેથી અકબરે ચીતોડ ઉપર ચઢાઈ કરી. ઇ. સ. ૧૫૬૮. તે વખતે ચીતોડમાં સંગનો પુત્ર ઉદયસિંગ રાજ્ય કરતો હતો, તે અકબર આવ્યાની વાત સાંભળીને ડુંગરામાં નાસી ગયો.

* એ કુંવરીનું નામ જોધબા હતું ને તેનો દીકરો સલીમ હતો.

પણ તેના સરદારો ને લશ્કર નાઠું નહિ. તેમણે અંત લગી ચીતોડનો બચાવ કરવાનો ઠરાવ કર્યો. રજપૂતોની દૃઢતા આગળ હલ્લો કરીને ચીતોડગઢ લેવાય તેમ ન હોવાથી સુરંગ ફોડવાનો અકબરે હુકમ કર્યો. ઉદેસિંગ નાસી ગયો હતો તેથી તેનો મૂખ્ય પટાવત સલુંબરા ચીતોડી લશ્કરનો આગેવાન હતો, તે મરાયાથી તેની જગાએ તેનો નાનો ભાઈ પ્રતાપસિંગ થયો. તે સોળ વરસનો હતો. તે, તેની સ્ત્રી અને માતા બહાદુરીથી લઢતાં લઢતાં રણમાં પડયાં. એ પ્રમાણે રાણાનાં સગાં મરાયાથી લશ્કરની સરદારી જયમલે લીધી. એ જયમલ બેદનુરનો મેરતીઆ જાતનો રાઠોડ પટાવત હતો. તેણે બહાદુરીથી અકબરના હુમલા પાછા વાળ્યા. સુરંગ ફુટવાથી કિલ્લો તૂટયો હતો તે જગા રાત્રે જયમલ સમી કરાવતો હતો, તેવામાં અકબરે ગોળી મારીને તેને મારી નાંખ્યો, તેથી ચીતોડ જીતાયું. સઘળા રજપૂતો કેસરીઆં કરી રણમાં પડયા ને સ્ત્રીઓ મહેલમાં આગ લગાડી બળી મૂઇ. પ્રતાપે ને જયમલે પોતાના રાજાના નાઠા પછી પણ જે પરાક્રમ કર્યું તે જોઇ અકબર તાજુબ થયો. તેથી દિલ્લીના પોતાના મહેલના દરવાજા આગળ બે બાજુએ બે હાથી ઉપર એ બન્ને પરાક્રમી યોદ્ધાની યાદગીરી રાખવાને બે બાવલાં કરી બેસાડયાં. ચીતોડ જીત્યું, પણ સિસોદીઆ જીતાયા નહિ. તે પછી ચાર વરસમાં ઉદેસિંગ મરી ગયો. તે વખતે તે અરવલીની ખીણમાં પોતાના નામથી ઉદેપુર નામે ગામ વસાવી રહેતો હતો. ત્યાંજ રાજ્ય ગાદી કરી સિસોદીઆ રાણા રહેવા લાગ્યા, તે આજ સુધી ત્યાંજછે.

**રાણો પ્રતાપસિંગ. ૮.** ઉદેસિંગ પછી તેનો પુત્ર પ્રતાપસિંગ રાણો થયો. તે ઉદેસિંગ જેવો બીકણ નહોતો. એના વડાવા કુંભા ને સંગ જેવો તે પરાક્રમી હતો. તે

અકબ્બરને નમ્યો નહીં. તેને નમાવવા માટે અકબરે પોતાના દીકરા સલીમને તથા જેપુરવાળા માનસિંગને મોકલ્યા. પાછલી લઢાઇઓમાં સિસોદીઆ ને તેમના મદદગાર પટાવતોનાં સૈન્ય કપાઈ ગયાથી પ્રતાપસિંગ માત્ર બાવીશ હજાર લશ્કર જમાવી શક્યો. તેટલાવડે તેણે હલદીઘાટ રોક્યો. ત્યાંથી તેઓ મોગલોના જોરાવર લશ્કર ઉપર તૂટી પડ્યા. ઈ. સ. ૧૫૭૬. તેમાં રજપૂતો ઘણા કપાઈ ગયા ને પ્રતાપસિંગ મહા મુશ્કેલીથી બચ્યો. મુસલમાનો તેને પકડવાને પાછળ પડ્યા. પકડાઈ જવાના નિરંતર ભય વચ્ચે, માત્ર પોતાના થોડાજ આગ્રહી સરદારો સાથે, તે ઘણાં ઘણાં કષ્ટ વેઠી આ ડુંગરેથી આ ડુંગરે એમ ભટક્યો. અંતે આગ્રહ, ધીરજ, ઉદ્યોગ, દૃઢતા ને બહાદુરીથી તેણે પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. તે સમયે અકબરનું લક્ષ બીજાં રાજ્યો જીતવા તરફ લાગ્યાથી તથા પ્રતાપ જેવા વીર પુરૂષને હવે વધારે હેરાન કરવો નહિ એવા મોટા મનથી પ્રતાપસિંગ મરતા સુધી નિરાંતે રાજ્ય કરી શક્યો, તથા રજપૂતોની આબરૂ જાળવી શક્યો. ઈ. સ. ૧૫૯૭.

**ગુજરાત જીતવું.** ૯. એ પ્રમાણે રજપૂત રાજ્યો વશ કરીને તથા સગપણની સ્નેહ ગાંઠ બાંધી, તેમની સહાય મેળવીને તે વડે તેણે નર્મદાની ઉત્તરનાં સ્વતંત્ર થઈ ગયેલાં મુસલમાની રાજ્યો જીતવા તરફ લક્ષ દોડાવ્યું. પ્રથમ તેણે પંજાબથી બહાર સુધીના નાના હાકેમોને જેર કર્યા હતા, એટલે માળવા, ગુજરાત, ઓઢીઆ, બંગાળા, કાશ્મિર ને સિંધ એટલાં સ્વતંત્ર રાજ્યો તેને જીતવાનાં હતાં. પ્રથમ તેણે ઈ. સ. ૧૫૭૨ માં માળવા જીત્યું. તે વખતે ગુજરાતનો પાદશાહ નબળો હતો, તથા ઘણા બંડખોરો ત્યાં એકઠા થએલા હતા. પાદશાહ ૩ જા મુજફ્ફર પાસેથી

એતિમાદખાન નામે ઉમરાવે રાજ્યસત્તા લેઈ લીધી હતી, પણ તે બંડખોરોનું સમાધાન કરી શક્યો નહિ, તેથી તેણે એ પ્રાંત જીતી લેવાને અકબરને તેડું મોકલ્યું. અકબરે આવીને ગુજરાત જીત્યું, ને રાજ્યનો બંદોબસ્ત કર્યો. ઈ. સ. ૧૫૭૩. અકબરના ગયા પછી વળી બળવો થયો. તેથી ચોમાસામાં લાંબી લાંબી મજલો કરી પાદશાહ નવ દિવસમાં આગ્રેથી ગુજરાતમાં આવ્યો ને થોડું લશ્કર છતાં હિંમતથી ને ચતુરાઇથી બળવાખોરને તેણે જેર કર્યા; તથા સમાધાની કરીને તે પાછો ગયો. આગળ જતાં પાદશાહ મુજફ્ફરે બળવો કર્યો, પણ તે પકડાયો ને આગ્રે જતાં રસ્તામાંજ આપઘાત કરીને મરણ પામ્યો. ઈ. સ. ૧૫૯૩.

**ઓઢીઆની જીત.** ૧૦. તે સમયે ઓઢીઆ પ્રાંતમાં સ્વતંત્ર રજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા, તેમની પાસેથી અકબરના સેનાપતિ ટોડરમલે ઈ. સ. ૧૫૭૪ માં આખો પ્રાંત જીતીને દિલ્લીની પાદશાહતમાં મેળવ્યો.

**બંગાળા.** ૧૧. બંગાળામાં શેરખાંના વંશના પઠાણ રાજાઓ સ્વતંત્રપણે રાજ્ય કરતા હતા. ઈ. સ. ૧૫૭૫ માં ત્યાં દાઉદ નામે રાજા હતો. તેના ઉપર સ્વારી કરીને અકબરે બહાર પ્રાંત સુધીનો મુલક જીત્યો. ઈ. સ. ૧૫૭૬ માં અકબરના સરદાર ટોડરમલ તથા માનસિંગે બંગાળા ઉપર ચઢાઈ કરીને દાઉદને માર્યો ને તે પ્રાંત ખાલસા કર્યો. તે પછી ત્યાં ઈ. સ. ૧૫૮૦, ૧૫૯૨ ને ૧૬૦૦ માં બંડ થયાં તે રાજા માનસિંગ તથા ટોડરમલે સમાવ્યાં ને બંડખોરના આગેવાનોને જાગીરો આપી શાંત પાડ્યા.

**મીરજા હકીમનો બળવો.** ૧૨. એ પ્રમાણે અકબરના સરદારો બંગાળામાં રોકાયા હતા તેવામાં ઈ. સ. ૧૫૮૧ માં તેના ભાઈ કાબુલવાળા મીરજાહકીમે પંજાબ

ઉપર સ્વારી કરીને ત્યાંના સુબાને કાઢી મૂક્યો. તેથી અકબરે પંડે પંજાબમાં આવીને હકીમને નસાડયો. અકબરે આગળ વધીને કાબુલ પણ જીતી લીધું. મીરજાહકીમ શરણે આવ્યાથી તેને કાબુલનો સુબો બનાવી અકબર પંજાબમાં પાછો આવ્યો. ત્યાં આવતાં સિંધુની આ પારે તેણે અટક નામે કિલ્લો બંધાવ્યો તે હજુ પણ છે. પંજાબમાં રાજા ભગવાનદાસને સુબો ઠરાવી પોતે રાજ્યધાનીમાં પાછો આવ્યો.

**કાશ્મિર.** ૧૩. ઈ. સ. ૧૫૮૫ માં મીરજા હકીમ મરી ગયાથી, પાદશાહ અટકને કિલ્લે આવ્યો. ત્યાંથી તેણે રાજા ભગવાનદાસને લશ્કર આપી કાશ્મિર જીતવાને મોકલ્યો. તે વખતે કાશ્મિરમાં પાછળ કહેલા મીરના વંશજો રાજ્ય કરતા હતા. તેમની પાસે અકબરનું ઉપરીપણું કબુલ કરાવી ભગવાનદાસ પાછો આવ્યો. બીજે વરસે પાદશાહે બીજીવાર લશ્કર મોકલ્યું ત્યારે કાશ્મિરનો રાજા શરણે આવ્યો. અકબરે તેને બહાર પ્રાંતમાં જાગીર આપી એ પ્રાંત ખાલસા કર્યો. ઈ. સ. ૧૫૮૬.

**યુસફજી લોકનો બળવો.** ૧૪. હિંદના વાયવ્યકોણમાં બાયજીદ નામે અફગાને રોશનગે નામે એક નવો પંથ કાઢયો હતો. તે લોકોનો જલાલ નામે એક સરદાર ઈ. સ. ૧૫૮૫ માં કાબુલ તરફ લૂટફાટ કરતો હતો, તેનો બંદોબસ્ત કરવાને અકબરે અટકથી રાજા બીરબળ તથા તેના દૂધભાઇ જૈનખાંને લશ્કર આપીને મોકલ્યાં. ઇ. સ. ૧૫૮૬. એ સરદારોનું પ્રથમ કાંઇ ન ચાલ્યું ત્યારે અકબરે બીજું સૈન્ય તેમની મદદે મોકલ્યું. પણ અફઘાનોએ તેમને ઓચિંતા ઘાટમાં ઘેરી લીધા. રાજા બીરબળ મરાયો ને અકબરના સઘળા સૈન્યનો નાશ થયો. જૈનખાં એકલો નાસીને અટક આવ્યો. એ સમાચારથી અને તેમાં પોતાના મિત્ર

બીરબળના મોતથી અકબર બહુ ખિન્ન થયો. તેણે જૈનખાં-નું મોં પણ ન જોયું. અકબરે તરતજ રાજા માનસિંગ તથા ટોડરમલને બોલાવીને લશ્કર આપી જલાલના ઉપર મોકલ્યા. તેમણે કેટલીકવાર જલાલને હરાવીને તેનો પરાજય કર્યો. ઇ. સ. ૧૫૮૬. પરંતુ તે ઇ. સ. ૧૬૦૦ માં મરણ પામ્યો ત્યાં સુધી ટંટા કરતો બંધ પડયો નહિ. એ યુસફ્જી અથવા રોશનયે લોક પુરેપુરા કોઇને તાબે ન થતાં આજ સુધી સ્વતંત્ર છે.

**સિંધ.** ૧૫. સિંધમાં તે વખતે મુસલમાન થઇ ગએલો સુમાના જાતનો જામ રાજા રાજ્ય કરતો હતો. તેના ઉપર અકબરે બે વાર લશ્કર મોકલીને એ પ્રાંત ઇ. સ. ૧૫૯૨ માં ખાલસા કર્યો, તથા ત્યાંના રાજાને જાગીર આપી. અકબર ગાદીએ બેઠો તેવામાં કંદહાર ઇરાની લોકોએ જીતી લીધું હતું, એ લોકને આગળ જતાં માંહોમાંહે કજીઓ થઇને એ પ્રાંત પણ અકબરને મળ્યો. ઇ. સ. ૧૫૯૪.

**દક્ષિણનાં રાજ્ય.** ૧૬. એ પ્રમાણે નર્મદાની ઉત્તરનો સઘળો મુલક વશ કર્યા પછી અકબરે દક્ષિણનાં સ્વતંત્ર મુસલમાની રાજ્યો જીતવા તરફ લક્ષ દોડાવ્યું. એ સમયે દક્ષિણમાં બ્રાહ્મણી વંશનું રાજ્ય તૂટીને તેના પાંચ ભાગ પડી ગયા હતા. વરંગુળનું હિંદુ રાજ્ય બ્રાહ્મણી રાજ્યમાં જોડાઇ ગયું હતું. વિજયનગરનું હિંદુ રાજ્ય રામ રાજાને હરાવીને વિજાપુરવાળાએ જીત્યું હતું. વિજયનગરના તાબાના નાના નાના ખંડીઆ રાજા ખંડણી આપીને બચી ગયા હતા. ગાવિલગઢનું રાજ્ય અહમદનગરના સુલતાનોએ જીત્યું હતું. તેથી અકબરે દક્ષિણ જીતવાનો વિચાર કર્યો તે વખતે ખાનદેશ, અહમદનગર, ગોવળકોંડા, વિજાપુર ને બેદર એ પાંચ રાજ્યો હતાં.

**અહમદનગરનું રાજ્ય.** ૧૭. ઈ. સ. ૧૫૯૫ માં અહમદનગરનો હાકેમ બુરહાન મરણ પામ્યાથી તેની ગાદીનાં દાવા માટે ચાર પક્ષ બંધાયા, તેમાંના બળવાન પક્ષે અકબરને દક્ષિણમાં બોલાવ્યાથી તેણે પોતાનો દીકરો મુરાદ જે ગુજરાતમાં સુબો હતો તેને અહમદનગર જવાનો હુકમ કર્યો. તે જતા પહેલાં ત્યાં બહાદુર નામે એક છોકરો ગાદી ઉપર બેઠો ને તેની ફોઇ ચાંદબીબી રાજ્યનો સઘળો કારભાર કરવા લાગી. એ બાઇ વિજાપુરના રાજા અલીઆદિલશાહની વિધવા હતી ને તે બહુ બહાદુર હતી. તેણીએ દક્ષિણનાં બીજાં મુસલમાની રાજ્યોમાં સંપ કરી વિજાપુરના સુલતાન પાસેથી મદદ મેળવી. મુરાદે આવીને અહમદનગરને ઘેરો ઘાલ્યો, પણ તેમાં તેનો કાંઇ ઉપાય ચાલ્યો નહિ. તેના સઘળા હુમલા ચાંદબીબીએ બહાદુરીથી પાછા વાળ્યા. અહમદનગરના હાકેમે વરાડ પ્રાંત જીતી લીધો હતો તે અકબરને આપવાની સરતે મુરાદે સલાહ કરી. પણ તે પ્રાંતની સરહદ બાબત તકરાર ઉઠતાં ફરીને લઢાઇ સળગી. ગોદાવરીને કાંઠે બંને લસ્કરની લઢાઈ થઈ તેમાં મુરાદ જય પામ્યો. એવામાં અહમદનગરમાં ફાટફુટ થઈ ને ચાંદબીબીને કોઇએ મારી નાંખી. એ ચાંદબીબી જેવી બીજી કોઈ મુસલમાન સ્ત્રી બહાદુર થઇ નથી. તે ખુબસુરત હોઈ ને જુવાનીમાં વિધવા થએલી છતાં પોતાનું શીયલ સાચવી રહી હતી. વળી તેણે સમયસૂચકતા વાપરી બહાદુરીથી પોતાના રાજ્યનું રક્ષણ કર્યું હતુ. તેથી એ શેહેર પણ અકબરના દીકરા દાનીઆલે જીતી લીધું. તે વખતે અકબર પંડે પણ દક્ષિણમાં આવેલો હતો.

**અહમદનગરના રાજ્યની પુનઃ સ્થાપના.** ૧૮. અહમદનગર મોગલોએ લીધું, પણ તે રાજ્ય તેમનાથી જી-

તાયું નહીં. બાકી રહેલા રાજ્યનો કેટલોક ભાગ મલીકઅંબર નામે સરદારે કબજે કરીને મુર્તિજા નિજામશાહને પાદશાહ ઠરાવી ઔરંગાબાદમાં ગાદીએ બેસાડયો. એ રાજ્યની આખર શી રીતે થઇ એ વાત આગળ આવશે.

**ખાનદેશ ખાલસા કર્યું**. ૧૯. અહમદનગર જીત્યા પછી અકબરના એક સરદારે આસીરગઢ જીતીને ખાનદેશના રાજ્યની આખર આણી. તેવામાં અકબરના દીકરા સલીમે બંડ કર્યાના સમાચાર સાંભળી ખાનદેશ ને વરાડની સુબાગીરી પોતાના દીકરા દાનીઆલને આપી તે ઉત્તરમાં જવા નીકળ્યો.

**સલીમનો બળવો**. ૨૦. પાદશાહના વડા દીકરા સલીમને અફીણ તથા દારૂનું વ્યસન લાગેલું હતું. પાદશાહ દક્ષિણમાં હતો તેવામાં તેણે પ્રયાગ, બહાર ને અયોધ્યા એ પ્રાંતો કબજે કર્યા તથા ખજાનામાંથી ત્રીશ લાખ રૂપીઆ ઉપાડ્યા. એ સાંભળી પાદશાહ દક્ષિણમાંથી ઉત્તરમાં આવ્યો. ઇ. સ. ૧૬૦૧. તેણે સલીમને આગ્રે બોલાવી શીખામણ દીધી, તથા બંગાળા ને ઓડીઆ પ્રાંતો તેને આપવાના ઠરાવ્યા. પરંતુ સલીમના મનમાંથી કપટ ગયું નહિ. તેણે અબુલફજલ દક્ષિણમાંથી ઉત્તરમાં આવતો હતો તેને બુદેલખંડમાં મરાવી નાંખ્યો. એ અબુલફજલ પાદશાહનો વજીર હતો. વળી તે વિદ્વાન હોવાથી અકબર તેને ચહાતો હતો. તેથી તેના મોતથી પાદશાહે બે દિવસ સુધી નો અન્ન ખાધું નહિ. તેણે અબુલફજલને મારનાર ઉપર સૈન્ય મોકલીને તેનો નાશ કરાવ્યો. પણ એ મારનારને ઉશ્કેરનાર સલીમ હતો, એવું આખર પર્યંત અકબરના જાણ્યામાં ન આવ્યું. આગળ જતાં પાદશાહે સલીમ ઉપર વિશેષ પ્રીતિ બતાવીને તેને રાજ્યચિન્હ ધારણ કરી પ્રયા-

ગમાં સ્વતંત્રપણે રહેવાની છૂટી આપી. પણ ત્યાં દારૂના અતિશય વ્યસનમાં તેના વડા દીકરા ખુશરૂ સાથે કજીઓ થયો. તેથી ખુશરૂની મા ( માનસિંગની બેન ) ઝેર ખાઇને મરણ પામી. એથી સલીમ વધારે હોલેદીલ થયો.

**પાદશાહનું મરણ.** ૨૧. એવામાં અકબરની મા મરણ પામી; એના બે દીકરા મુરાદ ને દાનીઆલ દારૂના વ્યસનથી મરણ પામ્યા; ને અબુલફજલનો કારી ઘા તો હતોજ. એ સંયોગોથી અકબરની પ્રકૃતિ બગડી. તેણે પોતાનો અંતકાળ સમીપ આવેલો જોઇ સલીમને બોલાવ્યો ને પોતાના સરદારોને ભેળા કર્યા. સલીમને શિખામણ દીધી કે આ સરદારો, સગાંવહાલાં ને આશ્રિતોની સંભાળ રાખજે, સરદારોને તેણે કહ્યું કે આજ સુધી જેવા મારી સાથે એકનિષ્ટાથી ચાલ્યા છો તેવીજ રીતે મારા દીકરા સાથે પણ ચાલજો. એમ કહી પોતાની તરવાર સલીમની કમરે બંધાવી તે પછી એક મુલ્લાને બોલાવી તેની સામે નીમાજ પઢીને એક ખરા મુસલમાન માફક તે મરણ પામ્યો. ઇ. સ. ૧૬૦૫. તે વખતે તેના રાજ્યને ૫૦ મું વરસ ચાલતું હતું ને તેની વય ૬૩ વરસની હતી.

**અકબરના ગુણ.** ૨૨. અકબર શરીરે મજબુત, સ્વરૂપે રૂપાળો ને સ્વભાવે શૂરો, ઉદ્યોગી ને માયાળુ હતો. તે પોતાનું મન સ્વચ્છ રાખવાને માટે બાર મહિનામાં ત્રણ માસ માંસ ભક્ષણ નહિ કરતાં માત્ર શરીરે મિતાહારી ને થોડું એટલે ચાર પાંચ કલાક ઉંઘનારો હતો. એણે વખતના ભાગ પાડી નિયમસર કામ કરવાની યોજના કરી હતી, તેથી એનો ઘણો વખત લડાઇઓમાં જવા છતાં તેને વિદ્યાભ્યાસ કરવાનો તથા વિદ્વાનોનો વાદવિવાદ સાંભળવાને વખત મળતો. તેને વાઘ અને હાથીના શિકારનો શોખ હતો.

વળી તે શરીર કસરત માટે ઘોડા ઉપર લાંબી લાંબી મજલો કરતો ને કોઇવાર તો દિવસમાં વીશ કોસ સુધી પગે ચાલીને જતો. તે ન્યાયી ને દીલનો દયાળુ હતો. જરૂર વગર તે લઢાઈ કરતો નહિ ને લઢાઈમાં પકડાયલા ઉપર નિર્દયતા વાપરતો નહિ. તે સંસ્કૃત, ફારસી ને હિંદી ભાષા શિખ્યો હતો ને વિદ્યા, કાવ્ય ને ઈતિહાસના ગ્રંથો વાંચતો હતો. તે કોઇ પણ વિદ્યાને કે વિદ્વાનને ઉત્તેજન આપતો, તથા પોતાની પ્રજાનું પાલણ કરતો ને તેમની આબાદી વધારવા તરફ લક્ષ આપતો.

**અકબરનો નવો પંથ.** ૨૩. અકબરને ધર્મની શોધ કરવાનો બહુ શોખ હતો. તેને મુસલમાની ધર્મ ઉપર વિશ્વાસ નહોતો. તેથી તેણે મુસલમાની ધર્મની કેટલીક રૂઢીઓ—દાઢી વધારવી, મણકા બાંધવા, વગેરે બંધ કરી. પરાયા ધર્મ ઉપર સરકારની જબરજસ્તી હતી તે અટકાવી. સર્વ કોઇ પોતાને સારો લાગે તે ધર્મ પાળવાને સ્વતંત્ર છે, એવો એનો અભિપ્રાય હતો. અકબરે હિંદુઓની પણ કેટલીક રૂઢીઓ અટકાવી ને કેટલીક નવી ચલાવી. હોમમાં પશુવધ કરવાની, ખુશી વગર સતિ થવાની ને બાળલગ્ન કરવાની બંધી કરી, તથા પુનર્લગ્ન કરવાની છૂટી આપી. બધા ધર્મોનું સંશોધન કરવાને એણે વેદ, મહાભારત, રામાયણ વગેરે ગ્રંથોના ફારસીમાં અબુલ ફજલના ભાઇ ફૈજી પાસે તરજુમા કરાવ્યા. અબુલ ફજલ પાસે બેબલનો તરજુમો કરાવ્યો. ગોવેથી એક પાદરીને બોલાવીને તેને ગ્રીકમાંથી કેટલાક ગ્રંથોનો ફારસીમાં તરજુમો કરવાનું કામ સોંપ્યું. એણે શાસ્ત્રી, કાજી, ગોરજી પાદરી ને મોબેદોને બોલાવીને ધર્મ સંવાદ કરાવ્યા. આ ઉપરથી એનો મત કબીરપંથી જેવો થયો હતો એટલે પેગંબર કોઈ થયો

નથી એવું તે માનતો. માણસ બુદ્ધિબળથી ઇશ્વરેચ્છા સમજી શકે છે. જગતનો કર્ત્તા એક છે, તેને ભજવાને જેને જડ પદાર્થની જરૂર હોય તે અગ્નિ, સૂર્ય, ચંદ્ર વગેરે દૃશ્ય પદાર્થો જોઈ ઇશ્વરને ભલે સંભારે. એના દબારીઓ પણ એના જેવાજ અભિપ્રાયના હતા. તેથી અકબરનો એ નવો પંથ ચાલ્યો. સલીમ પણ એજ વિચારનો હતો, પરંતુ અકબરના મુઆ પછી એ પંથ નાશ પામ્યો ને સલીમના વિચાર પણ બદલાઈ ગયા.

**હિંદુઓને હોદ્દા આપવા.** ૨૪. અકબરે જાતિનો તફાવત નહિ રાખતાં લાયકી પ્રમાણે હોદ્દા આપ્યા. તેથી એના રાજ્યમાં હિંદુઓ પણ મુસલમાનોની માફક નાના મોટા હોદ્દા ઉપર ચઢી શક્યા. એના પ્રધાનમંડળમાં, સરદારોમાં, સુબાઓમાં ને વિદ્વાનમંડળમાં હિંદુઓ પણ ઘણા હતા. વળી તેણે ધર્મભેદ કાઢી નાંખવાને હિંદુઓ ઉપરનો જજીઆ ને જાત્રાવેરો કાઢી નાંખ્યો.

**પ્રજાપ્રેમ સંપાદન કરવો.** ૨૫. અકબર પ્રજાપ્રેમ સંપાદન કરવાને તેને પુત્ર સમાન પાળતો. તેમના ઉપરના કર ઓછા કરીને અધિકારીઓ જુલમ ન કરે તેની સંભાળ રાખતો. બરાબર ન્યાય મળે તેની દેખરેખ રાખતો. તેણે કાંડાં, નાક, કાન વગેરે અવયવો કાપવાની સજા બંધ કરી. દેહાંત દંડ પણ પોતાની પરવાનગી વગર કરવાની કોઇને છૂટ નહોતી. લઢાઇમાં પકડાયલા કેદીઓને ગુલામ કરવાની કે વેચવાની મના કરી. વળી કોઇપણ અરજદારની અરજ સાંભળી તે ઉપર તે તરત ધ્યાન આપતો. એની પ્રજા એના ઉપર પ્રેમ રાખતી ને ગુન્હો કરતાં ડરતી. એના શત્રુ પણ એનાથી ડરતા રહેતા.

**જમાબંદી.** ૨૬. વેરો ઉઘરાવનાર વધારે લે નહિ કે

રૈયતને માથે વધારે બોજો પડે નહિ, માટે તેણે ટોડરમલ પાસે જમાબંદીની નવી રીત કરાવી. તેણે બધી જમીન ફ-રીને મપાવી ને તેની ત્રણ પ્રત બાંધી. ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ. એ પ્રત જમીનમાં નીપજતા પાક ઉપરથી બાંધી હતી. પાકનો ત્રીજો ભાગ સરકારમાં લેવાનો ઠરાવ્યો. એ સિવાય બીજા અમલદારોના સઘળા લાગા બંધ કર્યા. સર-કારમાં દાણા ન આપતાં રોકડ આપે તો તે પણ લેવા માટે આંકરો નકકી કર્યો. આંકડો નકકી થવાથી ઉઘરાતદારનો જુ-લમ અટકયો.

**રાજ્યવહિવટ.** ૨૭. રાજ્યનો બંદોબસ્ત રાખવાને એણે અઢી અઢી લાખ રૂપિયાની ઉપજના તાલુકા ઠરાવી તેના ઉપરી નવાબ નીમ્યા. એવા કેટલાક નવાબોનો ઉપ-રી સુબો હતો. એના આખા રાજ્યમાં એવા અરાઢ સુબા હતા. એ સુબાઓને પણ પાદશાહની મંજુરી સિવાય ખુન કરવાની સત્તા નહોતી. ચોર વગેરેનો બંદોબસ્ત રાખવાને મુલકી સીરબંધી રાખી હતી. એ સીરબંધીનો ઉપરી ફોજ-દાર હતો. ન્યાય કરવાને કાજી રાખેલા હતા ને ગામનો બં-દોબસ્ત રાખવાને કોટવાળ હતા. ફોજમાં દશ સ્વારોથી દશ હજાર સ્વારોના સરદારો હતા. તેમાંથી ૫૦૦૦ કરતાં વધા-રે સ્વારોની સરદારી શાહજાદા કે રજપૂત રાજાઓ પાસે હતી. એવા મોટા સરદારો ત્રીશ હતા. એથી ઉતરતા દ-રજ્જાના સરદારો ઘણા હતા. નોકરીના બદલામાં જમીન આ-પવાનો રીવાજ કાઢી નાંખી એણે સર્વેના પગાર બાંધી આપ્યા. આ બધી વ્યવસ્થા "અઇને અકબરી" નામે અ-કબરના ઇતિહાસમાં અબુલ ફજલે લખી છે.

**અકબરના વિદ્વાનો.** ૨૮. એના વખતમાં અબુલ ફજલ ને ફૈજી નામે બે વિદ્વાન ભાઇઓ શાણા સલાહકાર

હતા. તમાં અબુલ ફ્જલ એનો મિત્ર ને પ્રધાન હતો. ટોડરમલ પણ એનો મિત્ર, પ્રધાન ને સલાહકાર હતો. એ વગર માનસિંગ, બીરબલ, ખાનખાનાન ને અજીક કોકા વગેરે વિદ્વાનને શૂરા સરદારો હતા. વળી એના વખતમાં તાનસેન નામે ગવૈયો ગાયનમાં ને ગંગ નામે કવિ કાવ્યમાં કુશળ હતા.

**અકબરની મહત્તા.** ૨૯. અકબરને સર્વે વાતે સુખ હતું. રાજ્ય, પ્રજા, વૈભવ, સરદાર, સલાહકાર એ સર્વ તરફથી સુખી છતાં એના પુત્રોથી એને મહા દુઃખ થયું. એના બે પુત્રો દારૂના વ્યસનમાં મરણ પામ્યા ને એને મોટે દીકરે બળવો કર્યો. તથા એના વહાલા મિત્ર અબુલ ફ્જલને ઈ. સ. ૧૬૦૩ માં મરાવ્યો ને એજ છોકરાની માઠી ટેવથી ખીજ થઇ તે પોતે મરણ પામ્યો. એટલું છતાં એણે પોતાના પુત્ર ઉપરનો પિતૃપ્રેમ તજ્યો નહિ. સલીમ નઠારો નીવડ્યાથી સલીમના દીકરા ખુશરૂને અકબરની પાછળ ગાદી આપવાનો વિચાર ખુશરૂના મામા માનસિંગ તથા બીજાઓએ કર્યો, પરંતુ અકબરે તો સલીમનેજ શિખામણ દેઇ પોતાની સમક્ષ રાજ્યાભિષેક કરાવ્યો, તથા એને મળીને ચાલવાની સરદારોને આજ્ઞા કરી. એવો એ મોટા મનનો હતો. અકબર એ હિંદમાં સર્વોત્તમ મુસલમાન પાદશાહ થઇ ગયો. ક્ષત્રી રાજાઓમાં જેવા રામચંદ્ર, યુધિષ્ટિર, અશોક ને વિક્રમ થયા તેવો મુસલમાન પાદશાહોમાં અકબર થયો. પણ હિંદને કમનસીબે એના પછી એવો બીજો કોઇ પણ પાદશાહ થયો નહિ, તેથી એણે ચલાવેલી રાજ્યનીતિ ઘણીખરી એની સાથેજ નાશ પામી.

# પ્રકરણ ૫ મું.

## જહાંગીર.

**જહાંગીરની વર્તણુક.** ૧ પાછળ કહ્યા પ્રમાણે સ-લીમ, જહાંગીર નામ ધારણ કરી તખ્તપર બેઠો. રાજ્ય-ની શરૂઆતમાં તે ન્યાયથી તથા સારી રીતે વરત્યો. તેણે ફરિયાદીની અડચણ ટાળવા માટે પોતાના મેહેલની દીવાલે એક સાંકળ લટકાવી હતી. તે સાંકળ હલાવ્યાથી ઘરમાં ઘંટ વાગીને પાદશાહને જાહેર થતું. તેણે અકબરના સમયના કા-મદારો કાયમ રાખ્યા, અકબરના ચલાવેલા સુધારા જારી રાખ્યા તથા ધર્મની બાબતમાં પ્રજા ઉપર બળાત્કાર ન કર્યો. એ પંડે દારૂ પીતો હતો, પણ લોકોને દારૂ પીવાની મના કરી હતી.

**ખુશરૂનો બળવો.** ૨. જહાંગીર ગાદીએ બેઠો એ વામાં તેનો પાટવી પુત્ર ખુશરૂ કેદમાં હતો, તે ચાર માસના અંદર છૂટયો. તેણે પંજાબમાં જઈ બંડ કર્યું. જહાંગીરે તેને પકડીને કેદ કર્યો, તથા તેના પકડાયલા લશ્કરને રીબાવી રી-બાવીને મારી નાંખ્યા.

**નૂરજહાં સાથે લગ્ન.** ૩. અકબરના સમયમાં કોઈ ઇરાનો વખાનો માર્યો પોતાનાં બે છોકરાં લેઇ ભરતખંડમાં આવ્યો. અકબરે તેને આશ્રય આપ્યો. એ ઇરાનીને એક નૂરજહાં નામે દીકરી અને અસોફખાં નામે દીકરો હતો. નૂરજહાં બહુ ખુબસુરત હોવાથી સલીમને તેની સાથે લગ્ન ક-રવાનું મન થયું. પણ એ વાત અકબરને નહિ ગમ્યાથી તેણે નૂરજહાંને કોઇ શેર અફગાન સાથે પરણાવી તથા તે સરદારને બંગાળામાં જગા આપી નૂરજહાંને તેની સાથે મો-કલાવી દીધી. પણ અકબર મરણ પામ્યા પછી નૂરજહાંને

મેળવવાને જહાંગીરે શેરઅફગાનને મરાવી નાંખ્યો ને પોતે નૂરજહાંને પરણ્યો. એ બાઇ જેવી ખુબસુરત હતી તેવીજ સલાહ આપવામાં શાણી, ધણીને વશ કરવામાં ચતૂર, સંકટ સમયે સાવધ ને સ્વાર્થ સાધવામાં હોંશિયાર હતી. જહાંગીરની કેટલીક કુટેવો એણે છોડાવીને તેને સુધાર્યો. રાજ્ય કારભારમાં પણ જહાંગીરને તે સારી સલાહ આપતી. જહાંગીરે નૂરજહાંના ભાઈ અસોફખાંને સરદારની જગા આપી ઉમરાવ બનાવ્યો, એ અસોફખાં પણ બહાદુર, ચતૂર ને હોંશિયાર હતો.

**અહમદનગર ઉપર ચઢાઇ.** ૪. અકબરે અહમદનગરનું રાજ્ય ખાલસા કર્યું નહોતું. અહમદનગરનો રાજા મુર્તિજા નિઝામશાહ હતો ને તેને મલીકંબર નામે એક હબસી વજીર હતો. મલીકંબરે અહમદનગરના રાજ્યનો ઘણો ભાગ જીતીને ઔરંગાબાદમાં રાજ્યધાની કરી હતી. તેણે દક્ષિણમાં જમાબંધીની રીત બાંધી હતી. એ રીત ઉત્તરમાં ટોડરમલે બાંધેલી રીતને મળતી હતી. એણે જહાંગીરના સરદાર ખાનખાનનો પરાજય કરી અહમદનગર જીતી લીધું. ઇ. સ. ૧૬૧૦. તેથી જહાંગીરે પોતાના દીકરા પરવીજ તથા ખાનજહાંન લોદી અને રાજા માનસિંગ એ ત્રણેને મલીકંબર ઉપર મોકલી ગુજરાતના સુબા અબદુલ્લાખાંને પણ તેમની મદદે જવાનો હુકમ કર્યો. પણ અબદુલ્લા પહેલો જઇ પહોંચ્યો, તેને મલીકંબરે હરાવીને નસાડયાથી ઉપર કહેલા ત્રણે મોગલ સરદારો બુરાનપુરમાં છાવણી નાંખીને રહ્યા. ઇ. સ. ૧૬૧૨.

**ઉદેપુર ઉપર ચઢાઇ.** ૫. ઉદેપુરનો રાણો પ્રતાપસિંગ ઇ. સ. ૧૫૯૪ માં મરણ પામ્યો, તેથી તેનો પાટવી પુત્ર અમરસિંગ ગાદીએ બેઠો. અકબરે મોટા મનથી પોતાના

મરણ પર્યંત અમરસિંગનું રાજ્ય શાંતિમાં ચાલવા દીધું. પણ જહાંગીરે ઉદેપુરને વશ કરવાનું ધાર્યું. તેણે પ્રથમ શાહજાદા પરવીજને મોકલ્યો, પણ તે રાણા સાથે સંધી કરીને પાછો ગયો. બીજીવાર મોહોબતખાન નામે સરદારને મોકલ્યો. ઇ. સ. ૧૬૦૭. તેણે એક વાર રાણા ઉપર જય મેળવ્યો. ગુજરાતના સુબા અબદુલ્લાખાને પણ રાણા ઉપર ચઢાઇ કરી એક વાર જય મેળવ્યો, પણ એ કશાથી અમરસિંગ નમ્યો નહિ. તેણે પાદશાહ સાથે સગાઇ કરવાની તો નાજ પાડી, પણ તાબેદારીએ કબુલ કરી નહિ. આ ઉપરથી પાદશાહે પોતાના વહાલા પણ બહાદુર બેટા ખુરમને એક જબરૂં લશ્કર આપી ઉદેપુર ઉપર મોકલ્યો. તેણે અમરસિંગને નમાવ્યો ત્યારે તે શરણ આવ્યો. ખુરમે તેનું રાજ્ય તેને પાછું સોંપ્યું ને તેના પાટવી કુંવરને પોતાની સાથે પાદશાહની હજુરમાં લેઈ જઇ પોશાક અપાવ્યો, તથા લશ્કરમાં મોટા સરદારની જગા અપાવી. ખુરમના આ પરાક્રમથી પાદશાહે ખુશી થઇ તેને શાહનો ઇલકાબ આપ્યો, ને તેજ ઉપરથી એનું નામ શાહજહાં પડ્યું. ઇ. સ. ૧૬૧૪.

**મલીકંબર ઉપર પુન: સ્વારી.** ૬. એવામાં રાજા માનસિંગ દક્ષિણમાં મરણ પામ્યો, તથા મલીકંબરને પાદશાહી લશ્કર જેર કરી શક્યું નહિ. તેથી પાદશાહે શાહજહાંને દક્ષિણમાં મોકલ્યો તથા પોતે પણ માળવામાં છાવણી નાંખી પડ્યો. શાહજહાંએ દક્ષિણમાં જઇ વિજાપુરના રાજાને મલીકંબરના પક્ષમાંથી ફોડીને પોતાના પક્ષમાં લીધો, તેથી મલીકંબર તાબે થયો. ઈ. સ. ૧૬૧૭. ને અહંમદનગર વગેરે લીધેલો મુલક પાછો આપ્યો. શાહજહાં આ જય મેળવી માંડુમાં જહાંગીરને જઇ મળ્યો. ત્યાંથી બંને

ગુજરાતમાં ગયા ને પાદશાહે શાહજહાંને ગુજરાતનો સુબો બનાવી કાશ્મીર ગયો, કેમકે એ દેશ જીત્યા પછી દિલ્લીના પાદશાહોએ હવા ખાવાની જગા ત્યાં ઠરાવી હતી. આગળ જલદીજ મલીકંબરે ખોએલો મુલક પાછો જીતી લીધાથી પાદશાહે શાહજહાંને ફરીને દક્ષિણમાં મોકલ્યો. તેણે બીજીવાર મલીકંબરને હરાવીને નમાવ્યો. ઇ. સ. ૧૬૨૧.

**શાહજહાં ઉપર પાદશાહની અપ્રીતિ.** ૭. જહાંગીરને ચાર દીકરા હતા. ખુશરૂ, પરવીજ, શાહજહાં ને શહરિયાર. તેમાંથી ખુશરૂ ઇ. સ. ૧૬૨૧ માં મરણ પામ્યો. શાહજહાં બહાદુર હોવાથી પાદશાહની તેના ઉપર વધારે પ્રીતિ હતી. વળી નુરજહાંના ભાઇ અસોફખાંની દીકરી સાથે તે પરણેલો હોવાથી તેની મરજી શાહજહાંને રાજ્ય અપાવવા તરફ હતી. પણ નૂરજહાંની શેર અફગાનથી થએલી દીકરી શહરિયાર વેરે દીધેલી હોવાથી નૂરજહાંનું વલણ શહરિયાર તરફ હતું. તેથી જહાંગીરની પ્રીતિ શાહજહાં ઉપરથી કમી થાય એવો ઉદ્યોગ નૂરજહાંએ આરંભ્યો. તેવામાં ઇ. સ. ૧૬૨૧ માં ઇરાની લોકે કંદહાર જીતી લીધું. શાહજહાંની સત્તા દક્ષિણમાં જામેલી હોવાથી તે તોડવાને કંદહાર પાછું લેવા સારૂ શાહજહાંને મોકલાવાને નૂરજહાંએ જહાંગીરને સમજાવ્યો. તેથી પાદશાહે કંદહાર ઉપર ચઢવાને શાહજહાંને હુકમ કર્યો. તેથી તે માંડુ સુધી આવ્યો. પણ ત્યાં તેને પાદશાહની મતલબ સમજાયાથી તેણે પાદશાહને લખ્યું કે લશ્કર તૈયાર ન હોવાથી હું જઇ શકતો નથી. ત્યારે નૂરજહાંએ શાહજહાંનું લશ્કર મગાવી શહરિયારને મોકલવાને કહ્યું. પણ શાહજહાંએ લશ્કર નહિ મોકલતાં બળવો કર્યો ને જહાંગીર તથા શાહજહાંની ફોજો મેવાતનાં જંગલોમાં મળી. શાહજહાં હડીને બુરાનપુર આવ્યો. તેની

પછવાડે પાદશાહે પરવીજ, ખાનખાનાન મોહોબતખાનને મોકલ્યા. તેથી શાહજહાં નાસીને બંગાળે ગયો ને બંગાળા ને બહાર પ્રાંતો તેણે જીતી લીધા. પરવીજ ને મોહોબતખાન તેની પછવાડે પડ્યાથી તે ફરીને દક્ષિણમાં આવ્યો ને મલીકંબરને મળી ગયો. છેવટે ઈ. સ. ૧૬૨૫ માં તે પાદશાહને શરણ ગયો.

*મોહોબત ખાનનો બળવો. ૮. હવે પરવીજને અને મોહોબતખાનને બહુ પ્રીતિ થવાથી તેનું જોર તોડવાને ઇરાદે નૂરજહાંએ મોહોબતખાન ઉપર આળ મૂકી તેનો જવાબ દેવાને હજુરમાં બોલાવ્યો. મોહોબતખાં બંગાળામાં ગયો ત્યારે ત્યાંથી કાંઇ સરકારી રકમ તેણે ઉચાપત કરી હતી એવું તેના ઉપર આળ હતું પણ તે નૂરજહાંનું કાવતરૂં છે એમ સમજાયાથી મોહોબતખાં પોતાના પાંચ હજાર રજપૂતો લેઈ પાદશાહ પંજાબમાં હતો ત્યાં જઈ તેને કેદ કર્યો ને પાદશાહના નામથી પોતે રાજ્ય ચલાવવા લાગ્યો. પરંતુ જલદીજ નૂરજહાંની હોંશીઆરીથી પાદશાહ છૂટો થયો એટલે મોહોબતખાં શરણ આવ્યો. પાદશાહે તેને દક્ષિણમાં શાહજહાં ઉપર મોકલ્યો. ત્યાં તેઓ બંને જણ મળી ગયા. એવામાં પરવીજ તથા મલીકંબર મરણ પામ્યા. ઈ. સ. ૧૬૨૬. મલીકંબર લઢાઇમાં શૂરો ને રાજ્ય ખટપટમાં પૂરો હતો. તેના મુઆથી અહમદનગરનું રાજ્ય નબળું થઈ ગયું. પાદશાહ પણ દમના રોગે કાશ્મીરથી લાહોર આવતાં રસ્તામાં મરણ પામ્યો. ઈ. સ. ૧૬૨૭.

જહાંગીરના ગુણ. ૯. જહાંગીર સ્વભાવે ભલો ને

---

* મોહોબતખાનનો બાપ સગર ઉદેપુરના રાણા પ્રતાપસિંગનો ભાઈ હતો. પણ મોહોબતખાન મુસલમાન થઈ ગયો હતો.

ઉદાર પણ દારૂડીઓ, સ્વછંદી, ને વિષયી હતો. નૂરજહાંને મેળવવા માટે એણે શેર અફ્ગાનનો ઘાત કરાવ્યો એ પાપી કર્મ કર્યું. એણે પોતાને હાથે પોતાની નીત્યનોંધ લખી છે. એના સમયમાં ઇંગ્લાંડના જેમ્સ પાદશાહ તરફથી સર ટામસારો નામે અંગ્રેજ વકીલ ઇ. સ. ૧૬૧૫ માં વેપારના કરાર કરવા આવ્યો હતો. તેણે એ પાદશાહના દરબારની હકીકત લખી છે તે ઉપરથી જણાય છે કે એના દરબારીઓ લાંચીઆ ને સીપાઇઓ કાંઇક સુસ્ત હતા. તથા અકબરના વખત જેટલી એના વખતમાં રાજ્યની આબાદી પણ નહોતી.

## પ્રકરણ ૬ ઠું.

## શાહજહાં.

**સાહજહાં ગાદીએ બેસે છે.** ઇ. સ. ૧૬૨૭ માં જહાંગીર મરણ પામ્યો ત્યારે શાહજહાં દક્ષિણમાં હતો. તેના સસરા અસોફ્ખાંને શાહજહાંના મોટા ભાઇ ખુશરૂના દીકરા દાવરને નામનો પાદશાહ ઠરાવી શાહજહાંને તેડું મોકલ્યું અને નૂરજહાંને કેદ કરી. શાહજહાંએ આગ્રે આવી રાજ્ય સ્વાધીન લીધું, દાવર ઇરાનમાં નાસી ગયો અને સહરિયાર તથા દાનીઆલના દીકરાઓએ પંજાબમાં બળવો કર્યો તે અસોફ્ખાંને સમાવ્યો ને બળવાખોરને કેદ કર્યા, તેમને પાદશાહે મરાવી નાંખ્યા. રાજ્યલોભ એ બુરી ચીજ છે. શાહજહાં જેવા ભલા ને ન્યાયી પાદશાહે પણ રાજ્યલોભથી આવું પાપી કર્મ કરાવ્યું. તેણે પોતાને રાજ્ય મળવામાં મદદ કરનાર અસોફ્ખાં તથા મોહોબતખાંને જાગીરો આપી તથા નૂરજહાંને દર વરસે પચીસ લાખનું સાલીઆણું બાંધી આપ્યું.

**ખાનજહાં લોદી નો બળવો.** ૨. શાહજહાં દક્ષિણ-માંથી આવ્યો ત્યારે ખાનજહાં લોદીને ત્યાંનો સુબો ઠરાવ્યો હતો તેણે અહમદનગર તથા વિજાપુરના રાજાઓને પોતાના પક્ષમાં લેઇ બંડ કર્યું. પાદશાહે તે બંડ સમાવ્યું, ખાનજહાં ઉત્તર ભણી નાઠો, ત્યાં બુંદેલખંડના રજપૂત રાજાએ તેને મારી નાંખ્યો.

**અહમદનગરનું રાજ્ય જીત્યું** ૩. મલીકંબરના મરણ પછી તેના પુત્ર ફતેહખાંને મુર્તિજા નીજામશાહને મારીને એક બાળકને અહમદનગરની ગાદી આપી. તેણે ખાનજહાંને આશ્રય આપ્યાથી મોહોબતખાને તેને હરાવ્યો, તેથી તે તાબે થયો. એણે બેસાડેલા રાજાને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યો. આગળ શાહાજી ભોંસલેએ એક બીજા બાળકને ગાદી આપી અહમદનગરનો કેટલોક મુલક પોતે કબજે કર્યો તેથી શાહજહાં દક્ષિણમાં આવ્યો. તેણે વિજાપુર તથા ગોવળકોંડાના રાજાને જીતીને ખંડીઆ બનાવ્યા તેથી શાહાજી ભોંસલે પણ પાદશાહને શરણે આવ્યો. હવે અહમદનગરને સહાય કરનાર કોઇ ન રહ્યાથી પાદશાહે તે રાજ્ય ખાલસા કર્યું. ઇ. સ. ૧૬૩૭. શાહાજી વિજાપુરના રાજાની ચાકરીમાં રહ્યો.

**અલીમર્દાનખાન.** ૪. જહાંગીરના સમયમાં કંદહાર ઇરાની લોકોએ જીતી લીધું હતું. ત્યાં ઇરાનીઓનો સુબો અલીમર્દાનખાન હતો. તે ઇરાનીઓથી કંટાળીને શાહજહાંને આશ્રયે આવ્યો તેથી કંદહાર દિલ્લીની પાદશાહતમાં ફરીને આવ્યું. એ નોકરીના બદલામાં પાદશાહે તેને મોટી સરદારી આપી. અલીમર્દાનખાન શિલ્પ વિદ્યામાં કુશળ હતો. પાદશાહને મોટાં મોટાં ભવ્ય મકાનો બંધાવવાનો શોખ હતો તે કામમાં એ બહુ ઉપયોગી થયો. મકાનો સિ-

વાય તેણે દિલ્લીને પાણી પુરૂં પાડવા માટે જમનાંમાંથી એક નેહેર બંધાવી હતી તે હજુ પ્રસિદ્ધ છે.

**હિંદની બહાર સ્વારીઓ.** ૫. પાદશાહે અલીમર્દાનખાંને લશ્કર આપી બલ્ખ જીતવાને મોકલ્યો. તે એ પ્રાંત લૂટીને ટાઢને લીધે પાછો આવ્યો. ઈ. સ. ૧૬૪૪. બીજે વરસ ઉદેપુરના કુંવર જગતસિંહને ૧૪૦૦૦ સ્વાર આપીને મોકલ્યો ને પંડે પણ કાબુલ આવી શાહજાદા મુરદ તથા અલીમર્દાનખાંને તેની સહાયે મોકલ્યા. રજપુતોએ બહાદુરીથી એ પ્રાંત જીત્યો ને પાદશાહે તે ખાલસા કર્યો. વળી બીજે વરસે ઉસ્બેકલોકે બળવો કર્યો તે સમાવવાને શાહજાદો ઔરંગજેબ આવ્યો, તે બલ્ખમાં ઘેરાઇ ગયો ને મુસ્કેલીથી કાબુલ આવી શક્યો. સન ૧૬૪૮ માં ઇરાનીઓએ કંદહાર પણ જીતી લીધું, તે પાછું લેવાને સન ૧૬૫૩ સુધીમાં પાદશાહે પોતાના શાહજાદાઓને મોકલી યત્ન કર્યો, પણ તે નિષ્ફળ જવાથી તેઓ પાછા ફર્યા. એ પછી કોઇ મોગલ પાદશાહે કંદહાર જીતવાનો ફરીને યત્ન કર્યો નહિ.

**પોર્તુગીજોની કતલ.** ૬. શાહજહાં પોર્તુગીજોને ધિક્કારતો હતો. જહાંગીરના વખતમાં જ્યારે એ બળવો કરી બંગાળામાં આવ્યો ત્યારે એણે પોર્તુગીજોની સહાય માગી, પણ તે તેમણે આપી નહિ. પોર્તુગીજોને હુગલી નદી ઉપર એક થાણું બેસાડવાની અકબરે પરવાનગી આપી હતી, તે જગા તોપો ગોઠવી મજબુત કરે છે, એવી શાહજહાંને ખબર મળવાથી તેણે તે જીતી લીધું. તથા જે ખ્રીસ્તિઓ મુસલમાન થયા નહિ તેમને મારી નાંખી તેમની સ્ત્રીઓને ગુલામ બનાવી.

**જમાબંદીની રીત.** ૭. શાહજહાંનો વજીર સાય

કુલ્લીખાન બહુ ચતુર ને પ્રમાણિક હતો, તેની સહાયથી જમાબંધીની જે રીત ઉત્તરમાં ટોડરમલે બાંધી હતી તેજ ધોરણે એણે એના દક્ષિણના રાજ્યમાં જમાબંધીની રીત ચલાવી.

**શાહજહાંના શાહજાદા.** ૮. પાદશાહને ચાર પુત્રો હતા. દારા, ઔરંગજેબ, શુજા ને મુરાદ. તેમાં દારા બહાદુર, ઉદાર, સ્વતંત્ર વિચારનો પણ ભોળો ને અવિચારી હતો. ઔરંગજેબ બહાદુર, અક્કલબાજ ને ચતુર પણ કપટી, લોભી ને ધર્માંધ હતો. શુજા દારૂડીઓ ને વિષયી હતો. મુરાદ બહાદુર પણ અક્કલહિન ને વિશ્વાસુ હતો. સૌથી મોટો દારા પાદશાહ પાસે હતો ને ઔરંગજેબ દક્ષિણમાં, શુજા બંગાળામાં ને મુરાદ ગુજરાતમાં સુબાગીરી ઉપર હતો.

**ઔરંગજેબનો દક્ષિણમાં જય.** ૯. ઔરંગજેબે ગોવળકોંડાના પાદશાહના વજીર મીર જુમલાને ફોડીને પોતાના પક્ષમાં લીધાથી તેણે દર વરસે એક કરોડ રૂપિયી ખંડણી આપવાનું કબુલ કરી સલાહ કરી. એજ રીતે વિજાપુરના રાજાને પણ હરાવીને તાબેદાર બનાવ્યો. આ સમયે બેદરનું રાજ્ય ઘણી નબળી હાલતમાં હતું, તેના ઉપર સ્વારી કરીને તે રાજ્ય ઔરંગજેબે ખાલસા કર્યું. ઈ. સ. ૧૬૫૫. બાહ્મણી રાજ્યના પાંચ ભાગ થયા હતા તેમાંથી હવે માત્ર બેજ રાજ્ય દિલ્લીના પાદશાહની તાબેદારીમાં હયાતી ભોગવતાં રહ્યાં.

**શાહજાદાઓના બળવા.** ૧૦. ઈ. સ. ૧૬૫૭માં શાહજહાં માંદો પડયાથી એનો વડો પુત્ર દારા રાજ્યનો કારભાર કરવા લાગ્યો. પણ તે એના બીજા ભાઇઓને નહિ ગમ્યાથી તેઓ પોતપોતાને પાદશાહ કહેવરાવા લાગ્યા. શુજા રાજ્ય લેવાને બંગાળી લશ્કર લેઈ કાશી સુધી

આવ્યો. તેની સામા દારાએ પોતાના દીકરા સુલેમાનને જયપુરના રાજા જયસિંગ સાથે મોકલ્યો. તેમણે શુજાને હરાવીને પાછો કાઢ્યો. દારાએ મુરાદ તથા ઔરંગજેબ સામા જોધપુરના રાજા જશવંતસિંગને મોકલ્યો. આણી તરફ ઔરંગજેબે મુરાદને લખ્યું કે હું રાજપાટ ઇચ્છતો નથી કેમકે મારે તો મક્કે જઇ ખુદાની ભકિત કરવી છે, પણ આપણા પિતા પછી કાફર ધર્મી દારા પાદશાહ થાય, તે મને પસંદ નથી ને શુજા દારૂડીઓ હોવાથી રાજ્યને યોગ્ય નથી. તું ખરો મુસલમાન હોઇને રાજ્ય યોગ્યછે, માટે મારો વિચાર તને સહાય કરવાનો છે. તારી મરજી હોય તો આપણ બંને એકત્ર થઈ દારાને હરાવીએ. ધર્મના કામમાં દારા અકબરની માફક સ્વતંત્ર વિચારનો હોવાથી એના ભાઇઓ એને કાફર કહેતા હતા. ભોળો મુરાદ ઔરંગજેબની કપટ જાળમાં ફસાયો. બંનેએ ઐક્ય કરી દારાને હરાવવાનું ઠરાવ્યું ને પોતપોતાનાં લશ્કર લેઈ તેઓ ઉત્તરમાં આવવા નીકળ્યા. મુરાદ માળવામાં પ્રથમ આવ્યો તેને રોકવાને જશવંતસિંગ પડેલોજ હતો. તેણે મુરાદ એકલાને હરાવવાને બદલે ઔરંગજેબને આવવા દેઈ બંનેનું એકત્ર બળ થવા દેવાનો વખત આપ્યો, એ મોટી ભૂલ કરી. બંને ભાઇને એકજ સપાટે હરાવવાના લોભે એ ભૂલ કરાવી, ને તેનું માઠું ફળ તેને ભોગવવું પડ્યું. બંનેને જુદા જુદા હરાવવાનો લાગ ગુમાવ્યો તે ફરીને મળ્યોજ નહિ. ઉજ્જેણ આગળ રજપૂતોએ બંને લશ્કર ઉપર બહાદુરી ને દૃઢતાથી હુમલો કર્યો પણ તેમાં તેઓ કપાઈ ગયા. ને થોડાક શાહજાદાનું લશ્કર ભેદીને જોધપુર પહોંચ્યા. ઈ. સ. ૧૬૫૭. આ જય મેળવી બંને ભાઈ આગ્રા તરફ ચાલ્યા. અહીં દારાનો દીકરો સુલેમાન શુજાને હરાવીને હજુ પાછો આ-

વ્યો નહોતો, તેથી દારાના સલાહકારોએ તેના આવવાની રાહ જોવાને કહ્યું. પણ અવિચારી ને ઉતાવળીઆ દારાને તે વાત ગમી નહિ. તેણે લશ્કર જમાવી આગ્રાની બહાર ઔરંગજેબને અટકાવવાનો વિચાર કર્યો. બંને તરફનાં લશ્કરો આગ્રાના મેદાનમાં સામસામાં થયાં. બંને બાજુના સૈન્યે ને સરદારોએ બહાદુરી બતાવી. દારાના રજપૂત લશ્કરે પણ રાજ્ય ભકિત બતાવવામાં મણા રાખી નહિ. પણ એટલામાં દારાના હાથીને બાણ વાગ્યાથી તે ઘોડા ઉપર બેઠો. પોતાના સરદારને હાથી ઉપર નહિ દીઠાથી તે મરાયાની બુમ ચાલી, ને લશ્કર ગભરાટમાં પડ્યું. સરદારનેજ માટે લઢનારા લશ્કરે તેને ન દેખવાથી નાસવા માંડ્યું. જે રીતે અનંગપાળ પુરૂ જીતના સમયમાં હાર્યો તેજ રીત દારાનુ પણ થયું. માત્ર બે હજાર માણસ સાથે તે આગ્રામાં પેઠો. બાકીનું સઘળું સૈન્ય નાશ પામ્યું. દારા આગ્રા છોડી આગળ નાઠો, ને આરંગજેબ જય પામ્યો.

**ઔરંગજેબ પાદશાહ થાય છે.** ૧૧. ઔરંગજેબે જય પામ્યા પછી મુરાદ પાસે જઇ તેને રાજ્ય મળવા બાબત મુબારકબાદી આપી. પછી બંને ભાઇ આગ્રામાં પેઠા. ત્યાંથી બંને જણા દારાની પછવાડે દિલ્લી તરફ જવાને નીકળ્યા. રસ્તામાં એક દિવસે મુરાદને ખુબ દારૂ પાઇ તેણે જાહેર કર્યું કે તે, તો દારૂડીઓ છે, માટે મુસલમાની મજબ પ્રમાણે તે રાજ્યને યોગ્ય નથી. એમ કહી તેને કેદ કરી દિલ્લી મોકલી દીધો, તથા પોતાના પિતાને કેદ કરી તે પાદશાહ થયો. ઇ. સ. ૧૬૫૮.

**મોગલાઇ પાદશાહોને દુ:ખ.** ૧૨. મોગલાઇ રાજ્ય થયું, ત્યારે શરૂઆતના પાદશાહ બહાદુર ને રાજ્ય ચલાવવામાં ડાહ્યા છતાં, તેમને પોતાના પુત્રો તરફથી પીડા

ભોગવવી પડી. પઠાણ પાદશાહોના વારામાં સરદારોના બળવા, મોગલ લોકની સ્વારીઓ ને રજપુત રાજાઓ સાથે યુદ્ધ થવાથી એ પાદશાહો કાયર થઇ દુઃખી થતા. મોગલોએ અકબરની રાજ્યનીતિથી રજપૂતોને વશ કરી તેમની પ્રીતિ મેળવી હતી. બહારના હુમલા થવાના બંધ પડ્યા હતા. ને તેમના સરદારો ઉપર દાબ હોવાથી તેઓ કવચિતજ સામા થતા. પણ તેમને તેમના શાહજાદા તરફથી પીડા થતી. અકબર સામો સલીમ, સલીમ સામો શાહજહાં ને તેની સામા એના ત્રણ પુત્રો થયા. તેમાં ઔરંગજેબે તેને કેદ કર્યો, ત્યાં તે લગભગ ૧૦ વરસ જીવી ૭૭ વરસની ઉમરે ઇ. સ. ૧૬૬૭ માં મરણ પામ્યો.

**શાહજહાંના ગુણ.** ૧૩. શાહજહાંએ ગાદીએ બેઠા પછી એના ભાઈ ભત્રીજાઓનો નાશ કરાવ્યો, એ એણે મોટું પાપી કર્મ કર્યું, એ વાત ખરી તથાપિ તે પછી એવું પાપી કામ એણે કોઇ વાર કર્યું નથી. તેનો જાતિ સ્વભાવ પાપી નહોતો. એ સ્વભાવે ભલો ને દયાળુ પણ ભોળો હતો. એને મકાનો બંધાવવાનો બહુ શોખ હતો. તે અમદાવાદમાં સુબો હતો ત્યારે ત્યાં પોતાને માટે બંધાવેલો મહેલ હજુ પણ શાહીબાગને નામે મશહુર છે. એ શોખ એણે પાદશાહ થયા પછી પૂરો કર્યો. કામદારો પસંદ કરવામાં શાહજહાં ઘણો ચતુર હતો. તેમણે રાજ્યનો બંદોબસ્ત એવો કર્યો કે આખા મોગલાઈ રાજ્યમાં શાંતિ રહી. એના સમયમાં દક્ષિણમાં ને કંદહાર તથા બલ્ખમાં થએલી લડાઇઓ એના રાજ્યની હદ બહાર હતી. એના ત્રીશ વર્ષના રાજ્યમાં ખાનજહાન તથા શાહજાદાઓના બળવા સિવાય કોઈ વખત લડાઇ થઈ નહિ. તેથી તથા એણે પોતાની પ્રજાને પુત્ર સમાન પાળ્યાથી અને ધર્મ સંબંધી જુલમ નહિ થવા દી-

ધાથી, એની પ્રજા અકબરના સમય કરતાં પણ વધારે આબાદ, સુખી ને સંતોષી હતી.

**શાહજહાંનાં મકાનો ને કામ.** ૧૪. રાજ્યમાં શાંતિ ને આબાદી હોવાથી એણે લોકોપયોગી કામોમાં ને શોભાયમાન મકાનોમાં રાજ્ય ધનનો ઉપયોગ કર્યો. એણે દિલ્લીમાં રાજ્યધાની કરી ત્યાં સુંદર આરસની સોનેરી ઘુમટવાળી હવેલીઓ બંધાવી હતી તથા રસ્તા બંધાવી ઝાડો રોપાવ્યાં હતાં. વળી શેહેરને પાણી પૂરું પાડવાને જમના નદીથી એક નેહેર કરાવી હતી, તે વાત ઉપર આવી છે. તેણે બંધાવેલી સુંદર મસીદ હજુ પણ છે. આગ્રામાં આરસનો એક ભવ્ય સુંદર કારીગરીનો મેહેલ બંધાવ્યો હતો, તેને તાજમેહેલ કહે છે. તેની બરાબરનો કોઇ મેહેલ દુનીઆમાં નથી. તેની પાછળ સવાત્રણ કોટી રૂપીઆ ખર્ચ થયું હતું. વળી એણે ૬ાા કોટી રૂપીઆ ખરચીને હીરા, માણેક, રત્નાદિ જડિત્ર પુછડીનું મયુરાસન (મોરના આકારનું આસન) પોતાને બેસવા માટે બનાવ્યું હતું. એટલું ખર્ચ કર્યા છતાં, એ પદભ્રષ્ટ થયો ત્યારે સોનું, હીરા વગેરે ઝવેર સિવાય ૨૪ કોટી રૂપીઆ ખજાનામાં સીલીકે હતા.

---

## પ્રકરણ ૭ મું.

## ઔરંગજેબ.

**ભાઇ ભત્રીજાનો નાશ.** ૧. પિતાને કેદ કરી આલમગીર નામ ધારણ કરીને ઔરંગજેબ ગાદીએ બેઠો. ઇ. સ. ૧૬૫૮. તે પછીનાં ચાર વરસ પોતાના ભાઇ ભત્રીજાનો નાશ કરવામાં ગયાં. દારા દિલ્લી ભણી નાઠો તેની પછવાડે ઔરંગજેબ પડ્યો. દારા ગુજરાતમાં ગયો ને ત્યાંથી લશ્કર

જમાવી અજમેર આવ્યો. ઔરંગજેબે ત્યાં આવી તેને હરા-
વ્યાથી દારા સિંધમાં ગયો, ત્યાંના એક તાલુકદારે તેને પ-
કડીને પાદશાહ પાસે મોકલી દીધો. ઔરંગજેબે તેનો ઘાત
કરાવ્યો. ઈ. સ. ૧૬૫૯. શુજા અલ્હાબાદ આગળ લશ્કર
જમાવી પડેલો હતો. ત્યાં શાહજાદો સુલેમાન તથા જશ-
વંતસિંગ તેને જઈ મળ્યા. પણ આળસુ શુજા એ સમયનો
લાભ લેઈ શક્યો નહિ. તેથી જશવંતસિંગ જોધપુર જતો
રહ્યો ને શાહજાદો પાદશાહને જઈ મળ્યો. તેથી શુજા હા-
રીને આરાકાનમાં નાઠો ને ત્યાં માર્યો ગયો. ઈ. સ. ૧૬૬૦.
હવે મુરાદનો વારો આવ્યો. તેને કેદખાનામાંજ પાદશાહે
મરાવી નાંખ્યો. ઈ. સ. ૧૬૬૧. અંતે દારા તથા મુરાદના
પુત્રો ગ્વાલિયરના કિલ્લામાં કેદ હતા તેમને પણ તેણે મ-
રાવી નાંખ્યા.

**ઉત્તરહિંદનો બંદોબસ્ત.** ૨. ભાઈ ભત્રીજાનો
નાશ કરાવ્યા પછી એણે ઉત્તર હિંદનો બંદોબસ્ત કરવામાં
લક્ષ લગાડ્યું. પ્રથમ તેણે વિકાનેરના રાજાને વશ કર્યો ને
પછી મીર જુમલાને આશામ જીતવા મોકલ્યો, પણ ત્યાંના
રાજાએ ખંડણી આપવાનું કબુલ કર્યાથી તે પાછો આવતો
હતો ત્યાં રસ્તામાંજ મરણ પામ્યો. ઈ. સ. ૧૬૬૨.

**ધર્મ પક્ષપાત.** ૩. અકબરે પોતાની સર્વ પ્રજાને
સમાન ગણીને હિંદુ પ્રજાનું મન વશ કરી લેવાની જે રા-
જ્યનીતિ ચલાવી હતી, તે શાહજહાં સુધી ચાલી; એ વ-
ખતે હિંદુઓએ ઇમાનદારીથી પાદશાહોની નોકરી બજા-
વી. પણ આલમગીરે એ રીત તોડી. તેણે મુસલમાનોના
કેટલાક વેરા માફ કર્યા ને હિંદુઓના ન કર્યા. હિંદુઓને સ-
રકારી નોકરી આપવી બંધ કરી તથા જાત્રાઓ ભરાતી તે
બંધ પાડી. પઠાણ પાદશાહો હિંદુઓ પાસેથી જે જજીઆ

વેરો લેતા હતા ને જે અકબરે બંધ કર્યો હતો, તે વેરો ઔરંગજેબે પાછો નાખ્યો. આ પ્રમાણે ધર્મમાં પક્ષપાત કર્યાથી એની હિંદુ પ્રજા નારાજ થઇ, ને તેમણે મુસલમાનોથી છૂટા પડવાનું ધાર્યું. ઔરંગજેબ યુદ્ધકૌશલ્યમાં કુશળ હોવાથી એના સમયમાં મોગલાઇ રાજ્ય સર્વ કરતાં વધારે વિસ્તાર પામ્યું હતું, તોપણ એના મુઆ પછી એનું રાજ્ય જલદીજ પડી ભાગ્યું. તે માત્ર એના ધર્મ પક્ષપાતથી હતું. એ પક્ષપાતથી મુસલમાનો એનાં વખાણ કરવા લાગ્યા ને અકબર જેવા ઉત્તમ પાદશાહ કરતાં પણ એને તેઓ વધારે શાબાશી આપવા લાગ્યા. પણ તેથી એની હિંદુ પ્રજા નારાજ થવાથી હિંદુ મુસલમાન વચ્ચે હાડ વેર બંધાયાં તે આગળ જતાં મટ્યાંજ નહિ.

**હિંદુઓના બળવા.** ૪. ધર્મ પક્ષપાતથી એના રજપૂત સરદારો એનાથી છૂટા પડ્યા. પંજાબમાં નાનકપંથીઓના ગુરૂ ગોવિંદસિંહે શીખ લોકોને હથિયાર બંધાવી લડવૈયા કર્યા. જોકે ઔરંગજેબે તેમને વશ કર્યા તોપણ તેના વંશજોના વખતમાં તેઓ બહુ બળવાન થયા. દિલ્લી પાસેના નારનોલ ગામમાં સતરામી જાતના વેરાગીઓએ બળવો કર્યો ને તેમણે પાદશાહી લશ્કરને બેત્રણવાર હરાવ્યું. એ બળવો આલમગીરે મહા મુશ્કેલીએ સમાવ્યો. દક્ષિણમાં શિવાજીની સરદારી નીચે મરેઠા લોક મોગલાઇ સામા ઉઠ્યા ને ધીરે ધીરે શિવાજીએ રાયગઢમાં મરેઠી રાજ્ય સ્થાપ્યું. ઇ. સ. ૧૬૬૪. આલમગીરે ચપળતાથી, હોંશીઆરીથી ને યુદ્ધ કૌશલ્યથી જોકે હિંદુઓને દાબમાં રાખ્યા, તોપણ એના રાજ્યની સઘળી મુદત એ લડાઇઓ લડવામાં ગઇ.

**મરેઠી રાજ્યની સ્થાપના.** ૫. દક્ષિણમાં શિવાજી-

એ કોકણપટ્ટીને ઘાટ ઉપરનો કેટલોક મુલક જીત્યો તથા વિજાપુરના પાદશાહના લશ્કરનો પરાજય કરી તેમના અફ્જલખાં નામે સરદારને માર્યો ઈ. સ. ૧૬૫૯. વળી પાદશાહના મામા સાહિસ્તખાંને પણ ઘાયલ કરી તેણે નસાડ્યો ને સુરત લૂટ્યું. ઇ. સ. ૧૬૬૪. એજ સાલમાં શિવાજીનો બાપ શાહાજી મરણ પામ્યાથી રાયગઢમાં પોતાને રાજ્યાભિષેક કરાવ્યો. શિવાજીને બળવાન થતો જોઇ ઔરંગજેબે તેનું જોર તોડવાને પોતાના સરદાર દીલીરખાન, જશવંતસિંગ, જયસિંગ, શાહાજાદા મોઆજીમ, આજીમ વગેરેને લશ્કર આપી વારા ફરતી મોકલ્યા. પણ શિવાજી તે સર્વને પુરો પડ્યો. તેણે હિંદુઓમાં ધર્માભિમાન ઉત્પંન કર્યું તથા મોગલોને થકવવાની યુદ્ધકળા મરેઠાને શીખવી. એ યુદ્ધકળાથી શિવાજી મુઆ પછી પણ મરેઠા આલમગીર જેવા બળવાન પાદશાહને પૂરા પડી શક્યા. એણે મોગલો સાથે મેદાનમાં ઉભા રહીને કવચિતજ લડાઈ કરીછે. મોગલો ઘણા ને પોતાનું લશ્કર કમી હોવાથી તેમના ઉપર છાપો મારવાનું તેણે દુરસ્ત ધાર્યું. મોગલો સામા આવે તો ડુંગરામાં ભરાઇ જઇ ગામડાં લૂટવાં ને તેમને હેરાન કરી પાછા કાઢવાની યુક્તિ કરી. એ યુક્તિથી શિવાજી ફતેહ પામ્યો. એકવાર તે જયપુરના રાજા જયસિંગના ભરોંસાથી દિલ્લી ગયો, ત્યાં પાદશાહે તેને કેદ કર્યો. પણ ત્યાંથી તે યુક્તિથી નાસી જઇ દક્ષિણમાં આવ્યો. ઇ. સ. ૧૬૬૬. એણે સન ૧૬૭૦માં દક્ષિણનાં બંને મુસલમાની રાજ્યો પાસેથી ચોથ ઉઘરાવી ને સન ૧૬૭૨ માં બીજીવાર સુરત લૂટ્યું. ઇ. સ. ૧૬૭૮માં તેણે ફરીને રાજ્યાભિષેક કરાવ્યો. વળી કર્ણાટક ઉપર સ્વારી કરીને ત્યાં પોતાના બાપની જાગીર હતી તેનો વહિવટ કરવાનું પોતાના ભાઇ વ્યંકાજીને સોંપી તે પાછો આવ્યો. શિ-

થાંજી ઇ. સ. ૧૬૮૦ માં મરણ પામ્યો ત્યારે એનું રાજ્ય મોગલાઈ સામું ટક્કર લેવા જેટલું બળવાન થયું હતું.

**રજપૂતો સાથે લઢાઇ.** ૬. જજીઆ વેરો નાંખ્યાથી, જાત્રાઓ બંધ પાડયાથી, હિંદુઓને સરકારી નોકરીમાંથી બાતલ કર્યાથી તથા ધર્મ પક્ષપાત કરવાથી રજપૂતો આલમગીર ઉપર નારાજતો હતાજ, એવામાં જોધપુરનો રાજા જશવંતસિંગ કાબુલમાં સુબો હતો તે ત્યાંજ મરણ પામ્યો. તેથી તેનાં બૈરાં છોકરાં દિલ્લી આવ્યાં. ત્યાં પાદશાહે તેમને કેદ કર્યાં. જશવંતસિંગના બધા છોકરા પ્રથમ મરણ પામ્યાથી આ સમયે એક ધાવણો પુત્ર માત્ર હયાત હતો. એ છોકરાને રજપૂતોના સરદાર દુરગાદાસે યુક્તિથી બહાર મોકલી આબુમાં રખાવ્યો, ને તેની જગાએ એક બીજા છોકરાને ઓઢવ્યો. આલમગીરે તે છોકરાને માગ્યો ત્યારે તેને પણ નહિ આપતાં રજપૂતો સામા થયા, ને લઢતાં લઢતાં જેટલા બચ્યા તેમણે જઇને પોતાના બાળ રાજાને ઉછેરવા માંડયો. રજપૂત સ્ત્રીઓ સર્વે જમના નદીમાં કૂદી પડી મરણ પામી. એ સમયે ઉદેપુરની ગાદીએ રાણો રાજસિંગ હતો. તેણે જજીઆવેરો નહિ લેવાને પાદશાહને શીખામણપત્ર લખ્યો. પણ આલમગીરે તે ઉપર લક્ષ આપ્યું નહિ એવામાં જોધપુરનું રાજ્ય પાદશાહે ખાલસા કરવાનું ધાર્યું. રાઠોડ સરદારો એથી ગુસ્સે ભરાયા ને રાજસિંગ રાણો તેમની વહારે ચઢયો. તેથી પાદશાહે જબરૂં લશ્કર જમાવી અજમેર આવી રાજસ્થાન ઉજડ કરવાનું ધાર્યું. રાજસિંગ સપાટ મુલક છોડી ડુંગરામાં ભરાયો, ને રાઠોડ ખૂબ જુરસાથી લઢી પાદશાહને થકવવા લાગ્યા. તેમનો સરદાર દુરગાદાસ હતો. તેણે યુક્તિથી શાહજાદા અકબરને ફોડયો ને તેના ૭૦ હજાર લશ્કર સાથે તેને પોતાના પક્ષમાં

લીધો. એ સમયે આલમગીર બહુ સંકડામણમાં ફસાયો ને જો એની જગાએ કોઈ થોડી ધીરજવાળો ને કમઅકલનો પાદશાહ હોત તો તેનો નાશ થયો હોત. પણ તે ધીરજ રાખી, નહિ ગભરાતાં શેરખાંએ માલદેવને ફસાવવાને જે યુક્તિ કરી હતી, તેવી જાતની યુક્તિ કરી તે છૂટી ગયો. અકબરનું લશ્કર પાદશાહને મળી ગયું ને તેમનો સરદાર તૈબરખાન માર્યો ગયો. અકબર નાસીને દુરગાદાસ પાસે આવ્યો. આ સમયે દુરગાદાસને ફોડવાને ઘણી લાલચો આપવા માંડી તથા રોકડ લાંચ મોકલી. પણ દુરગાદાસે અચળ રહી ઔરંગજેબે મોકલેલી લાંચ અકબરને વાપરવા માટે આપી તથા તેને સલામત રાખવા સારૂ દક્ષિણમાં મરેઠા રાજાના આશ્રયમાં તેને તે મૂકી આવ્યો. ઈ. સ. ૧૬૮૧. એ વખતે શિવાજી મહારાજનો દેહ પડયો હતો, ને તેનો પુત્ર શંભાજી ગાદીએ હતો. તોપણ પાદશાહના શત્રુને મરેઠા સલામત રાખી શકશે એવો રજપૂતોના મનમાં પણ મરેઠાના બળ વિષે વિશ્વાસ બેઠો હતો. પણ અકબર શંભાજીથી કંટાળીને ઇરાન ગયો ને ત્યાં થોડી મુદતમાં મરણ પામ્યો. અકબરનું બંડ સમાવીને રજપૂતોને વશ કરવામાં પાદશાહે બહુ જુલમ કર્યો. તેમનો મુલક લૂટીને ઉજડ કર્યો, રૈયતની કતલ કરાવી, તેમની સ્ત્રીઓને પકડી લેઈ જવા માંડી, તથા હિંદુ દેવળો તોડીને મસીદો બનાવી. આ ક્રૂર કર્મોનો બદલો રજપૂતોએ પણ વાળવા માંડયો. તેમણે મસીદો લૂટી, મુલ્લાઓની બેઆબરૂ કરી અને કુરાનો બાળી નાખ્યાં. આ પ્રમાણે થતાં પણ કોઈ થાક્યું નહિ. છેવટે દક્ષિણમાં મરેઠી રાજ્ય વધારે બળવાન થવાથી તથા બંડખોર શાહજાદો તેમને આશ્રયે જવાથી પાદશાહને ચિંતા પેઠી. તેથી જશવંતસિંગનો કુંવર અજીતસિંગ મોટો થાય ત્યારે જોધપુરનું રાજ્ય

તેને પાછું આપવાની સરતે રજપૂતો સાથે તેણે સંધી કરી. પાદશાહ પોતાનું સર્વ સૈન્ય લેઈ દક્ષિણ ઉપર ચઢ્યો. ઈ. સ. ૧૬૮૩. આલમગીરે ૪૯ વરસ રાજ્ય કર્યું તેની અર્ધ મુદત એણે ઉત્તરમાં રહી લઢાઇઓ કરીને, દક્ષિણ દેશ વશ કરવાને સરદારો મોકલ્યા, પણ તેમનાથી તે કામ ન થયું ત્યારે પંડે દક્ષિણમાં આવ્યો તે મરતા સુધી ત્યાંજ રોકાયો, ને પુનઃ દિલ્હી જોઇ શક્યો નહિ.

**તે સમયે દક્ષિણનાં રાજ્ય.** ૭. આલમગીર દક્ષિણમાં આવ્યો ત્યારે બ્રાહ્મણી રાજ્યનાં વિજાપુર ને ગોવળકોંડા એ બેજ રાજ્યો હયાતીમાં હતાં. મરેઠી નવું રાજ્ય બળવાન થયું હતું એ સિવાય દક્ષિણમાં નાના નાના જાગીરદારો તથા વિજયનગરના હિંદુ રાજ્યના વારસોનાં નાનાં રાજ્યો પણ હતાં. લોદી પાદશાહીની પડતીના સમયમાં પોર્તુગીજોએ ગોવામાં નાનું સરખું રાજ્ય સ્થાપ્યું હતું. અંગ્રેજ, ફ્રેંચ ને વલંદા લોકે વેપાર અર્થે સુરત, ભરૂચ, અમદાવાદ, મુંબાઇ, પાંદીચેરી, કારીકલ, માહી ને મદ્રાસમાં વખારો કરી હતી. મદ્રાસમાં તેમણે શાહજહાંના સમયમાં કિલ્લો પણ બાંધ્યો હતો. પણ તે વખતે તેઓ રાજ્ય મેળવવાની લાલચમાં પડ્યા નહોતા. માત્ર વેપાર ઉપરજ તેમનું લક્ષ હતું, તેથી પાદશાહનું ધ્યાન તેમના તરફ ખેંચાયું નહીં. તે તો સુમારે દશ લાખ સૈન્ય લાવી દક્ષિણનાં બે મુસલમાની રાજ્યો તથા મરેઠી રાજ્ય જીતવા માટે આવ્યો હતો.

**વિજાપુર ને ગોવળકોંડા જીતી લેછે.** ૮. પાદશાહે દક્ષિણમાં આવીને શાહજાદા મોઆજીમને મરેઠા ઉપર ને આજીમને વિજાપુર ઉપર મોકલ્યો. મરેઠા રાજા શંભાજીએ મોઆજીમના લશ્કરનો નાશ કર્યો. તેથી પાદશાહે તેને લશ્કર આપી ગોવળકોંડા ઉપર મોકલ્યો, ને આજીમે વિજાપુરને

ઘેરો ઘાલ્યો હતો, તેની મદદે પોતે ગયો. ત્યાં વિજાપુરના લશ્કરને અન્ન પાણીનો તોટો પાડી એ રાજ્ય જીતીને ખાલસા કર્યું. ઇ. સ. ૧૬૮૬. મોઆજીમે ગોવળકોંડા ઉપર સ્વારી કરીને ત્યાંના સેનાપતિને ફોડયો, ને હેદરાબાદ લૂટી લીધું, તેથી ગોવળકોંડાના પાદશાહે પુષ્કળ ધન આપી સલાહ કરી. પણ બીજે વરસે એ રાજ્ય ઉપર તેણે અણચિંતી સ્વારી કરીને એ રાજ્યની પણ આખર આણી. ઇ. સ. ૧૬૮૭. બીજે વરસે કર્ણાટક ઉપર સ્વારી કરીને તંજાવર સુધીનો મુલક તાબે કર્યો.

**શંભાજીનો નાશ.** ૯. દક્ષિણનાં મુસલમાની રાજ્યો જીત્યા પછી પાદશાહે પોતાનું સર્વ સૈન્ય મરેઠાને તાબે કરવાના કામમાં રોકયું. તે વખતે શંભાજી આળસુ ને વિષયી થઈ છંદમાં પડયો હતો. તેનો સલાહકાર કલુષા નામે કનોજીયો બ્રાહ્મણ હતો. શિવાજી મહારાજ જેવી ચપળતા ને હોંશીઆરી ન રાખ્યાથી શંભાજીને પાદશાહના સરદાર તુકારબખાને પકડી લીધો. પાદશાહે તેને મુસલમાન થવાને કહ્યું, ત્યારે તેણે પાદશાહ તથા પેગંબરને અપશબ્દો કહ્યા. તેથી આલમગીરે તેને મરાવી નાંખ્યો. ઇ. સ. ૧૬૮૯.

**મરેઠા સાથે યુદ્ધ ચાલુ રહે છે.** ૧૦. શંભાજી મરાયાથી મરેઠા નરમ પડશે એમ ધારી મોગલોએ ત્વરાથી મરેઠી કિલ્લા લેવા માંડયા ને રાજ્યધાની રાયગઢ જીતી લીધું. તેમાં શંભાજીનો બાળક દીકરો શિવાજી કેદ પકડાયો. તેથી શંભાજીનો ભાઇ રાજારામ શિવાજીને નામે રાજ્ય ચલાવવા લાગ્યો. તે ઇ. સ. ૧૭૦૦ માં મરણ પામતાં તેના દીકરાને નામે રાજારામની સ્ત્રી તારાબાઇએ હોશીઆરીથી રાજ્યનું તથા લઢાઈનું કામ ચલાવ્યું. એ પ્રમાણે વીશ વરસ સુધી પાદશાહે મરેઠાને વશ કરવાને લઢાઇ જારી

રાખી, પણ તે સફળ થઇ નહિ. મરેઠાઓમાં શિવાજી મહારાજે આણેલું આર્યત્વનું અભિમાન ઔરંગજેબથી તૂટયું નહિ. તેમજ તેમને મોગલો સામે લઢવાની જે પદ્ધતિ શિવાજી મહારાજે શીખવી હતી તે પદ્ધતિ પ્રમાણે ચાલી તેમણે આલમગીરને કાયર કર્યો. તેનો ખજાનો મરેઠા લૂટી લેવા લાગ્યા, ને પાદશાહી છાવણી ઉપર છાપો મારવા લાગ્યા. તેથી મોગલાઇ લશ્કર કંટાળી ગયું, તેમનો પગાર ચઢવા લાગ્યો ને તેઓ એશારામમાં પડયા. તેથી અંતે પાદશાહે થાકીને મરેઠા સાથે સંધી કરવાનું કહેણુ મોકલ્યું. પણ મરેઠાની માગણી પાદશાહથી કબુલ થઇ નહિ, તેથી તે નિરાશ થઇ પાછો ફર્યો. મરેઠા તેની પાછળ પડયા ને તે કેદ પકડાતો મુશ્કેલીથી બચીને અહંમદનગર પહોંચ્યો.

**આલમગીરના રાજ્ય કૌશલ્યમાં ખામી. ૧૧.** એણે દક્ષિણમાં સ્વારી કરી તે વખતે ત્યાં ત્રણ સત્તા હતી. વિજાપૂર, ગોવળકોંડા ને મરેઠા. તેમાં વિજાપુર ને ગોવળકોંડા જીતવામાં પોતાનું બળ ગુમાવ્યાને બદલે તેમને મેળવી લેઈ એણે પ્રથમ મરેઠી બળ તોડયું હોત તો પાછળથી બાકીનાં બે મુસલમાની રાજ્ય જીતવાં એને ભારે ન પડત. એટલુંજ નહિ પણ એના પછી એના વંશજો મરેઠા આગળ નરમ પડી ગયા ને મરેઠાને લીધેજ મોગલાઇ તૂટી, તે વખત પણ કદાચ ન આવત. પણ બે મુસલમાની રાજ્યો પ્રથમ જીતવાની એની ઇચ્છાએ અને મરેઠી બળની ખરી તૂલના એના મનમાં ન હોવાથી એણે એ ભૂલ કરી. રાજ્ય કૌશલ્યમાં એની એ મોટી ખામી હતી.

**આલમગીરનું મરણ. ૧૨.** એણે મોગલાઇ રાજ્ય વધાર્યું ખરૂં, પણ હિંદુઓ તે ટકવા દેશે નહિ તથા એના દીકરાઓ માંહોમાંહે લઢીને રાજ્યની પાયમાલી કરશે, તેની

ફિકરમાં તે પડચો. એવામાં અંતકાળ પાસે આવ્યો, એમ તેને જણાયું. તે વખતે તેને પોતાનાં કરેલાં પાતકો દૃષ્ટિએ પડયાં. એણે પોતાના બાપને દુઃખ દીધું હતું તથા ભાઇ ભત્રિજાઓનો નાશ કરાવ્યો હતો, તે સર્વ સાંભરી આવ્યું. મારૂં શું થશે, ખુદા મને શી શિક્ષા કરશે ને મારાં પાપ કર્મોનો હું શો જવાબ દેઇશ, એવા પસ્તાવામાંજ ૮૯ વરસની ઉમરે ૪૯ વરસ રાજ્ય કરી તે મરણ પામ્યો. ઇ. સ. ૧૭૦૭.

**આલમગીરના ગુણ દોષ.** ૧૩. ઔરંગજેબ શૂરો, બુદ્ધિવાન, દૃઢમનનો, ઉદ્યોગી, હિંમતવાન, દીર્ઘ દૃષ્ટિવાળો તથા યુદ્ધમાં કુશળ હતો. પણ તે કપટી, અણ વિશ્વાસુ, સાંકડા મનનો, પક્ષપાતી, નિર્દય, પાપી ને ધર્માંધ હતો. ગમે તેવા સંકટમાં તે ધીરજ મૂકતો નહિ ને પોતાના કોઇપણ સરદારનો વિશ્વાસ કરતો નહિ. તેને તેના પુત્ર ઉપર પણ ભરોંસો નહોતો. દરેકના ઉપર દેખરેખ રાખવાને એણે બાતમીદારોની જાળ ગુંથેલી હતી, તેથી તેના સરદારોની પણ તેના ઉપર પ્રીતિ રહેતી નહિ. તે પોતાની મતલબ સાધવાને કપટ રચતાં કે પાપ કરતાં લગારે ડરતો નહિ. તે દેખાવમાં સાદો, શરીરે પાતળો, પણ મજબુત બાંધાનો હતો. આખા રાજ્યના દરેક કામ ઉપર તે જાતે નજર રાખી હુકમો આપતો. ઘરડપણમાં પણ તે ચસ્મા વગર અરજીઓ વાંચી પોતાને હાથે શેરા કરતો. તેનો ચેહેરો હમેશાં હસમુખો રહેતો.

# પ્રકરણ ૮ મું.

## મોગલાઇ રાજ્યની પડતી.

### આલમગીર પછીના પાદશાહ.

**બહાદુરશાહ.** ૧. આલમગીરના મરણ સમયે એના ત્રણ દીકરા હયાત હતા—મોઆજીમ, આજીમ ને કામબખ્શ. મોઆજીમ કાબુલમાં ને કામબખ્શ વિજાપુરમાં સુબેદાર હતો. આજીમ પાદશાહની સાથે હતો તે પોતાને પાદશાહ કહેવડાવા લાગ્યો ને આગ્રે જવા નીકળ્યો. ઉત્તરમાં જતી વખતે તેણે શંભાજીનો દીકરો શિવાજી જે કેદમાં હતો, તે દક્ષિણમાં જઈ મરેઠી રાજ્યનો ધણી થાય, ત્યારે પોતાને મદદ કરે, એ સરતથી તેને છોડી મૂક્યો. મરેઠી રાજ્ય સ્થાપનાર શિવાજી મહારાજ ઔરંગજેબની કેદમાંથી નાસી ગયો હતો માટે મોગલો તેને ચોર કહેતા અને આ શિવાજી નાસી ગયો નહિ માટે એને શાહુ કહેતા. એ નામ આગળ જતાં ગાદીએ બેઠા પછી પણ કાયમ રહ્યું. મોઆજીમે કાબુલમાં લશ્કર જમાવી આજીમ ઉપર ચઢાઈ કરીને આગ્રા આગળ તેને હરાવીને માર્યો. તે પછી તેણે દક્ષિણમાં સ્વારી કરી હૈદરાબાદ આગળ કામબખ્શને માર્યો ઇ. સ. ૧૭૦૮. પરંતુ ગાદીએ બેઠા પછી એણે પોતાના ભત્રીજા તથા બંડખોર ભાઇઓના મળતીઆ સરદારો વગેરે સર્વેને માફી આપી. મોઆજીમ બહાદુરશાહ નામ ધારણ કરી પાદશાહ થયો ને જુલ્ફીકારખાંને તેણે પોતાનો વજીર ઠરાવ્યો.

**રજપુતો સાથે સંધી.** ૨. પાદશાહ દક્ષિણમાં હતો, તેવામાં પંજાબમાં નાનકપંથી શીખલોકે બળવો કર્યો તેમને સજા કરવા તે ઉત્તરમાં આવ્યો. એ વખતે રજપૂતોએ

જજીઆવેરો આપવાની ના કહી બંડ કર્યું. પાદશાહે તેમના ઉપરનો જજીઆ વેરો માફ કર્યો તથા અકબરના સમયની રાજ્યનીતિ ચલાવવાનું કબુલ કરી તેમને પોતાના પક્ષમાં લીધા.

**શીખલોકનો બંદોબસ્ત.** ૩. શીખ લોકોમાં ઔરંગજેબના સમયમાં ગોવિંદસિંહે જે જુસ્સો આણ્યો હતો તે તેના મરણ પછી કાંઇ નાબુદ થયો નહિ. બહાદુરશાહ ગાદીએ બેઠો ત્યારે શીખ લોકનો ગુરૂ બંધુ હતો, તેણે પોતાના લોકોને ઉશ્કેરી મુસલમાનોની મસીદો ભાગી, મુલ્લાઓને માર્યા તથા જમનાં ને સતલજ વચેનાં મુસલમાનોનો સંહાર કર્યો. તેમજ લાહોરથી દિલ્લી સુધીનો મુલક લૂટીને પોતાનો અમલ બેસાડયો. શીખ લોકોને સજા કરવા સારૂ રજપૂતો સાથે સંધી કરીને પાદશાહ પંજાબમાં આવ્યો. તેણે એ લોકોને હરાવીને ઘેરી લીધા, તેથી બંધુ નાસીને ડુંગરામાં જઈ ભરાયો. પરંતુ એવામાં પાદશાહ લાહોરમાં મરણ પામ્યો. ઈ. સ. ૧૭૧૨.

**બહાદુરશાહના ગુણ.** ૪. ગાદીએ બેઠા પછી શીખલોકના બળવા શિવાય એના રાજ્યમાં શાંતિ રહી હતી. એણે એના ભત્રીજાઓને નહિ મારતાં જાગીરો આપી હતી. એ પાદશાહ જેમ આલમગીર જેવો ચપળ નહોતો, તેમ તેવો તે પાપી પણ નહોતો.

**જહાંદારશાહ.** ૫. બહાદુરશાહના વજીર જુલ્ફીકારખાંની સહાયથી બીજા શાહજાદાઓને મારીને જહાંદારશાહ પાદશાહ થયો. પણ આગળ જલદીજ તે રંડીબાજ ને દુરાચરણી થવાથી તેના ભત્રીજા ફરોખશીરે બળવો કર્યો. ને તેને તથા જુલ્ફીકારખાંને મારી નાંખ્યા. ૧૭૧૩.

**ફરોખશીર.** ૬. ફરોખશીરના મૂખ્ય સહાયક બ-

હાર ને અલહાબાદના સુબેદાર સૈયદ હુસેન ને સૈયદઅબદુલ્લા નામે બે ભાઇઓ હતા. તેમાંનો અબદુલ્લા વજીર થયો ને હુસેન સેનાપતિ થયો. હુસેને જોધપુરના રાજા અજીતસિંગ સાથે સલાહ કરી તેની દીકરી સાથે પાદશાહનું લગ્ન કરાવ્યું. ત્યાંથી હુસેન પંજાબમાં ગયો ને શીખ સરદાર બંધુને તથા તેના સાથીઓને પકડીને રીબાવી રીબાવી માર્યા. આ પ્રમાણે રીબાઇ મરવાનું કબુલ કર્યું, પણ તેમણે પોતાનો ધર્મ ન તજ્યો. શીખ લોકનો બંદોબસ્ત કરી હુસેન દક્ષિણમાં ગયો.

**મરેઠા સાથે સંધી.** ૭. હુસેન દક્ષિણમાં આવ્યો ત્યારે ત્યાંનો સુબેદાર ચીનકીલીચખાં અથવા અસોફજા જેને નીઝામઉલમુલ્ક કહે છે તે હતો, તેની પાસેથી ત્યાંની સુબાગીરીનો અખત્યાર હુસેને લેઈ મરેઠા સાથે સંધી કરી. એમાં એવું ઠર્યું કે મરેઠાએ આજ સુધીમાં જીતેલો મુલક તેમણે રાખવો ને દક્ષિણની ચોથ તથા સરદેશમુખી એટલે કુલ ઉપજનો દશાંશ તેઓએ લેવો, ને તેના બદલામાં તેમણે પાદશાહને દર સાલ પંદર લાખ રૂપીઆ ખંડણી આપવી ને પંદર હજાર સ્વારોથી ચાકરી કરવી. એ વખતે મરેઠાની ગાદીએ શાહુ રાજા હતો ને તેનો મુખ્ય પ્રધાન બાલાજી વિશ્વનાથ મહાચતુર પુરૂષ હતો. ઉપરના કરાર પાદશાહ પાસે કબુલ કરાવવા માટે હુસેન દશહજાર મરેઠા સાથે બાલાજી વિશ્વનાથને લેઈ ઉત્તરમાં આવ્યો, પણ પાદશાહે એ કરાર કબુલ નહિ કર્યાથી તેણે પાદશાહને મરાવી નાંખ્યો. ઈ. સ. ૧૭૧૯.

**અંગ્રેજને બંગાળામાં જમીનદારી મળી.** ૮. ફરોખશીરના વખતમાં બંગાળાના સુબા મીરજાફર સામા ફરીઆદ કરવાને અંગ્રેજ કંપનીના માણસો આવ્યા. તેવા

માં પાદશાહ માંદો હતો ને તેના હકીમો તેને આરામ કરી શક્યા નહોતા, તેથી આવેલા અંગ્રેજોમાં ડા. હેમીલ્ટન હતો તેણે દવા કરી પાદશાહને આરામ કર્યો. તેથી પાદશાહે તેને ઇનામ માગવા કહ્યું. ત્યારે તેણે બંગાળાનાં ૩૭ ગામની જમીનદારીની તથા કંપનીના માલના હાંસલની માફીની સનંદ માગી. તે પાદશાહે આપી. ઈ. સ. ૧૭૧૫.

**મહંમદશાહ.** ૯. ફરોખશીર મુઆ પછી સૈયદ ભાઈઓએ પાદશાહી કૂળના એક નાના બાળકને ગાદી આપી. પણ ત્રણ માસમાં તે મરણ પામ્યાથી એક બીજા બાળકને ગાદીએ બેસાડચો. તેપણ જલદીજ મરણ પામ્યો. તેથી તેમણે બહાદુરશાહના એક પૌત્ર મહંમદશાહને ગાદી આપી. ઈ. સ. ૧૭૧૯.

**સૈયદનો નાશ.** ૧૦. મહંમદશાહે ગાદીએ બેઠા પછી એની માની મસલહતથી સૈયદોનો નાશ કરી તેમનાથી છૂટા થવાનું ઇચ્છયું. એ સૈયદોના સામાવાળીઆમાં દક્ષિણનો સુબો અસોફજા ને અયોધ્યાનો સુબો સાદતખાં મૂખ્ય હતા. અસોફજાએ દક્ષિણમાં બળવો કર્યો તેને સજા કરવાને પાદશાહને લેઇ હુસેન દક્ષિણમાં આવ્યો. પણ રસ્તામાંજ પાદશાહે હુસેનને મરાવી નાંખ્યો. તેનું વેર લેવાને સૈયદ અબદુલ્લા લશ્કર લેઈ પાદશાહ સામો આવ્યો. પરંતુ પાદશાહે તેને હરાવીને માર્યો, ઈ. સ. ૧૭૨૦. પાદશાહે અસોફજાને વજીર નીમ્યો, પણ તેને પાદશાહનો સ્વભાવ નહિ ગમ્યાથી તે દક્ષિણની સુબાગીરી ઉપર ગયો, ને પાદશાહ પદ ધારણ કર્યા વગર સ્વતંત્રપણે દક્ષિણમાં અમલ ચલાવવા લાગ્યો. ઈ. સ. ૧૭૨૪.

**પાદશાહીનાં અંગોનું છૂટા પડવું.** ૧૧. આગળ અયોધ્યાનો સુબેદાર સાદતખાં પાદશાહનો વજીર થયો, પ-

રંતુ તે પણ ઈ. સ. ૧૭૩૨ થી સ્વતંત્રપણે અયોધ્યાની સુબાગીરી ચલાવવા લાગ્યો. બંગાળામાં સુબેદાર મુર્શિદકુલીખાન હતો તેણે ઢાકેથી મુર્શિદાબાદમાં ગાદી કરી ને તે ઇ. સ. ૧૭૨૫ થી સ્વતંત્રપણે વર્તવા માંડ્યો. કર્ણાટકનો નવાબ પણ દિલ્લીથી છૂટો થઈ નીઝામ અસોફજાની તાબેદારીમાં આવ્યો. અજમેરની આસપાસનો મુલક જોધપુરનો રાજા અજીતસિંગ પચાવી પડ્યો.

**મરેઠાની ચઢતી.** ૧૨. બાળાજી વિશ્વનાથ ઇ. સ. ૧૭૨૦ માં મરણ પામ્યાથી તેનો વડો દીકરો બાજીરાવ પેશ્વા થયો. તે બહુ બહાદુર ને રાજ્યનીતિજ્ઞ પુરૂષ હતો. પિલાજી ગાયકવાડ, રાણોજી સિંધીઆ, ઉદ્ધવજી પરમાર ને મલાવરાવ હોલ્કર એના મૂખ્ય સરદારો હતા. જોધપુરના રાજા અજીતસિંગનો કુંવર અભેસિંગ ગુજરાતનો ને જેપુરનો રાજા જેસિંગ માળવાનો સુબેદાર હતો. ગાયકવાડ ગુજરાત, હોલ્કર માળવા, ને સિંધીયા બુંદેલખંડ જીતવાને યત્ન કરવા લાગ્યા. તેમાંથી ગુજરાતનો થોડો ભાગ, માળવા ને બુંદેલખંડ એટલું મરેઠાઓને મળ્યું.

**નાદીરશાહની સ્વારી.** ૧૩ ઇ. સ ૧૭૩૬ માં ઇરાનની ગાદીએ નાદીરશાહ નામે પાદશાહ થયો, તેણે એક જોરાવર સૈન્ય લેઈ કાબુલ ને કંદહાર જીતી લીધાં. ઈ. સ. ૧૭૩૭. કાબુલમાં હિંદની પાદશાહતની નબળી હાલત એના સાંભળવામાં આવી, તેથી તેણે બીજે વરસે હિંદ ઉપર ચઢાઈ કરી. કરનાલ આગળ હિંદી ને ઈરાની લશ્કરનો મુકાબલો થયો. તેમાં મોગલાઇ સૈન્ય હાર્યું ને પાદશાહ, નીઝામ ને સાદતખાં નાદીરને શરણે આવ્યા. ઈ. સ. ૧૭૩૯. નાદીરે દિલ્લી આવી લોકોને દુઃખ નહિ દેવાનો હુકમ કર્યો. પણ બીજે દીવસે નાદીર મરાયાની શેહેરમાં બુમ ચાલ્યાથી

શેહેરના લોક ઇરાનીઓ ઉપર તૂટી પડયા ને તેમને મારી નાખ્યા. આ સમાચાર સાંભળી નાદીરે શેહેરમાં કતલ ચલાવવાની આજ્ઞા કરી. તેથી થોડા વખતમાં ૩૦ હજાર માણસોનો ઘાણ નીકળ્યો. નાદીરે પૈસા મેળવવાને આ સ્વારી કરી હતી. તેથી તેણે ખજાનામાંથી રોકડ, ઝવેર વગેરે લીધું. બીજા અમીર ઉમરાવને રૈયતને લૂટી તથા સુબેદારો પાસેથી ખંડણી મેળવી. એ રીતે સુમારે ૨૦થી ૩૦ કરોડ સુધીનું રોકડ તથા મયુરાસન ને કોહીનૂર હીરો લેઈ પાછો તે ઇરાન ગયો. તથા સિંધ, મુલતાન, કાબુલ ને કંદહારના મુલક તેણે પોતાના રાજ્યમાં મેળવ્યાં. પણ ઇરાન ગયા પછી નાદીરશાહ માર્યો ગયો તેથી તેના એક સરદાર અહંમદ દુરાનીએ કંદહાર ને કાબુલ કબજે કરી ત્યાં દુરાની રાજ્ય સ્થાપ્યું.

રોહીલખંડ. ૧૪ મહંમદશાહના વખતમાં યુસુફજાઇ જાતના રોહીલા નામે પઠાણ લોક અયોધ્યા ને હિમાલયની વચેના પ્રદેશમાં આવી વસ્યા ને લૂટફાટ ચલાવી બરેલીમાં ગાદી કરી સ્વતંત્રપણે વર્તવા લાગ્યા. પાદશાહે તેમના ઉપર સ્વારી કરી તાબે કર્યા. ઈ. સ. ૧૭૪૫.

**અહંમદ દુરાનીની સ્વારી.** ૧૫ ઈ. સ. ૧૭૪૮ માં અહંમદશાહ દુરાનીએ પંજાબ ઉપર ચઢાઈ કરી, ને સરહિંદ જીતી લીધું. તેથી શાહજાદો અહંમદ તેની સામો આવ્યો ને તેને હરાવી પાછો કહાડયો. મોગલોએ આ છેલ્લોજ જય મેળવ્યો. તે પછી થોડીજ મુદતમાં પાદશાહ મરણ પામ્યો. શાહજહાંના મયુરાસન ઉપર બેસનાર ને તાજમાં કોહીનૂર પેહેરનાર છેલ્લો મોગલ પાદશાહ એજ હતો. એજ સાલમાં મરેઠાનો રાજા શાહુ તથા અસોફજા નીજામ પણ મરણ પામ્યા. ઈ. સ. ૧૭૪૮.

**અહુંમદશાહ.** ૧૬. મહમદશાહ પછી તેના શાહજાદા અહુંમદશાહે ગાદીએ બેસીને સાદતખાંના દીકરા સફદરજંગને વજીરાત આપી. તે રોહીલાને વશ નહિ કરી શકયાથી મલારરાવ હોલ્કર તથા જયાપા સિંધીઆને ચોથાઇ વસુલ કરવાની રજા આપી ત્યાં મોકલ્યા, તેમણે રોહીલાને વશ કર્યા. ઈ. સ. ૧૭૫૧. એવામાં અહુંમદ દુરાની બીજી વાર હિંદ ઉપર ચઢી આવ્યો. પાદશાહે તેને પંજાબ પ્રાંત આપી પાછો કહાડયો. એ વાત સફદરજંગને નહિ ગમ્યાથી તે અયોધ્યા ને અલહાબાદ પ્રાંત લેઇ છૂટો થયો. તેથી નીજામ અસોફજાનો પાટવી પુત્ર ગ્યાસુદીન વજીર થયો. તેને પાદશાહ સાથે અણબનાવ થવાથી તેણે પાદશાહને મારી નાંખ્યો. ઈ. સ. ૧૭૫૪. ને પાદશાહના કાકાને આલમગીર બીજો એવું નામ આપી ગાદીએ બેસાડયો.

**આલમગીર ૨ જો.** ૧૭. હવે પાદશાહના હાથમાં સત્તા રહી નહિ. જે બળવાન હોય તે વજીર થઇ પાદશાહને કબજે રાખે કે ગમે તેને પાદશાહ બનાવે. મોગલાઇ નબળી થઇ. સુબાઓ સ્વતંત્ર થયા ને પાદશાહી ખંડણી અટકી. મરેઠા બળવાન થયા ને આખા હિંદમાં લૂટફાટ કરી તેઓ પોતાની સત્તા બેસાડવા લાગ્યા. બીજો આલમગીર માત્ર નામનો પાદશાહ હતો. સઘળી સત્તા ગ્યાસુદીનના હાથમાં હતી. તે સ્વભાવે ચપળ, અવિચારી ને ઉતાવળીઓ હતો. તેણે દુરાની પાસેથી પંજાબ પ્રાંત જીતી લીધો.

**અહુંમદ અબદલ્લીની ત્રીજી સ્વારી.** ૧૮. પંજાબની જીતનું વેર વાળવાને અબદલ્લી ત્રીજીવાર હિંદ ઉપર ચઢયો ને દિલ્લી આવી તેણે લૂટ ચલાવી તથા મારકુટ કરી ધન મેળવ્યું. અયોધ્યામાં સફદરજંગ પછી સુ

જાઉદવલા નવાબ હતો તેની પાસેથી ખંડણી લીધી તથા ભરતપુરના જાટ રાજા ઉપર સ્વારી કરીને મથુરાંના હજારો જાત્રાળુઓને વિના વાંકે માર્યા. આ પ્રમાણે કેર કરીને નજીબુદવલા નામે એક રોહીલા સરદારને પાદશાહનો સેનાપતિ ઠરાવી તે પાછો ગયો.

**અબદલ્લીની ચોથી સ્વારી.** ૧૯. અબદલ્લી ગયા પછી ગ્યાસુદીને રઘુનાથરાવ પેશ્વાની મદદથી દિલ્લી લીધી ને નજીબુદવલાને નસાડયો. પેશ્વા ત્યાંથી પંજાબ ગયો ને તે પ્રાંત જીતી ત્યાં એક મરેઠા સરદારને સુબો ઠરાવી પોતે દક્ષિણમાં ગયો. આ સમાચાર સાંભળી પેશ્વાને સજા કરવાને અબદલ્લીએ ચોથી સ્વારી કરી. એવામાં ગ્યાસુદીને બીજા આલમગીરને મારી નાંખ્યો ને એક બીજા છોકરાને ગાદીએ બેસાડયો. ઇ. સ. ૧૭૫૮. પણ તેને કોઇએ માન્ય કર્યો નહિ. વડો શાહજાદો શાહઆલમ નાસી ગયો ને આગળ જતાં પાદશાહ થયો. દક્ષિણમાં મરેઠાએ નીજામને હરાવી તાબે કર્યો હતો. હવે તેમનો કોઇ શત્રુ રહ્યો નહોતો તેથી તેમણે અબદલ્લીને હરાવી મોગલાઇ ઉંધી વાળવાની જબરી તૈયારી કરી ને પાણીપતના રણક્ષેત્રમાં અબદલ્લી સાથે યુદ્ધ કર્યું, તેમાં તેમનો નાશ શી રીતે થયો એ વાત આગળ મરેઠાના ઇતિહાસમાં આવશે.

**પાદશાહીનો અંત.** ૨૦. અબદલ્લીએ પાછા જતાં શાહઆલમને ગાદી આપી હતી. એ શાહઆલમ નામનો પાદશાહ થયો. એ સમયે અયોધ્યા ને પ્રયાગ સુજાઉદવલા બથાવી પડયો. રોહીલાનો સરદાર નજીબુદવલા પણ સ્વતંત્ર થયો. દક્ષિણમાં નિજામ ને કર્ણાટકના તથા બંગાળાના નવાબ સ્વતંત્ર થયા હતા. મૈસૂરમાં હૈદરઅલ્લીએ સ્વતંત્ર મુસલમાની રાજ્ય એજ અરસામાં સ્થાપ્યું. ગુજરાત, મા-

ળીવા, બુંદેલખંડ, ઓઢીઆ ને મહારાષ્ટ્ર પેશ્વાને તાબે હતાં. સિંધમાં જુદા જુદા અમીરો સત્તાધારી હતા ને તેઓ અબદલ્લીના ખંડીઆ હતા. કાબુલ, કંદહાર, પંજાબ ને મુલતાન અબદલ્લીના તાબામાં હતાં. એટલે માત્ર દિલ્લી ને આગ્રા એ બેજ પ્રાંતો પાદશાહના તાબામાં હતા ને તે પણ માત્ર નામના હતા. કેમકે એ પ્રાંતો મરેઠા વારંવાર લૂટી લેતા. છેવટે ગુલામકાદરે ઇ. સ. ૧૭૮૬ માં પાદશાહને આંધળો કરી કેદ કર્યો. તેને સિંધીઆએ છોડાવી પોતાને કબજે લીધો. સિંધીઆ પાસેથી અંગ્રેજ સરદાર લેક સાહેબે તેને છોડાવ્યો. શાહઆલમ ઇ. સ. ૧૮૦૬માં મુઆથી તેનો શાહજાદો અકબર નામનો પાદશાહ થયો. અંગ્રેજ સરકાર એને જે આપતા તે ખાઇને બેસી રહ્યો. તેની પાસે કાંઈ રાજ્ય નહોતું. ઈ. સ. ૧૮૩૭ માં તે મરણ પામ્યાથી તેની જગાએ મહંમદ બહાદુરશાહ થયો. તેણે ઇ. સ. ૧૮૫૭ ના બળવામાં ભાગ લીધાથી તેને પકડીને રંગુનમાં કેદ કર્યો. ત્યાં તે ઇ. સ. ૧૮૬૨ માં મરણ પામ્યો. મોગલોનો એ સર્વથી છેલ્લો પાદશાહ હતો.

---

## પ્રકરણ ૯ મું.

### મોગલાઈ રાજ્યનું પુનરાવલોકન.

**સારા મોગલ પાદશાહો.** ૧. મોગલોના ૧૭ પાદશાહ થયા તેમાં પાદશાહ નામને યોગ્ય એવા તો ૧૪ પાદશાહ થયા. છેલ્લા ત્રણ પાદશાહ તો માત્ર નામનાજ હતા. એ પાદશાહોમાં મહાન અકબર સર્વોત્તમ હતો. એણે જાત્રા વેરો, માથા વેરો વગેરે કહાડી નાંખી હિંદુ સજ્જનશીઓ સાથે લગ્ન સંબંધ કરી તેમને મોટા હોદ્દાની મો-

કરીઓ આપી તેમનાં મન મેળવ્યાં તથા તેમને પાદશા-હના મદદગાર બનાવ્યા. શાહજહાં સુધી એ રીત ચાલી. શાહજહાં પણ ભલો ને અકબરને પગલે ચાલનારો હતો. ઔરંગજેબના પુત્ર બહાદુરશાહે પણ રજપુતોનાં મન મે-ળવી લેઈ પાદશાહી તારવાને યુક્તિ કરી; પણ તે જલ-દીથી મરણ પામ્યાથી તે પાર પડી નહિ.

**પાદશાહીની પડતીનાં કારણ.** ૨. અકબરે સર્વને સરખા ગણી ધર્મભેદ કહાડી મોગલાઈ મજબુત કરવાની જે રીત ચલાવી હતી તે રીત ઔરંગજેબે તોડી. તેણે હિંદુઓ ઉપર જજીઆવેરો નાંખ્યો, જુલમ કર્યો ને તેમને નોકરીમાંથી બાતલ કર્યા. આ પ્રમાણે ધર્મભેદ પ્રસિદ્ધ ક-રવાથી હિંદુઓ તેના ઉપર કોપે ભરાયા. પરંતુ તે યુદ્ધ કૌશલ્યમાં કુશળ હોવાથી સમયસૂચકતા ને ચપળતા વાપરી પોતાનું રાજ્ય સાચવીને વધારી શક્યો પણ એણે કુસંપનાં જે બીજ રોપ્યાં તેનાં કડવાં ફળ એના વંશજોને ચાખવાં પડયાં. એના વંશજો નબળા નીકળ્યાથી તેમના સરદારો માંહોમાંહે લઢી મરવા લાગ્યા ને તેમાંનો જે જોરાવર હોય તે વજીર થઈ પાદશાહને રમકડા માફક નચાવવા લાગ્યો. તથા પોતાની મરજીમાં આવે તેને પાદશાહ બનાવે ને ઉઠાડે. એવા વજીર પાદશાહ બનાવનાર કહેવાતા. પાદ-શાહ બનાવનાર વજીરોમાં જુલ્ફીકારખાં, બે સૈયદ ભાઇ-ઓ ને ગ્યાસુદ્દીન ગણાય છે. પાદશાહો નબળા ને વજીરો કુસંપી ને આપમતીઆ જોઈ દૂરના સુબાઓ પણ પાદ-શાહતથી છૂટા પડી સ્વતંત્ર થઈ ગયા. પાદશાહત આવી સ્થિતિમાં આવી છતાં બહાદુરશાહ સિવાય કોઈ પણ પા-દશાહે હિંદુઓને મેળવી લેવાની મેહેનત કરી નહિ. ખરૂં કહીએ તો તેઓનામાં દીર્ઘ દૃષ્ટી ને રાજ્ય કૌશલ્ય હતુંજ

નહિ. પાદશાહીની પડતી વખતે રજપૂતોની પડતી થઈ હતી, પણ મરેઠા નિરંતર પોતાનું બળ વધાર્યા જતા હતા, ને તેમણેજ અંતે મોગલાઈ વૃક્ષનું થડ કાપ્યું.

**મોગલ પાદશાહોનાં કામ.** ૩ મોગલ પાદશાહો જો કે આગલા પઠાણ પાદશાહો કરતાં સારા હતા, તોપણ તેમણે રૈયતને માટે સારાં કામો થોડાંજ કર્યાં છે. લોક કલ્યાણનાં અને પ્રજાની આબાદીનાં કામ કરવામાં તેઓ પઠાણ પાદશાહો કરતાં ભાગ્યેજ સારા હતા. અકબરે અને શાહજહાંએ રૈયતને સુખી કરવાની, ન્યાય આપવાની ને આબાદી રાખવાની મેહેનત કરી હતી, પણ એ બે બાદ કરતાં બાકીનાએ રાજ્ય વૈભવ ને મોજશોખ ભોગવવામાં તથા મુલકો જીતી મોટાઇ વધારવામાં પોતાનો કાળ ગુમાવ્યો હતો. અકબરે વિદ્યાને ઉત્તેજન આપવામાં મેહેનત કરી. તે વખતે રાજ્ય દરબારી ભાષા ફારસી હતી. તેમાં તેણે સંસ્કૃત ગ્રંથોના તરજુમા કરાવ્યા. વળી અઇન. અકબરી અને અકબરનામું નામે ઇતિહાસના ગ્રંથો એના વજીર અબુલ ફજલે લખ્યા હતા. જહાંગીરે પોતાની હકીકત પોતેજ લખી છે. પણ એ સિવાય કાંઈ વિશેષ કોઇએ કર્યું નથી. તેમણે હિંદુ પ્રજામાં વિદ્યાભ્યાસ વધવા તરફ કાંઇ લક્ષ ન આપ્યું ને તેથી હિંદી વિદ્યા ઘટી, બંધ પડી ને અંતે નાશ પામવાની સ્થિતિમાં આવી. તેથી તેમનામાં વેહેમ વધ્યા ને કેટલાક નઠારા રિવાજો દાખલ થઇ તેઓ અધમ સ્થિતિમાં આવતા ગયા.

**વેપારનો વધારો.** ૪. મોગલાઈ વારામાં પહેલાં કરતાં યુરોપ સાથે વેપારનો ઘણો વધારો થયો. તે કાંઇ પાદશાહોની મેહેનતથી નહિં, પણ કુદરતી બનાવ હતો. એટલું છતાં પણ એ નવા વેપારીઓ તરફ તેમની રેહેમ દ્રષ્ટી

તો ખરીજ. પણ એ વધારો આ દેશના વેપારીઓએ પરદેશમાં જઇને કર્યો નહોતો. પણ પરદેશી વેપારીઓ આ દેશમાં આવવાથી તે થયો હતો. સિકંદર લોદીના સમયમાં પોર્તુગીજો આ દેશમાં આવી યુરોપ સાથેનો વેપાર ચલાવતા હતા. તેમને મળતો નફો જોઇ યુરોપના બીજા દેશોના લોક પણ આ દેશમાં વેપાર કરવાને આવવા લલચાયા, ને અકબર ને જહાંગીર પાદશાહનાં સમયમાં તેઓ આ દેશમાં આવવા લાગ્યા. તેથી આ દેશના માલનો પુષ્કળ ઉઠાવ થવા માંડયો; કારીગરો કમાવા લાગ્યા ને તેથી તેઓ નવા નવા બર ઉત્પંન કરી આં દેશની કારીગરી ખીલવવા લાગ્યા.

**હિંદનો ધણી કોણ થાય.** ૫.° મોગલ પાદશાહો નબળા થયા, સરદારો કુસંપી થયા ને સુબાઓ સ્વતંત્ર થયા, પણ તેઓ મોગલાઇનું ધણીપણું રાખવાને ઇચ્છતા હતા. મોગલોની નબળાઈ જોઇ તથા તેમનો પોતાના તરફ ધર્મ ભેદ ને જુલમ જોઈ હિંદુઓ મોગલાઈ તોડીને હિંદના ધણી થવા ઇચ્છવા લાગ્યા. પણ હિંદુઓ તરફથી લઢનાર માત્ર મરેઠાજ હતા. તેમણે સંપ કરી હિંદુ બળ એકત્ર કર્યું નહિ. રજપૂતોને લૂટીને પાયમાલ કર્યાથી તેઓ તેમને સહાય આપ્યા નહિ. તેમ સહાય આવે એવી સ્થિતિમાં તેમને રાખ્યા પણ નહિ. તેથી હિંદુ તરફથી મરેઠા એકલા મોગલાઈ સામા મથ્યા. એ રીતે હિંદુ મુસલમાન માંહોમાંહે લઢીને નબળા થયા: અને અંતે બેની લઢાઇમાં ત્રીજાને ફાવ્યું. સન ૧૭૬૧ ની હિંદુ મુસલમાનની વચ્ચે મોટી લઢાઇમાં મરેઠી બળ તૂટયું, પણ મોગલાઇનો તો અંતજ આવ્યો. એ લઢાઇઓ વખતે એક ત્રીજી પ્રજા તટસ્થપણે જોતી હતી તે પ્રજાનો સન ૧૭૬૧ ની સાલ વખતે પૂર્વમાં સૂ-

ર્યોદય થયો હતો. યુરોપથી વેપાર કરવાને જે પ્રજા આ દેશમાં આવેલી હતી તેમાં અંગ્રેજ ને ફ્રેંચ મૂખ્ય હતી. તે બન્નુ હિંદનું ધણીપણું મેળવવાને ઉત્સાહી હોવાથી પોત પોતાની સત્તા જમાવવાને માંહોમાંહે લઢી મરી. તેમાં આખરે અંગ્રેજ લોકો ઈ. સ. ૧૭૬૧ માં ફતેહ પામ્યા. ફ્રેંચને હરાવી અંગ્રેજોએ હિંદનું ધણીપણું મેળવવાને યત્ન કર્યો. માંહોમાંહે લઢીને નબળા થએલા હિંદના જુદા જુદા મુસલમાન હાકેમોને તેમણે પ્રથમ હરાવ્યા, પછી મરેઠાને અને છેવટે શીખને હરાવીને તેઓ હિંદના ધણી થયા. એ વાત આગળ આવશે.

---

## મરેઠી રાજ્ય.

### પ્રકરણ ૧ લું.

### સિવાજી.

**મહારાષ્ટ્રમાં હિંદુ રાજ્ય.** ૧. ઇસ્વીસનની શરૂઆત સુધી મહારાષ્ટ્રમાં કોઇ જાણવા જોગ રાજ્ય નહોતું. આગળ જતાં એ દેશનો થોડોક ભાગ શાક કૂળના રાજાઓના તાબામાં આવ્યો. તેમના પછી એ દેશમાં ચાલુક્યોનું રાજ્ય થયું. ચાલુક્યો પછી દેવગીરી કે દોલતાબાદમાં જાદવોનું રાજ્ય થયું. એ રાજ્ય આલ્લાઉદ્દીન ખુનીએ તોડયું ત્યારથી મહારાષ્ટ્ર પ્રાંત દિલ્લીની પાદશાહતમાં ભળ્યો.

**મહારાષ્ટ્રમાં મુસલમાની રાજ્ય.** ૨. મહંમદ ગાંડાના વખતમાં ઈ. સ. ૧૩૪૭ માં હુસન ગંગુએ બ્રાહ્મણી રાજ્ય સ્થાપ્યું ત્યારે મહારાષ્ટ્ર દેશ તેના તાબામાં આવ્યો. એના વંશજોની નબળી સ્થિતિમાં એ રાજ્યના સરદારો

સ્વતંત્ર થયા, તે વખતે મહારાષ્ટ્ર દેશ અહંમદનગર ને વિજાપુરના રાજાના તાબામાં વહેંચાઇ ગયો.

**મરેઠી સરદારો.** ૩. એ પ્રમાણે મહારાષ્ટ્ર મુસલમાની રાજ્યમાં વહેંચાયો, તોપણ જુના રાજ્ય કૂળના વંશજો ને નાના નાના જાગીરદારો રહ્યા હતા. તેઓ જાગીર ખાઇ એ મુસલમાની રાજ્યોમાં નોકરી કરતા. એ વગર મુસલમાની લશ્કરમાં પણ ઘણા મરેઠા નોકર હતા. મુલકી કારભાર ત્યાંના બ્રાહ્મણો કરતા હતા. આ પ્રમાણે અહંમદનગરના મલીકંબરના લશ્કરમાં જાદવરાય કરીને એક જાદવ કૂળનો દશ હજાર સ્વારોનો સરદાર હતો. તેની સહાયથી એક ભોંસલે કૂળનો માલોજી કરીને મરેઠો હતો, તે પાંચ હજાર સ્વારોનો સરદાર થયો. એમ કહેવાય છે કે ઉદેપુરના રાણા અજેસિંગના જે કુંવર દક્ષિણમાં જતા રહ્યા હતા તેના વંશનો એ માલોજી હતો. એ કુંવરથી માલોજી દશમો પુરૂષ હતો.*

**શાહાજી.** ૪. માલોજીને શાહાજી નામે દીકરો હતો. તેનો વિવાહ જાદવરાયની દીકરી જીજાબાઇ વેરે થયો હતો. તેથી શાહાજી અહંમદનગરના રાજ્યમાં આગળ પડતો ભાગ લેનાર થયો. મલીકંબર મુઆ પછી તેનો દીકરો ફતેહખાન શાહજહાંને તાબે થયો ત્યારે શાહજીએ એક બીજા રાજાને ગાદીએ બેસાડયો ને અહંમદનગરનો કેટલોક મુલક તેણે પાછો મેળવ્યો. તેથી શાહજહાં પંડે દક્ષિણમાં આવ્યો. તેણે

---

* અલાઉદ્દીન સામા થનારા ઉદેપુરના રાણા ભીમસિંગજી ( પદ્મણીના પતિ ) ના દીકરા અજેસિંગનો કુંવર સજનસી દક્ષિણમાં ગયો હતો. એ સજનસીથી દશમી પેઢીએ માલોજી થયો. સજનસી, દુલીપજી, સીઓજી, ભોરાજી, દેવરાજ, ઉગરસેન, મોકલજી, ખેલુજી, જનકોજી, સતોજી(માલોજી).

વિજાપુરનું રાજ્ય ખંડીયું બનાવ્યું ને અહમદનગરનું રાજ્ય ખાલસા કર્યું. તેથી શાહાજી વિજાપુરની નોકરીમાં રહ્યો. એ શાહાજીને બે જાગીર મળેલી હતી. એક સતારા પાસે ને બીજી તંજાવરમાં.

**શિવાજીનો જન્મ.** ૫. શાહાજીને જીજાબાઇથી શિવાજી નામે પુત્ર પ્રાપ્ત થયો. ઇ. સ. ૧૬૨૭. એને કેળવણી આપવાને શાહાજીએ કોંડદેવ નામે બ્રાહ્મણને રાખ્યો તેણે તેને સાક્ષર કરવાની તજવીજ નહિ કરતાં રાજ્યનીતિ ને યુદ્ધકળા સારી રીતે શીખવી. શિવાજીની મા પણ એક રજપૂતાણીને છાજે એવો એને ઉપદેશ આપતી. શિવાજીના ગુરૂ રામદાસ સ્વામી હતા.

**શિવાજીનો ઉદય.** ૬. શિવાજી જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એણે પોતાનું પરાક્રમ બતાવવા માંડયું. એણે આસપાસના ઘાટી લોક પોતાના લશ્કરમાં એકઠા કર્યા. એ લોક ખેતીનું કામ કરતા, ને શિવાજી બોલાવે ત્યારે આવીને તેના હુકમમાં રહી આસપાસના મુલકો લૂટી લેતા. એ લૂટમાંથી શિવાજી તેમને ભાગ આપતો તેથી તેમને પગાર આપવાની ગરજ પડતી નહિ, એટલુંજ નહિ પણ શિવાજી જ્યારે બોલાવે ત્યારે લૂટની લાલચે તેઓ ખુશીથી હાજર થતા. આ પ્રમાણે મરેઠી રાજ્ય સ્થાપનારા મૂળ પુરૂષે પ્રથમ લૂટનો ધંધો આરંભ્યો. આગળ જતાંજ એણે વિજાપુર તાબાના કિલ્લા લેવા માંડયા ને ત્યાં પોતાનો લૂટનો ખજાનો ભરવા માંડયો. આ વખતે શાહાજી વિજાપુરના રાજ્યમાં નોકર હતો. તેથી તેના ઉપર વિજાપુરવાળાએ દબાણ કર્યું ત્યારે શિવાજીએ મોગલાઇ મુલક ઉપર લૂટ ચલાવી. એ પ્રમાણે એ, એક વખત મોગલોનો તો બીજી વખત વિજાપુરનો મુલક લૂટવા લાગ્યો અંતે શિવાજી વિજાપુરનો મુલક લૂટતો બંધ ન પડયો

ત્યારે વિજાપુરના હાકેમે શાહાજીને કેદમાં નાંખ્યો. તેથી શિવાજી શાહજહાંને શરણે આવ્યો, ને તેની સહાયથી પોતાના પિતાને છોડાવી પ્રથમ પ્રમાણે તેનો ઉદ્યોગ જારી રાખ્યો. ત્યારે વિજાપુરના હાકેમે અફ્જલખાં નામે એક મોટા સરદારને લશ્કર આપી શિવાજી ઉપર મોકલ્યો. આ સરદાર સાથે રણક્ષેત્રમાં યુદ્ધ કરી જય મેળવાય તેમ નહિ હોવાથી તેણે છળ કરી જય મેળવવાની યુક્તિ કરી. તેણે પ્રથમ સલાહનું કહેણ મોકલી પ્રતાપગઢના કિલ્લા આગળ તેની મુલાકાત લેવાનું ઠરાવ્યું; ને મુલાકાત વખતે દગાથી તેને મારીને તેના લશ્કરનો નાશ કર્યો. ઈ. સ. ૧૬૫૯. અફ્જલખાં મરાયાથી વિજાપુરને વધારે ભય પેઠું ને શિવાજી વધારે જોર પર આવ્યો. તેણે લશ્કરનો વધારે જમાવ કરી મોગલાઇ મુલકમાં લૂટ ચલાવી. એ સમયે દિલ્લીની ગાદીએ ઔરંગજેબ હતો, તે પોતાના ભાઇઓનો નાશ કરવામાં રોકાએલો હોવાથી તેણે શિવાજીને છેડ્યો નહિ. પણ તેમાંથી પરવાર્યા પછી તરતજ સાહિસ્તખાંને જોરાવર સૈન્ય આપી શિવાજીનો નાશ કરવાને મોકલ્યો. શિવાજી મોગલો સામા નહિ થતાં ડુંગરામાં ભરાયો. મોગલોએ પુના જીતીને ત્યાં મુકામ કર્યો. તેવામાં શિવાજીએ ઓચિંતા આવીને રાત્રે તેમના ઉપર છાપો માર્યો. તેથી મોગલો ગભરાયા ને સાહિસ્તખાં નાસતાં નાસતાં ઘાયલ થયો. ઈ.સ. ૧૬૬૨. એ પ્રમાણે વિજાપુરને પાદશાહી લશ્કર ઉપર જય મળ્યાથી તેનું લશ્કર વધારે તેજપર આવ્યું ને તેને પણ વધારે હિંમત આવી.

**શિવાજી રાજા થાય છે.** ૭. તે વખતે પશ્ચિમ હિંદુસ્તાનમાં સુરત એ મોટું બંદર હતું. મોટા મોટા વેપારીઓ ને શાહુકારો ત્યાં રહેતા હતા. તેઓ દુનિયાના ઘણા

ખરા જાણીતા દેશો સાથે વેપાર કરતા હતા. ત્યાં ચોરાશી બંદરના વાવટા ઉડતા હતા ને આઠ લાખ માણસની વસ્તી હતી. આજનું મુંબાઇ તે, તે વખતનું સુરત હતું. એ સુરત લૂટવાની શિવાજીએ હિમ્મત કરી. તે એકદમ સુરત ઉપર ચઢયો ને તે લૂટીને ખુબ ધન તથા માલ લેઇ ગયો. એવામાં એનો બાપ શાહાજી મરણ પામ્યાથી શિવાજીએ પોતાને રાજ્યાભિષેક કરાવી, રાયગઢમાં રાજ્યધાની કરીને પોતાના નામના શિક્કા પડાવ્યા. ઇ. સ. ૧૬૬૪.

**આર્ય ધર્મ તારણ યુક્તિ.** ૮. કોંડદેવ બ્રાહ્મણના ઉપદેશથી, મહાભારત ને રામાયણની કથા સાંભળ્યાથી, તેની મા ને ગુરૂની શિખામણથી શિવાજીમાં આર્યત્વનું અભિમાન આવ્યું હતું. નાનપણથીજ તેને આર્ય ધર્મ તારવાની અને મુસલમાની ધર્મનો નાશ કરવાની ઉત્કંઠા થઇ હતી. જે અભિમાન અને ઉત્કંઠા એનામાં આવ્યાં હતાં તે તેણે પોતાના લશ્કરમાં ને લોકોમાં આણ્યાં. તેથી તેના લોકો પણ તેની સાથે તેના શુભ કાર્યમાં ફતેહ મેળવવાને જીવ આપવા તત્પર થયા. આ શુભ પ્રેરણાથી દોરાઇને તેણે આખા મહારાષ્ટ્રમાં જાગૃતિ પ્રદિપ્ત કરી. તેણે પોતાનું કાર્ય સાધવાને જ્યાં બળ ચાલે એવું ન હોય ત્યાં પ્રારંભમાં છળ ને કળ વાપર્યા. એ સમય એવો હતો કે એને એવી કાર્યસાધકકળા વાપર્યા વગર ચાલેજ નહિ. નાનેથી મહાન કાર્ય કરનારને કોઇ કોઇ વાર એવાં કર્મ કરવાની ફરજ પડે છે. તોપણ તેથી એ કાર્ય તો સ્તુત્ય નજ ગણાય.

**શિવાજી કેદ પકડાય છે.** ૯ શિવાજી બળવાન થયાથી મોગલ પાદશાહને તથા વિજાપુરવાળાને તેનો ડર લાગ્યો. બંને તેનો નાશ કરવાનું ઇચ્છવા લાગ્યા. શાહાજી વિજાપુરની નોકરીમાં હોવાથી શિવાજીને તેના તરફનો ભય

હતો, તે સમ્યો એટલે તે છૂટથી મહાલવા લાગ્યો. તેણે મોગલાઇ ને વિજાપુરનાં ગામ લૂટ્યાં, જીત્યાં ને તાબે કર્યાં. તેમના કિલ્લા લીધા ને બીજા કેટલાક નવા બંધાવ્યા. એ પ્રમાણે તેને મજબુત થતો જોઇ પાદશાહે પ્રથમ જોધપુરના રાજા જશવંતસિંગને તેના ઉપર મોકલ્યો. પણ એ રજપૂત રાજા અંદરખાનેથી શિવાજીની ચઢતી ને મુસલમાનોની પડતી ઇચ્છતો હતો, તેથી તે શિવાજીને મળી ગયો. આ સાંભળી ઔરંગજેબે તેને ત્યાંથી ખસેડી પ્રથમ પંજાબમાં ને પછી કાબુલમાં સૂબો બનાવ્યો, ને શિવાજી ઉપર જેપુરના રાજા જયસિંગને મોકલ્યો. શિવાજી સમય વરતી જયસિંગની સલાહથી પાદશાહને શરણે ગયો. ઔરંગજેબે તેને દિલ્લી બોલાવ્યાથી જયસિંગની બાંહેધરી લઇ તે તથા તેનો કુંવર શંભાજી દિલ્લી ગયા. પણ એ બાપ દિકરાને પાદશાહે કપટથી કેદ કર્યા. ૧૬૬૬.

**શિવાજી કેદમાંથી છૂટે છે.** ૧૦. જયસિંગની બાંહેધરીથી શિવાજી આવ્યો હતો છતાં તેને કેદ કર્યો એ વાત તેને ગમી નહિ. તેથી તે તેનો છૂટકારો ચાહાતો હતો. શિવાજી પણ ઔરંગજેબના માંથાનો કપટી હતો. તેણે પોતાનો છૂટકારો થવાનો માર્ગ મોકળો કર્યો ને તેમાં જયસિંગે સહાય કરી. શિવાજી ગાંડો થયો હોય એવા ઢોંગ કરી સાધુ સંતોને મોટા મોટા ટોપલામાં મીઠાઈ વેહેંચવા લાગ્યો. પ્રથમ તો પાદશાહે એ મીઠાઇનાં ટોપલાની પણ બરાબર સંભાળ રખાવી હતી, પરંતુ કેટલીક મુદતે એ દેખરેખ નરમ પડી એટલે શિવાજીને તેના પુત્ર બંને મીઠાઇના ટોપલામાં બેસી નાસી ગયા. એ રીતે કપટથી છૂટીને શિવાજી ને તેનો પુત્ર રાયગઢ આવ્યા. ત્યાં આવી તેણે વધારે જોસથી મુલકો લૂટવા તથા જીતવાનું કામ ચલાવ્યું. પાદશા-

હી સરદારોને યુક્તિથી તથા કપટથી વશ કરી તેણે પોતાનું કામ કહાડી લીધું. ઈ. સ. ૧૬૭૨ માં એણે બીજી વાર સુરત લૂટીને ઈ. સ, ૧૬૭૪ માં પોતાની તૂળા સોનાથી કરાવી તેનું દાન કર્યું.

**શિવાજીની રાજ્યવ્યવસ્થા.** ૧૧. શિવાજી જેવો લઢાઇમાં શૂરો, કામ કહાડી લેવામાં ચતુર, ને મુલકો જીતવામાં ચપળ હતો, તેવોજ તે બંદોબસ્ત રાખવામાં હોંશીઆર ને કાળજીવાળો હતો. પોતાની રૈયત દુઃખી ન થાય તેવી તે કાળજી રાખતો. મુલકો લૂટીને, જીતીને, અને યુક્તિ પ્રયુક્તિથી પોતાનું કામ કહાડીને શિવાજી જેટલો પ્રખ્યાત થયો છે, તેટલો કે તેથી વધારે પ્રખ્યાત તે મુલકો સાચવવાની વ્યવસ્થા કરવામાં ચતુરાઇ બતાવ્યાથી થયો છે. તે કામ કહાડી લેવામાં કપટ કે ક્રૂરતા કરતો, પણ કામ સાધ્યા પછી દયા બતાવતો. એટલે એનો જાતિ સ્વભાવ ક્રૂર કે નિર્દય નહોતો. અને તેથીજ તે મુલકો જીત્યા પછી તેમનો બરાબર બંદોબસ્ત રાખતો. એણે રાજ્યનો બંદોબસ્ત રાખવાને, ઇનસાફ આપવાને, ગુન્હા અટકાવવાને, જમા વસુલ કરવાને, અને તે બધા ઉપર દેખરેખ રાખવાને અધિકારીઓ નીમ્યા હતા. તેજ પ્રમાણે પોતાની હજુરમાં એણે આઠ મૂખ્ય પ્રધાન નીમ્યા હતા. દીવાની, ફોજદારી, લશ્કરી, પગાર આપનાર, દફતરી, વગેરે ખાતાનો ઉપરી એકેક પ્રધાન હતો અને તે બધાનો ઉપરી મૂખ્ય પ્રધાન કે પેશ્વા હતો.

**શિવાજીનો અંત.** ૧૨ રાજ્યનો બંદોબસ્ત કર્યા પછી તે દક્ષિણમાં તંજાવર ગયો. ત્યાંની પોતાના બાપની જાગીરની અર્ધ ઉપજ લેવાનો ઠરાવ કરી ત્યાં પોતાના ભાઈ વ્યંકાજીને કારભારી નીમ્યો. ઈ. સ. ૧૬૭૬. તંજાવરથી પાછા આવી તેણે કિલ્લા બંધાવ્યા, લશ્કરનો બંદોબસ્ત કર્યો ને રાજ્યની મજબુતી કરી. એ મહા પુરૂષ ઈ. સ. ૧૬૮૦

માં મરણ પામ્યો.

**રાજ્યની મજબુતી.** ૧૩. શિવાજીએ એક નાના જાગીરદારમાંથી વધીને ઔરંગઝેબ જેવા જોરાવર પાદશાહના સમયમાં મરતી વખતે એક બળવાન મરેઠી રાજ્ય તેના પુત્રો માટે વારસામાં મુક્યું. પણ તેના પુત્રો તેના જેવા નીકળ્યા નહિ. તેથી એ રાજ્યનો પાદશાહે જડમૂળથી નાશ કર્યો હોત. પણ શિવાજી મહારાજે મરેઠી રાજ્યની ઇમારતનો પાયો એવો મજબુત આણ્યો હતો કે તે ટકી રહી. તેણે મરેઠા લોકોમાં જે શૌર્ય, સાહસ, યુદ્ધ કળા, આર્યાભિમાન ને મ્લેચ્છ તિરસ્કાર ઉત્પંન કર્યો હતો, તે ગુણોથી એના સરદારોએ પોતાના નબળા રાજાના સમયમાં પણ મરેઠી રાજ્યની પડતી થતી અટકાવી. શિવાજીની રાજ્ય વ્યવસ્થા પણ એ રાજ્યની પડતી થતી અટકાવવામાં સહાયભૂત થઈ.

---

## પ્રકરણ ૨ જું.

## શિવાજી પછીના રાજાઓ.

**શંભાજી.** ૧. શિવાજીને બે પુત્ર હતા–શંભાજી ને રાજારામ. તેમાંનો વડો પુત્ર શંભાજી ગાદીએ બેઠો. તે શિવાજી જેવો બહાદુર પણ મૂર્ખ હતો. "કલુષા નામે" બ્રાહ્મણની સોબતમાં પડી તેણે રાજ્યની ખરાબી કરી. સન ૧૬૮૩ માં ઔરંગજેબ દક્ષિણ જીતવાને આવ્યો ને પાંચ વરસમાં તેણે વિજાપુર ને ગોવળકોંડાનાં રાજ્ય જીત્યાં ત્યાં સુધી શંભાજી સુસ્ત થઈ બેશી રહ્યો. મુસલમાનોની માંહોમાંહેની લડાઇનો લાભ એણે લીધો નહિ. વળી વિજાપુર ને ગોવળકોંડાનાં રાજ્યો ખાલસા થયાથી તે બંને રાજ્યના

સિપાઇઓ મરેઠાને આવી મળ્યા. તોપણ શંભાજીએ એના બાપ જેવી ચપળતા ને હોંશીઆરી રાખી તેમનો ઉપયોગ કર્યો નહિ. એ અમુલ્ય સમય એણે મોજ મજામાં ગુમાવ્યો. એવામાં પાદશાહના સરદાર તુકારબખાંને સંગમેસ્વરમાં એને પકડી લીધો. પાદશાહે તેને મુસલમાન થવાને કહ્યું ત્યારે તેણે કહ્યું કે તારી શાહજાદી પરણાવે તો થાઉ, એમ કહી તેણે પેગંબરને ગાળો દીધી, તેથી પાદશાહે તેને મરાવી નાંખ્યો. શંભાજી પકડાયા પછી તેની સ્ત્રી તથા છોકરો પણ પકડાયાં તેમને ઔરંગજેબે કેદ રાખ્યાં. ૧૬૮૯.

રાજારામ. ૨. મરેઠાનો રાજા પકડાયાથી પાદશાહ ખુશી થયો. તે સમજ્યો કે હવે મરેઠી રાજ્યનો નાશ નજીક આવ્યો. પણ તે એની ભૂલ હતી. રાજા પકડાયાથી મરેઠા નાઉમેદ થયા નહિ. શિવાજીએ આણેલું આર્યત્વનું અભિમાન અને જુસ્સો હજુ નરમ પડયાં નહોતાં. સઘળા મરેઠી સરદારોએ એક મતથી શંભાજીના છોકરા શિવાજીની વતી કારભાર કરવાને શંભાજીના ભાઇ રાજારામને ઠરાવ્યો; ને ઔરંગજેબ સામા શિવાજી મહારાજની પદ્ધતિ પ્રમાણે લઢાઈ ચલાવી. પાદશાહ સામો આવે તો નાસી જવું ને બીજે ઠેકાણે જઇ તેના લશ્કર ઉપર છાપો મારવો. ને તેનો ખજાનો જતો આવતો હોય તે, લૂટીને તેને નાણાની તાણ પાડવી. પાદશાહ મરેઠી કિલ્લા જીતે તો મરેઠા મોગલાઇ મુલકમાં જઈ લૂટ કરે. આ પ્રમાણે મરેઠા મોગલોને હેરાન કરવા લાગ્યા. મોગલ સિપાઇઓ પણ પહેલાં જેવા ચંચળ નહોતા, તેમના સરદારો મોજીલા ને આળસુ થઇ ગયા હતા. વળી મોગલ સરદારો લાંચીઆ પણ હતા, તેથી વખત આવે મરેઠા તેમને લાંચ આપીને પણ છૂટી જતા. એ લાંચ પણ તેમ મુખ્ય તેરે ઠામ જેવી હતી.

મોગલાઇમાં લૂટ કરી તેજ પૈસા મરેઠા લાંચમાં આપતા. એક તરફ મોગલો મરેઠી મુલક જીતતા તો બીજી તરફથી જઇને તેમનો જીતેલો મુલક મરેઠા પાછો લેતા. મરેઠાએ રાજારામને કર્ણાટકમાંના જીંજીગઢમાં રાખ્યો હતો; તેથી મોગલોએ જીંજીને ઘેરો ઘાલ્યો. ઇ. સ. ૧૬૯૪. ઘેરો ઘાલનાર કામબક્ષ ને જુલ્ફીકારખાં હતા. તેમને અણબનાવ થવાથી મરેઠાએ હેરાન કર્યા, તેથી તેઓ ઘેરો ઉઠાવી વાંદીવાસ ગયા. એ ઉપરથી પાદશાહે શાહજાદા કામબક્ષને બોલાવી લીધો ને જુલ્ફીકારને જીંજી જીતવાનો હુકમ કીધો. તેણે જીંજીગઢ જીત્યો પણ લાંચ લેઇ રાજારામને નાસી જવા દીધો. ઈ. સ. ૧૬૯૮. રાજારામે જીંજીથી સતારે આવી રાજ્યધાની કરી ને ગોદાવરી સુધીના મોગલ મુલકમાંથી ચોથ ઉઘરાવી. એવામાં તે મરણ પામ્યો. ઇ. સ. ૧૭૦૦.

**તારાબાઇ. ૩.** પોતાના પુત્ર શિવાજીને ગાદીએ બેસાડી, રાજારામની સ્ત્રી તારાબાઇ રાજ્ય કારભાર કરવા લાગી. એ બાઈએ પણ બહાદુરી ને ચપળતાથી લઢાઇનું કામ આગળ ચલાવી મોગલોને કાયર કરવા માંડ્યા. પાદશાહને પોતાનું કેટલુંક લશ્કર ઉત્તરમાં મોકલવું પડ્યું તેથી તેનું દક્ષિણમાંનું લશ્કર કમી થયું. પગાર ચઢી ગયાથી લશ્કરના લોક બુમ મારવા લાગ્યા, તેથી અંતે ઔરંગજેબ થાક્યો ને તેણે સલાહનું કહેણ ચલાવ્યું. તેથી મરેઠા ઉન્મત થયા ને મોટી મોટી માગણી કરવા લાગ્યા. તે પાદશાહથી કબુલ ન થઈ અને તે નિરાશ થઈ પાછો ફર્યો. મરેઠા તેની પાછળ પડ્યા તેથી તે કેદ પકડાતો પકડાતો મુશ્કેલીથી બચી અહંમદનગર પહોંચ્યો, ને થોડી મુદતમાં ત્યાંજ મરણ પામ્યો. તે પછી આજીમે શંભાજીના દીકરા શિવાજી (શાહુ) ને છોડી મૂક્યો.

**મરેઠી રાજ્યના બે ભાગ.** ૪. શાહુએ દક્ષિણમાં આવી મરેઠી રાજ્યનો દાવો કીધો. પરંતુ તારાબાઇએ વાંધો લીધો કે એ શંભાજીનો ખરો દીકરો નથી-કોઇ ધુતારો છે. પણ ઘણા મરેઠી સરદારો શાહુને આવી મળવાથી તેનું જોર વધ્યું, તેથી તારાબાઇ કોલ્હાપુરમાં જઇને રહી. એ પ્રમાણે શિવાજી મહારાજના રાજ્યના બે ભાગ થયા. મોટા દીકરાનો વંશજ સતારામાં ને નાનાનો વંશજ કોલ્હાપુરમાં રાજ્ય કરવા લાગ્યો.

**શાહુરાજા.** ૫. બાલાજી વિશ્વનાથ નામે બ્રાહ્મણની ચતુરાઇથી શાહુને ઈ. સ. ૧૭૦૮ માં ગાદી મળી, તેથી શાહુએ બાલાજીને પોતાના પેશ્વાની જગા આપી. શાહુ મોગલ દરબારમાં ઉછરેલો હોવાથી તેને મોજ મજા ભોગવવાનો શોખ લાગ્યો હતો, તેથી એણે રાજ્ય ઉપર લક્ષ આપ્યું નહિ. સઘળો કારભાર પેશ્વાને સોંપ્યાથી તેઓ રાજ્યમાં કરતા કારવતા થયા. બાલાજી સન ૧૭૨૦ માં ગુજરી ગયાથી શાહુએ તેના મોટા દીકરા બાજીરાવને પેશ્વાઈ આપી. બાજીરાવ પણ તેના બાપ જેવો બહાદુર હતો. તે પોતાના રાજાનું મત લેઇ તેની આજ્ઞા પ્રમાણે, પણ પોતાનું ધાર્યું તેના મનમાં ઉતારી તે પ્રમાણે કરતો. તે રાજાને નામે સર્વે કારભાર કરતો હતો, તેથી સઘળા મરેઠી સરદારો તે માન્ય કરી તેની આજ્ઞામાં રહેતા. તે ઇ. સ. ૧૭૪૦ માં મરણ પામવાથી તેનો વડો પુત્ર બાલાજી પેશ્વા થયો. બાલાજીને પેશ્વાઇ ન મળે માટે કેટલાક મરેઠા સરદારો સામા થયા. પણ બાલાજીએ ચતુરાઇથી તેમનું કાંઇ ચાલવા દીધું નહિ. શાહુરાજા ઈ. સ. ૧૭૪૮ માં અપુત્ર મરણ પામ્યો.

**રામરાજા.** ૬ શાહુને કાંઇ સંતાન ન હોવાથી તેના

નામનું એક વશીઅતનામું બાલાજી પેશ્વાએ રજુ કર્યું. તેમાં લખ્યું હતું કે શિવાજી મહારાજના વંશમાં ગાદી રહેતાં રાજાની વતી રાજ્યનો કુલ કારભાર પેશ્વાએ કરવો. એ રીતે બાલાજીએ રાજાની મંજુરીથી પેશ્વાઇ વંશ પરંપરાની કરવાનો યત્ન કર્યો. મરેઠી રાજ્યમાં બે પક્ષ હતા. મરેઠા ને બ્રાહ્મણ. પેશ્વાઇ વંશ પરંપરાની થાય તો રાજ્યમાં માત્ર બ્રાહ્મણોનુંજ ચલણ થાય, તેથી મરેઠા સરદારો સામા થયા, પણ અંતે એ વશીઅતનામું મંજુર રહ્યું ને પેશ્વાઇ વંશ પરંપરાની થઇ. પેશ્વાએ રાજારામના દીકરા શિવાજીના પુત્ર રામરાજાને શાહુની ગાદીએ બેસાડયો. એ રામરાજાએ સ્વતંત્રપણે રાજ્ય ચલાવવાનો યત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. તેથી છેવટે સતારાની આસપાસનો કેટલોક મુલક રાખી બાકીના રાજ્ય ઉપર પેશ્વાને કારભાર કરવા દીધો. નવા પેશ્વાને પાઘડી બંધાવવાનું કામ માત્ર રાજા પાસે રહ્યું. રામરાજા ઇ. સ. ૧૭૭૮ માં મરણ પામ્યો.

**મરેઠી રાજ્યની આખર.** ૭. રામરાજાને કાંઇ સંતાન ન હોવાથી તેણે ભોંસલે કૂળના એક શાહુ નામે છોકરાને દત્તક લીધો હતો, તે બીજા શાહુને નામે રાજા થયો. તેણે ઈ. સ. ૧૮૦૧ માં પેશ્વાથી સ્વતંત્ર થવાને મેહેનત કરી પણ પેશ્વાએ તેને તથા તેના બે દીકરાને કેદ કર્યા. એ શાહુ કેદમાંજ મરણ પામ્યો. પણ જ્યારે ઇ. સ. ૧૮૧૮ માં પેશ્વાનુ રાજ્ય અંગ્રેજે લીધું ત્યારે અંગ્રેજ સરકારે સતારાની ગાદીએ શાહુના દીકરા બાળા સાહેબ ઉર્ફે પ્રતાપસિંગને બેસાડયો ને પંદર લાખની ઉપજનો મુલક તેને આપ્યો. પણ ઇ. સ. ૧૮૩૭ માં તેના ઉપર ફીતુરનું તોહમત આવ્યાથી તેને ગાદીએથી ઉઠાડી તેના ભાઇ આપા સાહેબને બેસાડયો. પણ તે ઈ. સ. ૧૮૪૮ માં અપુત્ર મુવાથી

તેનું રાજ્ય ઇ. સ. ૧૮૪૯ માં અંગ્રેજ સરકારે ખાલસા કર્યું. એ રીતે શિવાજી મહારાજના સ્થાપેલા મરેઠી રાજ્યની આખર આવી. એ રાજ્ય ૧૮૫ વરસ ચાલ્યું. મરેઠી રાજ્યની કોલ્હાપુરની નાની શાખા તો] અદ્યાપી હયાત છે.

---

## પ્રકરણ ૩ જું.

### પેશવાનું સ્વતંત્ર થવું.

**બાલાજી વીશ્વનાથ પેશ્વા.** ૧. શિવાજી મહારાજે રાજ્યની વ્યવસ્થા કરી હતી તેમાં જે આઠ પ્રધાનો નીમ્યા હતા, તેમાં પેશ્વા સર્વનો ઉપરી હતો. શાહુ ગાદી ઉપર આવ્યો ત્યાં સુધી પેશ્વા માત્ર નોકરી કરતા. મરજીમાં આવે તેને પેશ્વાની જગા ઉપર નીમી શકતો. પણ શાહુ રાજા મોજ મજામાં પડયો ને રાજ્ય ઉપર લક્ષ આપ્યું નહિ. રાજ્યકારભાર સર્વે પેશ્વાને સોંપ્યો, તેથી તેનું બળ વધ્યું. શાહુનો પેશ્વા બાલાજી વિશ્વનાથ બહુ બુદ્ધિવાન ને પહોંચેલો હતો. તે પ્રથમ તલાટીનું કામ કરતો, ત્યાંથી પોતાની હોંશીઆરી વડે વધતાં વધતાં પેશ્વા થયો. તેણે પોતાની સત્તા મજબુત કરવાને પોતાની જાતના ઘણા બ્રાહ્મણોને નોકર રાખ્યા, મરેઠા કાંઇ ભણેલા નહોતા, તેથી મુલકી તથા હિસાબ કિતાબ ને લખાણ વગેરેનું કામ કરવાને બ્રાહ્મણો વગર ચાલે તેમ પણ નહોતું. પોતાની મજબુતી કર્યા પછી બાલાજીએ મરેઠી રાજ્ય વધારવા તરફ લક્ષ દોડાવ્યું. એ સમયે દિલ્લીના પાદશાહ નબળા હતા ને તેમના સરદારોમાં ફાટફૂટ ચાલેલી હતી. તેથી સૈયદ હુસેને બાલાજીની મદદ માગી, ત્યારે બાલાજી દશ હજાર મરેઠા લેઇને તેની મદદે ગયો. એ મદદના બદલામાં દક્ષિણની ચોથ ને સરદેશ મુખી

લેવાનો કરાર કરાવી લીધો. પાદશાહી નબળી થવાથી મરેઠા બીજા પ્રાંતોમાં પણ ચોથ ઉઘરાવવા લાગ્યા. એ પ્રમાણે મરેઠી રાજ્યની ચડતી કરી બાલાજી ઈ. સ. ૧૭૨૦ માં ગુજરી ગયો. બાલાજીના વખતમાં મરેઠી લશ્કરનો સેનાપતિ ખંડેરાવ દાભાડે હતો. તેનો એક બહાદુર સરદાર દામાજીરાવ ગાયકવાડ કરીને હતો, તેની બહાદુરીથી રાજી થઈ દાભાડેએ તેને સારી નોકરી આપવાની શાહુને ભલામણ કરી. શાહુએ તેને સમશેર બહાદુરનો ઈલકાબ આપી સેનાપતિથી ઉતરતા દરજાની નોકરી આપી.

**બાજીરાવ.** ૨ બાલાજીને બે દીકરા હતા. બાજીરાવ ને ચીમનાજી. તેમાંથી મોટા દીકરા બાજીરાવને શાહુ રાજાએ પેશ્વા બનાવ્યો. સેનાપતિની જગા ખંડેરાવના દીકરા ત્ર્યંબકરાવને અને સેનાખાસખેલની જગા દામાજીના ભત્રીજા પિલાજી ગાયકવાડને આપી. બહાદુર ને શૂરા બાપનો પુત્ર બાજીરાવ પણ બહાદુર ને શૂરો હતો. શિવાજી મહારાજની ધારણા ભરતખંડમાંથી મુસલમાની રાજ્ય કહાડી આર્ય રાજ્ય સ્થાપવાની હતી, તે ધારણા બર લાવવાને બાજીરાવે મેહેનત કરી. આ સમયે મોગલાઈની નમતી બેઠી હતી. થતા પાદશાહ બુદ્ધિહિન ને નબળા હતા અને તેના સરદારોમાં ફાટફૂટ હતી. આવી સ્થિતિનો લાભ લેવાનો બાજીરાવે વિચાર કર્યો. મરેઠી દરબારમાં મોગલાઈ તોડવાના બે અભિપ્રાય હતા. એક પક્ષનો અભિપ્રાય એવો હતો કે મોગલાઈ સુબાનાં રાજ્ય જીતી લેઈ પછી પાદશાહીનો નાશ કરવો. બીજા પક્ષનો અભિપ્રાય એવો હતો કે ચડ કાપ્યું એટલે ડાળ પાંખડાં એની મેળે ખરી પડશે— પાદશાહી જીતી કે સુબાનાં રાજ્ય જીતવાં મુશ્કેલ નહિ પડે. બાજીરાવ આ બીજા પક્ષના અભિપ્રાયનો હતો. તે ભરી

દરબારમાં બોલ્યો કે "મહારાજ, ભરતખંડમાંથી પરદેશી-ઓને હાંકી કહાડી આર્ય રાજ્ય સ્થાપી અમર નામ કરવાનો સમય હમણાં આવ્યો છે. ઉત્તર ભરતખંડમાં સ્વારી કરી પાદશાહી તોડયાથી મહારાજનો ભગવો ઝુંડો અટક સુધી ઉડસે. મહારાજા સાહેબ, ક્ષય પામતા ઝાડને થડમાંથી કાપ્યું એટલે એનાં ડાળ પાંખડાં આપોઆપ ખરી પડશે," બાજીરાવનાં આ શૂર ભર્યાં વચનોથી રાજા પણ આવેશમાં આવ્યો ને બોલ્યો કે "શાબાશ, બહાદુર પિતાના બહાદુર બેટા ધન્ય છે તને. તું મારા વાવટાને હિમગીરીથી પણ પાર ઉડાવશે." એમ બોલી તેણે પેસ્વાનો વિચાર મંજુર રાખ્યો.

**મરેઠી સત્તાનો વધારો.** ૩. રાજાએ મંજુરી આપ્યાથી બાજીરાવે મરેઠી લશ્કર તૈયાર કરી મરેઠી રાજ્ય શી રીતે વધારવું તેની વ્યવસ્થા કરી. પ્રથમ મરેઠી લશ્કર ગુજરાતમાં ને માળવામાં પેઠું. ગુજરાતમાં પાદશાહી સુબેદાર જોધપુરનો અભેસિંગ અને માળવામાં જેપુરનો જેસિંગ હતો. તેમની પાસેથી ધીરે ધીરે તે પ્રાંતો જીતી લીધા. માળવા ઈ. સ. ૧૭૩૪ માં ને ગુજરાત ઈ. સ. ૧૭૫૭ માં પુર્ણ તાબે થયા. બાજીરાવના જયમાં આડે આવનાર નીઝામુલમુલ્ક હતો. તેનાથી બાજીરાવનો અટકાવ ન થયો ત્યારે, તેણે મરેઠી રાજ્યની બે શાખા સતારા ને કોલ્હાપુરને લઢાવી મારી. પણ બાજીરાવે ચપળતાથી કોલ્હાપુરના સૈન્યને હરાવી તેને શાંત પાડયું એટલે નીઝામે બ્રાહ્મણોની સત્તા તોડવાને મરેઠાને ઉશ્કેર્યા. મરેઠી ટોળાનો આગેવાન સેનાપતિ ત્રંબકરાવ દાભાડે હતો. પણ એ સમાચાર મળતાંજ નીઝામની મદદ આવી પહોંચતા અગાઉ બાજીરાવ લશ્કર લેઇ ગુજરાતમાં આવ્યો ને ડભોઈ આ-

ગળ દાભાડેને તેણે માર્યો. જીતાયલા શત્રુ ઉપર વેર લેવાને બદલે તેમને શાંત પાડવાને બાજીરાવે ત્ર્યંબકરાવના દીકરાને સેનાપતિ નીમી તે બાળક હોવાથી પિલાજી ગાયકવાડને તેનો રક્ષક ઠરાવ્યો. હવે બાજીરાવ મોહું સૈન્ય લેઈ ઉત્તરમાં ચાલ્યો. તેથી પાદશાહે ડરીને નીઝામની મદદ માગી. નીઝામ ભોપાળ આગળ બાજીરાવની સામો થયો. ઈ. સ. ૧૭૩૬. એ લઢાઇમાં નીઝામ હાર્યાથી તેણે માળવા, નર્મદાને ચંબલ વચ્ચેનો મુલક, ને ૫૦ લાખ રૂપીઆ એટલું પાદશાહ પાસે અપાવવાનું કબુલ કર્યું. નીઝામ એ કરાર કબુલ કરાવવાને પાદશાહ પાસે ગયો, પણ એવામાં નાદીરશાહ આવ્યાથી દિલ્લીમાં અનર્થ થયો, તેથી એ કરાર બાજીરાવના મરણ પર્યંત મંજુર થયા નહિ. ભોપાળથી બાજીરાવ દક્ષિણમાં આવ્યો. એવામાં એના ભાઈ ચીમનાજી આપાએ યુદ્ધ કરી પોર્તુગીજો પાસેથી સાષ્ટી, વસાઇ વગેરે જીતીને આખા કોકણમાં મરેઠી સત્તા બેસાડી. પેશ્વાના સરદાર રાઘોજી ભોંસલેએ કટક સુધી લૂટ ચલાવી. એ પ્રમાણે મરેઠા સર્વત્ર લૂટ ચલાવા લાગ્યા, ને ચોથ તથા સરદેશ મુખી ઉઘરાવવા લાગ્યા, એવામાં બાજીરાવનો કાળ થયો. ઈ. સ. ૧૭૪૦.

**બાજીરાવના ગુણ.** ૪. બાજીરાવ ભણેલો ને સમર્થ બુદ્ધિવાન હતો. વળી તે શૂરો, ચતુર ને સ્વદેશાભિમાની હતો. તે નિષ્પક્ષપાતી હોઇને ગુણવાનની બુજ કરી તેની લાયકી પ્રમાણે તેને દરજ્જે ચડાવતો. એ પ્રમાણે એના હાથ નીચેના ઘણા પુરૂષો નીચે દરજ્જેથી ઉંચી પાયરીએ ચઢ્યા હતા. મલ્હારરાવ હોલ્કર ને રાણોજી સિંધીઆ તેમાં મૂખ્ય છે. એ બંને પોતાની લાયકીવડે બાજીરાવના સરદાર થયા, ને આગળ જતાં રાજ્યસ્થાપક થયા. મલ્હારરાવના

વંશજો ઇંદોરમાં ને રાણોજીના વંશજો ગ્વાલિયરમાં હજુ રાજ્ય કરે છે. એ સિવાય પણ જે જે લાયક માણસો હતા, તે સર્વે બાજીરાવના સમયમાં તરી આવ્યા. બાજીરાવે તેમને જાગીરો આપી યોગ્ય દરજ્જે ચઢાવ્યા. બાજીરાવના મરણ સમયે વરાડમાં રાઘોજી ભોંસલે, ગ્વાલિયરમાં રાણોજીનો પુત્ર જયાપા સિંધીઆ, ઇંદોરમાં મલ્હારરાવ હોલ્કર, ધારમાં આણંદરાવ પરમાર, વડોદરામાં પિલાજીનો પુત્ર દામાજી ગાયકવાડ ને અકલકોટમાં ફતેહસિંગ ભોંસલે રાજ્ય કરતા સરદારો હતા. એ સરદારો પોતાની જાગીરના બદલામાં પોતપોતાનાં સૈન્ય લેઈ પેશ્વાની સહાયે આવતા. બાજીરાવ સ્વભાવે સાદો, મેહેનતુ ને વેહેમ રહિત હતો. એણે પોતાના પરાક્રમ ને હોંશીયારીવડે મરેઠી રાજ્યની સીમા ને કીર્તિ વધારી. એણે રાજ્ય મેળવ્યું પણ રાજ્યનો બરાબર બંદોબસ્ત રાખીને શિવાજી મહારાજની પેઠે રૈયતને ઇનસાફ મળે એવી સંભાળ રાખી નહિ, એ એની કીર્તિને ઝાંખ લગાડનાર ખોડ હતી. મરેઠામાં શિવાજી ને બ્રાહ્મણમાં બાજીરાવ જેવા મરેઠી રાજ્યમાં બીજા પુરૂષો થયા નથી.

બાલાજી. ૫. બાજીરાવને બે દીકરા હતા. બાળાજી ને રઘુનાથરાવ કે રાઘોબા. તેમાંથી મોટો બાળાજી પેશ્વા થયો. એને પેશ્વાઈ નહિ મળવા માટે રાઘોજીએ અને બીજા મરેઠા સરદારોએ મેહેનત કરી પણ તે બાળાજીની ચતુરાઇથી વ્યર્થ ગઈ. પરંતુ તેથી રાઘોજી ને બાળાજી વચ્ચે અણબનાવ થયો. દક્ષિણમાં સમાધાની કરીને ભોપાળ મુકામે બાજીરાવ સાથે નીઝામે જે સંધી કરી હતી, તે કરાર મંજુર કરાવવાને પેશ્વાએ ઉત્તર હિંદુસ્તાનમાં સ્વારી કરી. પાદશાહે તે કરાર મંજુર રાખ્યા, તેમાં ઈ. સ. ૧૭૪૩

માં રાઘોજી ભોંસલેએ બંગાળા ઉપર સ્વારી કરી, તેથી ત્યાંના સુબેદાર અલીવર્દીખાને પાદશાહની મદદ માગી. તે ઉપરથી તેણે બાળાજીને તેની કુમકે મોકલ્યો. તે વખતે રાઘોજીથી બચવા માટે અંગ્રેજોએ ફરીને કલકત્તાની આસપાસ ખાઈ ખોદાવી હતી, તે હજુ મરેઠી ખાડી કહેવાય છે. પેશ્વાએ બંગાળે જઇ રાઘોજીને નસાડી મૂક્યો ને પછી પોતે સતારે ગયો. ઇ. સ. ૧૭૪૩. સને ૧૭૪૯ માં શાહુ રાજા ગુજર્યા પછી ફરીને મરેઠા બ્રાહ્મણોની સત્તાની સામા થયા. એ વિરૂદ્ધ પક્ષનો આગેવાન રાઘોજી હતો. તેનું સમાધાન કરવાને બાળાજીએ રાઘોજીને બંગાળા તથા બહાર પ્રાંતની ચોથ લેવાની રજા આપીને તેને મેળવી લીધો. રાઘોજીએ તેથી રાજી થઈ કટક પ્રાંત જીતી લીધો. તથા બંગાળાના નવાબ પાસેથી ચોથને બદલે દરસાલ બાર લાખ રૂપીઆ લેવાના ઠરાવ્યા. ઈ. સ. ૧૭૫૧.

**પેશ્વા રાજાથી સ્વતંત્ર થાયછે.** ૬. બાળાજીએ યુક્તિથી પોતાનો પ્રતિપક્ષ તોડીને સ્વપક્ષ મજબુત કર્યો. તથા ડરવાનું કારણ ગયું એટલે તેણે પોતાની ગાદી પુનામાં કરી સતારાના રાજાથી સ્વતંત્ર થયો. ઈ. સ. ૧૭૫૧.

## પ્રકરણ ૪ થું.

### પેશવાઇનો મધ્યાન.

**નીજામ સાથે લઢાઇ.** ૧. સન ૧૭૫૨ માં નીજામની ગાદીએ સલાબતજંગ હતો ને તેની પાસે બુસી નામે ફ્રેંચ સરદાર તથા તેનું ૫૦૦ માણસનું કવાયતી ગોરૂં લશ્કર હતું, તેની મદદ લેઇ નીજામે પેશ્વા ઉપર ચઢાઇ કરી, પણ એટલામાં રાઘોજી ભોંસલેએ નીજામના રાજ્ય ઉપર હુમલો કરવાથી તે સંધી કરી પાછો ગયો.

**પેશ્વાઇનો વધારો.** ૨. સન ૧૭૫૭ માં પેશ્વાએ પંડે કર્ણાટક ઉપર ચઢાઇ કરીને ત્યાંના નવાબ પાસેથી તથા મૈસૂરના હિંદુ રાજા પાસેથી ખંડણી લીધી. વળી એજ સાલમાં દામાજી ગાયકવાડે અમદાવાદ જીતીને ગુજરાતનો પુર્ણ કબજો લીધો. એવામાં પાદશાહના વજીર ગ્યાસુદીને પેસ્વાની સહાય માગ્યાથી રાઘોબા એક બળવાન મરેઠી સૈન્ય લેઇ ઉત્તર હિંદમાં ગયો. તેણે દિલ્લી જઈ અહંમદ દુરાનીએ મૂકેલા સેનાપતિ નજીબુદવલાને નસાડ્યો. ત્યાંથી પંજાબ જઇ તે પ્રાંત દુરાનીના સુબાને નસાડીને જીતી લીધો તથા ત્યાં પોતાનો સુબો મૂકયો. ઇ. સ. ૧૭૫૮. એ પ્રમાણે પચીશ વરસમાં બાજીરાવનું ભવિષ્ય ખરૂં પાડી, મરેઠાએ અટક સુધી પોતાનો ઝુંડો રોપ્યો. દક્ષિણમાં પેશ્વાનો મૂખ્ય શત્રુ નીજામ હતો. તેના ઉપર ચીમનાજી આપાના પુત્ર સદાશિવ ભાઉને જોરાવર સૈન્ય આપી મોકલ્યો. તેણે ઈ. સ. ૧૭૬૦ માં ઉદગીર આગળ નીજામને હરાવ્યો, તથા તેની પાસેથી પુષ્કળ ધન તથા મુલક લેઇને તેને નબળો કરી નાંખ્યો. એ રીતે હિંદમાં અંગ્રેજ પોતાની સત્તા સ્થાપવાને યત્ન કરતા હતા, તે વખતે પેશ્વાની સત્તા પૂર્ણ જામેલી હતી.

**પાણીપતનું યુદ્ધ.** ૩. અહંમદ દુરાનીનો પંજાબ પ્રાંત પેશ્વાએ લીધાથી તે, પેશ્વાને સજા કરવાને બળવાન પઠાણ લશ્કર લેઇ ભરતખંડમાં આવ્યો. આ તરફ આખા ભરતખંડમાં પેસ્વાની સત્તા જામી હતી. તેમણે સઘળા નાના મોટા રાજા, ને નવાબને હરાવી તાબેદાર બનાવ્યા હતા. હવે તેઓ ભરતખંડમાંથી મુસલમાની રાજ્ય કહાડી હિંદુ રાજ્ય સ્થાપવાને તૈયારી કરતા હતા. તેથી મુસલમાનો અહંમદશાહના પક્ષમાં ભળવાને તૈયાર થયા, ને હિંદુઓ

પેસ્વાની સહાયે આવવાને તત્પર થયા. મરેઠાને અબદલ્લીની આ લડાઇ તે હિંદુ મુસલમાનની લડાઇ હતી. હિંદની પાદશાહત કોને હાથ જવી એ નક્કી કરવાની આ લડાઇ હતી, તેથી બંને પક્ષે એક મહા યુદ્ધ કરવાને જબરી તેયારી કરી. પેશ્વા પાસે ૧૫૦૦૦ કવાયતી લશ્કર હતું ને તેનો સરદાર ઇબ્રાહિમખાં ગારદી હતો. એ વગર ૨૦૦ તોપો ૫૫ હજાર સ્વાર ને બે લાખ લૂટારા તથા નોકરો હતા. અહંમદશાહ પાસે ૪૬૮૦૦ સ્વાર ૩૮૦૦૦ પાયદળ ને ૭૦ તોપો હતી. નજીબુદવલા ને અયોધ્યાનો નવાબ અહંમદશાહ તરફ હતા ને હોલ્કર, સિંધીઆ, ગાયકવાડ, વગેરે પેશ્વાના સરદારો સિવાય રજપૂત રાજાઓ ને જાટોનો રાજા સુરજમલ પેશ્વાને પક્ષે હતા. મરેઠી સૈન્ય પહેલાં જેવું લૂટારા લોકથી બનેલું નહોતું. તે કવાયતી, કસાયલું ને નીજામને ઉદગીર આગળ હરાવી જીતમાં ઉન્મત્ત થએલું હતું. એ સૈન્યનો સેનાપતિ સદાશિવ ભાઉ હતો. બાજીરાવ પેશ્વાના ભાઇ ચીમનાજી આપાનો તે પુત્ર હતો, તે ઉદગીરના યુદ્ધમાં જય પામ્યાથી ઉન્મત થયો હતો. તે અભિમાની, અવિચારી ને સ્વેચ્છાચારી હતો. તેની જગાએ ઉત્તરહિંદનો અનુભવી રઘુનાથરાવ હોત તો કદાચ જુદોજ બનાવ બનત. સદાશિવરાવે દિલ્લી જઇ રાજમેહેલ લૂટયો. તથા પેશ્વાના દીકરા વિશ્વાસરાવને પાદશાહની ગાદીએ બેસાડવાનો એણે વિચાર કર્યો. પણ એ વિચાર એના સલાહકાર તથા મદદગારને ગમ્યો નહિ. એમ ઉતાવળ કરી હિંદની આખી મુસલમાન કોમને ગુસ્સે કરવામાં ડહાપણ નથી, એવી સલાહ મળવાથી ભાઉ તેમ કરતો અટકયો. હવે લડાઈ કેમ ચલાવવી તે બાબત વિચાર ચાલ્યો. સુરજમલ, રજપૂતો ને કેટલાક મરેઠા સરદારોનો વિચાર એવો હતો કે શિવાજી

મહારાજની પદ્ધતિ પ્રમાણે લઢાઇ કરવી. અબદલ્લી સામા રણયુદ્ધ ન કરતાં આસપાસનો મુલક લૂટી ઉજડ કરવો ને તેને ઘાસ દાણાનો તોટો પાડવો એટલે તે આપોઆપ કાયર થઇ પાછો જશે. અબદલ્લી ચતુર લઢવૈઓ છે ને તેનું લશ્કર કસાયલું ને બળવાનં છે, તેના સામા આપણું સૈન્ય ટકી શકશે નહિ. પણ ઉદગીરની લઢાઇના જયમાં છકેલા ભાઉને આ વાજબી સલાહ ગમી નહિ. તેણે તો રણક્ષેત્રમાં અબદલ્લીને હરાવી જશ મેળવી અમર કીર્તિ કરવાનું ઈચ્છયું. આ વખતે રાઘોબા જેવો અનુભવી ને ઠરેલ સરદાર મરેઠાને માથે ન હોવાથી ભાઉના અવિચાર ને ઉદ્ધતપણાનું ફળ તેમને મળ્યું. હિંદુ સૈન્યમાં મત ભેદ પડ્યાથી સુરજમલ તથા રજપૂતો ગુસ્સે થઈ ચાલ્યા ગયા. એક તો મરેઠા લૂટારા હતા ને તેમના તરફથી તેમને બહુ સોસવું પડ્યું હતું, તેથી તેમના ઉપર તેમને ભાવ થોડોજ હતો, તેમાં ભાઉ જેવો અવિચારી ઉપરી હોવાથી જે 'સ્વદેશાભિમાનના આવેશથી તેઓ મરેઠાની મદદે આવ્યા હતા, તે અભિમાન જતું રહ્યું ને તેથી તેઓ મરેઠાથી દૂર જઇ તટસ્થ ઉભા. પણ એ પ્રમાણે તેમણે પોતાની સહાય ખેંચી લીધી, એ તેમની ભૂલ હતી. પાણીપતના રણક્ષેત્રમાં જ્યાં પહેલાં પાંડવ ને કૌરવ, શાહબુદ્દીન ને પ્રથુરાજ, ઇબ્રાહિમ ને બાબર તથા હેમુ ને અકબર લઢ્યા હતા, ત્યાંજ હિંદુ મુસલમાનનાં સૈન્ય સામસામાં થયાં. સન ૧૭૬૧ ની સાલમાં આ મહાભારત યુદ્ધ થયું. તેમાં મરેઠાનો સરદાર ભાઉ તથા પેશ્વાનો દીકરો વિશ્વાસરાવ મરાયા. ઈબ્રાહિમખાં ને તેનું કવાયતી લશ્કર તથા બીજા ઘણા મરેઠી સરદારો ને માણસો મરાયા. કુલ બે લાખ મરેઠા રણમાં પડ્યા ને અબદલ્લી વિજયશાળી થયો. પણ તે વિજય મેળવી પાછો

ગયો, તે ફરીને હિંદમાં આવ્યોજ નહિ. મરેઠી સૈન્યનો એ પ્રમાણે નાશ થવાથી આખા મહારાષ્ટ્રમાં ઘેરે ઘેર રડારોળ થઇ રહી. પેશ્વા પણ આ હારથી બહુ ખીન્ન થયો. હિંદમાં હિંદુ રાજ્ય સ્થાપવાની તેની આશા ભંગ થઇ. તેના મોટા મોટા સરદારો, ભાઇ ને દીકરો મરણ પામ્યા. તેનું અનુભવી સૈન્ય નાશ પામ્યું. હવે શું થશે એવી હાય વરાળમાં તે પણ તેજ સાલમાં મરણ પામ્યો એ પેશ્વા બહાદુર, પહોંચેલો પણ આળસુ ને રંડીબાજ હતો.

**માધવરાવ.** ૪. બાળાજીના. મરણ સમયે તેના બે દીકરા હયાત હતા. માધવરાવ ને નારણરાવ. તેમાંથી મોટો દીકરો માધવરાવ પેશ્વા થયો. એ વખતે એની ઉમર ૧૭ વરસની હતી; તેથી તેનો કાકો રાઘોબા રાજ્યનો સઘળો કારભાર કરવા લાગ્યો. પણ જુવાન પેશ્વા પોતાના કાકાના તાબામાં રહેવા ચાહાતો નહોતો, તેથી રાજ્યમાં કુસંપ પેઠો. પાણીપતમાં મરેઠી સૈન્યનો નાશ થવાથી હિંદમાં તેમનું વજન ઘટયું હતું, તેવામાં તેમનામાં કુસંપ પેઠેલો જોઈ, નીજામે એ તકનો લાભ લેઈ પુના ઉપર ચઢાઇ કરીને તે જીત્યું ને લૂટયું. તેથી મરેઠાઓએ માંહોમાંહેનો કુસંપ કહાડી નાંખી નીજામને હરાવીને વેર લીધું. એ યુદ્ધમાં જુવાન પેશ્વાએ બહુ બહાદુરી દેખાડી. એવામાં મૈસૂરના હૈદરઅલીએ મરેઠી રાજ્ય ઉપર સ્વારી કરી, પણ માધવરાવે તેને પણ હરાવીને તેની પાસેથી ૩૨ લાખ રૂપીઆ ખંડણી લીધી. ઇ. સ. ૧૭૬૪,

**મરેઠી સરદારો.** ૫. માધવરાવ નાનો હોવાથી મરેઠી સરદારોએ બ્રાહ્મણ સત્તા તોડવાને ફરીને યત્ન કર્યો. તેમનો આગેવાન રાઘોજીની ગાદીએ થએલો જાનોજી ભોંસલે હતો. પણ માધવરાવે તેને હરાવીને તાબે કર્યાથી વિરૂદ્ધ

પક્ષનું બળ તૂટયું. રાઘોબાએ તેની સ્ત્રી આનંદીબાઇની શીખવણીથી માધવરાવ પાસે અર્ધ રાજ્ય માગ્યું, પણ પેશ્વાએ તેને હરાવીને કેદ કર્યો. રાણોજીનો પુત્ર જનકોજી સિંધીઆ પાણીપતના યુદ્ધમાં મરાયાથી મહાદજી સિંધીઆને પેશ્વાએ ગાદી આપી હતી. મલ્લાવરાવ હોલ્કર ઈ. સ. ૧૭૬૬ માં મરણ પામ્યો. તેનો પુત્ર તેની અગાઉજ મરણ પામ્યો હતો. તેથી તેનો પૌત્ર ગાદીએ બેઠો તે જલદીજ મરણ પામ્યાથી રાજ્યની હકદાર તેની મા અહલ્યાબાઇ હતી. તેણે પેશ્વાની પરવાનગીથી તુકાજીને દત્તક લીધો. એ તુકાજી લડાઇનું કામ કરતો ને અહલ્યાબાઈ રાજ્ય કારભાર ચલાવતી. આ વખતથી ગાયકવાડ તો માત્ર ગુજરાતના રાજ્યનીજ વ્યવસ્થા કરવામાં ધ્યાન આપતા. તેમણે મરેઠાના બહારના કે માંહોમાંહેના વિગ્રહમાં ભાગ લીધો નહિ. તેમણે ગુજરાતની પેશ્વાની ઉપજ પહોંચાડીને તેમનું ઉપરીપણું બહાલ રાખ્યું હતું. એ રીતે માધવરાવે ચપળતા, ચતુરાઇ ને યુદ્ધકૌશલ્ય બતાવી મરેઠી સરદારો કબજે રાખી તેમના ઉપર દાબ બેસાડયો.

**અહલ્યાબાઇ.** ૬. અહલ્યાબાઇ બાળવિધવા છતાં બહુ પવિત્રને ધાર્મિક હતી. તેણે ઠામઠામ બંધાવેલાં ધર્મ ક્ષેત્રો હજી સુધી તેની પવિત્રતા દર્શાવેછે. એ બાઇ ભણેલી, સદ્ગુણી, દયાળુ ને હિંમતવાન હતી. તેણે રૈયતને ન્યાય આપી, સંરક્ષણ કરી સુખી કરી, તેથી તેણે રૈયતનો પ્રેમ સંપાદન કર્યો. તેની રાજ્યધાની ઇંદોર એક નાના ગામડામાંથી વધીને આબાદ શેહેર થયું. વળી તેણે પોતાની પ્રજાને પુત્ર સમાન પાળ્યાથી તેના મરણ પછી તે દેવી તરીકે આજ પર્યંત પૂજાયછે. એણે પસંદ કરેલો સેનાપતિ તુકાજી પણ લડાઇમાં અનુભવી ને બહાદૂર હતો.

**મરેઠાની પુનઃ પૂર્ણ કળા.** ૭. મરેઠાઓનો માંહો માંહેનો વિગ્રહ પતાવ્યા પછી માધવરાવે ઉત્તર ભરતખંડમાં મરેઠાની ગએલી આબરૂ પાછી મેળવવા માટે યત્ન કર્યો. તેણે પોતાના સરદાર વિસાજી કીસનને મરેઠી સૈન્ય આપી ઉત્તરમાં મોકલ્યો, તથા સિંધીઆ ને હોલ્કરને તેની સહાયે જવા હુકમ કર્યો. ઈ. સ. ૧૭૬૯. તેમણે રજપૂત, જાટ વગેરે પાસેથી ખંડણી લીધી તથા રોહિલાનો મુલક લૂટીને ઉજડ કર્યો. વળી દિલ્લી તથા આગ્રા જીતીને શાહઆલમ પાદશાહને પોતાના આશ્રયમાં લીધો. ઇ. સ. ૧૭૭૧. એ પ્રમાણે મરેઠાએ ઉત્તર હિંદમાં જય મેળવી પોતાની ગએલી આબરૂ પાછી મેળવી. એવામાં દક્ષિણમાં હૈદરે ફરીને મરેઠા સાથે યુદ્ધ આરંભ્યું. પણ માધવરાવે તેના ઉપર ચઢાઇ કરી તેને હરાવીને તાબે કર્યો ને પોતાને ફાવતી સરતો કરી સંધી કરી. પરંતુ તેજ સાલમાં માધવરાવ ભર જુવાનીમાં પડેલી પેશ્વાઇને ફરીને સજીવન કરી મરણ પામ્યો. ઈ. સ. ૧૭૭૨.

**માધવરાવના ગુણ.** ૮. માધવરાવ પણ બાજીરાવની માફક માણસ પસંદ કરવામાં ચતુર હતો. તે પોતાના સરદારોને તાબે રાખતો, ને નહિ રહેનારને શાસન કરતો. એણે કેટલાક પ્રકારની વેઠ કરાવવાની બંધી કરીને તથા પ્રજાનું રક્ષણ કરી, ન્યાય આપી જુલમ અટકાવ્યો, તેથી મરેઠી પ્રજા એનાં વખાણ કરવા લાગી. વળી તે યુધ્ધમાં કુશળ, ચતુર ને શૂરો હોવાથી પડતી મરેઠીને તારી શક્યો. અને જો તે વધારે જીવ્યો હોત તો કદાચ મરેઠી રાજ્ય વધારે મજબુત કરી શિવાજી મહારાજ જેવો નામજાદો થાત. પણ મરેઠી રાજ્યને કમનસીબે તેનું અકાળ મૃત્યું થયું, ને એ રાજ્યની ખરાબી થઈ. માધવરાવનો દાબ

જવાથી મરેઠામાં લોભ ને દ્વેષ પ્રદિપ્ત થઈ કુસંપ પેઠો ને તેથી તેમની પડતી થઈ. માધવરાવના સમયમાં રામશાસ્ત્રી કરીને ન્યાયાધિશ, ત્ર્યંબક મામા ને હરિપંત સરદારો તથા સખારામભાઉ ને નાના ફડનવિશ કારભારીઓ પ્રખ્યાત હતા.

## પ્રકરણ ૫ મું.

### પેશ્વાઇની પડતી ને અંત.

**નારાયણરાવ.** ૧. મોટા માધવરાવ પેશ્વાને કાંઇ સંતાન ન હોવાથી તેનો ભાઇ નારાયણરાવ પેશ્વા થયો. માધવરાવના વખતમાં રાઘોબામાં પ્રદિપ્ત થએલો રાજ્યલોભ પેશ્વાની ચાલાકીથી દબાઇ રહ્યો હતો તે, તેના મુઆ પછી પાપી આનંદી બાઇએ જાગૃત કર્યો. એ બાઇની શીખવણીથી રાઘોબાએ પોતાના ભત્રીજાનો ઘાત કરાવ્યો, ને પોતે ગાદીએ બેઠો ઇ. સ. ૧૭૭૪.

**રાઘોબા.** ૨. નારાયણરાવના ખુનમાં રાઘોબાનો હાથ હોવાથી રામશાસ્ત્રી વગેરે કારભારી ને સરદાર મંડળ એની વિરૂદ્ધ થયા. આ સમયનો લાભ લેઈ હેદરાબાદનો નીજામઅલ્લી પેશ્વાઈ ઉપર ચઢી આવ્યો. પણ રાઘોબાએ તેની સામા જઇ તેને હરાવ્યો.

**માધવરાવ નારાયણ.** ૩ રાઘોબા નીજામઅલ્લી સાથે રોકાયો હતો, એવામાં નારાયણરાવની સ્ત્રીને એક પુત્ર અવતર્યો, તેનું નામ માધવરાવ આપીને તેને ગાદીએ બેસાડી રાજ્ય ચલાવનાર એક મંડળી ઠરાવી. તેનો આગેવાન નાના ફડનવીશ હતો. ઇ. સ. ૧૭૭૪. રાઘોબાના પક્ષમાં કોઇપણ ન થયું. આખી મરેઠી પ્રજા તેના ઉપર કોપે ભરાઇ, તેથી તે નાસીને સુરત ગયો.

**સુરતની સંધી.** ૪. રાઘોબાએ રાજ્ય પાછું મેળવવા માટે અંગ્રેજોની મદદ માગી. તેણે તેમને સાષ્ટી ને વસાઇ આપવાનું તથા લઢાઇના ખર્ચ બદલ ભરૂચ ને તેની આસપાસનો મુલક આપવાનું કબુલ કર્યું. પશ્ચિમ હિંદમાં અંગ્રેજના તાબામાં મુંબાંઇ સિંવાય બીજો મુલક ન હોવાથી તે મેળવવાનો તેમને લોભ હતો, તેથી મુંબાઇ સરકારે રાઘોબાની સરતો કબુલ કરી તેને ગાદી અપાવવાનું કબુલ કરી સંધી કરી. ૧૭૭૫.

**પુરંધરની સંધી.** ૫. આ વખતે અંગ્રેજ કંપનીના બંધારણમાં ફેરફાર થયો હતો. પ્રથમ મુંબાઇ, મદ્રાસ ને કલકત્તાના ગવરનરો એક બીજાથી સ્વતંત્ર હતા, પણ નવા ઠરાવથી મુંબાઇ ને મદ્રાસ કલકત્તાના ગવરનર જનરલના તાબામાં આવ્યા હતા. મુંબાઇ સરકારે કલકત્તાના ગવરનર જનરલને પુછ્યા સિવાય સુરતની સંધી કરી હતી, તેથી તેમણે તે ના મંજુર કરીને પેસ્વાના કારભારી મંડળ સાથે પુરંધર મુકામે ફરીને સંધી કરી, રાઘોબાનો પક્ષ છોડી દીધો. ઇ. સ. ૧૭૭૬. એ સંધીમાં માત્ર સાષ્ટી અંગ્રેજને મળવાનો ઠરાવ હતો. પણ કલકત્તા સરકાર ઇંગ્લાંડની કંપનીના ડિરેકટરોની સભાના તાબામાં હતી. તેથી એ સભાએ પુરંધરની સંધી ના કબુલ કરી સુરતની સંધી મંજુર રાખી.

**મરેઠા સાથે પહેલું યુદ્ધ.** ૬. એવામાં અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે યુરોપમાં લઢાઇ ઉઠવાનો સંભવ હોવાથી ફ્રેંચ સરકારે નાના ફડનવિસને પોતાના પક્ષમાં લીધો. નાનાએ ફ્રેંચ નાયકો રાખી પોતાના લશ્કરને કવાયત શીખવવા માંડી. એ ઉપરથી મુંબાઇ સરકારે યુદ્ધની તૈયારી કરી. કંપનીના ડીરેકટરોનો હુકમ સુરતની સંધી મંજુર રાખ્યાનો આવ્યાથી તેમણે ફુલાઇ જઇ રાઘોબાને ગાદીએ બેસાડવા-

ને એક લશ્કર મોકલ્યું. મુંબાઇ સરકારની મદદે કલકત્તેથી નીકળેલા લશ્કરની રાહ પણ નહિ જોતાં મરેઠા સાથે ૧ લું યુદ્ધ આરંભ્યું. ઇ. સ. ૧૭૭૮. પણ નવા વરસની શરૂઆતમાં મરેઠી લશ્કર તેમના ઉપર તૂટી પડયાથી તેમને પાછું હઠવું પડયું તેથી વારગામ મુકામે સંધી કરી. તેમાં એવું ઠર્યું કે અંગ્રેજોએ લીધેલો મુલક પાછો આપવો, ભરૂચ સિંધીઆને આપવું, બંગાળેથી આવતું લશ્કર પાછું વાળવું ને એ સરતો અમલમાં લાવવાને બે અધિકારીઓ બાંહેધરીમાં આપવા. સન ૧૭૭૯.

**લઢાઇની પુનઃ શરૂઆત.** ૭. એવામાં મરેઠા, નીજામ ને હૈદરઅલ્લીએ અંગ્રેજોને હિંદમાંથી હાંકી કહાડવાને ઐક્ય કર્યું. અંગ્રેજોને પણ વારગામની સંધી પસંદ પડી નહિ. એ સંધી કરનાર અધિકારીઓને સંધી કરવાનો અધિકાર નહોતો, એમ કહી તે નામંજુર કરી, તથા તે અધિકારીઓને બરતરફ કર્યા. અને બંગાળેથી જનરલ ગાડર્ડ લશ્કર લેઇ આવતો હતો, તેને મરેઠી રાજ્ય ઉપર જવાનો હુકમ કર્યો, એથી ફરીને લઢાઇ શરૂ થઇ. ગાડર્ડે સન૧૭૮૦ માં અમદાવાદ લીધું. પણ કેટલીક વાર બંને પક્ષની હાર જીત થયા પછી ઇ. સ. ૧૭૮૨ માં સાલબાઇ મુકામે સંધી થઇ. તેમાં એવું ઠર્યું કે રાઘોબાએ દર વર્ષે ત્રણ લાખ રૂપીઆ લેઇ કોપરગામમાં રહેવું. સાષ્ટી અંગ્રેજોએ લેઇ બીજા જીતેલા મરેઠી મુલક ઉપરથી દાવો છોડવો. ને ભરૂચ સિંધીઆને આપી, પેશ્વાએ પોર્તુગીજ સિવાય કોઇ યુરોપીઅન પ્રજાને નોકર રાખવી નહિ.

**રાઘોબા.** ૮. રાઘોબા શૂરો, પણ રાજ્ય લોભી ને સ્ત્રીમતથી ચાલનારો હોવાથી તેણે મરેઠામાં કલહ ઉત્પંન કરી રાજ્યબળ નબળું કર્યું તેથી મરેઠા સરદારોને ક-

બજે રાખનાર કોઈ ન રહ્યું ને તેઓ સ્વતંત્રપણે વર્તવા લાગ્યા. રાઘોબા ઇ. સ. ૧૭૮૩ માં મરણ પામ્યો.

**મહાદજી સિંધીઆ.** ૯. સાલબાઇની સંધી સિંધીઆના મધ્યસ્થપણાથી થઇ હતી, તેથી તેની મોટાઇ વધી. હોલ્કર તેની સરસાઇ કરવા લાગ્યાથી એ બંને વચ્ચે અજમેર પાસે યુદ્ધ થયું, તેમાં હોલ્કર હાર્યો, તેથી હોલ્કરને બદલે સિંધીઆએ રજપુતસ્થાનમાંથી ખંડણી લીધી. તેણે ગોહદ (ધોળપુર) ના રાણા પાસેથી ગ્વાલિયર જીતીને ત્યાં પોતાની રાજ્યધાની કરી હતી. વળી ડી. બોઇન નામે ફ્રેંચ સરદારને નોકર રાખી પોતાના લશ્કરને કવાયતી બનાવ્યું. તેણે બુદેલખંડ લૂટી લીધું. એવામાં રોહિલા સરદાર ગુલામ કાદરે શાહઆલમ પાદશાહને આંધળો કર્યાથી તે તેની મદદે ચઢ્યો. તેણે દિલ્લી જીતીને પાદશાહને છોડવી પોતાના આશ્રયમાં લીધો. એ પ્રમાણે ઉત્તરહિંદમાં મહાદજી કરતા કારવતા થયો: દક્ષિણમાં પેશ્વાએ ને નીજામે મળીને હૈદરના પુત્ર ટીપુને હરાવી તેની પાસેથી ૪૫ લાખ રૂપીઆ ખંડણી લીધી. ઇ. સ. ૧૭૮૭. માહાદજી સિંધીઆ ચતુર, શૂરો ને બ્રાહ્મણોની સત્તાને ધિક્કારનારો હતો. તે ઇ. સ. ૧૭૯૪ માં મરણ પામ્યાથી બ્રહ્મણોનો ભય શાંત પડ્યો મહાદજી પછી તેનો ભત્રીજો દોલતરાવ સિંધીઆ થયો. એ પછી બીજે વરસે અહલ્યાબાઇ પણ મરણ પામી.

**ખરડાની લઢાઇ.** ૧૦. ઉદગીરની લઢાઇમાં કબુલ કરેલી ખંડણી નીજામે આપી નહોતી, તે વસુલ કરવા માટે પેશ્વાએ નીજામ ઉપર ચઢાઇ કરી. મહાદજી મુવાથી મરેઠી રાજ્યમાં કરતા કારવતા પાછો નાનાફડનવિસ થયો હતો, તેના બોલાવ્યાથી આ સ્વારી કરવાને દોલતરાવ સિંધીઆ, તુકાજી હોલ્કર, ગોવિંદરાવ ગાયકવાડ વગેરે મરેઠી સરદારો

ચઢી આવ્યા. ખરડા આગળ યુદ્ધ થયું, તેમાં નીઝામ હાર્યો ને તેણે ત્રણ કોટી રૂપીઆ ને કેટલોક મુલક આપી સંધી કરી. મરેઠાનો આ છેલ્લોજ જય હતો. તેમજ સઘળા મ-મરેઠી સરદારો આ છેલ્લીજ વખતે પેશ્વાના વાવટા નીચે એક દીલથી લઢવાને આવ્યા હતા. સખારામ, રામશાસ્ત્રી, હરિ પંથ, ત્ર્યંબક મામા ઈત્યાદિ ચતુર ને શૂરવીર માણસો મરણ પામ્યા હતા. તેમની જગોએ તેવા બીજા પુરૂષો થયા નહિ. તેથી તથા મરેઠા સરદારો આપખત્યાર થઇ પોતપોતાની ચઢતી કરવાને માંહોમાંહે લઢી નબળા પડવાથી મરેઠી રાજ્યની પડતી થઈ.

**નાના ફડનવિસ.** ૧૧. મરેઠી રાજ્યની પડતી જલદી થતી અટકાવનાર ચતુર પુરૂષ માત્ર નાના ફડનવિસ હતો. રાજ્ય નીતિજ્ઞ મરેઠામાં એ છેલ્લો પુરૂષ હતો. મરેઠી રાજ્યનું ઐક્ય ને સ્વતંત્રતા સાચવવાને એ પુરૂષ મેહેનત કરતો હતો. મહાદજી તેમાં આડે આવતો હતો, પણ તેના મરણ પછી પોતાના મરણ પર્યંત તેણે મરેઠીની પડતી થતી અટકાવી.

**સવાઇ માધવરાવનો આપઘાત.** ૧૨. પેશ્વા સવાઇ માધવરાવ કે નાનો માધવરાવ ૨૧ વરસનો થયો પણ નાના ફડનવિસે તેને સ્વતંત્ર અધિકાર આપ્યો નહિ. તેથી તથા રાઘોબાના દીકરા બાજીરાવ ને ચીમનાજી અહંમદનગરમાં કેદ કર્યા હતા, તેમને છોડાવી પોતાની પાસે રાખવાની તેની મરજી છતાં, નાનો તેમ કરવા દેતો નહિ હતો, તેથી કંટાળીને માધરાવે અગાસીમાંથી પડતું મૂકી આપઘાત કર્યો. ઇ. સ. ૧૭૯૫.

**બાજીરાવ ૨ જો.** ૧૩. હવે પેશ્વાઇનો હકદાર માત્ર બાજીરાવ હતો, કેમકે માધવરાવને કાંઈ સંતાન નહોતાં,

બાજીરાવ બાયલો, અવિચારી ને ઉતાવળીઓ હોઈ તેનામાં પેશ્વાઈ ગુમાવવાનાં સઘળાં અપલક્ષણ હતાં. અને તેથીજ માધવરાવને તેનો ચેપ લાગશે એ દેહેશતથી નાનો એ બંનેને મળવા દેતો નહોતો. નાનાએ બાજીરાવને પેશ્વાઈ નહિ આપવાને મેહેનત કરી, પણ અંતે દોલતરાવ સિંધીઆ તથા નાનાએ મળીને તેને ગાદીએ બેસાડ્યો. ઈ. સ. ૧૭૯૬.

**નાના ફડનવિસનું મરણ.** ૧૪. પેશ્વાએ નાનાથી ને સિંધીઆથી છૂટવાને કાવતરાં કરી એ બંનેને લઢાવ્યા. દોલતરાવે પુના જીતીને નાનાને અહંમદનગરમાં કેદ કર્યો. તેની જગાએ દોલતરાવનો સસરો કારભારી થયો. તેનાથી કંટાળીને બાજીરાવે નાનાને ફરીને કારભાર સોંપ્યો. પણ તે ઈ. સ. ૧૮૦૦માં મરણ પામ્યો. એ મુઓ ત્યાંસુધી મરેઠી સરદારો ઉપર કાંઈ પણ અંકુશ હતો તે તેના મુઆથી ગયો.

**વસાઇની સંધી.** ૧૫. નાનાના મરણ પછી દોલતરાવ સિંધિઆ ને જશવંતરાવ હોલ્કર લડી મુઆ. પેશ્વા સિંધીઆના પક્ષમાં હોવાથી હોલ્કરે પુના જીત્યું ને બાજીરાવની જગાએ તેના ભત્રીજાને પેશ્વા બનાવ્યો. ઈ. સ. ૧૮૦૨. બાજીરાવ નાસીને વસાઇ આવ્યો ને તેણે મુંબાઈના અંગ્રેજોની મદદ માગી. વસાઇ મુકામે સંધી થઇ તેમાં એવું ઠર્યું કે અંગ્રેજો બાજીરાવને ગાદીએ બેસાડે તેના બદલામાં બાજીરાવે પુનામાં અંગ્રેજી લશ્કર રાખી તેના ખર્ચ બદલ ૨૬ લાખનો મુલક આપવો. સુરત ઉપરનો દાવો છોડવો, અંગ્રેજના શત્રુને નોકર રાખવા નહિ ને નીજામ તથા ગાયકવાડના વાંધા અંગ્રેજ મારફત પતાવવા.

**મરેઠી બીજું યુદ્ધ.** ૧૬. વસાઇની સંધી પ્રમાણે અંગ્રેજોએ સહાય કરી બાજીરાવને ગાદીએ બેસાડ્યો. પરંતુ એ રીતે પેશ્વા પરતંત્ર થયો તે તેના સરદાર સિંધી-

આ, ભોંસલે ને હોલ્કરને ગમ્યું નહિ. મરેઠી માંહો માંહેના વિગ્રહમાં પડવાના અંગ્રેજોના હકકનો તેમણે ઇનકાર કર્યો; ને તેઓ અંગ્રેજો સામા લઢવાને ઉઠયા. તેથી બીજીવાર વિગ્રહ થયો. તેમાં મરેઠા હાર્યા ને અંગ્રેજ વિજયી થયા.‡

**મરેઠી ત્રીજો વિગ્રહ.** ૧૭. બાજીરાવે વસાઇની સંધી ગરજને લીધે કરી હતી, કાંઇ ખુશીથી કરી નહોતી. તેથી તેણે અંગ્રેજના તાબામાંથી નીકળી જવાને યુક્તિ પ્રયુક્તિ કરવા માંડી. પણ તે અંગ્રેજ રેસિડેંટની ચંચળ દૃષ્ટિથી છૂપી રહી નહિ; તેથી તેનો દગો ઉઘાડો પડયો ને તેની સાથે વળી વિગ્રહ થયો. મરેઠા સાથે એ છેલ્લો વિગ્રહ થયો.† તેમાં ઇ. સ. ૧૮૧૮ માં બાજીરાવ હાર્યો. તેથી પેશ્વાનું રાજ્ય અંગ્રેજ સરકારે લેઈ લીધું; ને આઠ લાખ રૂપીઆ વર્ષાસન લેઇ પેશ્વા બીઠુરમાં જઇ રહ્યો. એ રીતે અગાડ વર્ષમાં બાજીરાવે નાના ફડનવિસનું ભાખેલું ભવિષ્ય ખરૂં કરી આપ્યું. તે ઇ. સ. ૧૮૫૩ માં મરણ પામ્યો. તેના દત્તપુત્ર ધોન્ડુપંત કે નાના સાહેબને તેના બાપને મળતુ આઠ લાખનું વર્ષાસન બંધ થવાથી સન ૧૮૫૭ ના બળવામાં તે આગેવાન થયો ને છેવટે હારીને નાસી ગયો.

---

‡ આ યુદ્ધની વિગત આગળ ૬ ઠા પ્રકરણમાં આપી છે.

† આ વિગ્રહની વિગત અંગ્રેજી રાજ્યના ૭ મા પ્રકરણમાં આવેલી છે.

# બ્રિટિશ રાજ્ય.

## પ્રકરણ ૧ લું.

### યુરોપી પ્રજાનું વ્યાપારાર્થે હિંદમાં આગમન.

**હિંદમાં આવવાના જળમાર્ગની શોધ.** ૧. પંદરમા સૈકાની આખર સુધી ભરતખંડનો માલ અરબસ્તાન, તુર્કસ્તાન ને મિસરના વેપારીઓ લેઈ જતા. તેમની પાસેથી ગ્રીસ ને ઈટાલીના વેપારીઓ ખરીદ કરી યુરોપના બીજા દેશોમાં વેચતા. તેઓ મોં માગ્યા દામ લેતા તેથી એ માલ બહુ મોંઘો પડતો. એ સમયે યુરોપના બીજા દેશોને ભરતખંડમાં વેપાર સારૂ આવવાની ઇચ્છા ઉત્પંન થઈ. પરંતુ તે કાળે સ્વેજની નેહેર ખોદાએલી નહોતી તથા એ માર્ગે લુટારાનો ને માલ બગડ્યાનો ભય તથા ખર્ચ વધારે લાગવાનો સંભવ હોવાથી તેઓ આ દેશમાં આવવાનો જળ માર્ગ ખોળવા લાગ્યા. દરીઆઇ મુસાફરી કરવામાં પોર્તુગાલ ને સ્પેનની પ્રજા આ સૈકામાં આગળ પડતી હતી. વળી એ બંને દેશના રાજા પણ ભરતખંડમાં આવવાનો જળમાર્ગ શોધાવવાને ઇંતેજાર હતા. પોર્તુગાલનો રાજા સરકારી વહાણો આપીને મોટા મોટા નાવિકોને એ માર્ગ શોધવાને મોકલતો હતો. એ સમયે આફ્રિકાનો ઉત્તર ભાગ માત્ર યુરોપી પ્રજાના જાણ્યામાં હતો. પોર્તુગીજ નાવિકો આફ્રિકાનો પશ્ચિમ કિનારો શોધતા આગળ ચાલ્યા. સ્પેનના રાજાને ઇટાલીના જીનોઆ બંદરના વહાણવટી કોલંબસે આટલાંટિક ઓળંગીને ભરતખંડમાં આવવાનો ટુંકો માર્ગ શોધી આપવાનું કબુલ્યાથી તેણે તેને વહાણો આપીને મોકલ્યો. તેણે ઇ. સ. ૧૪૯૨ માં અમેરિકા ખંડ શોધી

કહાડયો. આ નવા મુલકની શોધ લાગ્યાથી સ્પેનના લોક-નું ધ્યાન તે તરફ વળ્યું. પોર્તુગાલ ને સ્પેનના રાજાઓનો દાખલો લેઇ ઇંગ્લાંડના રાજાએ અમેરિકાની ઉત્તરમાં થઇ-ને ભરતખંડમાં આવવાનો માર્ગ શોધવા કાબટ નામે વ-હાણવટીને મોકલ્યો. તેણે ઇ. સ. ૧૪૯૬ માં ન્યુફૌંડલાંડ બેટ શોધી કહાડયો. તે પછી યુરોપને એશિઆની ઉત્તર-માં થઇ બેહેરીંગની સમુદ્રધુની પસાર કરી પાસિફિકમાં જ-ઇ ભરતખંડનો માર્ગ ખોળવાને સરહ્યુ નામે અંગ્રેજને ઇ. સ. ૧૫૫૩ માં મોકલ્યો. પણ તે ઉત્તર મહાસાગરના બ-રફવાળા દરીઆમાં દુ:ખી થઇ મરણ પામ્યો. હાલંડના વલંદા લોકોને પણ પોર્તુગીજોની માફક ભરતખંડનો વેપાર કરી કમાવાનો લોભ થવાથી યુરોપ ને એશિઆની ઉત્તરમાં થઇ ભરતખંડમાં આવવાનો માર્ગ શોધવાને તેમણે પ્રય-ત્ન કર્યો. પણ તેમાં તે ફતેહ પામ્યા નહિ. વળી અંગ્રેજોએ અમેરિકાની ઉત્તરમાં થઇ હિંદમાં આવવાનો માર્ગ ખોળ-વાને હડસન, બાફીન, ડેવીસ વગેરેને મોકલ્યા, પણ તેમાં તેઓ નિષ્ફળ થયા.

**હિંદમાં પ્રથમ પોર્તુગીજ આવ્યા.** ૨. ભરતખં-ડમાં આવવાનો ટુંકો જળમાર્ગ શોધવામાં માત્ર પોર્તુગીજ ફતેહ પામ્યા. તેમનો વાસ્કો ડી ગામા નામે શૂરો નાવિક આફ્રિકાની દક્ષિણે કેપ આવ ગુડ હોપની પ્રદક્ષિણા કરીને ભરતખંડની દક્ષિણના કાલિકોટ બંદરમાં આવ્યો. તે વખતે દિલ્લીની ગાદીએ સિકંદર લોદી પાદશાહ હતો. ઇ. સ. ૧૪૯૮. કાલિકોટમાં આરબ ને મૂરલોક વેપાર કરતા હતા. તેમને આ યુરોપી વેપારીઓ ગમ્યા નહિ. તેથી તેમણે પોર્તુગી-જો સાથે કજીઓ કર્યો. પણ ગામા તેથી ડર્યો નહિ. તેણે છમાસ સુધી ત્યાં રહી ત્યાંના રાજા ઝામોરિનને મેળવી લી-

યો, ને તેની મદદથી હિંદી માલ લેઇને પોતાને દેશ ગ-યો. ઇ. સ. ૧૪૯૯. એ વેપારમાં ઘણો નફો થયાથી પોર્તુગાલના રાજાએ એજ ગામાને વીશ વહાણુ આપીને ફરીથી મોકલ્યો. ઇ. સ. ૧૫૦૨. તેણે કોચીન ને કાનાનો-રના રાજા સાથે મળી જઇ ઝામોરિન સાંથે કજીઓ કર્યો ને કોચીનથી માલ ભરી લેઇ બીજે વરસે તે સ્વદેશ ગયો.

**પોર્તુગીજનું રાજ્ય.** ૩. હવે પોર્તુગાલના રાજાને વે-પારની સાથે રાજ્ય લોભ પણ થયો. જો બની શકે તો હિંદમાં ને તેની આસપાસના બેટોમાં પોતાનું રાજ્ય સ્થાપવા-ની તેને ઇચ્છા થઇ. તેથી તેણે આલ્બુકર્ક નામે સરદારને ગવરનર ઠરાવીને હિંદમાં મોકલ્યો. ઇ. સ. ૧૫૦૯. આ-લ્બુકર્ક એ કામને યોગ્ય પુરૂષ હતો. તેની પહેલાં આવી ગએલા પોર્તુગીજ નાવિકો ચોર ને લૂટારાનું કામ કરતા તેથી મલબાર કાંઠાના હિંદુ રાજાઓનો વિશ્વાસ તેમણે ગુમાવ્યો હતો. તેથી આલ્બુકર્કને તેમની તરફથી પ્રથમ અડચણ ન-ડી. તોપણુ તેણે બહાદુરી, ડહાપણુ ને હોંશીઆરીથી હિંદ-ના પશ્ચિમ કાંઠા ઉપર પોર્તુગીજની સત્તા બેસાડી. તેણે પ્ર-થમ ગોવા જીતીને ત્યાં રાજયધાની કરી. ઈ. સ. ૧૫૧૦. ને તે પછી દીવ ને દમણુ જીત્યાં. આગળ મલાક્કા જીતીને શિ-આમ ને મશાલાના બેટો જોડે વેપાર શરૂ કર્યો, તથા ઇ-રાની અખાતમાંનો હોર્મેજ બેટ જીતીને તાબે કર્યો. એ સ-રદાર ઇ. સ. ૧૫૧૫ માં ગોવામાં મરણુ પામ્યો. એ પ્ર-માણે પંદરમા સૈકાની આખર સુધી યુરોપી પ્રજામાં માત્ર પોર્તુગીજ લોકોજ હિંદમાં વેપાર કરનારા હતા. હિંદી મહાસાગ-રમાં સો વરસ સુધી માત્ર એજ પ્રજા બળવાન વેપારી હતી.

**પોર્તુગીજોની પડતી.** ૪. પોર્તુગીજે ભરતખંડમાં

રાજ્ય સ્થાપવાને યોગ્ય નહોતા. તેઓ ધર્માંધ હોવાથી હિંદના મૂર્તિ પૂજકોને ધિક્કારતા ને શત્રુ ગણતા. તેથી તેમણે જીતાયલી પ્રજાને મેળવી લેવાનો યત્ન કર્યાને બદલે તેમના ઉપર ક્રૂરતા કરી, તથા હિંદી રાજાઓ સાથે કજીઆ કર્યા. તેથી હિંદી રાજા પ્રજા તેમને દુશ્મન તુલ્ય ગણતા. પોર્તુગીજ ગવરનરોમાં માત્ર અલ્બુકર્કેજ પોતાની પ્રજાને રાજી કરી, તેથી તેની પ્રજા તેને પૂજ્ય ભાવથી માન આપી સંભારતી. સોળમા સૈકાની આખરે પોર્તુગીજોની માફક બીજી યુરોપી પ્રજાઓ પણ આફ્રિકાને ફરીને ભરતખંડમાં વેપાર કરવા આવવા લાગી. તેમાં ડચ (વલંદા), ફ્રેંચ ને અંગ્રેજ એ મૂખ્ય હતી. એ લોકોને હિંદી મહાસાગરમાં આવતા અટકાવવાને પોર્તુગીજોએ યત્ન કર્યો, પણ તેમાં તેમનું કાંઇ વળ્યું નહિ. એ સમયે નૌકા યુદ્ધમાં પોર્તુગીજો કરતાં વલંદા, ફ્રેંચ ને અંગ્રેજ ચઢીઆતા થયા હતા. તેમણે ધીરે ધીરે પોર્તુગીજોનાં થાણાં જીતી લીધાં તથા તેમનો વેપાર તોડી પાડી પોતાને હાથ કરી લીધો. હાલમાં પોર્તુગાલના રાજાને તાબે હિંદમાં માત્ર દીવ, દમણ ને ગોવા એ ત્રણ છે.

**વલંદા લોક વેપાર કરવા આવે છે. ૫.** પોર્તુગીજ લોક હિંદીમાલ બ્રુજ, આન્ટવર્પ ને આમસ્તરડામમાં વેચતા ને એ ત્રણ શેહેરોના વેપારીઓ યુરોપમાં વેચતા. ફીરંગી લોકની કમાઈ જોઈ વલંદાએ એક કંપની કરી અને હિંદમાં માલ લેવાને કાર્નિલિયસ હોટમાનને મોકલ્યો. તે આફ્રિકાને ફરીને ઇ. સ. ૧૫૯૬ માં સુમાત્રાના બંતામ બંદરે આવ્યો. આ સમયે ફિરંગીનું દરીઆઇ બળ કમી થયું હતું ને વલંદા લોક નૌકા સૈન્યમાં બળવાન થયા હતા. હાલાંડ દેશમાં વલંદા લોકની ઘણી કંપનીઓ હિંદી મહાસાગરમાં

વેપાર કરવાને ઉભી થઇ. પણ તે સર્વે ઇ. સ. ૧૬૦૨ માં જોડાઇ ગઇ ને "ડચ ઇસ્ટ ઇંડિઆ કંપની" નામે એક કંપની થઇ. એ કંપનીના માણસોએ ઇ. સ. ૧૬૦૫ માં પોર્તુગાલના તાબાનું આંબોયના બંદર જીતી લીધું. તે પછી તેમણે ઇ. સ. ૧૬૩૫ માં ફાર્મોસા, ૧૬૪૦ માં મલાક્કા, ૧૬૫૮ માં લંકામાંનો જાફ્નાબાદ નામે કિલ્લો, ૧૬૬૪ માં મલબાર કાંઠાનાં ને ૧૬૬૯ માં મક્કાસરનાં પોર્તુગીજ સંસ્થાનો જીતી લેઇ હિંદી મહાસાગરમાંની પોર્તુગીજ સત્તાનો અંત. આણ્યો.

**વલંદાની ચઢતી.** ૬. ડચ લોકોનો વેપાર હિંદ કરતાં મશાલાના બેટોમાં વધારે હતો. તેમણે નવાં નવાં સંસ્થાનો વસાવ્યાં તથા નવા મુલક ખોળી કહાડયા. ઈ. સ. ૧૬૧૯ માં તેમણે જાવામાં બાતેવીઆ શેહેર વસાવ્યું. તે તેમનાં પૂર્વ તરફનાં સંસ્થાનોની રાજ્યધાની થઈ. તે પછી તેમણે એક મોટો બેટ ખોળી કહાડયો તેનું નામ ન્યુહોલાંડ પાડયું. તેનેજ આજે આસ્ટ્રેલિઆ કહેછે. વળી ઉત્તર અમેરિકામાં તેમણે ન્યુઆમસ્તરડામ નામે શેહેર વસાવ્યું તે આજે ન્યુયાર્ક કહેવાય છે. એ વગર સુમાત્રા, જાવા, સીલીબીસ વગેરે મશાલાના બેટોમાં તેમણે પોતાનાં થાણાં બેસાડી સત્તા જમાવી. આફ્રિકાની દક્ષિણે કેપ આવગુડ હોપ પાસે તેમણે એક ડચ સંસ્થાન વસાવ્યું તે હજુ છે. ભરતખંડમાં પણ તેઓ વેપાર કરતા હતા. દક્ષિણમાં પાલર નદીને કાંઠે સાદ્રાસમાં તેઓ ૧૬૪૭ માં વેપાર કરવાને આવ્યા ને તે પછી મદ્રાસ પાસે પાલકોલ્લુમાં કોઠી કરી. વળી બંગાળાના હુગલી નદીને કાંઠે ચિન્સુરામાં ને ગુજરાતના સુરતમાં તેમની વખારો હતી.

**વલંદાની પડતી.** ૭. ડચ લોક પૂર્વ તરફના દેશો-

માં વેપાર કરવાને આવ્યા તે વખતે અંગ્રેજ પણ આવ્યા હતા. વેપારની ચડસા ચડસીમાં એ બે પ્રજાને લઢાઇઓ ચાલી. આંબોયનામાં અંગ્રેજનું થાણું હતું. ત્યાંના અંગ્રેજો-નો ડચ લોકે કતલ કરાવી. ઈ. સ. ૧૬૨૩. તેથી અંગ્રેજો મશાલાના બેટોમાં વેપાર કરવાનું છોડી દેઈ ભરતખંડમાં આવ્યા ને માત્ર ત્યાંજ વેપાર કરવા લાગ્યા. તોપણ હિંદી મહાસાગરના ધણીપણા માટે એ બંને પ્રજા ઘણા વરસ સુધી લડતી હતી. એ લડાઇઓ ૧૬૮૯ સુધી ચાલી. એ સાલમાં ઓરેંજનો વિલિયમ બંને દેશનો પાદશાહ થયો ત્યારે બંને વચ્ચે સમાધાની થઈ. આગળ જતાં બંને દેશ જુદા પડ્યાથી વળી લડાઇઓ ચાલુ થઇ. તેમાં અંગ્રેજોએ વલંદાની સત્તા બીલકુલ તોડી નાંખી. હિંદમાં વલંદાનું મૂ-ખ્ય સંસ્થાન ચિન્સુરામાં હતું, તે ૧૭૫૮ માં અંગ્રેજે જી-ત્યું. આગળ જતાં ફ્રાંસના મહાન પાદશાહ નેપોલિયન બોનાપાર્ટે હાલાંડ દેશ જીત્યો ત્યારે હાલાંડનાં સંસ્થાનો ફ્રેં-ચોના તાબામાં આવ્યાં. પણ અંગ્રેજોએ તે સર્વે જીતી લી-ધાં. પરંતુ ફ્રાંસને ઇંગ્લાંડ વચ્ચે ૧૮૧૫ માં સંધી થઇ ત્યારે જાવાબેટ હાલાંડને પાછો મળ્યો. સન ૧૮૨૪ માં સુમાત્રા વલંદાને આપી મલાક્કા અંગ્રેજોએ લીધું. આજે વલંદાનું એકે સંસ્થાન હિંદમાં નથી.

**હિંદમાં અંગ્રેજ મુસાફર.** ૮. કેપ્ ઓવ ગુડહોપને રસ્તે અંગ્રેજો ભરતખંડમાં વેપારાર્થે આવવાને ઉશ્કેરાયા, તે પ-હેલાં કેટલાક અંગ્રેજ મુસાફર આ દેશમાં આવી ગયા હ-તા. અકબર પાદશાહના વખતમાં ટામસ સ્ટીવન્સ નામે અંગ્રેજ ૧૫૭૯ માં પહેલ વહેલો હિંદમાં આવ્યો હતો. તે પછી ચોથે વરસે ફીચ, ન્યુબરી ને લીડસ નામે ત્રણ અંગ્રે-જો આવ્યા. પણ પોર્તુગીજોએ તેમને કેદમાં નાંખ્યા. તે-

માંથી છૂટીને ન્યુબરીએ ગોવામાં દુકાન માંડી. લીડસ અ-કબરશાહ પાસે નોકર રહ્યો ને ફીચ બંગાળા, પેગુ, લંક વગેરે ઠેકાણે મુસાફરી કરતો ઇંગ્લાંડ ગયો.

**વેપાર કરનારી અંગ્રેજ કંપનીઓ.** ૯. હિંદમાં અકબરશાહ રાજ્ય કરતો હતો તે વખતે ઇંગ્લાંડમાં ઇલિ-જાબેથ રાણી રાજ્ય કરતી હતી. તેના વખતમાં લંડનના કે-ટલાક વેપારીઓએ સભા બોલાવી ભરતખંડ સાથે વેપાર કરવાને એક કંપની ઉભી કરી તેનું નામ "ઇસ્ટ ઇંડિઆ કં-પની" પાડ્યું. ઇ. સ. ૧૫૯૯ ને છેલ્લે દિવસે ઇલિજાબે-થ રાણીએ એ કંપનીને સનંદ આપી. તે પછી ૧૬૩૫, ૧૬૫૦, ૧૬૫૫ ને ૧૬૯૮માં જુદી જુદી કંપનીઓ ઉભી થઈ. તેમને માંહો માંહો ઘણી ચડસા ચડસી ચાલતી હ-તી, તેથી અંતે એ સર્વ કંપનીઓ ૧૭૦૯માં જોડાઇ ગ-ઈ ને "યુનૈટેડ ઈસ્ટ ઇંડિઆ કંપની"ને નામે વેપાર કર-વા લાગી.

**અંગ્રેજ કંપનીનાં થાણાં ને વખારો.** ૧૦. ઈ-સ્ટ ઇંડિઆ કંપનીનાં વહાણો પ્રથમ સુમાત્રાના આચીન બં-દરમાં આવ્યાં. વળી જાવાના બંતામ બંદરમાં પણ તેમણે કોઠી ઘાલી. ત્યાં તેમના દુશ્મન વલંદા તેમને નડતા હતા. ઈ. સ. ૧૬૨૩માં આંબોયનામાં વલંદાએ અંગ્રેજોની કતલ કરાવ્યાથી તેઓ એ તરફના બેટોમાં વેપાર કરવો બં-ધ કરી ભરતખંડમાં આવ્યા. હિંદને પશ્ચિમ કાંઠે પોર્તુગી-જો તેમને નડતા હતા. તોપણ ૧૬૧૧ માં તેમના મીડ-લટન નામે કપ્તાને ખંભાતથી માલ ભરી લીધો તથા તે-મણે ૧૬૧૫ માં સુરતમાં વખાર ઘાલી. તાપીના મુખથી થોડે દૂર સુંઆળીબેટ પાસે કપ્તાન બેસ્ટે પોર્તુગીજોને દરી-આઈ યુદ્ધમાં હરાવ્યા. ઇ. સ. ૧૬૧૫. ઇંગ્લાંડમાં એ સા-

લમાં ૧ લો જેમ્સ પાદશાહ હતો તેણે સરટામસરોને જહાંગીર પાદશાહ પાસે વકીલ ઠરાવીને મોકલ્યો. તેણે કંપનીના વેપારને લગતી કેટલીક લાભકારી સરતો પાદશાહ પાસેથી કરાવી લીધી. હિંદને પૂર્વ કાંઠે અગ્રજ વેપારીઓને અટકાવ કરનાર કોઇ નહોતું, તેથી પ્રથમ તેમણે મછલીપટણમાં આડત બાંધી ઇ. સ. ૧૬૧૦. ૧૬૩૨ માં ગોવળકોંડાના પાદશાહની પરવાનગીથી વખાર કરી. આર્મા ગામમાં ૧૬૨૬માં વખાર કરી હતી, ત્યાંના ઉપરી ફ્રાંસીસડેએ ચંદ્રગીરીના રાજા પાસેથી મદ્રાસની જમીન વેચાતી લીધી, ને ત્યાં ગામ વસાવી ફોર્ટસેંટ જાર્જ નામે કિલ્લો બાંધ્યો ૧૬૩૯. એજ પ્રમાણે હિંદના બીજા ભાગોમાં પણ તેમણે વખારો કરી હતી. અજમેર, આગ્રા ને પટણામાં તેમણે સુરતની શાખાઓ કરી હતી. શાહજહાંની પરવાનગીથી તેમણે હુગલીમાં ને બાલાસોરમાં પણ કોઠી ઘાલી હતી. ડા. બ્રાઉટને શાહજહાંની દવા કર્યાથી તેની નોકરીના બદલામાં પાદશાહે અંગ્રેજ કંપની એકલીનેજ બંગાળામાં વેપાર કરવાની સનંદ આપી. તેથી તેમણે કાસીમબજાર, માલ્દા, ઢાકા વગેરે ઠેકાણે પણ દુકાનો કરી. ઇ. સ. ૧૬૮૬ માં બંગાળાના નવાબ સાહિસ્તખાંએ અંગ્રેજ વેપારીઓ ઉપર ગુસ્સે થઈ તેમની સર્વે દુકાનો જપ્ત કરી. તેથી હુગલીના અંગ્રેજ વેપારીઓ નદીના મુખ તરફ સુસાંન્હી નામે ગામમાં ગયા ને ત્યાં જમીન વેચાતી લઈ ફોર્ટ વિલિયમ નામે કિલ્લો બાંધ્યો ૧૬૯૯. એ સુસાંતી હાલમાં કલકત્તાનું એક પરૂં છે. કિલ્લો બાંધ્યા પછી શાહજાદા આજીમ પાસેથી સુસાંતી, કાલીકત ને ગોવિંદપુર એ ત્રણ વેચાતા લીધા. પશ્ચિમ કાંઠા ઉપર તેમનું મુખ્ય મથક સુરતમાં હતું. ત્યાંથી તેઓ ખંભાત, અમદાવાદ વગેરે ઠેકાણે વેપાર ચલાવતા.

ઈ. સ. ૧૬૬૧ માં પોર્તુગાલના રાજાએ પોતાની કન્યા ઇંગ્લાંડના રાજાને દીધી તેની પેહેરામણીમાં મુંબાઇ બેટ આપ્યો. એ બેટ ઇ. સ. ૧૬૬૮ માં રાજાએ દર વરસે સો રૂપીઆ લેવાના ઠરાવી કંપનીને આપ્યો ઈ. સ. ૧૬૬૪માં શિવાજી મહારાજે સુરત 'લૂટયું' ત્યારે સુરતની વખાર મુંબાઇ લેઇ જવાનો કંપનીએ ઠરાવ કર્યો, ને સન ૧૬૮૭માં મુંબાઈમાં કોઠી ઘાલી. મુંબાઇ બેટ હોવાથી મરેઠા ઘોડેસ્વાર ત્યાં લૂટવાને જઈ શકે તેમ નહોતું તેથી એ જગા સુરત કરતાં વધારે સલામત હતી. એ વખતે મુંબાઇ એક નાનું ગામડું હતું ને ત્યાંનાં હવાપાણી સારાં નહોતાં. એ પ્રમાણે જે કંપની આગળ જતાં ભરતખંડની ધણી થઈ, તે કંપની બીજી નાની નાની ઘણી વખારો છતાં મુંબાઈ, મદ્રાસ ને કલકત્તામાં મૂખ્ય વખારો કરી વેપાર કરવા લાગી. એ સમયે તેની પાસે કોઈજ સંસ્થાન નહોતાં. હિંદના ફરૂખશીર પાદશાહે ડા. હેમીલ્ટનની માગણી ઉપરથી કંપનીને બંગાળાના ૩૭ તાલુકાની જમીનદારીની સનંદ આપી, તથા બંગાળામાં કંપનીના માલ ઉપર જે દાણ લેવાતુ તે દાણ માફ કર્યું, તેથી ત્યાં તેમનું બળ વધ્યું ને તેમનાં વેપારને ઉત્તેજન મળ્યું.

**ફ્રેંચ લોકોની વેપાર કંપની.** ૧૧. અંગ્રેજ કંપની થયા પછી તરતજ ૧૬૦૪માં ફ્રેંચ લોકની એક કંપની હિંદના વેપાર માટે ઉભી થઈ, તે પછી ૧૬૧૧, ૧૬૧૫, ૧૬૪૨ ને ૧૬૪૪ માં જુદી જુદી ફ્રેંચ કંપનીઓ થઈ, પણ તે સર્વે ૧૭૧૯ માં જોડાઇ ગઇ. એ કંપનીએ મલબાર કાંઠે માહે, કારોમાંડલ કાંઠે પાંદીચેરી, કારીકલ ને યનાન ને બંગાળામાં ચંદ્રનગરમાં કોઠીઓ ઘાલી હતી. કંપની ૧૭૯૬ માં વેપાર કરતી બીલકુલ બંધ પડી.

**બીજી યુરોપી વેપાર કંપનીઓ.** ૧૨. ઈ. સ. ૧૬૧૨ માં એક ને ૧૬૭૦ માં બીજી એવી ડેન લોકની એ કંપનીઓ થઇ, તેણે બંગાળામાં સીરામપુર, પૂર્વ કાંઠે ત્રાંકવીબાર ને પોર્ટોનોવા ને મલબાર કાંઠે ઇડોવા ને હોલ્ચેરીમાં સંસ્થાનો કર્યા હતાં. તે ૧૮૪૫ માં અંગ્રેજ કંપનીએ વેચાતાં લીધાં. વળી ૧૭૨૩ માં આસ્ટંડ શેહેરમાં એક કંપની થઇ હતી, પણ તેણે ૧૭૮૪ માં દેવાળુ કહાડયાથી તે બંધ પડી. પૂર્વ તરફના બેટોમાં વેપાર કરવાને સ્વીડનના સ્ટાકહોમમાં એક કંપની થઈ હતી. તથા ફીલીપ્રાઇન સાથે વેપાર કરવાને સ્પેનના લોકની એક કંપની થઇ હતી. પણ તેમણે ભરતખંડમાં કોઇ સંસ્થાન કર્યાં નહોતાં.

**કંપનીના મુલકનો માલીક કોણ?** ૧૩. પોર્તુગીજો આ દેશમાં આવ્યા તે રાજાના નોકર હતા. રાજા તરફથી તેઓ માલ લેઇ જતા, ને લીસ્બોનમાં વેચતા ને લીસ્બોનના વેપારીઓ યુરોપનાં બીજાં બંદરોમાં લેઈ જતા. તેથી પોર્તુગીજોએ હિંદમાં મેળવેલો મુલક પણ રાજાનો હતો. ડચ લોક કંપનીને નામે માલ લેઈ જતા, પણ મુલક રાજાને નામે મેળવતા, તેથી મુલકનો માલીક રાજા હતો. અંગ્રેજ ને ફ્રેંચ કંપની પોતાને નામે વેપાર કરતી ને મુલક મેળવતી. તોપણ તેઓ મુલકના સંબંધમાં રાજાની સંભાળ નીચે હતા.

---

## પ્રકરણ. ૨ જું.

## હિંદમાં અંગ્રેજ ને ફ્રેંચ કંપની વચ્ચે યુદ્ધ.

**વેપારીઓનો રાજ્ય મેળવવા યત્ન.** ૧. પોર્તુગીજ પછી રાજ્ય સ્થાપવાનો યત્ન કરનાર માત્ર ફ્રેંચ ને અં-

ગ્રેજ એ બે કંપનીઓ હતી. અરાડમા સૈકાનો અધવચમાં એ બે કંપનીઓએ હિંદમાં રાજ્ય મેળવવાને દક્ષિણનાં રાજ્યોના વધરામાં વચે પડી લઢાઇઓ કરી, તેમાં અંતે અંગ્રેજ ફતેહ પામ્યા ને ફ્રેંચ કંપનીનો અંત આવ્યો.

**હિંદી રાજ્ય,** ૨. અરાડમા સૈકાની અધવચમાં દિલ્લીમાં મહંમદશાહ પાદશાહ હતો. તેની નબળાઇને લીધે પાદશાહી સુબાઓ સ્વતંત્ર જેવા હતા. તેમાં અયોધ્યાનો સફદરજંગ, બંગાળાનો અલીબરદીખાન, દક્ષિણમાં નીજામ ઉલમુલ્ક, ને કર્ણાટકનો દોસ્તઅલી મૂખ્ય હતા. વળી ઉત્તર હિંદમાં રોહિલા લોકે બળવાન થઇ પોતાનું સ્વતંત્ર સંસ્થાન સ્થાપ્યું હતું. મરેઠાનો રાજા શાહુ સતારામાં રહેતો હતો, પણ એ રાજ્યનો કરતા હરતા પેસ્વા બાળાજી બાજીરાવ હતો. તેમની સત્તા તે સમયે પૂર ચઢતીમાં હતી. તંજાવરમાં વ્યંકાજીના વંશજો રાજ્ય કરતા હતા. મૈસૂર ને ત્રિચીનાપલીમાં હિંદુ રાજા રાજ્ય કરતા હતા. તે સિવાય વિજયનગરના હિંદુ રાજ્ય સમયના પોલીગાર કે નાયર લોક અરધા સ્વતંત્ર જેવા હતા. અંગ્રેજોનાં કારોમાંડલ કાંઠે મદ્રાસ ને ફોર્ટડેવીડ, પશ્ચિમકાંઠે મુંબાઇ ને બંગાળામાં કલકત્તા એ તેમનાં મૂખ્ય થાણાં હતાં. ફ્રેંચોએ વિજાપુરના સુલતાન પાસેથી જમીન વેચાતી લેઇ મદ્રાસની દક્ષિણે પાંદીચેરીમાં થાણું કર્યું હતું. વળી ઔરંગઝેબ પાસેથી જમીન વેચાતી લેઇ બંગાળાના ચંદ્રનગરમાં પણ થાણું કર્યું હતું. એ વખતે રાજ્યસ્થાનના રાજાઓ મરેઠાના વારંવાર હુમલા થવાથી નબળા થઇ ગયા હતા.

**કર્ણાટકની નવાબી.** ૩. કર્ણાટકના નવાબ દોસ્તઅલીને ચંદા સાહેબ નામે જમાઇ હતો, તે પાંદીચેરીના ગવરનર દુમાસનો મિત્ર હતો. તેણે ત્રિચીનાપલીનું રાજ્ય

જીત્યું તથા તંજાવરના રાજા કનેથી કારીકલ બંદર જીતી ફ્રેંચને આપ્યું. તે ઉપરથી રાઘોજીભોંસલે અને મોરારીરાવ નામે મરેઠી સરદારોએ કર્ણાટક ઉપર ચઢાઈ કરી અંબુર આગળ નવાબ દોસ્તઅલીને હરાવીને માર્યો તથા ચંદાસાહેબને પકડીને સતારે મોકલી દીધો, અને દોસ્તઅલીના દીકરા સફ્દરઅલીને નવાબ ઠરાવ્યો ઈ. સ. ૧૭૪૧. એજ સાલમાં પાંદીચેરીમાં દુપ્લે નામે નવો ગવરનર આવ્યો. સફ્દરઅલીને તેના કોઇ સરદારે માર્યાથી તેની બેગમ અને કુંવર મદ્રાસના અંગ્રેજોને આશ્રયે ગયાં. પણ દક્ષિણના સુબા નીજામુલમુલ્કે કર્ણાટકમાં આવી એ છોકરાને નવાબ ઠરાવી તેના રક્ષક તરીકે પોતાના અનવરૂદીન નામે સરદારને નીમ્યો. આગળ જલદીજ એ બાળક નવાબ મરણ પામ્યાથી અનવરૂદીન નવાબ થયો.

**દુપ્લેના ગુણ.** ૪. પાંદીચેરીના નવા ગવરનર દુપ્લેના મનમાં હિંદમાં ફ્રેંચ રાજ્ય સ્થાપવાનો પ્રથમ વિચાર ઉત્પંન થયો. દુપ્લે સાહસિક, ચતુર, ઉત્સુક ને કપટી હતો. પણ તેનામાં યુદ્ધ કૌશલ્ય નહોતું. એના હાથ નીચે બુસી નામે એક સરદાર હતો તે લઢાઈનું કામ કરતો. દેશી લોકોને યુરોપી લોકોની માફક કવાયત શીખવ્યાથી તેઓ યુરોપી લોકની પેઠે યુદ્ધ કરી શકે એવા છે, એવું તેને જણાયાથી તેણે પ્રથમ યુરોપી નાયકો પાસે દેશી સીપાઇઓને કવાયત શીખવીને એક લશ્કર તૈયાર કર્યું. યુરોપી કરતાં દેશી લશ્કર સસ્તું પડતું તેથી એ યુકિત વડે તે પોતાની ઉમેદ પાર પાડશે એમ તેને પ્રથમ જણાયું.

**અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે પ્રથમ વધરો.** ૫. એ સમયે યુરોપમાં અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે લઢાઇ ચાલતી હતી. એ લઢાઇ દુપ્લેએ હિંદમાં ઘાલીને હિંદમાં ફ્રેંચ રાજ્ય સ્થાપવાનો

વિચાર કર્યો. પણ તેમાં આડે આવનાર અંગ્રેજ તેમના મૂખ્ય દુશ્મન હતા. તેમને હાંકી કહાડયા વગર પોતાની ઉમેદ પાર પડે તેમ એને જણાયું નહિ. તેથી તેણે અંગ્રેજ કંપની સાથે લઢાઈ જોડી. તેણે પ્રથમ અંગ્રેજના મૂખ્ય મથક મદ્રાસ ઉપર હુમલો કર્યો. એ વખતે હિંદી મહાસાગરમાં બુર્બો વગેરે બેટો ફ્રેંચોને તાબે હતા, ત્યાંનો ગવરનર લાબોર્દોન. દુપ્લેની સહાયે આવ્યો. તેણે મદ્રાસ જીત્યું તેથી અંગ્રેજો શરણે આવ્યા. ૧૭૪૫. દુપ્લે ને લાબોર્દોનની વચ્ચે સંપ ન હોવાથી તેમણે ઐક્યથી પોતાનું કામ ચલાવ્યું નહિ. દુપ્લેનો વિચાર હિંદમાંથી અંગ્રેજોનુ મૂળ કહાડવાનો હતો. તેથી તે અંગ્રેજોને મદ્રાસ પાછું આપવાની વિરૂદ્ધ હતો, પણ લાબોર્દોન ૪૪ લાખ રૂપીઆ લેઇ મદ્રાસ પાછું આપવાની સરત કરી બુર્બો ગયો. દુપ્લેએ તે કરાર તોડીને અંગ્રેજોને પાંદીચેરીમાં કેદ કર્યા. નવાબ અનવરૂદીને મદ્રાસ માગ્યું તે દુપ્લેએ ન આપ્યું, ત્યારે તે દશ હજાર સૈન્ય સાથે મદ્રાસ લેવા આવ્યો, પણ તેને ફ્રેંચના ૧ હજાર માણસે હરાવ્યો. તેથી નવાબ અંગ્રેજને પક્ષે ગયો. અંગ્રેજોને ઇંગ્લાંડથી નવી કુમક આવી, તે વડે તેમણે પાંદીચેરી જીતવા મથન કર્યું, પણ તે વ્યર્થ ગયું. એવામાં યુરોપમાં બંને પ્રજા વચ્ચે સલાહ થઈ, તેથી જેનો તેને મુલક પાછો મળ્યો. ૧૭૪૮.

**નીજામની ને કર્ણાટકની ગાદી માટે વાંધો.** ૬. એજ સાલમાં મહમદશાહ, નીજામ ઉલમુલ્ક ને શાહુ રાજા મરણ પામ્યા. નીજામનો પાટવી કુંવર ગ્યાસુદીન પાદશાહ બનાવનાર વજીર હતો, તેણે પોતાના બાપની જગા લેવાની ના કહી, તેથી તેનો પુત્ર મુજફરજંગ વારસ હતો, પણ તેનો કાકો નાસીરજંગ તેની સામો થયો ને ગાદીએ બેઠો.

એ સમયે તેમની ગાદી ઔરંગાબાદમાં હતી. મુજફ્ફરજંગ મરેઠાની સહાય મેળવવા સતારે ગયો. ત્યાં શાહુની જગાએ રામરાજા ગાદીપતિ હતો પણ તેના રાજ્યની કુલ લગામ બાળાજી પેશ્વાના હાથમાં હતી. સતારામાં મુજફ્ફરજંગને ચંદા સાહેબ સાથે પ્રીતિ થઇ. નીજામના રાજ્યનો ઉમેદવાર મુજફ્ફર ને કર્ણાટકની નવાબીનો ઉમેદવાર ચંદા સાહેબ હતા. તેમણે પાંદીચેરીના દુપ્લેની મદદ માગી. દુપ્લેએ સાત લાખ રૂપીઆ આપી ચંદા સાહેબને છોડાવ્યો. હવે મુજફ્ફરજંગ, ચંદા સાહેબ ને ફ્રેંચનાં લશ્કર કર્ણાટક ઉપર ચાલ્યાં.

**ફ્રેંચોની ચઢતી.** ૭. કર્ણાટકનો નવાબ અનવરૂદીન અંબુર આગળ ચંદા સાહેબની સામો લઢયો. તેમાં તે મરાયો, ને તેનો જીંજીગઢ ફ્રેંચ સરદાર બુસીએ જીત્યો. ૧૭૪૯. તેથી દુપ્લેએ ચંદા સાહેબને કર્ણાટકનો ને મુજફ્ફરને દક્ષિણનો સુબેદાર ઠરાવ્યો. તેના બદલામાં ચંદા સાહેબે પાંદીચેરી પાસેનાં ૮૧ ગામ ફ્રેંચને આપ્યાં. અનવરૂદીનનો દિકરો મહમદઅલ્લી ત્રિચીનાપલીમાં ભરાઇ બેઠો. આ સમાચાર સાંભળી દક્ષિણના સુબેદાર નાસીરજંગે બળવાન લશ્કર સાથે દક્ષિણમાં આવી મુજફ્ફરને હરાવી કેદ પકડયો. એવામાં બુસી ફ્રેંચ ફોજ લેઇને આવ્યો ને તેણે નાસીરને હરાવી મુજફ્ફરને છોડાવ્યો. બુસી તેને લેઇ ઔરંગાબાદ જવાને નીકળ્યો, ત્યાં માર્ગમાં મુજફ્ફર મરાયાથી બુસીએ નીજામઉલમુલ્કના બીજા કુંવર સલાબતજંગને ઔરંગાબાદની ગાદીએ બેસાડયો. ૧૭૫૧. ને ફ્રેંચ ફોજ સાથે તે તેના રક્ષણાર્થે ત્યાં રહ્યો. એ નોકરીના બદલામાં નીજામે ઉત્તર સરકાર પ્રાંત તથા મછલીપટ્ટણ ફ્રેંચને આપ્યાં. એ રીતે દક્ષિણહિંદમાં ફ્રેંચ સત્તાનો સૂર્ય માથે આવ્યો. કર્ણાટક ને ઔરંગાબાદના બે મોટા નવાબો તેમના તાબામાં

આવ્યા, તથા તેમની પાસેથી તેમને કેટલોક મુલક પણ મળ્યો. અંગ્રેજને તાબે માત્ર મદ્રાસ ને ફોર્ટડેવીડ હતો ને તેમનો મિત્ર મહમદઅલ્લી ત્રિચીનાપલીમાં ચંદા સાહેબના લશ્કરથી ઘેરાઇ પડયો હતો. એટલે દુપ્લેએ ધાર્યું કે આપણી ધારણા ફળીભૂત થવાને હવે વાર નથી. ઇ. સ. ૧૭૫૧.

**રાબર્ટ કલાઇવ. ૮.** એવામાં હિંદમાં અંગ્રેજી સત્તાનો ઉદય કરનાર ને અંગ્રેજી રાજ્યનો પાયો નાંખનાર વીર પુરૂષ મદ્રાસમાં ઉત્પન્ન થયો. એ પુરૂષ તે રાબર્ટ કલાઇવ નામે એક જુવાન અંગ્રેજ હતો. પ્રથમ તે વેપાર ખાતામાં કંપનીના તાબામાં કારકુન હતો, પણ એનો ઉછાંછળો સ્વભાવ કલમ કરતાં બરછીને વધારે યોગ્ય હતો. તેણે આજીજી કરીને લશ્કરી ખાતામાં નોકરી માગી લીધી. લારેન્સ નામે અંગ્રેજ સેનાપતિ એની લશ્કરીકળાનો ગુરૂ હતો. કલાઇવ પણ દુપ્લેની માફક સાહસિક, ચતુર, બુદ્ધિવાન, ને કપટી હતો, પણ દુપ્લેમાં યુદ્ધ કૌશલ્ય ને શૂરત્વ નહોતાં, તે કલાઇવમાં હતાં. ફ્રેંચની ચડતી ને અંગ્રેજની પડતી વખતે તથા મહમદઅલ્લી ત્રિચીનાપલીમાં ઘેરાઈ પડ્યો હતો, તે વખતે કલાઇવ મદ્રાસમાં હતો. તેણે મદ્રાસના ગવરનરને સૂચવ્યું કે મહમદઅલ્લીને ઉગારવાનો માત્ર એકજ ઉપાય છે. જો આપણે ચંદાં સાહેબની રાજ્યધાની ઉપર હુમલો લેઈ જઈએ તો તેનો બચાવ કરવાને તે આવશે, એટલે મહંમદઅલ્લી છૂટો થશે. આ કામ જો તમે મને થોડું લશ્કર આપી મોકલો તો હું બજાવું.

**કલાઇવનો જય ને મહુમદઅલ્લીનો છૂટકો. ૯.** કલાઇવના બોલ ઉપર ગવરનરને હિંમત તો ન આવી, પણ "વાગ્યું તો તીર નહિ તો તૂકો" કરી જોવાનો નિશ્ચય કરી ૨૦૦ ગોરા ને ૩૦૦ કાળા સીપાઇનું લશ્કર આપી તે-

ણે કલાઇવને મોકલ્યો. તે પાધરોજ અર્કાટ ઉપર આવ્યો. ત્યાંનું લશ્કર હારીને નાસી ગયું ને કર્ણાટકની રાજ્યધાની કલાઇવને હાથ આવી. ૧૭૫૧. તે પછી તરતજ તેણે કિલ્લો સમો કરાવી ઘેરો ખમવાની તૈયારી કરી. આ સમાચાર સાંભળી ચંદા સાહેબે પોતાના પુત્ર રાજા સાહેબને દશ હજાર ફોજ આપી અર્કાટ લેવાને મોકલ્યો. બાવન દિવસ ઘેરો રહ્યો, પણ કલાઇવ તાબે થયો નહિ. કલાઇવને લાલચો પણ આપી પરંતુ તે કશાથી ડગ્યો નહિ, ત્યારે રાજાસાહેબે એક જબરો હલ્લો કર્યો, પણ તેમાં તેનાં ૪૦૦ માણસ મરાયાથી તે હિમત હારી ગયો ને ઘેરો ઉઠાવી ચાલ્યો. કલાઇવને મદ્રાસથી નવી મદદ આવી મળી કે તે રાજા સાહેબની પુઠે પડયો ને તેને હરાવી તેના લશ્કરનો નાશ કર્યો. એવામાં ઇંગ્લાંડથી સૈન્ય લેઇ લારેંસ આવ્યો એટલે ગુરૂ શિષ્ય મહમદઅલ્લીને છોડાવવા ત્રીચીનાપલી ગયા. તેમાં ચંદાસાહેબ હાર્યો ને મરાયો એટલે અંગ્રેજે મહમદઅલ્લીને કર્ણાટકની ગાદીએ બેસાડયો. એ રીતે કર્ણાટકમાં દુપ્લેની ધારણા ધૂળ મળી. તોપણ તેણે હિંમત નહિ હારતાં ફરીને ત્રિચીનાપલીને ઘેરો ઘાલ્યો. લારેન્સે ફ્રેંચોને હરાવ્યા. આ લઢાઈઓથી કંટાળીને ફ્રેંચ સરકારે દુપ્લેને બોલાવી લેઈ તેની જગાએ ગોધ્યું નામે શાંત પ્રકૃતિનો ગવરનર મોકલ્યો. તેણે હિંદમાં આવી સંધી કરી કે કર્ણાટકનો નવાબ મહમદઅલ્લી ખરો છે ને એક બીજાનો લીધેલો મુલક પાછો આપી હવેથી બેમાંથી એકે પ્રજાએ હિંદની માંહોમાંહેની લઢાઇમાં માથું મારવું નહિ. ઈ. સ. ૧૭૫૫.

**ફ્રેંચસત્તાનો નાશ.** ૧૦. ગોધ્યુએ કરેલી સંધી લાંબી મુદત ચાલી નહિ. બંને પ્રજાને હાડવેર બંધાયાં હતાં

ને બંનેને રાજ્ય મેળવવાનો લોભ હતો. તેથી ૧૭૫૬ માં વળી બંને વચ્ચે લડાઈ ચાલી. અંગ્રેજોએ કલાઇવને મદ્રાસનો ગવરનર ઠરાવી નૌકા સૈન્યપતિ વાટસન સાથે હિંદમાં મોકલ્યો. ફ્રેંચોએ લાલી નામે સરદારને લશ્કર આપી મોકલ્યો. એ લાલી બહાદુર, ચંચળ, ઉત્સુક પણ અવિચારી હતો. એ સમયે કર્ણાટકના દરબારમાં ફ્રેંચ સત્તા બીલકુલ નહોતી. પણ નીજામના દરબારમાં બુસી ફ્રેંચવર્ગ સાચવી રહ્યો હતો, તેને લાલીએ અવિચારથી બોલાવી લીધો. બુસીનો વિચાર તેથી વિરૂદ્ધ હતો. પણ અંગ્રેજને ભરતખંડમાંથી બીલકુલ હાંકી કહાડવાની હોંસમાં બુસીનો વિચાર તેણે લક્ષમાં લીધો નહિ. બુસી નીજામના દરબારમાંથી ગયો તેની સાથેજ ત્યાંથી ફ્રેંચસત્તાનો નાશ થયો. લાલીને બુસી બંને એક વિચારના ન હોવાથી તથા બંને વચે મતભેદ પડવાથી તેઓ ઐક્યથી વરત્યા નહિ. તેમણે ફોર્ટ ડેવીડ લીધો ને મદ્રાસને ઘેરો ઘાલ્યો. જો આ સમયે ફ્રેંચસૈન્ય ને નાયકો એક દીલથી કામ લેત તો તેનું પરિણામ જુદુંજ આવત, પણ ઉંચા દીલવાળા લશ્કરથી ને નાયકોથી ધારેલું કામ થતું નથી. સંપ ને ઐક્ય વગર જય ક્યાંથી ? એવામાં અંગ્રેજને વિલાયતથી કુમક આવી એટલે લાલીને બુસીએ મદ્રાસનો ઘેરો ઉઠાવી ૧૭૫૯ માં વાંદીવાસને ઘેરો ઘાલ્યો. તે વખતે અંગ્રેજ સેનાપતિ અયરકૂટ હતો, તેણે ફ્રેંચોને હરાવ્યા ને બુસી કેદ પકડાયો. આથી ફ્રેંચો નિરાશ થયા ને અંગ્રેજોમાં જુસ્સો આવ્યો. એટલે તેમણે ૧૭૬૨ સુધીમાં એક પછી એક એમ ફ્રેંચોના પાંદીચેરી સુધાંત સર્વે થાણાં લીધાં. કલાઇવે બંગાળાનું ચંદ્રનગર જીત્યું તથા કર્નલ ફોર્ડે નીજામે આપેલો ઉત્તરસરકાર તથા મછલીપટણનો મુલક જીત્યો. એ રીતે હિ-

દમાંની ફ્રેંચસત્તાનો ૧૭૬૧ માં અંત આવ્યો. એ પ્રમાણે હિંદનું ધણીપણું મેળવવાની અણીપર આવેલા મરેઠાને જે સાલમાં અહમદશાહ અબદલ્લીએ પાણીપતના રણમાં હરાવીને તેમની સત્તાની ખાખાવીખી કરી નાંખી, તેજ સાલમાં હિંદમાં રાજ્ય સ્થાપવાની ઉમેદ રાખનાર ફ્રેંચસત્તાનો અંગ્રેજે નાશ કર્યો. એ પછી સલાહ થઈ ત્યારે ફ્રેંચોનાં થાણાં તેમને પાછાં મળ્યાં, પણ તેમણે ફરીને હિંદમાં રાજ્ય સ્થાપવાને વધરો કર્યો નહિ. ફ્રેંચ કંપનીની રાજ્યસત્તા રાજાએ લેઈ તેમનાં થાણાં ખાલસા કર્યાં ને ૧૭૯૬ માં એ કંપની હિંદમાં વેપાર કરતી પણ બંધ પડી. હવે યુરોપી પ્રજામાં માત્ર અંગ્રેજ રહ્યા, તેમણે હિંદમાં કેવી રીતે મહાન રાજ્યની સ્થાપના કરી તે આગળ આવશે.

## પ્રકરણ ૩ જું.

### બંગાળામાં અંગ્રેજી રાજ્યની સ્થાપના.

**સુજાઉદ્દવલા.** ૧. હિંદનું ધણીપણું મેળવવાને અંગ્રેજોએ તૈયાર થઇ બંગાળામાં તેનો પ્રથમ પાયો નાંખ્યો. તે વખતે ત્યાંનો નવાબ અલીવર્દીખાન ગુજરી જવાથી તેની જગાએ તેનો દોહિત્ર સુજાઉદવલા થયો હતો. ૧૭૫૬. જુવાન નવાબ બીહીકણ, બાયલો, ક્રૂર, જુલમી ને દુરાચારી હતો. રાજ્ય સાચવવાનું એક પણ લક્ષણ એનામાં નહોતું.

**નવાબની કલકત્તા ઉપર ચઢાઇ.** ૨. નવાબનો એક સગો નાસીને કલકત્તે અંગ્રેજોને આશ્રયે જઇ ભરાયો, તેને નવાબે પાછો માગ્યો તે અંગ્રેજોએ નહિ આપ્યાથી

તેણે કલકત્તા ઉપર ચઢાઈ કરીને તે જીતી લીધું. કેટલાક અંગ્રેજ નાસી ગયા ને ૧૪૬ કેદ પકડાયા. નવાબે તે બધાને એક નાની કોટડીમાં પુર્યા. ૧૭૫૬. ઉનાળાના તાપની ગરમીથી તથા હવા આવવાનાં બે નાનાં જાળીઆં સિવાય બીજું કાંઈ સાધન નં હોવાથી અને પીવાને પુરતું પાણી ન મળ્યાથી સવાર સુધીમાં ૧૪૬ માંના ૨૩ જીવતા રહ્યા. તે પણ અર્ધ મુઆ જેવા હતા. નવાબે મરનારની કાંઇ પણ દયા ખાધા વગર કે કારણ જાણવાની ખણખોદ કર્યા વગર માત્ર ધનની ખોળ કરવા માંડી, તે ઉપરથી તેનો નિર્દય સ્વભાવ જણાઇ આવે છે.

**અંગ્રેજ કલકત્તા પાછું લેછે.** ૩. આ માઠા સમાચાર મદ્રાસ પહોંચ્યા ત્યારે કલૈવ ઇંગ્લાંડથી પાછો આવ્યો હતો. નૌકા સૈન્યપતિ વાટસન સાથે બની શક્યું તેટલું સૈન્ય જમાવી કલૈવ વૈર લેવાને બંગાળે આવ્યો ને તેણે કલકત્તા જીતી લીધું. નવાબ કલકત્તા પાછું લેવાને લશ્કર લેઈ આવ્યો, પણ કલૈવે તેને પાછો હઠાવ્યો. એમ છતાં ચતુર કલૈવને લાગ્યું કે કળ વગર એકલા બળથી કામ સિદ્ધ થાય તેમ નથી, તેથી સમય વરતી તેણે નવાબ સાથે સંધી કરી. તેમાં નવાબે અંગ્રેજનું જે લીધું હતું તે પાછું આપ્યું.

**કલાઇવનું કાવતરૂં.** ૪. દક્ષિણમાં ફ્રેંચોએ કર્ણાટક ને નીજામની ગાદીએ પોતાના મળતીઆને બેસાડી જે રીતે પોતાની સત્તાનો પાયો નાંખી મજબુતી કરી હતી, તે રીતે કલૈવે બંગાળામાં પોતાની સત્તા બેસાડવાનો યત્ન કર્યો. સુજાઉદવલાને તેના નોકર ને પ્રજામાંથી કોઇ ચાહાતું નહોતુ, તેથી કલૈવે યુકિતથી તેમને ફોડીને પોતાના નવાબનો વિશ્વાસઘાત કરવાને લલચાવ્યા. તેનો સેનાપતિ

મીર જાફર પાછલા નવાબ અલીવરદીખાનનો બનેવી હતો, તેને નવાબની ગાદી આપવાની લાલચ આપી તેને ફોડચો, નવાબનો ખજાનચી રાય દુર્લભ ને મુરશીદાબાદનો જગત શેઠ એ બંને કાવતરામાં ભળ્યા. મીરજાફરે ગાદી મળે તેના બદલામાં કંપનીને, ક્લૈવને, ગવરનરને, બીજા અંગ્રેજ અધીકારીઓને અને સૈન્યને નાણું આપવાનું કબુલ કર્યું. તથા કંપનીને અને કલકત્તાની પ્રજાને થએલું નુકશાન ભરી આપવાનું સ્વીકાર્યું. આ ઠરાવ નક્કી થયા ત્યારે અંગ્રેજનો એક દલાલ અમીચંદ કરીને હતો, તેણે માગણી કરી કે મીરજાફર જેટલી રકમ આપે તે ઉપર સેંકડે પાંચ ટકા મને દલાલીના આપવા. એ રીતે ગણતાં ૩૦ લાખ રૂપીઆ દલાલી થતી હતી. એવડી મોટી રકમ આપવાની ક્લૈવની ઇચ્છા નહોતી. અમીચંદે કહ્યું કે જો મારી દલાલી કબુલ નહિ કરો તો હું સઘળી વાત નવાબને જાહેર કરી દઇશ. પણ ક્લૈવ જેવો શૂરો હતો, તેવો લૂચો ને પહોંચેલો પણ હતો. તેથી તેણે બે લેખ તૈયાર કર્યા. એક પાળવાનો તેમાં અમીચંદને આપવાની રકમ લખી નહોતી, ને બીજો અમીચંદને બતાવી છેતરવાનો. આ બંને લેખ ઉપર બધા કાવતરાખોરોએ સહી કરી. પણ ખોટા લેખ ઉપર નૌકા સૈન્યપતિ વાટસને સહી કરી નહિ, ત્યારે તેની પરવાનગીથી તેની સહી બનાવી. આ પ્રમાણે કાવતરૂં પાકીને તૈયાર થયું.

**પ્લાસીનું યુદ્ધ.** ૫. એ વખત બંગાળામાં ત્રણ યુરોપી પ્રજાનાં થાણાં હતાં. કલકત્તામાં અંગ્રેજોનું, ચંદ્રનગરમાં ફ્રેંચોનું ને ચિન્સુરામાં વલંદાનું. એ વખતે અંગ્રેજોને હિંદમાંથી કહાડી મૂકવાને દક્ષિણમાં ફ્રેંચોના આગેવાન લાલી ને બુસી મંડયા હતા. નવાબ ફ્રેંચોને મળીને બંગાળામાંથી અંગ્રેજને કહાડી મૂકવાને તૈયારી કરવા લાગ્યો. તેથી ક્લૈવે

ફ્રેંચોનું ચંદ્રનગર જીતી લીધું. નવાબે તેમ કરવાની મના કરીને કહ્યું કે મારા રક્ષણમાં રહેલી કોઇ પણ પ્રજા ઉપર તમારે હુમલો કરવો નહિ. તેનો જવાબ આપવાને કલૈવે તૈયારી કરેલીજ હતી. તે પોતાનું સૈન્ય લેઇ મુરશીદાબાદ ઉપર ચઢ્યો. નવાબ પણ બંગાળી લશ્કર લેઈ તેની સામો આવ્યો. નવાબ પાસે ૫૦ હજાર લશ્કર ને ૫૦ તોપો અને કલૈવ પાસે ૩ હજાર લશ્કર ને ૮ તોપો હતી. આવા મોટા લશ્કર સામા આટલા થોડા લશ્કરથી જવું કે નહિ તેની કલૈવને ગડભાંગ થવા લાગી. મીરજાફર હજુ ફૂટીને કલૈવને આવી મળ્યો નહોતો. માત્ર એકલે હાથે લઢવાનું હતું. કલૈવે એકાંતમાં જઇ લઢવાનો નિશ્ચય કરી બપોરે જે વખતે નવાબનાં માણસો રાંધવામાં રોકાયાં હતાં, તે વખતે પ્લાસીના રણમાં તેની છાવણી ઉપર એકદમ હુમલો કર્યો. તેમાં નવાબનો સરદાર મીર મદન મરાયો ને મીરજાફર તટસ્થ જઇ ઉભો, એટલે બાયલો નવાબ ગભરાયો. તે લઢવાને ઉભો નહિ રહેતાં નાઠો ને તેના લશ્કરમાં ભંગાણ પડ્યું. એ રીતે કલૈવને વિજય મળ્યો. ૧૭૫૭. તે પછી મીરજાફર તેને આવી મળ્યો.

**મીરજાફર નવાબ થાયછે.** ૬. મીરજાફરને લેઇ કલૈવ મુરશીદાબાદ ગયો ને તેને તેણે ગાદીએ બેસાડ્યો. તેના બદલામાં નવાબે ખજાનો ઉઘાડી રૂપીઆ વહેંચવા માંડ્યા, પણ તેમાંથી જોઇએ તેટલું નાંણું મળ્યું નહિ. તેથી સર્વેએ વરાડ પ્રમાણે વહેંચી લીધું. અમીચંદે પોતાની દલાલીના ૩૦ લાખ માગ્યા પણ કલૈવે ખોટો લેખ રજુ કરી તેને કાંઈ પણ ન આપ્યાથી તે ગાંડો થઇ મરણ પામ્યો. એ સમયે નવાબે કલકત્તાની આસપાસની ૮૮૨ ચોરસ મૈલ જમીનની જમીનદારી એટલે વસુલાત લેવાનો હક કંપનીને

આપ્યો. એ જમીનને હાલ ૨૪ પરગણાં કહે છે. નવાબ સુરાજઉદ્દવલા પકડાયો ને તેને મીરજાફરના દીકરા મીરાને મારી નાંખ્યો.

**એ વખતે હિંદની સ્થિતિ.** ૭. હવે કર્ણાટકનો નવાબ મહમદઅલી ને બંગાળાનો નવાબ મીરજાફર ક્લૈવના પરાક્રમથી અંગ્રેજના આશરાગત થયા. દિલ્લીનો પાદશાહ બીજો આલમગીર ગ્યાસુદીન વજીરના હાથમાં રમકડા જેવો હતો. પંજાબ પ્રાંત દુરાનીના તાબામાં હતો ને હિંદ ઉપર દુરાની સ્વારીઓ કરી ખરાબી કરતો હતો. મરેઠામાં પેશ્વા બાલાજી પૂર જોરપર હતો. એજ વરસમાં તેણે દક્ષિણમાં સ્વારી કરી કર્ણાટકના નવાબ ને મૈસૂરના હિંદુ રાજા પાસેથી ખંડણી લીધી હતી ને તેના સરદારો ઉત્તરહિંદમાં મરેઠીસત્તા જમાવતા હતા. દક્ષિણમાં ફ્રેંચોએ અંગ્રેજોને હાંકી કહાડવાને જબરી બાથ ભીડી હતી ને મૈસૂરમાં હૈદરઅલી મુસલમાની રાજ્ય સ્થાપવાને પોતાનું બળ જમાવતો હતો. એ પ્રમાણે સર્વત્ર કુસંપ ને દ્વેષથી માંહોમાંહે લઢીને હિંદીસત્તા નબળી થતી હતી. તે વખતે ક્લૈવે સુરાજઉદ્દવલાને હરાવી બંગાળામાં અંગ્રેજી સત્તાનો પાયો નાંખ્યો. હવે તે ઉપર ઇમારત ચણવાનું કામ ચલાવ્યું.

**ક્લૈવ બંગાળાનો ગવરનર થાયછે.** ૮. પ્લાસીનારણમાં વિજય મેળવ્યાથી ક્લૈવ કલકત્તાનો ગવરનર થયો. એવામાં દિલ્લીના પાદશાહ શાહઆલમે બંગાળા ઉપર સ્વારી કરી. પાદશાહની સ્વારીથી મીરજાફર ડર્યો. પણ પોતાના બેસાડેલા નવાબની સહાયે ક્લૈવ આવ્યો. તેણે મોગલોને પૈસા આપી પાછા કહાડયા. તે પછી ક્લૈવે ફ્રેંચ તાબાનાં ઉત્તરસરકાર તથા મછલીપટ્ટણ જીતવાને કર્નલ

ફોર્ડને મોકલ્યો. તેણે ૧૭૫૮ માં એ મુલક જીતી લીધો. અંગ્રેજે મછલીપટ્ટણ પોતાની પાસે રાખી બાકીનો મુલક પોતાના મળતીઆ વિજાગાપટ્ટણના રાજાને આપ્યો. હવે મીરજાફર અંગ્રેજથી ડરવા લાગ્યો તથા તેમનાથી છૂટો થવાને ઇચ્છવા લાગ્યો. પણ તેને સહાય કરે એટલી ફ્રેંચોની સત્તા બંગાળામાં નહોતી. માત્ર ચિન્સુરાના વલંદા નવાબને સહાય આપવાને તૈયાર થયા. આ વાત સાંભળતાંજ કલૈવે કર્નલફોર્ડને ચિન્સુરા ઉપર મોકલ્યો. તેણે તે થાણું જીતી લીધું. આ પ્રમાણે કલાઇવ પોતાના દેશની સેવા બજાવી ૧૭૬૦ માં ઈંગ્લાંડ ગયો. તેની જગાએ વાંસીતાર્ત નામે ,ગવરનર થયો.

**મીરજાફરને પદભ્રષ્ટ કરે છે.** ૯. મીરજાફર પાસેથી ધાર્યા જેટલું નાણું મળ્યું નહિ તથા બાકી રહેલું તે આપી શક્યો નહિ. તેણે ઇજારદાર, અમલદાર ને શાહુકારને લૂટવા પણ તેથી પુરૂં થયું નહિ. તે વખતના કલકત્તાના અંગ્રેજો પણ લોભી ને લાંચીઆ હતા. અંગ્રેજના નામને લજવે તેવા તે હતા. તેઓ મીરજાફરના આપેલા નાણાથી ધરાયા નહિ. તેથી તેમણે પૈસા આપી શકે એવા નવાબને ગાદી આપવાનો વિચાર કર્યો. મીરજાફરનો જમાઇ મીરકાસમ ધનવાન હતો. તેની પાસેથી લાંચ લેઇ તેને ગાદી આપી ને મીરજાફરને પદભ્રષ્ટ કર્યો. ૧૭૬૦. મીરકાસમે કંપનીના દેવાને પેટે ૫૦ લાખની ઉપજનાં મીદનાપુર, ચિતાગાંગ ને બરદવાન એ ત્રણ પ્રગણાં તથા પાંચ લાખ રૂપીઆ આપ્યા. વળી તેણે ગવરનરને ૭ લાખ ને બીજા અમલદારોને ચૌદ લાખ મળીને કુલ ૨૦ લાખ લાંચ આપી.

**નવાબ મીરકાસમ.** ૧૦. નવો નવાબ બહાદુર હોંશીઆર, પોતાનું માન સમજનાર ને રૈયતની દાઝ જાણ-

નારો પુરૂષ હતો. તેણે ખર્ચ કમી કર્યું; ને ન્યાય, ડહાપણ ને ચંચળાઇથી ચાલી રાજ્ય આબાદ કરી ખજાનો ભર્યો. વળી કલકત્તેથી દૂર મોંગીરમાં રાજ્યધાની કરીને પોતાના લશ્કરને કવાયત શીખવવા સારૂ સમરૂ નામે એક આર્મિનિયનને નોકર રાખ્યો. તેણે કવાયતી સૈન્ય તૈયાર કર્યું. એવામાં શાહઆલમ પાદશાહ બહાર પ્રાંત ઉપર ચઢી આવ્યો. અંગ્રેજે તેને હરાવ્યો, પણ તેને મેળવી લેઇ પટણે બોલાવ્યો ને બંગાળાના નવાબ પાસે શાહઆલમ આગળ નજરાણું મૂકાવ્યું તથા તાબેદારી કબુલાવી. પાદશાહે તે સ્વીકારી, બંગાળા, બહાર ને ઓઢીઆની નવાબીનો તેને શિરપાવ આપ્યો. એ રીતે મીરકાસમ પાદશાહી પરવાનાથી બંગાળાનો નવાબ થયો.

**મીરકાસમ સાથે અણબનાવ.** ૧૧. બંગાળામાં કંપનીના રાહદારી દાણની માફી હતી. પરંતુ કંપનીના સઘળા નોકરો એ માફીનો લાભ લેઇ પોતાનો ખાનગી વેપાર કરતા હતા. એટલુંજ નહિ પણ કંપનીના તાબાંના દેશી વેપારીઓ પણ એ છૂટનો લાભ લેતા હતા. તેથી નવાબને દાણનું બહુ નુકશાન થયું. તથા નવાબની રૈયતનો વેપાર બંધ પડયો, કેમકે દાણ વગરના કંપનીના વેપારીઓના માલ કરતાં દાણવાળા નવાબના વેપારીઓનો માલ મોઘો પડવાથી તે માલ ખપતો નહિ ને ઉલટી ખોટ જતી. આ અન્યાય માટે રૈયતે નવાબને ફરીઆદ કરી. કંપનીના નોકરો ને વેપારીઓ પાસે દાણ લેવાની નવાબમાં તાકાદ ન હોવાથી તેણે પોતાની પ્રજા ઉપરનો અન્યાય દૂર કરવાને રાહદારી દાણ બંધ કરી નાકાં ઉઠાડી મૂકયાં. પણ આ ન્યાયનું કામ કંપનીના લોભી નોકરોને પસંદ પડયું નહિ. કેમકે તેથી તેમના માલની ખપત ને નફો ઘટી નુકશાન થયું. તેથી તેમણે નવાબ સાથે લઢાઇ જોડી. ૧૭૬૩.

**મીર કાસમ સાથે લડાઇ.** ૧૨. અંગ્રેજોએ મીર જાફરને મુરશીદાબાદમાં ફરીને ગાદીએ બેસાડયો તથા પટણા કબજે કર્યું, તેથી કાસમના સુબાએ પટણા જીતી લીધું અને ત્યાંના સર્વે અંગ્રેજોને કેદ કર્યા તથા અંગ્રેજ પક્ષના દેશીઓને પણ લૂટી લેઇ કેદ કર્યા, એટલે અંગ્રેજી સૈન્ય લેઇ મેજર આદમ્સ કાસમ ઉપર ચાલ્યો. તેણે ઘેરીઆ આગળ સમરૂના કવાયતી સૈન્યને હરાવ્યું. તેથી કાસમ નાસીને પટણે ગયો. અંગ્રેજી સૈન્ય તેની પાછળ પટણે આવ્યું. પટણામાં ૧૫૦ અંગ્રેજ કેદમાં હતા. કાસમે કહાવ્યું કે જો તમે પટણા ઉપર આવશો તો આ કેદીઓનો જીવ લેઇશ, પણ એ ડરથી નહિ ગભરાતાં અંગ્રેજ પટણા ઉપર ચઢી આવ્યા એટલે કાસમેં તે કેદીઓના જીવ લેવડાવ્યા. હવે કાસમ નાસી ગયો ને અંગ્રેજ પટણાના ધણી થયા. કાસમે અયોધ્યાના નવાબ સુજાઉદવલા ને શાહઆલમ બાદશાહની મદદ માગી. ત્રણે એકઠા થઈ બંગાળા ઉપર ચઢયા. એવામાં અંગ્રેજી લશ્કરમાં બળવો થયો. બળવાખોરના ૨૦ આગેવાનોને તોપને મોઢે ઉરાડી હેકટર મનરોએ એ બળવો સમાવ્યો ને એજ લશ્કર વડે ત્રણે મોગલોના એકત્ર સૈન્યને બકસર આગળ હરાવ્યું. સુજાઉદવલા મરેઠાની મદદ લેઇ ફરીને લડવા આવ્યો. અંગ્રેજે અલ્હાબાદ જીતીને કાલ્પી આગળ સુજાને ૧૭૬૪ માં હરાવ્યો, તેથી પાદશાહ અને સુજા અંગ્રેજને શરણે આવ્યા. આ લડાઇઓથી મોગલો ઉપર અંગ્રેજી બળની છાપ એવી સજજડ બેઠી કે તેમનાં લશ્કરનું નામ સાંભળી તેઓ નાસવા લાગ્યા.

**ક્લૈવ બીજી વાર ગવરનર થઇ આવ્યો.** ૧૩. બંગાળાનો ઘરડો નવાબ મીરજાફર ૧૭૬૫ માં મરણ પા-

આથી તેના દીકરા નજીબઉદ્દવલાને અંગ્રેજોએ ગાદીએ બેસાડી પુષ્કળ ધન લીધું. આ પ્રમાણે પોતાના નોકરો લૂચ્ચાઈ કરી વેપાર કરતા હતા, લાંચ લેઇ એક પછી એક નવાબને બેસાડતા હતા, જુલમ કરતા હતા ને કંપનીને નુકશાન કરતા હતા. આ બધી વાત કંપનીના વહિવટદારોના જાણવામાં આવ્યાથી તેનો બંદોબસ્ત કરવાનો તેઓ વિચાર કરતા હતા, તેવામાં મીરકાસમના બળવાની અને અયોધ્યાના નવાબને શાહઆલમ પાદશાહની બંગાળા ઉપર સ્વારીની ખબર તેમને મળી. તેથી તેમણે તાબડતોબ કલકત્તાની કૌંસિલથી સ્વતંત્ર અધિકાર આપી ક્લૈવને કલકત્તાનો ગવરનર ઠરાવીને મોકલ્યો. ૧૭૬૫. તે કલકત્તે આવ્યો ત્યારે મીરકાસમ નાસી ગયો હતો, પાદશાહ ને અયોધ્યાનો નવાબ અંગ્રેજી છાવણીમાં કેદી તરીકે પડેલા હતા ને બંગાળામાં અંગ્રેજની પુનઃસ્થાપના થઇ હતી.

**કલૈવ બંદોબસ્ત કરે છે.** ૧૪. કલૈવને બંગાળામાં આવી બે કામ કરવાનાં હતાં. ૧ કંપનીના નોકરો લાંચ લેઇ અન્યાય કરતા તથા ખાનગી વેપાર કરી કંપનીને નુકશાન કરતા તે બંધ કરવાનું, અને ૨ દિલ્લીનો પાદશાહ કંપનીને શરણે આવ્યો હતો તે અવસરનો લાભ લેઇ બંગાળામાં કંપનીની સત્તા કાયમ કરવાનું. કંપનીના વહિવટદારોએ હુકમ કર્યો હતો કે કંપનીના કોઇ પણ નોકરે નજરાણાને નામે લાંચ લેવી નહિ. કલાઇવે કલકત્તે આવીને તે હુકમ અમલમાં લાવવાની સઘળા નોકરોને તાકીદ કરી. તે પછી તે અલહાબાદ ગયો. તે વખતે જનરલ કાર્નાક અયોધ્યા, કરા ને અલાહાબાદ પ્રાંત જીતીને છાવણી નાંખી પડેલો હતો. પાદશાહ ને સુજા તેને શરણે આવેલા હતા. કલાઇવે એ બંને સાથે સંધી કરી. અલાહાબાદ ને કરા પ્રાં-

ત પાદશાહને આપ્યા. તેના બદલામાં પાદશાહે બંગાળા, બહાર ને ઓઢીઆ પ્રાંતની વસુલાત લેવાનો અધિકાર કંપનીને આપ્યો ને બંગાળાનો નવાબ ફોજદારી અધિકાર ભોગવે એવું ઠરાવ્યું. કંપનીએ ઉપજમાંથી દર સાલ પાદશાહને ૨૬ લાખ રૂપીઆ ખંડણી આપે એમ ઠર્યું. તે પહેલાં બંગાળાના નવાબ પાદશાહને દરસાલ એક કરોડ રૂપીઆ ખંડણી ભરતા. આ પ્રમાણે કંપનીને ચાર કરોડની ઉપજના ત્રણ પ્રાંતો પાદશાહ તરફથી મળ્યા. એ વગર પાદશાહે ઉત્તર સરકાર પ્રાંતની વસુલાત ઉઘરાવવાનો અધિકાર પણ આપ્યો હતો.

**બંગાળાની ફોજદારી કંપની લે છે.** ૧૫. એ સમયથી બંગાળામાં દીવાની કામ કરનાર કંપની અને ફોજદારી કામ કરનાર નવાબ એમ બે રાજ્ય કરતા થયા. એક મ્યાનમાં બે તરવાર રહે નહિ એટલે રાજ્યમાં બે સત્તા થવાથી બેદાદી ચાલી. તેથી ક્લૈવે નવાબને ૫૦ લાખનું પેનશન બાંધી આપી એ પ્રાંતો ખાલસા કર્યા. પણ એ નવાબ મુઆથી નવો નવાબ થયો ત્યારે બાંધેલું પેનશન ઘટાડીને ૪૫ લાખનું કર્યું, ને તેના મરણ સમયે નવા નવાબને ૧૭૬૯ માં ૩૫ લાખ આપવા ઠરાવ્યા. બંગાળાનું ખર્ચ ઘટાડવાને મીશે હેસ્તિંગ્સે એ પેનશનની રકમ અરધી કરી નાંખી.

**કામદારોનો બંદોબસ્ત.** ૧૬. હવે ક્લૈવે કંપનીના નોકરોનો બંદોબસ્ત કરવાનું કામ હાથમાં લીધું. કંપનીના નોકરો નજરાણું લેતા, ખાનગી વેપાર કરતા, ને ધન લોભથી અન્યાય ને જુલમ કરતા. વળી લડાઇઓ ચાલવાથી લશ્કરી ખર્ચ વધી પડ્યું હતું ને લડાઈ વખતે તેમને બેવડું ભથ્થું આપવું પડતું. ક્લૈવે નજરાણું લેવાનું બંધ કરી

તથા ઉપદેશ કરી ખાનગી વેપાર નહિ કરવાની તાકીદ આપી, ને તેના બદલામાં તેમનો પગાર વધારી આપ્યો. લશ્કરને એવડું ભથ્થું મળતુ તે બંધ કર્યું, તેથી બસેં લશ્કરી અમલદારોએ રાજીનામાં આપ્યાં. એવામાં મરેઠાની સ્વારી આવવાની બુમ ચાલી, તોપણ નહિ ડરતાં ક્લૈવે તેમનાં રાજીનામાં મંજુર કર્યાં. એ અમલદારોને કેદ કરવાનો ક્લૈવે હુકમ કર્યો તે અંગ્રેજી શીપાઈઓએ માન્યો નહિ, ત્યારે તેણે દેશી લશ્કરની સહાયથી અંગ્રેજી લશ્કરની શુદ્ધ ઠેકાણે આણી, તેમાંના કેટલાકને બરતરફ કર્યા ને કેટલાકને રજા આપી, તેમની જગા મદ્રાસથી નવાં માણસ બોલાવીને પૂરી. એ રીતે ક્લૈવે દૃઢતા ને સખતાઈથી બળવો સમાવી પોતાના સુધારા અમલમાં આણ્યા. ૧૭૬૬. તે પછી તે પોતાની તનદુરસ્તી સુધારવાને છેલ્લીવારનો બિલાયતે ગયો. ૧૭૬૭. એણે અંગ્રેજી રાજ્યનો મજબુત પાયો નાંખ્યો. એ મહા પુરૂષ શૂરો, બહાદુર, સાહસિક, દૃઢ મનનો ને ચંચળ હતો, પણ તે પોતાની મતલબ સાધવાને ગમે તેવું મણુ પાપ કે કપટ કરવાને અચકાય તેવો નહોતો. મરેઠાના શિવાજી મહારાજ જેવો એ ક્લૈવ હતો.

**નવી રાજ્યપદ્ધતિ ને તેની અસર.** ૧૭. ક્લૈવના ગયા પછી ૧૭૬૭ થી ૧૭૭૨ સુધીમાં બંગાળામાં અંધેર ચાલ્યું. કંપનીના અંગ્રેજ નોકરો બેકેદ થયા ને ક્લૈવનો કરેલો બંદોબસ્ત તૂટયો. બંગાળાનો દિવાની વહિવટ નવાબના સમય જેવોજ ક્લૈવે રાખ્યો હતો, એટલે દેશી ઈજારદારો ને નોકરો વહિવટ કરતા. તેમની પાસેથી કંપનીના નોકરો લાંચ રૂશ્વત લેવા લાગ્યા. દેશમાં અન્યાય, જુલમ ને ત્રાસ વરતી રહ્યો. કંપનીના વહિવટદારો પણ માત્ર પોતાના સગા સ્નેહીનેજ મોટી મોટી નોકરીઓ આપવાનું

કામ કરતા. વહિવટ ઉપર દેખરેખ રાખવાનું કે નોકરોની લાયકી જોવાનું કામ કરતાજ નહિ. તેથી ગમે તેવા માણુસો આવતા ને ગમે તેમ વરતી ગમે. તેવા ઉપાયથી પોતાનાં ખિસ્સાં તર કરતા. એવામાં ૧૭૭૦ માં બંગાળામાં મોટો દુકાળ પડયો ને લાંખો માણસો મરણ પામ્યાં. આ પ્રમાણે કેર વરતાતો જોઈ કંપનીના વહિવટદારોએ બંગાળાનો વહિવટ ચલાવવાને નવી યોજના કરી. દેશી અધિકારીઓને કાઢી, તેમની જગાએ અંગ્રેજ કલેકટરો અને બીજા રેવન્યુ અધિકારીઓ નીમ્યા, તેથી દેશીઓને મોટા હોદ્દા મળતા બંધ થયા, તથા નવા અધિકારી પરદેશી હોવાથી પોતાની કમાઈ પોતાને દેશ લેઈ જતા તેથી આ દેશને નુકશાન થયું.. વળી આ દેશના લોક રાજકાજમાંથી બાતલ થયાથી તેમની તે સમજણ જવા લાગી. મુસલમાની રાજ્યોમાં વસુલાત ખાતામાં સઘળા મોટા હોદ્દા ઉપર ઘણું કરીને હિંદુ હતા. તે કામ તેમને નહિ મળ્યાથી તે વહિવટ કરવાની તેમની શકિત ઘટી. પરંતુ એતો ખરૂં કે કંપનીના નોકરો દેશી અધિકારીઓ પાસેથી પૈસા લેતા, તેનો અટકાવ થઇ જુલમ ને અન્યાય બંધ પડયા. આ નવી રીત દાખલ કરવાને કંપનીના વહિવટદારોએ વારનહેસ્તિંગ્સને કલકત્તાનો ગવરનર ઠરાવ્યો.

**હિંદના બીજા ભાગોના બનાવ:** ૧૮. આ પ્રમાણે બંગાળામાં કંપનીના રાજ્યની સ્થાપના થઈ. એ મુદતમાં (૧૭૫૭ થી ૧૭૭૨ સુધીમાં) હિંદના બીજા ભાગમાં જે બનાવ બન્યા તે તપાસીએ. પાણીપતના યુદ્ધમાં મરેઠા હાર્યા ને બાલાજી પેશ્વા મરણ પામ્યો. તેની જગાએ માધવરાવ પેશ્વા થયો, તેણે પોતાના પરાક્રમે કરી પેશ્વાઈ સજીવન કરી. સિંધીઆની ગાદીએ મહાદજી ને હોલ્કરની

ગાદીએ અહલ્યાબાઇ ને સેનાપતિ તુકાજી થયા. તેમણે ઉત્તર હિંદના રજપુત રાજ્યોમાં લૂટફાટ કરીને તથા ખંડણી લેઇને પોતાની સત્તા બેસાડી. દક્ષિણમાં ફ્રેંચ કંપની હારી ને નીજામના રાજ્યમાંથી પણ તેમની સત્તાનો અંત આવ્યો. નિજામની ગાદીએ સલાબતજંગને મારીને તેનો ભાઈ નીજામઅલી થયો. મૈસૂરના હિંદુ રાજા પાસેથી રાજ્ય લઈ હૈદરઅલી નામે શૂરો મુસલમાન ત્યાં પોતે પાદશાહ થઇ પડયો. આગળ જતાં એ રાજ્ય એટલું બળવાન થયું કે અંગ્રેજ, મરેઠા ને નીજામને ઐક્ય કરી તેની સાથે લડવાની જરૂર પડી. એ વાત આગળ આવશે.

## પ્રકરણ ૪ થું.

### મૈસૂરનું મુસલમાની રાજ્ય.

**હૈદરઅલી.** ૧. મૈસૂરમાં પ્રથમ હિંદુ રાજાનું રાજ્ય હતું. અરાડમા સૈકાની શરૂઆતમાં ત્યાંના રાજાના લશ્કરમાં એક પંજાબી ફકીરનો છોકરો ફતેહમહમદ નામે નાયક હતો. એ નાયકને બે છોકરા હતા. મોટો શાબાશઅલી ને નાનો હૈદરઅલી. હૈદરઅલીનો જન્મ ઈ. સ. ૧૭૦૨ માં થયો હતો. તે મોટો થયો ત્યારે રાજાની ચાકરીમાં રહ્યો. ત્યાં તેણે પોતાની બહાદુરી ને હોંશીઆરીવડે નામ કહાડ્યું. એક સારા સરદારમાં જેવા ગુણો જોઇએ તેવા ગુણો તેનામાં હતા. એ ગુણો વડે રાજાના દિવાન નંદરાજની પ્રીતિ મેળવીને તે પાયરીએ ચઢ્યો.

**હૈદર રાજા થાય છે.** ૨. કર્ણાટકની લડાઇઓ વખતે હૈદરને પોતાની ટુકડીનાં માણસો વધારવાની સત્તા મળી. તેથી તેણે શિવાજી મહારાજની પેઠે પરાક્રમી ને સાહસિક લૂટારા એકઠા કર્યા. તેમનો પગાર ઠરાવ્યો નહોતો.

અરધી લૂટ તેઓ વહેંચી લે ને અરધી હૈદરને આપે એવો ઠરાવ હતો. એ રીતે એણે લશ્કર જમાવ્યું ને લૂટફાટથી ધન સંગ્રહ કર્યો. એણે કેટલીકવાર નંદરાજનો બચાવ કરી તેનો વિશ્વાસ મેળવ્યો ને પછી વિશ્વાસઘાત કરી તેની જગા પોતે લીધી. આગળ જતાં પોતાનું બળ જમાવી રાજાને પદભ્રષ્ટ કરી કેદ કર્યો ને રાજ્યનો ધણી પોતે થયો. ઈ. સ. ૧૭૬૧.

**હૈદર બળવાન થાય છે.** ૩. હવે તેણે આસપાસ નાં નાનાં રાજ્યો જીતવા માંડયાં. પ્રથમ તેણે બેદનૂરના હિંદુ રાજા ઉપર સ્વારી કરી તે શહેર લૂટયું. તેમાં તેને પુષ્કળ ધન મળ્યું. એજ પ્રમાણે બીજાં ઘણાં નાનાં રાજ્ય જીતી રાજ્ય વધાર્યું ને ધનસંગ્રહ કર્યો. એવામાં માધવરાવ પેશ્વાએ તેના ઉપર સ્વારી કરી તેની પાસેથી ૩૨ લાખ ખંડણી લીધી. ૧૭૬૪. તેના ગયા પછી બીજે વરસે હૈદરે કાલીકોટના ઝામોરીન રાજા ઉપર સ્વારી કરી તેને હરાવ્યો ને કાલીકોટ લૂટી લીધું. હૈદર બળવાન થવાથી પેશ્વાએ નીજામ સાથે ઐક્ય કરી તેને બળહીન કરવાનું ધાર્યું. નીજામના પેટામાં અંગ્રેજ પણ સામેલ થયા. એ વાત પેશ્વાને ગમી નહિ. એ સમયે અંગ્રેજો પેશ્વાની કાંઇ પણ ગણતીમાં નહોતા, તેથી પેશ્વાએ એકલે હાથે હૈદરને હરાવીને તેની પાસેથી ૩૫ લાખ રૂપીઆ ખંડણી લેઇ સલાહ કરી. હૈદરે નીજામને પણ પૈસા આપીને ફોડયો ને પોતાના પક્ષમાં લીધો.

**અંગ્રેજ સાથે યુદ્ધ.** ૪. મરેઠા ને નીજામ સાથે સંધી કરી હૈદરે અંગ્રેજો સાથે યુદ્ધ આરંભ્યું. અંગ્રેજી સરદાર સ્મીથ સાહેબ હતો ને તેની પાસે ૭ હજાર લશ્કર હતું. હૈદર પોતાનું ૭૦ હજાર સૈન્ય લેઈ કર્ણાટક ઉપર

ચઢ્યો. ત્રીનોમાલી આગળ તેને સ્મીથ સાથે લઢાઇ થઇ, પણ તેમાં હૈદર હાર્યો. હૈદરના કુંવર ટીપુએ ચુંટી કાઢેલા સ્વારો લેઇ કર્ણાટકમાં લૂટ ચલાવી. એવામાં બંગાળેથી એક લશ્કર પગ વાટે નીજામના મુલક ઉપર ચઢ્યું તેથી નીજામે ગભરાઇને અંગ્રેજ સાથે સલાહ કરી. પણ હૈદર તેથી હિંમત હાર્યો નહિ. તેણે લઢાઈ જારી રાખી. મુંબાઇથી એક અંગ્રેજી લશ્કર જળમાર્ગે હૈદરના રાજ્ય ઉપર આવ્યું ને તેણે મંગલૂર જીત્યું. એવામાં ચંગામ આગળ હૈદર બીજી વાર હાર્યો, તેથી તે સલાહ કરવાને ઇચ્છવા લાગ્યો. પણ અંગ્રેજોની સખત માગણી તેનાથી કબુલ થઈ નહિ, તેથી વળી યુદ્ધ ચાલ્યું. એ વખતે અંગ્રેજી સેનાપતિ બદલાયાથી તેની જગાએ જનરલ વુડ થયો. તેણે સ્મીથ જેવી ચંચળાઇ નાહ બતાવ્યાથી હૈદર ફરીને તેજીપર આવ્યો. તેથી જનરલ સ્મીથની ફરીને નીમણુંક થઇ. તેની નજર ચૂકાવી પોતાના વીણી કાઢેલા સ્વારો લેઇ હૈદર લાંબી મજલો કરી સાડા ત્રણ દિવસમાં મૈસૂરથી મદ્રાસ આવી પહોંચ્યો. તે વખતે સ્મીથ મદ્રાસ છોડીને દૂર ગયો હતો. હૈદર આવ્યો ત્યારે મદ્રાસનો બચાવ કરવાને લશ્કર નહોતું. તેથી ત્યાંના ગવર્નરે ડરીને હૈદર સાથે સંધી કરી. તેમાં એવું ઠર્યું કે એક બીજાનો જીતેલો મુલક પાછો આપવો, તથા સંકટ સમયે એક બીજાને સહાય કરવી. ઈ. સ. ૧૭૬૯.

**હૈદરને મરેઠા સાથે વિગ્રહ.** ૫. ઉપર પ્રમાણે અંગ્રેજ સાથે પોતાને ભાવતી સરતો થયાથી હૈદરે પેશ્વાને પણ ખંડણી આપવી બંધ કરી. તેથી માધવરાવ પેશ્વાએ હૈદર ઉપર ચઢાઈ કરી, ને ચીરકુલીના રણમાં તેને હરાવી ખંડણી લીધી તથા તેના રાજ્યનો ઉત્તર ભાગ મરેઠી રાજ્ય

સાથે જોડી દીધો. ૧૭૭૨. તે પછી માધવરાવ મરણ પામ્યો ને નારણરાવ પણ મરાયો ને મરેઠી રાજ્યમાં ખટપટ પેસી કુસંપ થયો. એ તકનો લાભ લેઇ હૈદરે ખોએલો મુલક પાછો જીતી લીધો.

**અંગ્રેજ સાથે બીજું યુદ્ધ.** ૬. સન ૧૭૬૯ માં થયેલી મદ્રાસની સલાહમાં એવી સરત હતી કે સંકટ સમયે એક બીજાને સહાય કરવી. તે પ્રમાણે ૧૭૭૨માં જ્યારે પેશ્વા હૈદર ઉપર ચઢયો ત્યારે હૈદરે અંગ્રેજોની સહાય માગી. તોપણ તેમણે સહાય કરી નહિ. તેથી તે અંગ્રેજ ઉપર વેર લેવાનો લાગ તપાસતો હતો. તેણે ફ્રેંચ સરદારો રાખી ક્વાયતી લશ્કર બનાવ્યું હતુ. એવામાં અંગ્રેજોને મરેઠા સાથે લઢાઇ સળગી. એ તકનો લાભ લેઇ હૈદરે મરેઠા ને નીજામ સાથે ઐકય કરી અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાનો ઠરાવ કર્યો. ૧૭૮૦. એ ઠરાવ પ્રમાણે હૈદર પોતાનું કવાયતી સૈન્ય લેઇ કર્ણાટક ઉપર ચઢયો. તે વખતે તેની પાસે ૯૦ હજાર લશ્કર ને સો તોપો હતી. હૈદરની વય ૭૮ વરસની, છતાં તે એક જુવાન જોદ્ધા જેવી ચંચળાઇ રાખતો હતો. સરહેક્ટર મનરોજે પુર્વે બંગાળામાં સીપાઇઓનો બળવો સમાવી બકસર આગળ મોગલોને હરાવી પ્રખ્યાત થયો હતો તે, મદ્રાસના અંગ્રેજી સૈન્યનો સેનાપતિ હતો. પણ આ વખતે એનામાં તે વખત જેવી ચંચળાઇ નહોતી. કર્નલ બેલી ૨૮૦૦ માણસનું સૈન્ય લેઈ ગંતુર જતો હતો, તેવામાં હૈદરે પોલીલોરના રણમાં તેના ઉપર હલ્લો કર્યો. જનરૈલ મનરો ત્યાંથી માત્ર બે મૈલજ દૂર હતો, તોપણ તે ડરીને બેલીની સહાયે નહિ આવતાં મદ્રાસ જતો રહ્યો. બેલીનું ઘણું સૈન્ય કપાઈ ગયાથી અંતે તેને પોતાનાં ૨૦૦ માણસો સાથે હૈદરને શરણ થવું પડયું.

ઈ. સ. ૧૭૮૦. આ સમાચાર કલકત્તે પહોંચ્યા કે ત્યાંના ગવરનર જનરલ હેસ્ટિંગ્સે સર અયરકૂટને સૈન્ય આપી મદ્રાસ મોકલ્યો ને એક બીજું સૈન્ય પગ રસ્તે કર્નલ પીઅર્સને આપીને મોકલ્યું. તેવામાં વરાડનો રાઘોજી ભોંસલે ૩૦ હજાર લશ્કર લેઇ ઓઢીઆમાં થઇ બંગાળા જીતવાને ચાલ્યો, તેને કર્નલ પીઅર્સના સૈન્ય સાથે ભેટ થઇ. પણ અંગ્રેજ સેનાપતિએ તેને પૈસા આપીને પાછો વાળ્યો. આ પ્રમાણે ધન લોભી ભોંસલા ઐક્યમાંથી ખૂટયો. સન ૧૭૮૧ માં સર કૂટ હૈદર સામો યુદ્ધે ચઢયો. હૈદરે અર્કાટ જીતી લીધું ને તેના પુત્ર ટીપુએ વાંદીવાસને ઘેરો ઘાલ્યો. ચિલાંબ્રમ આગળ હૈદરને સર કૂટનો મેળાપ થયો, તેમાં અંગ્રેજી સૈન્ય પાછું હઠયું. તેથી તે કડલોર ભણી ચાલ્યું. હૈદરે પોર્તોનોવો આગળ તેને ઘેરી લેઇ લઢાઇ જોડી, પણ તેમાં તેનાં ૧૦ હજાર માણસ મરાયાં ને તે હાર્યો. તેથી ટીપુ વાંદીવાસનો ઘેરો ઉઠાવી તેના બાપને આવી મળ્યો. એવામાં કર્નલ પીઅર્સનું સૈન્ય પણ આવી પહોંચ્યું. તેથી પોલીલોર કે જ્યાં ગઇ સાલમાં બેલીએ મારખાધો હતો ત્યાં સર કૂટ હૈદર સામો આવ્યો. બંને લશ્કર બહુ બહાદુરીથી લઢયાં, પણ અંતે હૈદરને પાછું હઠવું પડયું. વળી સોલીંગર આગળ પણ તે હાર્યો, એ પ્રમાણે ૧૭૮૧ ની સાલ પુરી થઇ. પણ લઢાઇ બંધ પડી નહિ. આ હારથી હૈદર કાંઇ નાઉમેદ થયો નહોતો. ફ્રેંચો તેની કુમકમાં હતા. સન ૧૭૮૨ માં કૂટ વિલાયત ગયો ને હૈદરની સહાયે યુરોપથી, ફ્રેંચ સૈન્ય આવ્યું. ઇંગ્લાંડથી અંગ્રેજી લશ્કર પણ આવ્યું ને લઢાઇઓ ચાલી. હૈદરે કર્ણાટકમાં ને ટીપુએ મલબાર કાંઠે યુદ્ધ ચલાવ્યાં.

**હૈદરનું મરણ.** ૭. એ સાલમાં હૈદર ૮૦ વરસની

ઉમરે મરણ પામ્યો. તે વખતે તેના ખજાનામાં ત્રણ કોટી રૂપીઆ સિવાય લાખો રૂપિઆનું જવાહિર હતું. હૈદર સ્વભાવે શૂરો, બહાદુર, યુદ્ધમાં કુશળ, ચંચળ, દૃઢ ને ઉમંગી પણ કપટી ને ક્રૂર હતો. તેના મરણ સમયે ટીપુ મલબાર કાંઠે હતો, તેથી તેના મરણના સમાચાર તેને મોકલ્યા ને લશ્કરમાં બેદીલી ન ફેલાય માટે પુર્ણિઆ ને કૃષ્ણરાય નામે તેના કારભારીઓએ હૈદરના મરણની વાત છૂપી રાખી, તેનું મડદું મ્યાનામાં બંધ રાખી ફેરવ્યું. એવામાં ટીપુએ આવી રાજ્યની લગામ હાથ કરી. ૧૭૮૨.

**ટીપુ સાથે સલાહ.** ૮. હૈદરના મુઆ પછી ટીપુએ લઢાઇ જારી રાખી. બુસી ફ્રેંચ ફોજ લેઇ તેની કુમકે આવ્યો. કૂટ પછી અંગ્રેજ સેનાપતિ સ્ટુઅર્ટ હતો તે કૂટ જેવો નહોતો. બે વરસ સુધી ટીપુએ એ લઢાઇ ચલાવી. તેમાં કોઇવાર અંગ્રેજનો તો કોઈ વાર ટીપુનો જય થયો. ટીપુએ અંગ્રેજ કેદીઓને બહુ દુઃખ દીધું ને કેટલાકને રીબાવી રીબાવીને માર્યા. અંગ્રેજો ટીપુને મૈસૂરના સિંહને નામે ઓળખે છે. લશ્કરની ને ધનની ખરાબીથી કંટાળીને ગવરનર જનરલની મરજી વિરૂદ્ધ મદ્રાસના ગવરનરે મંગલૂર મુકામે ટીપુ સાથે સલાહ કરી. તેમાં એક બીજાનો લીધેલો મુલક પાછો આપવો એમ ઠર્યું. ઇ. સ. ૧૭૮૪.

**ટીપુ સાથે ૧ લો વિગ્રહ.** ૯. સલાહ કર્યા પછી ટીપુ પોતાનું બળ જમાવતો ચાલ્યો. તેણે પાદશાહપદ ધારણ કર્યું તથા અંગ્રેજના મિત્ર ત્રાવણકોરના રાજા ઉપર સન ૧૭૮૯ માં હલ્લો કર્યો. એ કારણથી અંગ્રેજોએ તેના ઉપર યુદ્ધે ચઢવાની તૈયારી કરી. સન ૧૭૯૦ માં જનરલ મેદોસ અંગ્રેજી સૈન્ય લેઇ ટીપુના રાજ્ય ઉપર ચઢયો. પણ ટીપુએ તેના લશ્કરનો બે ઠેકાણે પરાભવ કર્યો. તે સ-

મયે કલકત્તાનો ગવરનર જનરલ લાર્ડ કાર્નવાલીસ હતો. તેણે ટીપુનો નાશ કરવાને નીજામ તથા મરેઠા સાથે સંધી કરી. તેમની સહાય મેળવી કાર્નવાલીસ પંડે મૈસૂર ઉપર ચઢયો. ૧૭૯૨. પરશુરામ ભાઉ પટવર્ધન અને બાપુ ગોખલે એ મરેઠી સૈન્ય લેઇ આવ્યા. એ સૈન્યનો અટકાવ કરવાને ટીપુએ યત્ન કર્યો. પણ તેને હારીને પાછું હઠવું પડયાથી તેણે ભયભીત થઇને સલાહ કરી. તેમાં એવું ઠર્યું કે ટીપુએ અર્ધું રાજ્ય ને ૩ કરોડ રૂપીઆ અંગ્રેજને અને ૩૦ લાખ રૂપીઆ મરેઠાને આપવા. અર્ધા રાજ્યમાંથી તુંગભદ્રાની ઉત્તરનો પ્રાંત મરેઠાને, ગજકોટ ને કડપા નીજામને આપી બાર મહાલ, મલબાર ને ડીંડીગલ અંગ્રેજે લીધાં.

**ટીપુ સાથે બીજો વિગ્રહ.** ૧૦. ટીપુને થયેલું નુકશાન ભારે હતું. તેનું અર્ધું રાજ્ય ગયું ને ખજાનો ખાલી થયો. એ તેનાથી ખમાયું નહિ. એ વખતે યુરોપમાં ફ્રેંચોનો રાજા નેપોલિઅન બોનાપાર્ટ વિજય મેળવતો હતો. તેની સાથે તથા કાબુલના અબદલ્લી રાજા ઝમાનશાહ સાથે પત્ર વ્યવહાર ચલાવી અંગ્રેજને હિંદમાંથી હાંકી કાઢવાની તે તૈયારી કરવા લાગ્યો. આ વાત માલમ પડતાંજ ગવરનર જનરલ માર્કિવસ વેલસ્લી મદ્રાસ આવ્યો. તેણે નીજામના રાજ્યમાંથી અને અર્કાટથી લશ્કર બોલાવી સુમારે ૩૦ હજાર સૈન્ય જમાવી જનરલ હારીસની સરદારી નીચે મૈસૂર ઉપર મોકલ્યું. નીજામના સૈન્યનો ઉપરી ગવરનર જનરલનો ભાઇ આર્થર વેલસ્લી ને મુંબાઇના લશ્કરનો ઉપરી જનરલ સ્ટુઅર્ટ હતો. હારીસે મલવેલી આગળ ને સ્ટુઅર્ટે સીદાસુર આગળ ટીપુના સૈન્યનો પરાભવ કર્યો. તેથી તે શ્રીરંગપટ્ટણમાં ભરાયો. અંગ્રેજી સૈન્યે શ્રીરંગપટ્ટણને ઘેરો ઘાલ્યો. સન ૧૭૯૯. ટીપુએ બહાદુરીથી લઢાઇ કરી

પણ તેમાં તે મરાયો. તેથી હૈદરે ઉડાડી મૂકેલા રાજા કૃષ્ણરાયના વંશમાં એક કુંવર હતો તેને થોડું રાજ્ય આપીને અંગ્રેજોએ મેસૂરની ગાદીએ બેસાડ્યો ને એ રાજા મોટો થતા સુધી રાજ્ય ચલાવવાને પોતા તરફથી કમીશનર નીમ્યો. બાકીના રાજ્યમાંથી થોડું નીજામને આપી બાજું કંપનીએ લીધું. સન ૧૮૦૦. અંગ્રેજોએ ટીપુના પુત્રોને વેલોરના કિલ્લામાં કેદ રાખ્યા. ટીપુ પણ એના બાપના જેવો બહાદુર ને ઘાતકી હતો.

---

## પ્રકરણ ૫ મું.

## અંગ્રેજી રાજ્યનો વધારો ને વ્યવસ્થા.

### ૧૭૭૨ થી ૧૭૯૮ સુધી.

**હેસ્તિંગ્સ બંગાળાનો ગવરનર.** ૧. બંગાળામાં ચાલતી ગરબડ મટાડવાને ત્યાં પાકો બંદોબસ્ત કરવા માટે ક્લાઇવના હાથ નીચે કેળવાયલા હેસ્તિંગ્સ સાહેબને કલકત્તાનો ગવરનર ઠરાવીને મોકલ્યો. તે ક્લૈવના જેવાજ સ્વભાવનો હતો, પણ તેનામાં યુદ્ધ કૌશલ્ય નહોતું. તોપણ ક્લૈવે અંગ્રેજી રાજ્યનો પાયો નાંખ્યો, તેના ઉપર હેસ્તિંગ્સ સાહેબે રાજ્યની મજબુત ઇમારત ચણી.

**રેગ્યુલેટિંગ આકટ.** ૨. વિલાયતની પાર્લામેંટમાં હિંદનો રાજ્યવહિવટ બરાબર ચલાવવા માટે એક કાયદો પાસ થયો, તેને "રેગ્યુલેટિંગ આકટ" કહે છે. તેમાં એવું ઠરાવ્યું કે ૧. કલકત્તાના ગવરનરને ગવરનર જનરલ કહેવો ને મુંબઇને મદ્રાસના ગવરનરો તેના તાબામાં રાખવા. ૨. ગવરનર જનરલને સલાહ આપવાને ચાર કૌન્સિલરો (સલાહકાર) આપવા. ૩. કલકત્તામાં એક સુપ્રીમ કોર્ટ (સદર અદા

લત)સ્થાપવી તે ન્યાયનું કામ કરે, તેમાં એક મૂખ્ય ને ત્રણ મદદગાર જડજ (ન્યાયાધિશ) નીમવા. ૪. એ બધાની નેમણુકો ઇંગ્લાંડનો રાજા કરે. ૫. કંપનીના કોઇ પણ કામદારે વેપાર કરવો નહિ કે નજરાણો લેવો નહિ. આ કાયદાની રૂએ હેસ્તિંગ્સ પહેલો ગવરનર જનરલ થયો. ઇ.સ. ૧૭૭૪.

**રોહિલાનો નાશ.** ૩. હેસ્તિંગ્સ હિંદમાં આવ્યો તે પહેલાં માધવરાવ પેશ્વાએ પોતાના સરદાર મહાવજી સિંધીઆ તથા તુકાજી હોલ્કરને ઉત્તર ભરતખંડમાં મોકલ્યા હતા. તેમણે ઇ. સ. ૧૭૭૧ માં શાહઆલમને દિલ્લીની ગાદીએ બેસાડયો, તેથી પાદશાહે અલહાબાદ ને કોરા પ્રાંતો મરેઠાને આપ્યા. મરેઠા સન ૧૭૭૩ માં રોહિલખંડ ઉપર ચઢ્યા. તેથી રોહિલા લોકોના સરદારે અયોધ્યાના નવાબ સુજાઉદવલાનો આશ્રય માગ્યો. ત્યારે અંગ્રેજોની મારફત એવી સલાહ ઠરી કે અયોધ્યાનો નવાબ મરેઠાના હુમલાથી રોહિલાઓનું રક્ષણ કરે તેના બદલામાં રોહિલા લોક દશ લાખ રૂપીઆ રોકડા ને દશ દશ લાખ રૂપીઆ ત્રણ વરસ સુધી બીજા આપે, પરંતુ તે વરસે મરેઠા લઢાઇ કર્યા વગરજ આપોઆપ ચાલ્યા ગયા. અને બીજીવાર આવ્યા ત્યારે રોહિલા સરદારે તેમને દ્રવ્ય આપીને પાછા કાઢ્યા. તેથી અયોધ્યાના નવાબની મદદની તેમને જરૂર નહિ પડ્યાથી તેમણે તેને કરાર પ્રમાણે પૈસા આપ્યા નહિ. આ કારણથી નવાબે તે પૈસા વસુલ કરવાને અંગ્રેજોની મદદ માગીને ૪૦ લાખ રૂપીઆ કંપનીને આપવા કબુલ કર્યા. હેસ્તિંગ્સ ઉપર ઇંગ્લાંડથી ઉપરા ઉપરી નાણાંની માગણી થતી હતી, તેથી વિના કારણે માત્ર પૈસાનીજ ખાતર રોહિલાઓનો નાશ કરવામાં સહાય કરી. સન ૧૭૭૪ માં બંનેના એકત્ર સૈન્યે ૨૦૦૦ રોહિલાનો નાશ કર્યો ને એ પ્રાંત ન-

વામે ખાલસા કર્યો.

**હેસ્તિંગ્સનાં નિંદ્ય કામો.** ૪. આ વિના પણ હેસ્તિંગ્સે ઘણાં નિંદ્ય કામો કર્યાં. નાણાંની માગણી પૂરી પાડી ડિરેક્ટરોને રાજી રાખવા માટે એ કામો કરવાની તેને ફરજ પડી. ખર્ચ ઘટાડવાના નિમિત્તે તેણે બંગાળાના નવાબને મળતું પેનશન અર્ધું કરી નાંખ્યું, તથા નવો નવાબ બાળક હોવાથી તેની માને વાલી ઠરાવી તેની પાસેથી કેટલુંક ધન લીધું. વળી સન ૧૭૭૧ થી દિલ્લીનો પાદશાહ મરેઠાને આશ્રયે ગયો હતો તેથી તેને આપેલા અલ્હાબાદ ને કોરા પ્રાંતો લેઇને ૫૦ લાખ રૂપીઆ માટે અયોધ્યાના નવાબને વેચાતા દીધા. તેમજ લોર્ડ ક્લૈવે બંગાળાની ઉપજમાંથી દર વરસે ૨૬ લાખ રૂપીઆ પાદશાહને આપવાના ઠરાવ્યા હતા, તે બંધ કર્યા.

**હેસ્તિંગ્સ ને તેના કૌન્સિલરો.** ૫. સન ૧૭૭૪ માં હેસ્તિંગ્સ ગવરનર જનરલ થયો ને તેના ચારે કૌન્સિલરો આવ્યા. પણ કૌન્સિલરોના વિચાર ગવરનર જનરલના વિચારથી કેવળ વિરૂદ્ધ હતા. એ વિરૂદ્ધ પક્ષમાં ત્રણ કૌન્સિલરો હતા. તેથી કૌન્સિલમાં હેસ્તિંગ્સનું ધાર્યું થતું નહિ. સામા પક્ષનો આગેવાન ફ્રાંસિસ હતો.

**અયોધ્યાનો નવાબ અસોફુદ્દવલા.** ૬. સન ૧૭૭૬ માં અયોધ્યાનો નવાબ સુજાઉદ્દવલા મરણ પામ્યાથી તેની ગાદીએ તેનો પુત્ર અસોફઉદ્દવલા નવાબ થયો. તેની સાથે હેસ્તિંસે સંધી કરીને તેની પાસેથી કાશી પ્રાંત લીધો. વળી તેના રક્ષણાર્થે અંગ્રેજી ફોજ રાખીને તે ફોજના ખર્ચ બદલ દર વરસે ૩૨ લાખ રૂપીઆ લેવાના ઠરાવ્યા. કાશી પ્રાંત અંગ્રેજના તાબામાં આવ્યાથી ત્યાંના રાજા પાસેથી દર વરસે ૨૨॥ લાખ રૂપીઆ ખંડણી લેવાની ઠરાવી. વળી અસોફઉદ્દવલા

પાસે પાછલા લેહેણાની હેસ્તિંગ્સે ઉઘરાણી કરી, પણ તેનો ખજાનો ખાલી હોવાથી તે આપી શકયો નહિ. તેની મા પાસે બે કરોડ રૂપીઆ હતા, પણ કૌન્સિલરોની સહાયથી તેણે તે ન આપ્યા.

**નંદકુમાર.** ૭. કૌંસિલમાં હેસ્તિંગ્સનું વજન ઘટવાથી તેના ઉપર સુપ્રીમ કોર્ટમાં લાંચની ફરિયાદો થવા માંડી. નંદકુમાર નામે જાગીરદાર મૂખ્ય ફરિયાદ કરનાર હતો, તેની તપાસ કૌન્સિલ કરવા લાગી. એવામાં નંદકુમારે ઘણા વર્ષ ઉપર કોઈ જૂઠો દસ્તાવેજ બનાવ્યો હશે, તે બાબત સુપ્રીમ કોર્ટમાં કામ ચાલ્યું. હેસ્તિંગ્સની સલાહથી વિલાયતના કાયદા લાગુ પાડી તે કાયદાની રૂએ નંદકુમાર ઉપર ફરિયાદ સાબીત થતાં જડજોએ તેને ફાંસી દીધી, તેથી હેસ્તિંગ્સનું ભય ટળ્યું.

**કૌંસિલમાં હેસ્તિંગ્સનું બળ વધ્યું.** ૮. તે પછી થોડીજ મુદતમાં વિરૂદ્ધ પક્ષમાંનો એક કૌન્સિલર મરણ પામ્યાથી કૌંસિલમાં ગવરનર જનરલનું બળ વધ્યું. છેવટે ફ્રાંસિસ વિલાયત જવાથી હેસ્તિંગ્સનું ધાર્યું થવા લાગ્યું.

**હેસ્તિંગ્સને નાણાની તાણ પડવાનાં કારણ.** ૯. સંન ૧૭૭૬ માં મરેઠા સાથે પુરંધર મુકામે સંધી કર્યા પછી તેઓ ફ્રેંચ સરદારો રાખી મરેઠી લશ્કરને કવાયત આપવા લાગ્યા. એ સમાચાર મળ્યાથી હેસ્તિંગ્સે મુંબાઈના લશ્કરને મરેઠા ઉપર મોકલવા હુકમ કર્યો. વળી સિંધીઆએ ગોહદના રાણા પાસેથી ગ્વાલીઅર જીતી લીધું હતુ તેથી રાણાએ અંગ્રેજની મદદ માગી. હેસ્તિંગ્સે જનરલ પોફામ તથા ગાદર્દને તે તરફ મોકલ્યા. મુંબાઈનું લશ્કર પુના ઉપર ચાલ્યું. વડગામ આગળ તે લશ્કરને મરેઠા

લશ્કરે હરાવ્યું ને પોતાને ફાવતી સરતો કબુલ કરવાની ફરજ પાડી. ઈ. સ. ૧૭૭૯. પરંતુ હેસ્તિંગ્સે તે સરતો ના કબુલ કરી લઢાઇ જારી રાખી. બીજે વરસે હૈદર, મરેઠા ને નીઝામે સંપ કરી અંગ્રેજને ભરતખંડમાંથી મારી કાઢવાનો ઠરાવ કર્યો. એ રીતે સંપ થયાથી તેજ સાલમાં હૈદર કર્ણાટક ઉપર, ભોંસલે કલકત્તા ઉપર ને પેશ્વા મુંબાઇ ઉપર ચઢયા. તેથી હેસ્તિંગ્સને નાણાંની ને સૈન્યની વધારે તાણ પડી.

**ધન મેળવવાને હેસ્તિંગ્સનો અન્યાય.** ૧૦. નાણાંની તાણ મટાડવાને ગવરનર જનરલે અન્યાય ને જુલમનાં કામ કર્યાં. કૌંસિલમાં એનું બળ વધ્યાથી તથા ફ્રાંસિસ વિલાયત ગયાથી એવાં કામ કરવામાં એને અંતરાય નડયો નહિ. પ્રથમ તો તેણે કાશીના રાજા ચૈયતસિંગ પાસેથી પહેલાં ઠરાવેલી ૨૨॥ લાખ રૂપીઆ ખંડણી ઉપરાંત પાંચ લાખ રૂપીઆ વધારે માગ્યા. રાજાએ તે નં આપ્યાથી તેનો ૫૦ લાખ રૂપીઆ દંડ કર્યો ને તે વસુલ કરવાને હેસ્તિંગ્સ કાશી ગયો. ત્યાં અંગ્રેજના દુશ્મનો સાથે તે પત્ર વ્યવહાર રાખેછે એવું આળ મૂકી તેને ઉઠાડી મૂકયો ને તેના ભાણેજને ગાદી આપી તેની પાસેથી દર વરસે ૪૦ લાખ ખંડણી ઠરાવી તથા તેનો દીવાની ફોજદારી અધિકાર લેઇ લીધો. ચૈયતસિંગને કેદ કર્યાથી કાશીના લોકે બંડ કરી હેસ્તિંગ્સને ઘેરી લીધો. એટલે રાજા નાશી ગયો ને હેસ્તિંગ્સ મહા મુશ્કેલીથી બચી શકયો. ૧૭૮૧. એણે બીજો જુલમ અયોધ્યાની બેગમો ઉપર કર્યો. નવાબ પાસે ખંડણીનું લેણું ચઢયું હતું પણ તે આપવાને તેની પાસે નાણું નહોતું. હેસ્તિંગ્સે તેની મા પાસેથી બળાત્કારે એક કરોડ વીસ લાખ રૂપીઆ કઢાવ્યા.

**મરેઠાને ટીપુ સાથે સંધી.** ૧૧. આ પ્રમાણે તેણે

નાણુાંની તાણુ મટાડી મરેઠા ને હૈદર સાથે યુદ્ધ જારી રાખ્યું. જનરલ પોફામે ગ્વાલિયર જીત્યું. કર્નલ પીઅર્સે ભોંસલેને લાંચ આપીને ફોડયો, ને નીજામ પાસેથી ગંતુર પરગણું લીધું, ગાદ્દર્દે અમદાવાદ ને ડભોઇ જીત્યાં, પણ વસાઈ આગળ તેને પાછું હઠવું પડયું. એ પ્રમાણે બે વરસ સુધી લઢાઈ ચાલુ રહી, તેમાં કેટલીકવાર મરેઠાને તો કેટલીકવાર અંગ્રેજને જય મળ્યો. છેવટે હૈદરનું બળ વધેલું જોઇને તથા ફ્રેંચ સેના તેની કુમકે આવ્યાથી મરેઠા સાથે સન ૧૭૮૨ માં સાલ્ટ્યા (સાલ્બાઇ) મુકામે તહ કર્યાં. તેમાં એવું ઠર્યું કે એક બીજાનો લીધેલો મુલક પાછો આપવો, ફ્રેંચ વગેરે યુરોપી પ્રજાને મરેઠી રાજ્યમાં નોકર રાખવા નહિ, ભરૂચ સિંધીઆને આપવું, હૈદર સામે લઢવામાં અંગ્રેજને સહાય કરવી ને રાઘોબાને દર સાલ ત્રણ લાખ રૂપીઆ આપવા. આ પ્રમાણે એક સંપમાંથી લોભના માર્યા મરેઠા પણ ખૂટયા.' તે પછી હૈદર મરણ પામ્યાથી બે વરસ સુધી ટીપુએ લઢાઇ ચલાવી સન ૧૭૮૪ માં ઓણે પણ સંધી કરી.

**પીટ્ટનો કાયદો.** ૧૨. કંપનીના રાજ્યનો વહિવટ ડરેકટરો પાસેથી લેઈ પાર્લામેંટના અમલદારોને સોંપવો એવો કાયદો ફાકસ નામે પ્રધાને કર્યો, પણ તે પાર્લામેંટમાં નામંજુર થયો." તે પછી બીજે વરસે પીટ્ટ નામે પ્રધાને એનેજ મળતો એક કાયદો મંજુર કરાવ્યો. ઈ. સ. ૧૭૮૪. તેમાં એવો ઠરાવ થયો કે ડિરેક્ટરોમાંના ત્રણ જણની છૂપી મંડળી, ડિરેકટરોને નામે; રાજાના મંત્રીઓમાંથી ૭ જણાની નીમેલી સભાના હુકમ પ્રમાણે કામ કરે. એ છમાંનો પ્રમુખ હિંદખાતાનો પ્રધાન કહેવાય. હિંદની કૌંસિલમાંથી એક મેમ્બર (સભાસદ) કમી કરી, મદ્રાસ ને

મુંબાઇના ગવરનરને પણ એક એક કૌંસિલ આપી.

**હેસ્તિંગ્સનીરાજ્ય પદ્ધતિ.** ૧૩. હેસ્તિંગ્સે વસુલાત ઉઘરાવવાને કલેકટરો નીમ્યા ને દેશીઓ પાસેથી મોટાં કામ લેઇ લીધાં. એણે દૃઢતા, ચંચળાઇ ને ઉત્સાહથી અંગ્રેજી રાજ્યની મજબુતી કરી, એ ખરૂં, પણ લડાઇઓનું ખર્ચ અને ડિરેકટરોની નાણાંની માગણી પુરી પાડવાને દેશી રાજા ઉપર વિના કારણે ખંડણી વધારી, જુલમ ને અન્યાય કર્યા ને રોહિલાનો નાશ કરાવ્યો. એ કામ ગમે તેવાં કારણ છતાં નિંદાપાત્રજ રહેવાનાં. હેસ્તિંગ્સ સન ૧૭૮૫ માં વિલાયત ગયો. ત્યાં એના ઉપર ફ્રાંસિસે ને બીજાઓએ પાર્લામેંટમાં ફરિયાદ કરી, એ કામ ૧૭૮૮ થી ૧૭૯૫ સુધી ચાલ્યું. તેમાં જો કે તે છૂટયો, પણ તેને દશ લાખ રૂપીઆ ખર્ચ થયું.

**લાર્ડ કાર્નવાલીસ.** ૧૪. હેસ્તંગ્સ પછી લાર્ડ કાર્નવાલીસ સન ૧૭૮૬ માં ગવરનર જનરલ થઇને આવ્યો. તેણે પ્રથમ કામદારોને લાંચ લેતા અટકાવી તેમનો પગાર વધારી આપ્યો, તથા લાંચ લેનારાને નિષ્પક્ષપાતે શિક્ષા કરી, તેથી તેઓ સુધર્યા. પછી નીજામ સાથે સલાહ કરી તેની સહાય માટે અંગ્રેજી સૈન્ય રાખ્યું ને ગંતુર પરગણું લીધું. અંગ્રેજી સૈન્ય અંગ્રેજોના મિત્રો સામું ન વાપરવું એમ ઠરાવી, તેમની યાદી કરી. તેમાં ટીપુનું નામ ન લખ્યું, તેથી ટીપુને રીસ ચઢી. તેણે કુર્ગ ને કાનડા પ્રાંત જીતીને ત્યાંના એક લાખ માણસને બળાત્કારે મુસલમાન કર્યા. એવામાં મરેઠાએ ને નીજામે ટીપુના રાજ્ય ઉપર સ્વારી કરી. તેમાં ટીપુ હાર્યો, તેથી તેણે ચઢેલી ખંડણી આપવાનું કબુલ કર્યું. તે પછી ટીપુએ મલબાર ઉપર સ્વારી કરીને ત્યાંના લોકોને મુસલમાન કર્યા ને હિંદુઓનાં દેવળો તોડયાં.

એ રીતે એણે ક્રૂરતા ને જુલમ કરવા માંડ્યો. છેવટે તેણે ત્રાવણકોર ઉપર ચઢાઈ કરી ત્યારે કાર્નવાલીસે મૈસૂર ઉપર ચઢાઈ કરી. તેમાં ટીપુ હાર્યો ને સન ૧૭૯૨ માં તેણે સલાહ કરી.

**જમીનદારી.** ૧૫. કાર્નવાલીસે આવીને કલેક્ટરો ને જડજો નીમ્યા; તથા ફોજદારી દીવાની કાયદા બનાવ્યા. પણ એ મોટા હોદ્દા ઉપર દેશી અમલદારો રાખ્યા નહિ. સન ૧૭૯૩ માં એણે બંગાળામાં જમીનદારી ધારો દાખલ કર્યો. પાદશાહી વારામાં પ્રગણાં ઈજારે અપાતાં. અંગ્રેજીની શરૂઆતમાં એ ઇજારા દશ વરસ માટે આપ્યા. પણ કાર્નવાલીસે એ ઇજારદારોને વંશપરંપરાના પટા કરી આપ્યા, ને તેમની પાસેથી દર વરસે ઉચક રકમ લેવાની ઠરાવી. ખેડુત પાસેથી જમીનદારો વેરો લે તેમાં કંપનીને વચ્ચે પડવાનું નહોતું. તેથી ખેડુતો ઉપર જમીનદારો જુલમ કરવા લાગ્યા; એ પટાથી બંગાળામાં મોટા મોટા જમીનદારો થયા તે આજ પર્યંત છે.

**અર્કાટના નૃવાબ સાથે કરાર.** ૧૬. લાર્ડ કાર્નવાલીસે અર્કાટના નવાબ મહમદઅલી સાથે નવા કરાર કર્યા. તેમાં એવું ઠર્યું કે નવાબે દર વરસે નવ લાખ રૂપીઆ ખંડણી આપવી ને તે રોકડા નહિ આપતાં તેટલી ઉપજનો મુલક આપવો, તથા લડાઈ વખતે તેના મુલકની વ્યવસ્થા અંગ્રેજને સોંપવી. એવામાં અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે યુરોપમાં લઢાઇ ચાલ્યાથી ગવરનર જનરલે હિંદનાં સઘળાં ફ્રેંચ થાણાં જીતી લીધાં. ઇ. સ. ૧૭૯૩.

**કંપનીનો નવો પટો.** ૧૭. સન ૧૭૭૩ માં કંપનીને મળેલા પટાની મુદત સન ૧૭૯૩ માં પુરી થવાથી એ સાલમાં ૨૦ વરસની મુદતની નવી સનંદ મળી. તેમાં

મૂખ્ય એ ફેરફાર થયો કે આજ સુધી હિંદમાં માત્ર -પકં નીજ વેપાર કરતી. હવે ૩,૦૦૦ ટન સુધાનો વેપાર કરવાને બીજા વેપારીઓને પણ છૂટી મળી. એજ સાલની આખરે કાર્નવાલીસ વિલાયત ગયો ને તેની જગાએ સર જાન-શોર થયો.

**સર જાન શોરની રાજ્યનીતિ.** ૧૮. તેનો વિચાર એવો હતો કે દેશી રાજ્યના માંહોમાંહેના વધરામાં હાથ ઘાલવો નહિ. તેના આ ઠરાવથી મરેઠા ને ટીપુ નિરંકુશ થયા. મરેઠાએ નીજામ ઉપર સ્વારી કરી ખર્ડાની લઢાઇમાં તેને હરાવીને નરમ પાડ્યો. આ લઢાઇ વખતે નીજામને અંગ્રેજોએ સહાય નહિ કર્યાથી નીજામે ફ્રેંચ સરદાર રાખીને પોતાના લશ્કરને કવાયત આપવા માંડી ને ટીપુ પણ અંગ્રેજો સાથે લઢવાની તૈયારી કરવા લાગ્યો. સન ૧૭૯૫ માં કર્ણાટકનો નવાબ મહુમદઅલી મરણ પામ્યાથી તેના દીકરાને ગાદી મળી. તેના બાપના વખતનું દેતું ઘણું હતુ, તે અંગ્રેજ સરકારે વચમાં પડીને પતાવ્યું.

**અયોધ્યાનો નવાબ.** ૧૯. અયોધ્યાનો નવાબ અસોફઉદવલા સન ૧૭૯૭ માં મરણ પામ્યો, તેથી તેની ગાદીએ તેના પુત્ર વજીરઅલીને બેસાડયો. પણ એ નવાબનો ખરો પુત્ર નથી એવો બુમાટ ચાલ્યાથી સર જાનશોરે અયોધ્યે જઇ તેને ગાદીએથી ઉઠાડયો ને અસોફઉદવલાના ભાઇ સાદતઅલીને બેસાડયો. વજીરઅલીને કાશીમાં નજર કેદ કર્યો, ત્યાં તેણે બળવો કર્યો. પણ તેમાં તે હાર્યો ને ફરીથી કેદમાં પડયો. સન ૧૭૯૮. એજ સાલમાં સરજાનશોર વિલાયત ગયો ને તેની જગાએ લાર્ડ માર્નિંગ્ટન અથવા લાર્ડ વેલસ્લી ગવરનર જનરલ થયો.

# પ્રકરણ ૬ ઠું.

## અંગ્રેજી રાજ્યનો વધારો.

### સન ૧૭૯૮ થી ૧૮૧૪ સુધી.

**વેલસ્લીની રાજ્યનીતિ.** ૧. લાર્ડ કાર્નવાલીસ તથા સરજાનશોરનો અભિપ્રાય એવો હતો કે દેશી રાજ્યના માંહોમાંહેના કજીઆમાં ન પડતાં આપણે આપણું સાચવીને સ્વસ્થ રહેવું. લાર્ડ વેલસ્લીનો વિચાર એથી વિરૂદ્ધ હતો. તેનો વિચાર એવો હતો કે દેશી રાજ્યોને અંગ્રેજી સૈન્યની સહાય આપી, તેમને કંપનીના રક્ષણ નીચે લેઇ હિંદમાં અંગ્રેજની સત્તા સર્વોપરી કરવી. આ વિચાર તેણે દ્રઢતા અને બહાદુરીથી અમલમાં આણ્યો. તેથી દેશીઓને લાભ અને અલાભ બંને થયા. રાજાઓ માંહોમાંહે લઢી રૈયતની ને રાજ્યની પાયમલી કરતા તે બંધ પડી તેમના જાનમાલનું રક્ષણ થયું. પણ તેથી રાજાઓ બળહીન, બાયલા ને પરાધીન થયા.

**૧૭૯૮ માં અંગ્રેજી રાજ્ય સત્તા.** ૨. વેલસ્લી આવ્યો ત્યારે હિંદમાં અંગ્રેજી રાજ્ય થોડુંજ હતું. બંગાળા, બહાર ને ઓઢીઆ તેમને તાબે હતાં. તે સિવાય મદ્રાસને મુંબાઇની આસપાસ દરીઆ કાંઠાનો થોડાક મુલક ને મૈસુરની દક્ષિણે થોડો મુલક હતો. એ વગર હિંદમાં મરેઠા, નીજામ ને ટીપુ એ મુખ્ય જોરાવર રાજા હતા. અયોધ્યાનો નવાબ અગ્રેજનો આશ્રિત હતો. પણ મરેઠા, નીજામ ને ટીપુ એ ફ્રેંચ નાયકોની સરદારી નીચે કવાયતી સૈન્ય તૈયાર કર્યું હતું. અને ફ્રેંચો અંગ્રેજોના કટ્ટા શત્રુ હતા. તેમનો મહાન સેનાપતિ નેપોલિયન બોનાપાર્ટ યુરોપમાં વિજય મે-

બવી મિસરદેશ ઉપર ચઢી આવ્યો હતો ને ત્યાંથી ભરત- ખંડ ઉપર આવવાને ટીપુ તેને નોતરતો હતો. વળી કા- બુલના રાજા ઝમાનશાહને પણ હિંદ ઉપર ચડાઇ કરવા તે ઉશ્કેરતો.

**નીઝામ સાથે તહ.** ૩. વેલસ્લીએ અંગ્રેજી સત્તા પડી ભાગેલી જોઇ પોતાની રાજ્યનીતિ અખત્યાર કરી. તેણે પ્રથમ નીઝામને પોતાને આશ્રયે આવવાને લખ્યું. નીઝામે તે કબુલ કરી ફ્રેંચ નાયકોને રજા આપી, ને અંગ્રેજી સૈન્ય પોતાના રક્ષણાર્થે રાખી તેનું ખર્ચ આપવાને કબુલ કર્યું. ઇ. સ. ૧૭૯૮

**ટીપુ સાથે લડાઇ.** ૪. નીઝામ તાબે આવ્યા પછી વેલ્સલીએ તે પ્રમાણે કબુલ કરવાને ટીપુને લખ્યું. પણ તેણે તે માન્ય કર્યું નહિ, તેથી તથા ઝમાનશાહને નેપોલિયન સાથે પત્ર વ્યવહાર ચલાવ્યાથી તેણે એના રાજ્ય ઉપર ચડાઇ કરી. ટીપુને કેવી રીતે હરાવ્યો અને મહીસુરના રાજ્યની કેવી વ્યવસ્થા કરી એ વાત પાછળ આવી ગઇ છે.

**મરેઠી રાજ્ય.** ૫. આ પછી તેણે મરેઠાને અંગ્રેજી સહાયકારી સૈન્ય રાખવાને લખ્યું. એ સમયે મરેઠી રાજ્યની મૂખ્ય પાંચ શાખા હતી. ગુજરાતમાં ગાયકવાડ, મહારાષ્ટ્રમાં પેશવા, મધ્ય પ્રાંતોમાં ભોંસલા ને માળવામાં સિંધીઆ ને હોલ્કર. એ વખતનાં મરેઠી રાજ્યોમાં ચતુર પુરૂષ નાનાફડનવીસ જીવતો હતો. અંગ્રેજી સહાયકારી સૈન્ય રાખવું તે મરેઠી રાજ્યની સ્વતંત્રતા ખોવા બરાબર છે, એમ તે સમજતો હતો તેથી મરેઠાએ વેલસ્લીની માગણી સ્વીકારી નહિ. પણ સન ૧૮૦૦ માં નાનાના મરણ પછી વેલ્સલીને પોતાની ઉમેદ બર લાવવાનો યોગ મળ્યો.

**વગર લડાઇએ રાજ્ય પ્રાપ્તિ.** ૬. સન ૧૭૯૯

માં તંજાવરનો રાજા તુળજાજી મરણ પામ્યો. તેને એક અમરસિંગ નામે ઔરસ ને સરફોજી નામે દત્ત પુત્ર હતા. અંગ્રેજે અમરસિંગને ગાદી આપી, પણ તે તેમની સલાહ પ્રમાણે નહિ ચાલ્યાથી તેને ઉઠાડી સરફોજીને ગાદી આપી નામનો રાજા બનાવ્યો. તેને વર્ષાસન બાંધી આપી તેનું રાજ્ય ખાલસા કર્યું. ૧૭૯૯. એજ સાલમાં સુરતનો નવાબ મરણ પામ્યો, તેથી તેના વારસ મીર નાસરૂદીનને એક લાખ રૂપીઆની નેમણુંક બાંધી આપી. તેનું રાજ્ય પણ ખાલસા કર્યું. ટીપુ સાથે લઢાઈ ચાલી ત્યારે કર્ણાટકના નવાબ ઉમદતઉલ ઉમરાવે તેને સહાય કરી એવું તેના ઉપર આળ આવતાં તેની તપાસ ચાલી સન ૧૮૦૦. પણ સન ૧૮૦૧ માં તે મરણ પામ્યાથી તેનો પુત્ર અલ્લીહુસેન ગાદીએ બેઠો. તેને પણ વર્ષાસન લેઈ રાજ્યાધિકાર છોડવાને કહ્યું, પણ તેણે તે કબુલ નહિ કર્યાથી, તે નવાબનો પુત્રજ નથી એમ ઠરાવી ઉમદતઉલ ઉમરાવના ભાઈ અજીમ ઉદવલાને ગાદી આપી. તેણે ખર્ચ જતાં બાકી રહે તેટલી ઉપનો ⅕ વર્ષાસન કબુલ કરી કર્ણાટકનું રાજ્ય અંગ્રેજને સ્વાધીન કર્યું. ઇ. સ. ૧૮૦૧. એજ પ્રમાણે ફરૂકાબાદના નવાબનો ૧૦॥ લાખ રૂપીઆની ઉપજનો મુલક ખાલસા કરી નવાબને ૮૦ હજારનું સાલીઆણું બાંધી આપ્યું. ૧૮૦૧. અયોધ્યાના નવાબને આપેલું સહાયકારી સૈન્ય સારી સ્થિતિમાં નહોતું, તેથી એ સૈન્યના ખર્ચ બદલ નવાબે અંગ્રજને હાલ જેને વાયવ્ય પ્રાંતો કહે છે તેનો ઘણો ખરો ભાગ આપ્યો. વળી નીજામને આપેલા સહાયકારી સૈન્યના ખર્ચ બદલ ટીપુ પાસેથી નીજામને મળેલો મુલક અંગ્રેજે લીધો.

**મરેઠી ખટપટ ને વસાઇનો તહ.** ૭. મરેઠી રાજ્ય દિલ્લીથી કાવેરી ને ઓઢીઆથી ગુજરાત સુધીમાં હતું. પણ તેમના બળને એકત્ર કરનાર નાના ફડનવીસ જેવો ચતુર પુરૂષ કે બાજીરાવ, માધવરાવ કે મહાદજી જેવા શૂરા સરદારો તે વખતે નહોતા. તુકાજીના મરણ પછી હોલ્કરની ગાદીએથી તેના ઔરસ પુત્ર કાશીરાવને ઉઠાડી, અનૌરસ પુત્ર જશવંતરાવ ગાદીએ બેઠો. સિંધીઆ તથા પેશ્વા કાશીરાવના પક્ષમાં હતા. તેથી ઇ. સ. ૧૮૦૧ માં જશવંતરાવને સીંધીઆ વચે ઇંદુર આગળ યુદ્ધ થયું, તેમાં હોલ્કર હાર્યો. બીજે વરસે વળી તેણે લશ્કર જમાવી પુના ઉપર સ્વારી કરી, બાજીરાવને નસાડયો ને તેની જગાએ તેના ભાઇને ગાદી આપી તથા પોતે પુના લૂટીને માળવામાં પાછો ગયો. આ તરફ બાજીરાવ નાસીને વસાઇ આવ્યો. ત્યાં રહી તેણે ગાદી મેળવવા માટે અંગ્રેજની સહાય માગી. ઇ. સ. ૧૮૦૨. અંગ્રેજ સાથે તહ થયો તેમાં એવું ઠરાવ્યું કે બાજીરાવે અંગ્રેજી ૬ પલટણ પુનામાં રાખી તેના ખર્ચ બદલ ગુજરાત કે કર્ણાટકમાંથી ૨૫ લાખની ઉપજનો મુલક આપવો. અંગ્રેજની રજા વગર કોઈ સાથે લઢાઇ કે સંધી કરવી નહિ. સુરત ઉપરનો દાવો છોડવો ને નીજામ તથા ગાયકવાડ સાથેની તકરારનો નિકાલ અંગ્રેજ સરકાર મારફત કરાવવો. એના બદલામાં અંગ્રેજે તેને પુનાની ગાદી અપાવવી. એ સંધીની રૂએ આર્થરવેલસ્લીએ પુને જઈ બાજીરાવને ગાદીએ બેસાડયો. ઈ. સ. ૧૮૦૩.

**મરેઠા સાથે બીજો વિગ્રહ.** ૮. વસાઈ મુકામે બાજીરાવે જે સલાહ કરી તે સઘળા મરેઠા સરદારોએ માન્ય કરી નહિ. તેમણે વાંધો ઉઠાવ્યો કે બાજીરાવ મરેઠી રાજ્યનો ઉપરી છે, માલીક નથી. તેથી તેને મરેઠી રાજ્યની

સ્વતંત્રતા વેચવાનો હક્ક નથી. મરેઠા સરદારોની રજા વગર મરેઠી રાજ્યના કારભારમાં ત્રાહિતને ભેળવવાનો તેને હક્ક નથી. તેમ અંગ્રેજને વચ્ચે આવવાની જરૂર નથી. અમારી ભાંજગડ અમેજ કરીશું. અમને બાજીરાવનું કરેલું માન્ય નથી, માટે અંગ્રેજી સૈન્યે પુના છોડી ચાલ્યા જવું. તેમનું આ કહેવું વાજબી હતું, તથાપિ બળ આગળ બોલવું શા કામનું ? સિંધીઆ ને ભોંસલા અંગ્રેજી સૈન્ય પુના છોડીને ન જાય તો તેમને જોરાવરીથી કહાડવાને તૈયાર થયા. તેમની સામા થવાને ચારે તરફથી અંગ્રેજી સૈન્ય ચઢવાને ગવરનર જનરલે હુકમ કર્યો. આર્થરવેલસ્લી મૈસૂરનું ૯૦૦૦ સૈન્ય લેઇ અહમદનગર આગળ પડયો. નીજામનું ૮ હજાર સૈન્ય ગોદાવરી ઉપર આવ્યું. મદ્રાસનું ૭૮૦૦ લશ્કર કૃષ્ણા ને તુંગભદ્રા વચ્ચે આવી પહોંચ્યું. ગુજરાતમાં ૭ હજાર, બુંદેલખંડમાં ૩૫૦૦ ને કટક ભણી ૫ હજાર લશ્કર તૈયાર રાખ્યું. કાનપુર આગળ ૧૦૫૦૦ લશ્કર લેઈ જેનરલ લેક આવ્યો. આ પ્રમાણે આખા મરેઠી રાજ્યને ચારે તરફથી અંગ્રેજી લશ્કરે ઘેરી લીધું. હોલ્કર આ વખતે ત્રાહિતની માફક જોઇ રહ્યો, લાર્ડલેકે દિલ્લી લીધી ને શાહઆલમ પાદશાહને સિંધીઆના કબજામાંથી છોડવ્યો. ત્યાંથી આગ્રા જીતી રજપુતસ્થાનમાં આવ્યો. ને લાસવારી આગળ સિંધીઆની કવાયતી પલટણોને હરાવી. દક્ષિણમાં આર્થરવેલસ્લીએ અહમદનગર જીતી આસાઇ આગળ સિંધીઆને અને આરગામ આગળ ભોંસલાને હરાવ્યા. આ વખતે સુદીભર અંગ્રેજોથી ડરીને હજારો કવાયતી લશ્કર છતાં દોલતરાવ સિંધીઆને રાઘોજી ભોંસલે નાસી ગયા. નાયકો નાઠા, તોપણ તેમની કવાયતી પલટણો બહાદુરીથી લઢી, પણ અંતે તેમની હાર થઇ. ગુજરાતના લશ્કરે ભરૂચ ને

પાવાગઢ જીત્યાં ને ગોદાવરીપરના લશ્કરે જાલના લીધું. વેલસ્લીએ આસીરગઢ ને બુરાનપુર જીત્યાં. કટકવાળા સૈન્યે કટક ને બુદેલખંડના લશ્કરે બુદેલખંડ હાથ કર્યાં. આ પ્રમાણે ચારે તરફ અંગ્રેજ કંપનીને વિજય મળવાથી પ્રથમ દેવગામ આગળ ભોંસલેએં સલાહ કરી, તેમાં કટક ને બાલાસોર અંગ્રેજને તથા વરાડ પ્રાંત નીજામને આપ્યો. વળી નીજામ ને પેશ્વા સાથે જે વાંધો હોય તે અંગ્રેજ સરકાર મારફત પતાવવો તથા કોઇ યુરોપિયન નોકર રાખવા નહિ એવો ઠરાવ થયો. ઇ. સ. ૧૮૦૩. તે પછી તરતજ એંજીનગામ મુકામે સિંધીઆએ પણ સલાહ કરી. તેમાં ગંગા ને જમનાં વચ્ચેનો મુલક ને ભરૂચ અંગ્રેજને મળ્યાં, અંજીન ઘાટથી ગોદાવરી સુધીનો મુલક નીજામને તથા અહમદનગર પેશ્વાને આપ્યાં. વળી તેણે શાહઆલમ, પેશ્વા, નીજામ ને ગાયકવાડ ઉપરના દાવા છોડવા ને કોઇ યુરોપિયન નોકરીમાં રાખવા નહિ એમ કબુલ કર્યું. આ રીતે મરેઠાના બીજા વિગ્રહનો અંત આવ્યો. ઇ. સ. ૧૮૦૩.

**હોલકર સાથે લડાઇ.** ૯. લડવાનો ખરો લાગ ખોઇ હોલકર હવે લડવાને ઉઠ્યો. પ્રથમ તેણે રજપુતસ્થાનમાં લૂટ ચલાવી. તેથી અંગ્રેજ સરદાર માનસિંગ તેની પાછળ પડ્યો. ૧૮૦૪ માળવામાં આવતાં કોટાની દક્ષિણે તેનું બધું લશ્કર ઘેરાઇ ગયું ને તે પોતે પણ મહા મુશ્કેલથી બચ્યો. હોલકર આ વિજય મેળવી દિલ્લી ઉપર ચડ્યો, પણ ત્યાં તે હાર્યો. પછી જનરલ લેક સાહેબે ફરૂકાબાદ આગળ ને માનસન તથા ફ્રેજરે દીગ આગળ તેને હરાવ્યો. ભરતપુરનો રાજા હોલકરનો પક્ષમાં હોવાથી લેક સાહેબે ભરતપુરને ઘેરો ઘાલ્યો. અંગ્રેજી લશ્કરના સઘળા હલ્લા રાજાએ પાછા હઠાવ્યા, તેથી એ કિલ્લો લેવાયો નહિ. પણ

અંતે રાજાએ ૨૦ લાખ રૂપીઆ આપી અંગ્રેજ સરકાર સાથે સલાહ કરીને હોલ્કરનો પક્ષ તજ્યો. ઇ. સ. ૧૮૦૫.

**વેલસ્લી વિલાયત જાય છે.** ૧૦. હોલ્કર સાથેનું યુદ્ધ પુરૂં થયું નહોતું તેવામાં વેલસ્લી વિલાયત ગયો. એ બહુ બહાદુરને દૃઢ મનનો માણસ હતો. એણે અંગ્રેજી રાજ્યમાં ઘણો વધારો કર્યો. તથા મરેઠા, નીજામને અયોધ્યાના રાજાઓને તાબેદાર બનાવ્યા.

**લાર્ડ કાર્નવાલીસ.** ૧૧. લાર્ડ વેલસ્લીએ હિંદમાં અંગ્રેજી રાજ્યનું ગૌરવ વધાર્યું પણ તેથી ઉપજ કરતાં ખર્ચ વધ્યું ને લઢાઇઓ ચાલી, કંપનીનું રાજ્ય જોખમમાં આવી પડયું. હોલ્કરે હજુ તરવાર મ્યાન કરી નહોતી, ને સિંધીઆ તેની કુમકે ચઢવાની તૈયારી કરતો હતો. તેથી ઇંગ્લાંડમાં કંપનીના ડિરેક્ટરોને વેલસ્લીનાં મહાન કૃત્યો પસંદ પડયાં નહિ. તે કારણથી લાર્ડ કાર્નવાલીસને સઘળાં દેશી રાજ્યો સાથે સંધી કરી લડાઈ પતાવી દેવાને મોકલ્યો. તે કલકત્તે આવી જનરલ લેકની છાવણીમાં આવવાને નીકળ્યો. રસ્તામાં આવતાં ગાજીપુરમાં તે મરણ પામ્યો. ૧૮૦૫.

**સર જ્યોર્જ બાર્લો.** ૧૨, કાર્નવાલીસના મરણથી સર જ્યોર્જ બાર્લો તેનું કામ કરવા લાગ્યો. તેનો વિચાર પણ લાર્ડ કાર્નવાલીસ જેવોજ હતો. તેથી તેમણે લેકની મરજી વિરૂદ્ધ સિંધીઆ સાથે સંધી કરી. તેમાં એવું ઠરાવ્યું કે ગ્વાલિયર ને ગોહદ સિંધીઆને આપવાં, તથા બીજો જે મુલક સન ૧૮૦૩ માં અંગ્રેજે લીધો હતો તે પાછો આપવો. તેના બદલામાં સિંધીઆએ દરસાલ ત્રણલાખ રૂપીઆ કંપનીને આપવા. સન ૧૮૦૫. તે પછી એક મહીનામાં હોલ્કર સાથે પણ સલાહ કરી. તેમાં એવો ઠરાવ કર્યો

કે ચંબળા નદીની ઉત્તરનો મુલક, બુદેલખંડ ને પુના ઉપ-રનો દાવો હોલ્કરે છોડવો. તથા અંગ્રેજી રાજ્યને ઉપદ્રવ કરવો નહિ. આ રીતે ત્રીજા મરેઠી યુદ્ધનો અંત આવ્યો. પરંતુ બાલોંની ઢીલી રાજ્યનીતિથી સિંધીઆ ને હોલ્કર રજ-પુત રાજ્યોમાં લૂટ કરી ત્રાસ વરતાવા લાગ્યા.

**વેલોરનું બંડ.** ૧૩. સન ૧૮૦૬ માં મદ્રાસની દેશી પલટણો ને હુકમ કર્યો કે તેમણે અમુક પ્રકારની પાઘડી બાંધવી, તથા દાડી આટલી લાંબી રાખવી. આથી આપ-ણને ખ્રિસ્તી કરવાના છે એવી બુમ ચાલતાં વેલોરની દે-શી પલટણોએ બંડ કરી ૧૧૩ અંગ્રેજ અમલદારોને મારી નાખ્યા. આ વાત અર્કાટ પહોંચતાંજ જનરલ ગિલેસ્પી ત્યાં-થી ૪૦૦ માણસોનું લશ્કર લેઇ આવ્યો ને તેણે બંડ સ-માવ્યું. આ બંડમાં ટીપુના છોકરા સામેલ હોવાનો શક જવાથી તેમને કલકત્તે લેઇ જઇને કેદ રાખ્યા.

**લાર્ડ મિન્ટો.** ૧૪. સન ૧૮૦૭ માં લાર્ડમિંટો ગવર-નર જનરલ થઇને કલકત્તે આવ્યો. એ બહુ ચતુર ને દીર્ઘ દર્શી પુરૂષ હતો. એના સમયમાં નીજામના રાજ્યમાં ચંદુ-લાલ કરીને હિસાબી ખાતાનો દિવાન પોતાના કામમાં હોં-શિઆર હતો. તેણે અંગ્રેજોની સાથે સંબંધ કરી લશ્કરનો પગાર બરાબર ચૂકાવી સારો બંદોબસ્ત રાખ્યો. એ બહુ પુણ્યશાળી ને કાબુવાળો પુરૂષ હતો, તેથી નીજામહેદરાબાદ તે ચંદુલાલનું હેદરાબાદ હજુ પણ કહેવાય છે.

**પરદેશી રાજ્યો સાથે સંબંધ.** ૧૫. એ સમયે ફ્રેંચ લોક ભરતખંડ ઉપર ચડાઈ કરશે એવી ધાસ્તી પેઠા-થી મિન્ટો સાહેબે ઇરાનના શાહને ત્યાં માલકમને એલચી તરીકે મોકલી ઠરાવ કર્યો કે અંગ્રેજના દુશ્મનને પોતાના મુલકમાં થઇને આવવા દેવા નહિ. તેજ પ્રમાણે પંજાબના

બળવાન શીખ રાજા રણજીતસિંગના દરબારમાં મેટકાફને ત-
થા કાબુલના અમીરને ત્યાં એલફિન્સ્ટનને મોકલી બંદોબ-
સ્ત કર્યો. વળી સિંધના અમીરો સાથે પણ એજ મતલબ
ની સંધી કરી, તથા સતલજને જમનાંની વચ્ચેનાં શીખ સં-
સ્થાનોને અંગ્રેજોનાં આશ્રિત બનાવી લુધીઆણામાં અંગ્રેજી
લશ્કરનું થાણું મૂક્યું. સન ૧૮૦૯. એજ સાલમાં ત્રાવણકો-
રના દીવાને બંડ કર્યું ને કેટલાક અંગ્રેજોને દરીઆમાં ડુબા-
ડયા. તેથી અંગ્રેજી લશ્કર ત્રાવણકોર ઉપર ચઢયું. દીવાન
હાર્યો ને આપઘાત કરીને મરણ પામ્યો. અંગ્રેજોએ એ દેશ
તાબે કર્યો, છતાં સન ૧૮૧૩ માં એ રાજ્ય ત્યાંના રાજાને
પાછું સોંપ્યું. બુંદેલખંડનાં દેશી રાજ્યો પણ માંહોમાંહે લ-
ઢી મરવાથી અવ્યવસ્થા થઇ, તે મટાડવાને લોર્ડ મિન્ટોએ
લશ્કર મોકલી બંદોબસ્ત કર્યો. સન ૧૮૦૯

**ફ્રેંચ થાણાં જીતી લેવાં.** ૧૬. એ વખતે યુરોપમાં
ફ્રેંચને અંગ્રેજ વચ્ચે લડાઇ ચાલતી હતી. ફ્રેંચ શાજા નેપો-
લિયન બોનાપાર્ટે હાલાંડ ને પોર્તુગાલ દેશો જીતી લીધા હતા.
તેથી એ દેશોનો એશિઆખંડનો મુલક પણ ફ્રેંચોના તા-
બામાં આવ્યો હતો, એટલે જાવા, બુર્બો, મારીસ વગેરે
બેટો તેમને તાબે હતા. લોર્ડમિંટોએ મારીસ ને બુર્બો સન
૧૮૧૦ માં ને જાવા સન ૧૮૧૧ માં જીતી લીધા, તેમાંથી
મારીસ આજ પર્યંત અંગ્રેજને તાબે છે.

**કંપનીની સનંદ.** ૧૭. સન ૧૮૧૩માં કંપનીના પ-
ટાની મુદત પુરી થઈ, તેથી એ સાલમાં નવી સનંદ મળી.
તેમાં એવો ઠરાવ કર્યો કે હિંદમાં કોઇપણ અંગ્રેજ વેપા-
રીને વેપાર કરવાની છૂટ છે. કંપની માત્ર ચીન સાથેજ
વેપાર કરે.

**લોર્ડ મિન્ટોની વિદાયગીરી.** ૧૮. મિંટો સન

૧૮૧૩ માં વિલાયત ગયો, તે પહેલાં હોલ્કરનો સરદાર અમીરખાન લૂટ ફાટ કરવા લાગ્યો ને પીંઢારા લોકનો જમાવ કર્યો. વળી નેપાળી લોક ગોરખપુર વગેરે ઠેકાણાની અંગ્રેજી પ્રજાને લૂટીને દુઃખ દેવા લાગ્યા. તેમનો બંદોબસ્ત કરવાનો વિચાર મિંટોએ કર્યો, એવામાં તે વિલાયત જવાથી બંધ રહ્યું. આ દેશને ખર્ચે હિંદમાં ખ્રીસ્તી પાદરીની નેમણુક એનાજ વખતમાં થઇ. એની જગાએ લાર્ડ હેસ્તિંગ્સ આવ્યો. સન ૧૮૧૪

## પ્રકરણ ૭ મું.

### અંગ્રેજી રાજ્યનો વધારો.

### સન ૧૮૧૪ થી ૧૮૩૫ સુધી.

**લાર્ડ હેસ્તિંગ્સ.** ૧. લોર્ડ હેસ્તિંગ્સ બહુ હોંશિઆર, બહાદુર, દૃઢમનનો, દયાળુ ને અનુભવી પુરૂષ હતો. તેના વખતમાં મૂખ્ય ત્રણ બનાવ બન્યા. ૧ નેપાળની લડાઇ, ૨ પિંઢારાનો નાશ ને ૩ મરેઠા સાથે ૪ થો વિગ્રહ.

**નેપાળ સાથે લઢાઇ.** ૨. નેપાળમાં ગુરખા નામના બહાદુર લડવૈયા લોક રહેછે. તેમનો રાજા રજપુત જાતનો છે. એ પહાડી રાજાના સૈન્યે અંગ્રેજી થાણાં મારીને તથા સીકીમના રાજાને ઉપદ્રવ કરીને અંગ્રેજ સરકાર સાથે લઢાઇ જોડી. ઇ. સ. ૧૮૧૪. ગવરનર જનરલે લગભગ ૪૦ હજાર લશ્કર જમાવી તેની ચાર ટોળી કરી ચાર જગાએથી એકી વખતે નેપાળ ઉપર હુમલો કર્યો. ગુરખા લોક બહાદુરીથી અંગ્રેજ સામે મેદાનમાં ઉભા રહી યુદ્ધ કરવા લાગ્યા. એક લશ્કરનો સરદાર વેલોરનું બંડ સમાવનાર જનરલ ગીલેસ્પી હતો. તે જૈતકનો કિલ્લો જીતવ

જતાં મરાયાં, બીજી બે ટોળીઓને પણ કાંઇ જય મળ્યો નહિ પણ પશ્ચિમ ભણીથી હુમલો લાવનાર જનરલ આ- કટરલોનીએ ગુરખાને હરાવી તેમના કિલ્લા લેવા માંડયા, તેથી એ લોક નરમ પડયા ને સન ૧૮૧૫ માં તેમણે સંધી કરી. તેમાં એવા ઠરાવ થયાં કે 'સરહદના જે મુલક માટે ટંટો થયો હતો તે તથા લડાઇમાં જીતેલો બીજો મુલક અંગ્રેજને આપી કાળી નદી નેપાળના રાજ્યની પશ્ચિમ હ- દ ઠરાવવી. સીકીમના રાજાને ગુરખા લોકે ઉપદ્રવ કરવો નહિ. તથા યુરોપિયન કે અમેરિકન લોકોને નોકરીમાં રા- ખવા નહિ.

**પીંઢારા.** ૩. કોળી, ભીલ, રજપૂત, ગોસાંઇ, બહાર- વટીઆ વગેરે લૂટારા લોક કોઇ અમુક સરદારના હાથ ની- ચે રહી લૂટફાટ ને મારફાડ કરતા. એ લોકનું રહેઠાણ મ- ધ્ય હિંદુસ્તાનમાં હતું. તેમને પિંઢારા કહેતા. તેઓ દશરા પછી ટોળીઓ બાંધી ગામડાં લૂટવાને નીકળતા. લોકોને મોંઢે રાખના તથા મરચાંના તોબરા બાંધીને તથા માણ- સને શરીરે તેલમાં બોળેલાં ચીથરાં વીંટીને સળગાવી ધન મનાવતા. ગામડાં બાળતા અને લોકોને અનેક તરેહથી પી- ડતા. સિંધીઆ ને હોલ્કર તેમને આશ્રય આપતા હતા. લો- ર્ડ હેસ્તિંગ્સના વખતમાં તેઓ અંગ્રેજી મુલકમાં પણ લૂટવા લાગ્યા ને ગંતુર ને મછલીપટણ સુધી ફરી વળ્યા. એ લોકના સરદારોમાં અમીરખાન, કરીમખાન, ચીતુ ને વસી- લ મહમદ મૂખ્ય હતા.

**પીંઢારાનો નાશ.** ૪. નેપાળની લડાઇમાં અંગ્રેજી સેનાની હાર થવાથી પીંઢારા લોક બહુ જોરપર આવ્યા. તેમણે એટલો તો ત્રાસ વરતાવ્યો કે નેપાળનું યુદ્ધ સમ્યા પછી તરતજ તેમનો બંદોબસ્ત કરી પ્રજાને તેમની પીડા-

માંથી મુક્ત કરવાનો દયાળુ વિચાર ગવરનર જનરલે કર્યો. હેસ્તિંગ્સે ૧૧૬૦૦૦ સૈન્ય ને ૩૦૦ તોપ જમાવી તે લસ્કરના ભાગ પાડી જુદા જુદા સરદારોના હાથ નીચે ગ્વાલિયર, બુંદેલખંડ, કટક, ગુજરાત, ખાનદેશ, વરાડ ઇત્યાદિ ઠેકાણે મોકલ્યું. પુના, નાગપુર, હેદરાબાદ, વગેરે ઠેકાણાના લસ્કરને પણ તૈયાર રાખ્યું હતું. ગવરનર જનરલે પંડે ગ્વાલિયર આવી લડાઇની યોજના કરી તથા સિંધીઆને દાબમાં રાખ્યો. સઘળું લસ્કર પીંઢારાને ચારે બાજુએથી ધીરે દબાવતું ચાલ્યું. સન ૧૮૧૭. તેથી લાચાર થઇ અમીરખાનં શરણ આવ્યો. તેને ટોંકની જાગીર આપી તે આજ પર્યંત તેના વંશજો ખાય છે. તે વખતે હોલ્કરનું લશ્કર માહીદપુરમાં જમા થએલું હતું, તેમાં ચીતુ મળી ગયો. વસીલ મહંમદ સિંધીઆને અને કરીમખાન અંગ્રેજોને શરણે આવ્યા. એ રીતે પીંઢારાનું મૂળ નીકળી ગયું ને તેઓ લોકને પીડતા બંધ પડ્યા, ને ખેતી કરવા લાગ્યાથી રૈયતને નિરાંત વળી. ઇ. સ. ૧૮૧૮.

**મરેઠા સાથે ૪ થો વિગ્રહ.** પૃશ્વા. ૫. નેપાળની હારથી મરેઠાએ પીંઢારાને બેહેકાવ્યા હતા, એટલુંજ નહિ પણ પોતે પણ લઢાઇની તૈયારી કરતા હતા. પેશ્વા બાજીરાવે લાચારીથી વસાઇની સલાહ કરી હતી. પણ તે અંગ્રેજને અંતઃકરણથી ધિક્કારતો હતો. તેથી તે અંગ્રેજના કબજામાંથી છૂટવાને છુપી તૈયારી કરતો હતો. ભોંસલા ને હોલ્કર તેને સહાય કરવાને ઉભા થયા હતા. ગોવિંદરાવ ગાયકવાડે અંગ્રેજ સાથે મિત્રતા બાંધ્યાથી તે એ દગામાં સામેલ થયો નહિ. ગુજરાતના મેહેસુલ સંબંધી પેશ્વાને તેની સાથે ટંટો ચાલતો હતો, તેનો નિકાલ કરવાને અંગ્રેજની બાંહધરીથી ગાયકવાડે પોતાના દિવાન ગંગાધર

શાસ્ત્રીને પુને મોકલ્યો. બાજીરાવના બદસલાહકાર ત્રીંબકજી ડેંગલાએ બાજીરાવની સલાહથી શાસ્ત્રીને પંઢરપુરમાં મરાવી નાંખ્યો, સન ૧૮૧૫. તે વખતે પુનામાં અંગ્રેજનો રૈસિડેંટ એલફિન્સ્ટન હતો. તેણે બાજીરાવને ઘણી તાકીદ કરી ત્યારે ત્રીંબકજીને સ્વાધીન કર્યો. તેને થાણામાં કેદ કર્યો, ત્યાંથી તે નાઠો ને લશ્કર જમાવવા લાગ્યો. બાજીરાવ તેને ધનની મદદ કરતો. તેથી એલફિન્સ્ટને ૧૮૧૭ ના જુનમાં નવી સંધિ કરી પેશ્વાની સ્વતંત્રતા કમી કરી, તથા તેની પાસેથી કેટલોક મુલક ને કિલ્લા કબજે લીધા.

**પેશ્વાઇનો અંત.** ૫. હવે બાજીરાવને ખુલ્લા મેદાનમાં પડયા વગર છૂટકો રહ્યો નહિ. તેથી તેણે નવેંબરની શરૂઆતમાં પુના પાસે ખડકીની અંગ્રેજી છાવણી ઉપર હલ્લો કર્યો. તેમાં પેશ્વાનું લશ્કર દશગણું હતુ તોપણ તે હાર્યો ને નાઠો. કોરેગામ આગળ બીજી લઢાઇ થઈ તેમાં તો તેનું સૈન્ય ત્રીશગણું હતુ. તોપણ એ નાઠો. તેનો સરદાર બાપુ ગોખલે બહુ બહાદુર હતો. મરેઠા યોદ્ધામાં છેલ્લો વીર પુરૂષ એ હતો. તે બાજીરાવના બાયલાપણાથી કંટાળી ગયો. તેથી આસ્ટા આગળ પેશ્વા નાઠો તોપણ પોતાનાં ૩૦૦ માણસ સાથે લઢીને તે મરણ પામ્યો. સન ૧૮૧૮. બાજીરાવ માળવામાં જતો છતાં, સરજાન માલકમના સૈન્યથી ઘેરાઇને તેને શરણ આવ્યો. માલકમે તેની સાથે સંધી કરી ૮ લાખનું વર્ષાસન બંધાવી આપી તેને બીથુરમાં રાખ્યો. સન ૧૮૧૮. હવે પેશ્વાનું રાજ્ય અંગ્રેજને મળ્યું તેથી ગુજરાતનો પેશ્વાઇ ભાગ પણ અંગ્રેજને કબજે ગયો. અંગ્રેજે પેશ્વાના સરદારોના ને જાગીરદારોના હક્ક કાયમ રાખ્યા તથા સતારાનો રાજા જે પેશ્વાની કેદમાં હતો તેને છોડવી ૧૫ લાખની ઉપજનો મુલક આપી સતારાની

ગાદીએ બેસાડયો. ત્રીંબકજી ડેંગલાને પકડીને ચુનારગઢમાં કેદ કર્યો તે ત્યાંજ મરણ પામ્યો. એલફિન્સ્ટને લોકનો સારો બંદોબસ્ત રાખીને તથા પેસ્વાએ આપેલી ધર્માદા, દેવસ્થાન વગેરે જાગીરો કાયમ રાખીને લોકોને શાંત પાડયા.

**ભોંસલે સાથે લડાઇ.** ૭. નાગપુરનો રાઘોજી ભોંસલે સન ૧૮૧૬ માં મુઆથી તેનો પુત્ર પરસાજી ગાદીએ બેઠો. તે હોલેદીલ હોવાથી તેનો સગો આપા સાહેબ કારભાર કરતો હતો. તેણે પરસાજીનો ઘાત કરાવી સન ૧૮૧૭ માં ગાદી લીધી ને તે બાજીરાવ સાથે બળવો કરવામાં સામેલ થયો. બાજીરાવે બંડ કર્યું તેજ મહીનામાં એણે પણ બંડ કરીને નાગપુરની અંગ્રેજી છાવણી ઉપર હલ્લો કર્યો. પણ તે હાર્યો ને શરણ આવ્યો. અંગ્રેજે રાઘોજીની દીકરીના દીકરા બાજીરાવને બીજો રાઘોજી નામ આપી ગાદીએ બેસાડયો. આપાસાહેબને કેદ કરી અલહાબાદ લેઇ જતાં રસ્તામાંથી તે નાશી ગયો, ને પંજાબમાં થઇ જોધપુર આવી ત્યાંજ તેણે પોતાનું આયુષ્ય પુરૂં કર્યું.

**હોલ્કર સાથે લડાઇ.** ૮. યશવંતરાવ હોલ્કર ગાંડો થઇ મરણ પામ્યાથી તેનો બાળકુંવર મલાવરાવ ગાદીએ બેઠો ને યશવંતરાવની રાખ તુળસીબાઇ કારભાર કરવા લાગી. હોલ્કરનું ૨૦ હજાર કવાયતી લશ્કર હતુ, તે સિવાય તેમાં ઘણા પીંઢારા પણ સામેલ થએલા હતા. અમીરખાન પીંઢારો એ રાજ્યમાં કરતો કારવતો હતો. બાજીરાવ પેસ્વાએ હોલ્કરને પોતાના બંડમાં સામેલ થવાને લખ્યું. તુળસીબાઇ અંગ્રેજ પક્ષની હતી, પણ ઘણા સરદારો બાજીરાવના પક્ષમાં હોવાથી તેમણે તુળસીબાઇને મારી નાખી. હોલ્કરના સૈન્યનો પડાવ ક્ષીપ્રા નદીને કાંઠે માહીદપુરમાં હતો. ત્યાં ચીતુ પીંઢારો પણ તેમને આવી મળ્યો. બાજી-

રાવના બંડની શરૂઆત પછી એક મહીને અંગ્રેજી સૈન્યની-ને હોલ્કરના સૈન્યની માહીદપુર આગળ લઢાઇ થઇ. તેમાં હોલ્કરની બેન ભીમાબાઇએ બહુ બહાદુરી બતાવી. પણ અંતે હોલ્કરની હાર થવાથી અંગ્રેજે તહ કર્યો. કરીમખાનને ટોંકની તથા તેના ભત્રીજા ગફુરખાનને જાવરાની જાગીર આપી. બાળ હોલ્કરને ગાદી આપી સંધી કરી તેમાં એવું ઠરાવ્યું કે હોલ્કરે પીંઢારાને આશ્રય આપવો નહિ, રજપૂતસ્થાન ઉપરના સઘળા દાવા છોડવા, તથા સાતપુડાની દક્ષિણનો મુલક અંગ્રેજને આપવો. સન ૧૮૧૮.

**રજપુત રાજ્યો સાથે તહ.** ૯. રજપૂતસ્થાનમાં મરેઠા લૂટફાટ કરી રાજ્યસ્થાન પીડતા હતા તથા રાજાઓ માંહોમાંહે લઢીને પાયમાલ થતા હતા; તેથી અંગ્રેજે ઉદેપુર, જોધપુર, જેપુર; બુંદી, કોટા વગેરે રાજ્યસ્થાનનાં સર્વે રાજ્યો સાથે સંધી કરી; તેમને પોતાના આશ્રયમાં લેઇ રક્ષણ કર્યું. સન ૧૮૧૬–૧૮ કાઠીઆવાડના રાજા રજવાડા સાથે પણ એજ સમયમાં સંધી થઇ.

**કચ્છ સાથે સંધી.** ૧૦. કચ્છના રાવ બહારમલજીએ લધુભાને મારી નખાવ્યાથી તેની સ્ત્રી અંગ્રેજ સરકારને આશ્રયે આવી. તેથી સન ૧૮૧૯ માં એક અંગ્રેજી સૈન્ય કચ્છમાં પેઠું. તેમણે બહાર મલજીને પદભ્રષ્ટ કરી તેના નામથી દીવાનને રાજ્ય ચલાવવાનું કામ સોંપ્યું ને કચ્છ સાથે સલાહ કરી. એજ વરસે કચ્છમાં ધરતીકંપ થઇને ભુજમાં ૭ હજાર ને અંજારમાં ૩ હજાર ઘર પડી ગયાં. તથા અંજાર પાસે ધુળનો એક મોટો ટેકરો થયો.

**અંગ્રેજી રાજ્યમાં વધારો.** ૧૧ આજ સુધી મુંબાઈ ને તેની પાસેના થોડા મુલક સિવાય પશ્ચિમહિંદમાં અંગ્રેજને તાબે ઘણો મુલક નહોતો. લોર્ડ હેસ્તિંગ્સે પેશ્વાનું

રાજ્ય જીતીને તથા હોલ્કર ને ભોંસલે પાસેથી કેટલોક મુલક લેઇને પશ્ચિમ હિંદના અંગ્રેજી રાજ્યમાં વધારો કર્યો. તેમાં ગુજરાત, ખાનદેશ, મહારાષ્ટ્ર ને કોકણ એ૦ મૂખ્ય છે. આ નવા જીતેલા મુલકનો હેસ્તિંગ્સે ડહાપણથી ને ઉદારતાથી લોકનાં મન સંતોષી બંદોબસ્ત કર્યો. નિશાળો સ્થાપી, પ્રજાને કેળવણી આપવાનો પ્રથમ બંગલામાં પાયો નાંખ્યો. આ દેશમાં પહેલ વહેલું વર્તમાનપત્ર પણ એનાજ વખતમાં કલકત્તામાં શરૂ થયું. લોર્ડ હેસ્તિંગ્સ સન ૧૮૨૩ માં વિલાયત ગયો.

**લાર્ડ આમ્હર્સ્ટ. ૧૨** હેસ્તિંગ્સ પછી લાર્ડ આમ્હર્સ્ટ ગવરનર જનરલ થઇને આવ્યો. સન ૧૮૨૩. તેના વખતમાં મૂખ્ય બે બનાવ બન્યા. બ્રંહ્મી લોક સાથે લડાઈ ને ભરતપુરની જીત.

**બ્રહ્મીલોક સાથે લડાઇ. ૧૩** બ્રહ્મી લોકે આશામ પ્રાંત જીત્યાથી તેમનું રાજ્ય અંગ્રેજી રાજ્યની અડોઅડ આવ્યું. બ્રહ્મી લોકના જુલમથી ત્રાસીને ત્યાંની પ્રજા અંગ્રેજી રાજ્યમાં આવી વસી. તેને બ્રહ્મી લોક પાછી માગવા લાગ્યા, પણ અંગ્રેજોએ આપી નહિ. વળી બંગાળાની પૂર્વેનો પ્રાચીન આરાકાનના રાજ્યનો કેટલોક ભાગ બ્રહ્મી રાજા દાવો કરી માગવા લાગ્યો, તે પણ ન આપ્યાથી અંગ્રેજને બ્રહ્મી રાજા વચ્ચે વૈર વધ્યું, બ્રહ્મી લોકે લડાઇની પ્રહેલ કરી. આરાકાન પાસેના શાહપુરી બેટ નજીકના અંગ્રેજી વહાણ પર હલ્લો કરી કેટલાક માણસ માર્યા તથા કેદ કર્યા. અંગ્રેજી લશ્કરે એ બેટ ફરીને જીતી લીધો. વળી બ્રહ્મી લોકે કાચરના રાજ્ય ઉપર હલ્લો કર્યો. એટલે તેને સજા કરવાને આમ્હર્સ્ટ સાહેબે અંગ્રેજી લશ્કર જમાવી કેમ્પબેલના ઉપરીપણા નીચે બ્રહ્મદેશ ઉપર મોકલ્યું. સન ૧૮૨૩. તે

લશ્કરે રંગુન જીત્યું તથા કાચર ઉપર ગએલા લશ્કરે બ્રહ્મી લશ્કર પાછું કહાડયું. એવામાં ચોમાસુ બેઠું ને અંગ્રેજી સૈન્યમાં મંદવાડ ચાલી ઘણા માણસ મરણ પામ્યા. તેથી હિંદી સૈન્ય બેદિલ થયું. બ્રહ્મી લોકને જાદું આવડે છે તેથી તેમના દુશ્મનો માર્યા જાયછે, એવો તેમનામાં વહેમ પેઠો. આ કારણથી બરાખપુરની ૪૭ મી દેશી પલટણે બ્રહ્મદેશ ઉપર જવાની ના પાડી બંડ કર્યું, અંગ્રેજે તે લશ્કર ઉપર તોપો ચલાવી કેટલાક માર્યા, કેટલાકને ફાંસી દીધા ને કેટલાકને બરતરફ કર્યા. સન ૧૮૨૪ માં અંગ્રેજી લશ્કરે આરાકાન, મારતાબાન વગેરે જીત્યાં. ૧૮૨૫ માં આશામ ને તીનાસરીમ જીત્યાં. તથા બ્રહ્મી સરદાર મહાબંદુલા માર્યો ગયો. સન ૧૮૨૬ માં આવાની નજીક પાગામ આગળ અંગ્રેજી સૈન્યે બ્રહ્મી રાજાને હરાવ્યાથી સલાહ થઈ. તેમાં એવો ઠરાવ થયો કે લઢાઇના ખર્ચ બદલ બ્રહ્મી રાજાએ એક કરોડ રૂપીઆ તથા આશામ, આરાકાન ને તીનાસરીમ પ્રાંતો અંગ્રેજને આપવા તથા આરાકાનનો ડુંગર બંને રાજ્યની હદ સમજવી.

**ભરતપુરની જીત.** ૧૪ બ્રહ્મી લડાઇ ચાલતી હતી તેવામાં સન ૧૮૨૫ માં ભરતપુરનો રાજા બળદેવસિંગ મરણ પામ્યો. તેથી ત્યાંના રેસિડેંટ આક્ટરલોનીએ તેના બાળ કુંવરનો હક ગણી તેને ગાદી આપવાનો ઠરાવ કર્યો. પણ તેના ગિત્રાઇ દુર્જનસાલે, એ બાળકને ઉઠાડી ગાદી લીધી ને અંગ્રેજ સાથે લડવાની તૈયારી કરી. આક્ટરલોની પણ બાળરાજાની સહાયે આવવાની તૈયારી કરવા લાગ્યો, પણ ગવરનર જનરલે વચે પડવાની તેને મના કરી. તેથી તેને માઠું લાગવાથી તેણે રાજીનામું આપ્યું. તેની જગાએ મેટકાફ રેસીડેન્ટ નીમાયો. આગળ જતાં ગવરનર જનરલને પોતાની ભૂલ જણાયાથી તેણે મેટકાફને લખ્યું કે બળદેવસિં-

ગના બાળ કુંવરની વહારે જવું ને એ કામ પાર પાડવાને લોર્ડ કોમ્બરમીયરને ૨૦ હજાર સૈન્ય સાથે ભરતપૂર મોકલ્યો. સન ૧૮૨૫. તેણે બે માસમાં ભરતપુરનો અજીતગઢ જીત્યો ને બાળરાજાને ગાદી આપી, રાજ્યની વ્યવસ્થા કરવાની ગોઠવણ કરી તથા દુર્જનસાલને અલહાબાદમાં કેદ કર્યો. સન ૧૮૨૬. વરસમાં થોડા દિવસ સીમળામાં રહેવાનો રિવાજ લાર્ડ આમ્હર્સ્ટના વખતથી પડ્યો. તે સન ૧૮૨૮ માં વિલાયત ગયો તેથી તેની જગાએ લાર્ડવિલિયમ બેંટિક ગવરનર જનરલ થઇને આવ્યો. ઇ. સ. ૧૮૨૮.

**લાર્ડ વિલિયમ બેંટિક.** ૧૫ વેલોરના બળવા વખતે એ મદ્રાસમાં ગવરનર હતો. એના સમયમાં કુર્ગ ખાલસા થયું, મૈસૂરના રાજ્ય ઉપર જપ્તી બેઠી, ખર્ચ ઘટાડી ઉપજ વધારવાની યુક્તિ યોજાઇ, કાચરનું રાજ્ય ખાલસા થયું. કેટલાક નાના બળવા બેસી ગયા, દેશી લોકોને મોટા હોદ્દા મળે તેમ થયું; સતી, મનુષ્યવધ, ઠગી, દીકરીઓની હત્યા, વગેરે બંધ થયું, તથા દેશીઓને અંગ્રેજી કેળવણી મળે તેવા ઉપાય લેવાયા.

**લોર્ડ બેંટિકની રાજનીતિ.** ૧૬ એના સાત વરસના અમલમાં નાના નાના ઝગડા થયા તે સિવાય રાજ્યમાં શાંતિ ચાલી. એણે નવાં રાજ્ય જીતીને રાજ્ય વધારવાની લાલચ રાખી નહિ. પરંતુ જીતાયલા રાજ્યમાં શાંતિ રાખી રાજ્ય આબાદ કરી રૈયતને સુખી રાખવાને મેહેનત કરી. તોપણ પોતાના રાજ્યમાં હાની થાય, ને તાબાના રાજાઓની પ્રજા પીડાય શું તેનો બંદોબસ્ત રાખવાને તે બેદરકાર રહ્યો નહિ.

**કાચાર ને કુર્ગ ખાલસા થયાં.** ૧૭ બંગાળાની પૂર્વે આવેલા કાચારનો રાજા અપુત્ર મરી જવાથી ત્યાંની પ્રજા-

ની માગણીથી એ રાજ્ય ખાલસા કર્યું. સન ૧૮૩૨. કુર્ગનો રાજા પોતાના સગા વહાલાને મારી નાખી તથા પ્રજાને અત્યંત દુઃખી કરી ઉન્મત્તપણે વર્ત્તવા લાગ્યો, તેથી બેંટિકે તેના ઉપર સૈન્ય મોકલી તેને હરાવ્યો ને કુર્ગની પ્રજાની રાજી ખુશીથી એ રાજ્ય પણ ખાલસા કર્યું. સન ૧૮૩૪.

**મૈસૂર ઉપર જપ્તી બેઠી.** ૧૮. મૈસૂરનું રાજ્ય લાર્ડ-વેલસ્લીએ હૈદર ને ટીપુના પ્રધાન પુર્ણિયાના વહિવટમાં ને અંગ્રેજ અધિકારીઓની દેખરેખ નીચે મૂક્યું હતું. પણ ઉમરલાયક થયા પછી રાજાએ રાજ્ય પોતાને સ્વાધિન લીધું ને પુર્ણિયાને કહાડી મૂક્યો. તેથી રાજ્યમાં અંધેર ચાલીને મૈસૂરમાં બળવો ઉઠ્યો. લોર્ડ બેંટિકે લશ્કર મોકલી બળવો સમાવ્યો ને મૈસૂરના રાજ્ય ઉપર જપ્તી બેસાડી. ઇ. સ. ૧૮૩૨.

**નાના નાના બળવા.** ૧૯. બંગાળાની નૈઋત્ય કોણના ડુંગરામાં કોલ વગેરે અનાર્ય લોકો રહેછે. તેઓ બરાબર ખેતી કરતા નથી તેથી ત્યાંના જમીનદારોએ પોતાની ઉપજ વધારવાને બહારના મેહેનતુ લોકોને વસાવી, તેમની જમીન લેઇ લીધી. તેથી એ અનાર્ય લોકોએ સન ૧૮૩૨ માં બંડ કર્યું. પણ લોર્ડબેંટિકે એ બંડ સમાવી તેમની અરજ સાંભળી બંદોબસ્ત કર્યો. ૨ સૈયદ અહમદ નામે પંજાબી મુસલમાને બંગાળામાં સન ૧૮૨૨ માં એક નવો ધર્મ ચલાવ્યો હતો. એ ધર્મના લોકો તોફાન કરવા લાગ્યાથી હિંદુ જમીનદારોએ તેમનો દંડ કર્યો. તેથી ટીટુમીરની સરદારી નીચે તેમણે બંડ કર્યું. બેંટિકે તે બંડ પણ સમાવ્યું. ૩ જોધપુરનો રાજા માનસિંગ ગાંડો થવાથી પટાવતોએ એને ગાદીએથી ઉઠાડ્યો. તે ફરીને ગાદી ઉપર આવ્યો ત્યારે પટાવતો ઉપર વેર લેવા લાગ્યો. તેથી પટાવતો પો-

તાનું લશ્કર જમાવી જોધપુર ઉપર ચઢ્યા. ત્યારે માનસિંગે અંગ્રેજની સહાય માગી. તેથી તેઓ પાછા ગયા. વળી રાજાએ ગાંડાઇનાં કામ કરવા માંડ્યાં ને ગવરનર જનરલને અપમાન આપ્યું. ત્યારે અંગ્રેજી સૈન્ય મોકલવાનો હુકમ થવાથી રાજા તાબે થયો. સન ૧૮૩૪. ૪ જેપુરનો રાજા બાળક હોવાથી તેની મા કારભાર કરતી હતી. તેણે વાણીઓ દિવાન રાખ્યો તેથી પટાવતોએ ગુસ્સે થઇ એક રજપુતને દિવાન નીમ્યો. રાણી તેના કામમાં આડે આવી કારભાર ચાલવા દેતી નહિ. તે વખતે અંગ્રેજ રેસિડેંટ આકટરલોની હતો. તેણે વચે પડી વાણીઆને બોલાવ્યો. આગળ જતાં પટાવતો ટંટો કરવા લાગ્યા. એ ટંટો રેસિડેંટ મેટકાફે વચે પડી પતાવ્યો. તોપણ ખરેખરૂં સમાધાન તો આગળ જતાં રાજા રાણી મરણ પામ્યાં ત્યારે થયું. ૫ ભોપાળની સિકંદર બેગમને તેનાં જમાઈ સાથે અણબનાવ થયો. તેથી જમાઇએ બંડ કર્યું, પણ તે હારીને નાઠો. પરંતુ ગવરનર જનરલે વચે પડી સમાધાન કરાવ્યું ને તેની દિકરીને ગાદીએ બેસાડી બેગમને જાગીર આપી. એ નવી બેગમ આજ પર્યંત હોંશીઆરીથી રાજ્ય ચલાવે છે.

**ખર્ચમાં ઘટાડો.** ૨૦. પાછલા ગવરનર જનરલોના વખતમાં મોટી મોટી લડાઇઓ ચાલી રાજ્યમાં ઉપજ કરતાં ખર્ચ વધી ગયું હતું. તેથી લાર્ડબેંટિકે ખર્ચ કમી કરવાની યોજના કરી. સરકારી મોટા હોદાના પગારદારોનો પગાર ઘટાડ્યો, કેટલાંક ખાતાં બંધ કર્યાં ને કેટલાક અમલદારોને બે કામ સોંપી ખર્ચ ઘટાડ્યું. લશ્કરી અમલદારોને છાવણીમાં પણ પુરૂં ભથું મળતું, તે અર્ધું મળે એવો ઠરાવ કર્યો. એ રીતે દર વરસે દોઢ કરોડ રૂપીઆનું

ખર્ચ તેણે ઘટાડયું. તેમજ માળવાના અફીણ ઉપર જકાત નાંખીને ઉપજ વધારવાનું એક નવું દ્વાર ઉઘાડયું.

**સુધારો.** ૨૧ વળી એણે ઇનસાફ જલદી મળે એવો ન્યાય ખાતામાં સુધારો કર્યો. જડજથી ઉતરતા દરજાની સદર અમીન, મુનસફ વગેરેની કોર્ટો કહાડી તે જગાઓ દેશીઓને આપવાનું ઠરાવ્યું. ૨ તેમજ કોર્ટોમાં ફારસી ભાષામાં કામ ચાલતું તે અટકાવી, સ્થાનિક દેશી બોલીમાં કામ ચલાવવાનો હુકમ કર્યો. ૩ દેશીઓને કેળવણી આપવા માટે સંસ્કૃત કાલેજો કહાડી હતી. તે સાથે લૉર્ડ બેંટિકે દેશીઓને અંગ્રેજી ભાષાની કેળવણી આપી તેની મારફત યુરોપની વિદ્યાનું જ્ઞાન આપવાનો ઠરાવ કર્યો, તેથી અંગ્રેજી સ્કુલો તથા વૈદ્યક શીખવવાની પાઠશાળાઓ સ્થપાઇ. ૪ એણે દેશી રીવાજોમાં કેટલાક સુધારા કર્યા. સન ૧૮૨૯ માં એણે સતી થવાનો ધારો બંધ કર્યો. ઓઢીઆના કંધ લોકમાં નરમેધ કરવાનો રીવાજ હતો તે અટકાવ્યો. વળી રજપુતોમાં ને તેમાં વિશેષે કરીને ઝાડેજામાં દીકરીઓને દુધ પીતી કરવાનો રિવાજ હતો તે પણ એણેજ અટકાવ્યો.

**ઠગ લોકનો બંદોબસ્ત.** ૨૨ મધ્યહિંદમાં ઠગ લોક રહેતા હતા, તે જાત્રાળુઓને અને મુસાફરોને ઠગીને મારી નાંખતા ને તેમનું સર્વસ્વ લેઇ લેતા. તેઓ વેષ બદલીને મુસાફરો સાથે મળી જતા ને લાગ સાધી તેમને મારી નાંખતા. આ નિર્દય વાત કપ્તાન સ્લીમાનની મારફતે લૉર્ડ બેંટિકના જાણવામાં આવ્યાથી તેણે તેજ કપ્તાનને ઠગ લોકની તપાસ કરવાનું કામ સોંપ્યું. તેણે સન ૧૮૩૦ થી તેમની શોધ કરવા માંડી ને ત્રણ ચાર વરસમાં તેમનો બંદોબસ્ત કર્યો. પછી એ ઠગ લોકોને જબલપુરમાં

તંખુ વણવાનું કામ શીખવી ઉદ્યમે વળગાડયા.

**વિલાયત જવાનો માર્ગ.** ૨૩. લોર્ડ વિલિયમ બેં-ટિકના વખત પહેલાં યુરોપમાં જવાનો માર્ગ કેપ આવ ગુડ હોપને ફરીને હતો. એ રસ્તે ઇંગ્લાંડ પહોંચતાં ચાર પાંચ માસ લાગતા. લાર્ડ બેંટિકે આગબોટથી મીસરને માર્ગે યુરોપ જવાનો માર્ગ કહાડી એક માસમાં ઇંગ્લાંડ જવાય એવું કર્યું.

**વાયવ્ય પ્રાંતો.** ૨૪. એણે વાયવ્ય પ્રાંતોમાં જમી-નદારીની નવી ગોઠવણ કરી ત્રીશ વરસ માટે ગામવારીની રીત દાખલ કરી, તે હજુ ચાલે છે. વળી એ પ્રાંતોનો વ-હિવટ કરવાને વાયવ્ય પ્રાંતોનો એક નવો ઇલાકો કરી સર ચાર્લ્સ મેટકાફને આગ્રાનો ગવરનર ઠરાવ્યો. ૧૮૩૩

**સિંધ ને પંજાબ.** ૨૫. સન ૧૮૦૮–૧૦ માં હિંદ ઉપર ફ્રેંચ હુમલાની દેહેશત હતી. હાલમાં તે ભય મટી-ને રૂશ લોકના હુમલાનો ડર પેઠો. રૂશ લોકે મધ્ય એશિ-આમાં પોતાના રાજ્યનો ઘણો વધારો કર્યો તથા તેઓ કાબુલમાં ખટપટ કરવા લાગ્યા. તેથી ગવરનર જનરલે પં-ડે પંજાબમાં જઈ ત્યાંના શીખ રાજા રણજીતસિંગ સાથે મિત્રતા બાંધી. વળી મેજર પોટીંજરને. સિંધના અમીરો સાથે સંધી કરવાને મોકલ્યો. એ સલાહ કરવાની અમીરોની ઇચ્છા નહોતી. સિંધુ નદીને માર્ગે વેપારી વહાણો જવા દે-વાની એ સંધી હતી. તોપણ અમીરો સમજતા હતા કે માલની વખારની જગાએ લશ્કરની છાવણી થતાં વાર લા-ગશે નહિ. તેથી તેમણે સલાહ કરવાની પ્રથમ ના કહી. પણ અંગ્રેજ એલચીના આગ્રહથી ને ઉપદેશથી તેમણે તે માન્ય કરી. તેમાં મૂખ્ય કલમ એ હતી કે સંધી કરનાર બંને બાજુ કબુલ કરે છે કે તેઓ એક બીજાના રાજ્ય

ઉપર તલપ મારશે નહિ. એમ છતાં અગીઆર વરસમાં તો સિંધ અંગ્રેજી રાજ્યમાં જોડાયું.

**કંપનીનો નવો પટો.** ૨૬ સન ૧૮૧૩ માં કંપનીને વીશ વરસની સનંદ મળી હતી તેની મુદત સન ૧૮૩૩ માં પુરી થયાથી નવો પટો મળ્યો. એ સનંદ પણ ૨૦ વીશ વરસની હતી. તેમાં કંપનીને વેપાર કરવાની બીલકુલ બંધી કરી. ચીનનો વેપાર પણ સર્વ પ્રજાને માટે ખુલ્લો મૂકી કંપનીને માત્ર હિંદનું રાજ્ય ચલાવવાની પરવાનગી મળી.

**લાર્ડ બેંટિકની વિદાયગીરી.** ૨૭ એ રીતે લાર્ડ વિલિયમ બેંટીક દેશીઓનો વહાલો થઈ, રાજ્યમાં શાંતિ ફેલાવી ઉપજમાં વધારો ને ખર્ચમાં ઘટાડો કરી સન ૧૮૩૫ માં વિલાયત ગયો.

---

## પ્રકરણ ૮ મું.

### અંગ્રેજી રાજ્યનો વધારો.

### સન ૧૮૩૫ થી સન ૧૮૪૪ સુધી.

**સરચાર્લ્સ મેટકાફ.** ૧. લોર્ડ બેંટિક વિલાયત ગયો ત્યારે વાયવ્ય પ્રાંતોનો ગવરનર સર ચાર્લ્સ મેટકાફ હતો. તે સર્વ વાતે બેંટિકના અભિપ્રાયને અનુસરનાર હોવાથી ડિરેક્ટરોએ તેને ગવરનર જનરલ બનાવ્યો. તેણે સન ૧૮૩૫ માં છાપખાનાને છૂટી આપી, પોતાના વિચાર દર્શાવવાની સ્વતંત્રતા બક્ષી તે અદ્યાપિ ચાલે છે. એવામાં ઇંગ્લાંડમાં પ્રધાન મંડળ બદલાયાથી નવા મંડળે છાપખાનાને છુટ આપ્યાનું સર મેટકાફનું કામ નાપસંદ કરી તેની જગાએ લાર્ડ

આકલાંડને ગવરનર જનરલ નીમીને મોકલ્યો. ૧૮૩૬

**લાર્ડ આકલાંડ.** ૨. લાર્ડ આકલાંડના વખતમાં ત્રણ બનાવ બન્યા. ૧ સતારાના મહારાજાને પદભ્રષ્ટ કરવો. ૨ અફઘાનિસ્તાન સાથે યુદ્ધ ૩ ચીન સાથે લડાઇ.

**સતારાના રાજાને પદભ્રષ્ટ કરવો.** ૩. સતારાનો રાજા પ્રતાપસિંગ અંગ્રેજ સરકાર સામે બંડ કરવાની તૈયારી કરે છે એવી ખાતરી થવાથી ગવરનર જનરલે તેને પદ ભ્રષ્ટ કરી તેની ગાદી તેના ભાઇ આપ્પાસાહેબને આપી, તેને કાશીમાં કેદ કર્યો. ઈ. સ. ૧૮૩૯

**કાબુલનું રાજ્ય.** ૪. અહંમદશાહ અબદલ્લીનું કાબુલી રાજ્ય બહુ જોરાવર થયું ને તેના તાબામાં અફઘાનિસ્તાન સિવાય કાશ્મિર, બલ્ખ, સિંધને હીરાતના મુલકો આવ્યા. અહંમદશાહના વંશજ ઝમાનશાહ હિંદ ઉપર ચઢવાને આવ્યો હતો, એ વાત પાછળ આવી ગઈ છે. તેના પછી શાહે શુજા નામે કાબુલમાં રાજા થયો તેની પાસેથી તેના ભાઈ મહંમદે પોતાના વજીર ફતેહખાનની સહાયથી કાબુલનું રાજ્ય જીતી લીધું. તેથી શાહશુજા હિંદમાં નાસી આવી અંગ્રેજને આશ્રયે લુધીઆણામાં રહેવા લાગ્યો. આગળ જતાં કાબુલમાં ફતેહખાનને મહંમદે મરાવી નાંખ્યાથી તેના વીશ ભાઇઓએ મહંમદનું રાજ્ય જીતીને તેને કહાડી મૂક્યો તે હીરાત જઇ રાજ્ય કરવા લાગ્યો. ફતેહખાનના ભાઇઓએ કાબુલનું રાજ્ય વહેંચી લીધું, તેમાં કાબુલ ને ગીજની દોસ્તમહંમદને ભાગ આવ્યાં.

**કોહીનૂર.** ૫ મહાભારતના સમયનો આ પ્રખ્યાત હીરો દિલ્લીનું રાજ્ય પઠાણોએ જીત્યું ત્યારે તેમના હાથમાં આવ્યો. તે પછી તે મોગલોના તાબામાં આવ્યો. જ્યારે મોગલ ખજાનો લૂટીને નાદીરશાહ ઇરાન ગયો ત્યારે એ

હીરો તે દેશમાં ગયો, પણ અહંમદશાહ અબદલ્લી નાદીરના મરણ પછી તે પોતાની સાથે કાબુલ લાવ્યો. તેને તેના વંશજ શાહશુજાએ હિંદમાં આણ્યો. શાહ શુજા પાસેથી પંજાબના શીખ રાજા રણજીતસિંગે લીધો. પણ પંજાબ અંગ્રેજોએ જીત્યું ત્યારે તે અંગ્રેજોના હાથમાં આવ્યાથી હાલ તે મહારાણીશ્રીના તાજમાં બીરાજે છે.

**શાહશુજા ફરીને કાબુલ જીતે છે.** ૬ શાહશુજાએ સન ૧૮૩૩ માં રણજીતસિંગ સાથે સલાહ કરી તેની મદદ મેળવીને તે કાબુલ જીતવા ચાલ્યો. સિંધ કાબુલનું ખંડીઉં હતું. તેથી ત્યાંના અમીરો પાસે પાછલી ચઢેલી ખંડણીની તેણે માગણી કરી. શાહશુજા કાબુલનો રાજા નહિ હોવાથી એ ખંડણી માગવાનો તેનો હક નહોતો, તથાપિ અમીરોએ પાંચ લાખ રૂપીઆ આપીને તેનું મન મનાવ્યું. શાહ શુજા ત્યાંથી કંદહાર ઉપર ચઢયો ને તે જીત્યું ઈ. સ. ૧૮૩૪. પણ એજ સાલમાં દોસ્તમહંમદે તેને હરાવીને કહાડી મૂકયો. તેથી તે ખીલાતના ખાન મેહેરાબખાનનો આશ્રય મેળવી લુધીઆણે પાછો આવ્યો. સને, ૧૮૩૫

**રણજીતસિંગ પેશાવર જીતે છે.** ૭ દોસ્ત મહંમદ કંદહાર ઉપર ચઢયો તે તકનો લાભ લેઇ રણજીતસિંગે દોસ્તના ભાઈ પાસેથી પેશાવર જીતી લીધું. તેથી દોસ્ત મહંમદ ૬૦ હજાર લશ્કર જમાવી પેશાવર પાછું લેવાને આવ્યો પણ તે હારીને પાછો ગયો. સન ૧૮૩૫. લાર્ડ આકલાંડ આવ્યા પછી તેણે પેશાવર પાછું અપાવવાની સરતે અંગ્રેજ સાથે સંધી કરવાનું કબુલ કર્યું પણ ગવરનર જનરલે ના પાડયાથી તેણે ઈરાનના શાહની મદદ માગી ને ૧૮૩૭ માં પોતાના દીકરા અકબરખાનને સૈન્ય આપી પેશાવર જીતવાને મોકલ્યો. તેણે શીખ સરદારને

હરાવી માર્યા, પણ રણજીતસિંગે તરતજ નવું લશ્કર મોકલી અફઘાનોને મારી કહાડયા.

**ઇરાની લશ્કર હીરાત ઉપર ચઢે છે.** ૮ સન ૧૮૩૭ માં રૂશિયન લોકની શીખવણીથી ઇરાનના શાહે હિંદની કુંચી હીરાત લેવા માટે લશ્કર મોકલ્યું. તેમણે પાંચ માસ સુધી હીરાતને ઘેરો ઘાલ્યો. એવામાં કચ્છના પોલીટીકલ એજંટનો ભત્રીજો મેજર પોટીંજર મધ્ય એશિઆમાં શોધ કરવાને ગયો હતો, તે હીરાત આવી પહોંચ્યો. હીરાત ઇરાનીઓના હાથમાં જશે તો રૂશિઆને હિંદ જીતવું સહેલું પડશે, એવું તે માનતો હતો, તેથી સ્વમતથી સ્વરાજ્યના રક્ષણાર્થે તે સ્વદેશાભિમાનથી હીરાતના શાહ મહંમદ પાસે જઇ નોકર રહ્યો. માત્ર તેનીજ હોંશીઆરી, બહાદુરી, દઢતા, હીમત ને આગ્રહથી હીરાત બચ્યું ને ઇરાનીઓ થાકીને પાછા ગયા. ઈ. સ. ૧૮૩૮.

**કાબુલ ઉપર ચઢાઇનું કારણ.** ૯ સન ૧૮૩૭ માં રૂશિઆએ એક એલચીને કાબુલના અમીર પાસે મોકલ્યો. દોસ્ત મહંમદ રૂશિઆના પક્ષમાં જશે તો રૂશિઆ હિંદ ઉપર ફાવી જશે એવા ડરથી અમીરને પોતાના પક્ષમાં લેવાને તેની સાથે સંધી કરવાને બર્ન્સ નામે અંગ્રેજી વકીલને કાબુલ મોકલ્યો. દોસ્ત મહંમદે તેને કહ્યું કે જો તમે પેશાવર પાછું અપાવો તો રૂશિઆની કે કોઇની દરકાર નહિ કરતાં હું તમારો સાચો મિત્ર થવા રાજી છું. પણ ગવરનર જનરલથી તે બને તેમ નહોતું. તેથી બર્ન્સ પાછો આવ્યો ને દોસ્તે રૂશિઆ સાથે દોસ્તી કરી. તેથી લોર્ડ આકલાંડે મેકનાટનને પંજાબ મોકલી રણજીતસિંગ સાથે મળીને શાહ શુજાને કાબુલની ગાદીએ બેસાડવાને ત્રીપુટી સંધી કરી. સન ૧૮૩૮. એ રીતે શાહશુજાની મદદે જવાને

એક લશ્કર બંગાળેથી ને એક મુંબાઇથી રવાના કરવાનો હુકમ થયો.

**સિંધના અમીરો સાથે નવી સંધિ.** ૧૦ સન ૧૮૩૨ માં સિંધના અમીરો સાથે સંધી કરી. તેમાં ઠરાવ્યું હતું કે સિંધમાં થઇ લશ્કરી અસબાબ લેઇ જવામાં નહીં આવે, છતાં શાહશુજાનું સહાયકારી સૈન્ય સિંધમાં થઇ બોલાન માર્ગે કાબુલ ઉપર જવાને નીકળ્યું. વળી શાહશુજાએ સન ૧૮૩૩ માં પાંચ લાખ રૂપીઆ લેઇ પાછલી ખંડણીનું રાજીનામું આપ્યું હતું; તોપણ ત્રીશ વરસથી રાજ્ય છોડી નાસી આવેલા શાહશુજાને પાછલી ૨૫ લાખ રૂપીઆની ખંડણી આપવાની માગણી કરી. તથા અમીરો સાથે નવી સંધી કરી, તેમાં એવું ઠરાવ્યું કે અમીરોએ અંગ્રેજનું ઉપરીપણું કબુલ કરવું ને ૪ હજાર અંગ્રેજી લશ્કર રાખી તેના ખર્ચ બદલ ત્રણલાખ રૂપીઆ દરસાલ આપવા. આ નવી સંધી કરવાને અમીરો રાજી નહોતા. પણ મુંબાઇનું લશ્કર લેઇ મી. કીન કરાંચી આવ્યો ને તે જીતીને હૈદરાબાદ ઉપર ચઢયો. ત્યારે લા ઇલાજે અમીરોએ સંધી ઉપર સહી કરી.

**ખીલાતના ખાન સાથે સલાહ.** ૧૧ મુંબાઇ ને બંગાળાનું લશ્કર શીકારપુર આગળ એકઠું થઈ બોલાનઘાટમાં પેઠું. ત્યાં પાણી અને ઘાસ વગર ઉંટ અને ભારભરદારી જાનવરો મરવા માંડયાં. ખોરાક પાછળ રહ્યો હતો તે બલુચી લૂટારા લૂટવા લાગ્યા. તેથી લશ્કરને હેરાન ગતિ ભોગવવી પડી. માટે એ સર્વનો બંદોબસ્ત કરવાને ખીલાતના ખાન મેહેરાબ સાથે સંધી કરવા સારૂ બર્ન્સને મોકલ્યો. એ સંધીમાં એવું ઠર્યું કે મેહેરાબખાને લશ્કરને ખોરાક પુરો પાડવો તથા હવે પછી આવતી ખોરાકી સ-

લામત પહોંચાડવી. પણ ખાનનો મુલક ફળદ્રુપ નહોતો. તેમ પાછલી સાલનો પાક અંગ્રેજી લશ્કરે બગાડયો હતો, તેથી તેનાજ લોક ઘાસ ને કંદમૂળ ખાઈ રહેતા હતા. મેહેરાબે કહ્યું કે મને ઇરાની ને રૂશિયન એલચીએ ફોડવાને ઘણી લાલચો આપી, પણ તમારાજ દૃઢ મિત્ર રહેવાના નિશ્ચયથી, મેં તેમને પાછા કહાડયા. અને એ પણ ખરૂં કે જો એ દૃઢ રહ્યો નહિ હોત તો એના એકજ બોલથી આખું અંગ્રેજી સૈન્ય નાંશ પામત.

**શાહશુજા કાબુલની ગાદીએ બેસેછે.** ૧૨. અંગ્રેજી સૈન્યે સન ૧૮૩૯ માં કંદહાર જીતી ગીજની લીધું ને ત્યાંથી તે કાબુલ ઉપર ચઢયું. ખૈબરને માર્ગે શાહશુજાનો દીકરો તૈમુર તથા શીખ લશ્કર પણ આવી પહોંચ્યું. દોસ્તમહંમદ નાસી ગયો ને સન ૧૮૩૯ માં શાહશુજા કાબુલની ગાદીએ બેઠો. કાબુલ, કંદહાર, ગીજની ને જલાલાબાદ વગેરે સ્થળે મળીને ૧૦ હજાર અંગ્રેજી લશ્કર શાહના રક્ષણાર્થે રાખી બાકીનું લશ્કર હિંદમાં પાછું આણ્યું.

**ખીલાત જીતવું.** ૧૩. મુંબાઇનું લશ્કર પાછું લેઇ જનાર જનરલ વીલ્ટશાયરને હુકમ કર્યો હતો કે ખીલાતના મેહેરાબખાને ખોરાકી બરાબર પહોંચાડી નહિ તથા બલુચી લૂટારાને અટકાવ્યા નહિ, માટે પાછા વળતાં તેને સજા કરવી. મેહેરાબે તેજ સમયે કહ્યું હતું કે મારાથી એ કામ બની શકે તેમ નથી, તોપણ તેના ઉપર અંગ્રેજી સૈન્ય ચઢયું ને સન ૧૮૩૯ માં મેહેરાબખાનને મારીને ખીલાત લીધું. ખીલાતની ગાદી મેહેરાબના એક સગાને આપી, તેના રાજ્યમાંથી ત્રણ ફળદ્રુપ પ્રાંતો શાહશુજાના રાજ્યમાં જોડીદીધા.

**દોસ્તમહંમદ શરણ થાય છે.** ૧૪. અંગ્રેજી લશ્કર કાબુલ ઉપર આવ્યું ત્યારે દોસ્ત ઉત્તરમાં નાસી ગયો ને આસપાસના સરદારોનો આશ્રય મેળવી તેણે લશ્કર જ-

માવ્યું. સર રાબર્ટસેલ તેની પાછળ પડયો. તેમની પરવાન આગળ સન ૧૮૪૦ માં લડાઈ થઈ. તેમાં દોસ્ત મહંમદ જીત્યો. તોપણ તેને કાબુલ જીતવાની આશા નહિ પડવાથી તે કાબુલ આવી અંગ્રેજ અમલદારને શરણ આવ્યો. દોસ્તને બેલાખ રૂપિઆનું વર્ષાસન બાંધી આપી તેના કુટુંબ સાથે કલકત્તે મોકલ્યો. ઈ. સ. ૧૮૪૦.

**કાબુલમાં બળવો.** ૧૫ અફ્ઘાન લોકોને પોતાનો દેશ ફીરંગીઓની સત્તામાં રહે તે પસંદ પડતું નહોતું. તેથી સન ૧૮૪૧ માં તેમણે બંડ કરવા માંડયાં. પ્રથમ ગીલજાઇ લોકે બળવો કરી સરરોબર્ટસેલને જલાલાબાદ જતાં હેરાન કર્યો. પછી કાબુલમાં બળવો થયો તેનો આગેવાન દોસ્ત મહંમદનો દીકરો અકબરખાન હતો, તેણે દગાથી મેકનાટન, તથા બર્ન્સ વગેરેને માર્યા. અંગ્રેજી સૈન્ય ગભરાયું. સેનાપતિ એલફિન્સ્ટન ઘરડો ને બારીક સમય માટે અયોગ્ય હતો. તેણે અંગ્રેજના નામને શરમ પમાડનારી સરત* કરી હિંદમાં પાછા જવાનું કબુલ કર્યું. એલફિન્સ્ટન, લેડી મેકનાટન, લેડી સેલ વગેરેને બાંહેધરીમાં આપી સૈન્ય આગળ ચાલ્યું. પંદર હજારમાંથી માત્ર ડાકટર બ્રાઇડોન એકલોજ જલાલાબાદ જઈ પહોંચ્યો. બાકીનું સૈન્ય બરફ, ભૂખ, થાક ને દુસ્મનના મારથી મરણ પામ્યું. જલાલાબાદમાં સર રાબર્ટ સેલ ને કંદહારમાં જનરલ નાટ બહાદુરીથી

---

* કાબુલ, કંદહાર, ગીજની ને જલાલાબાદ ખાલી કરી જવું; દોસ્ત મહંમદને છુટો કરવો, શાહશુજા લાખ રૂપીઆનું વર્ષાસન લેઇ કાબુલમાં રહે કિંવા હિંદમાં જાય ને તેના બદલામાં અકબરખાને ખોરાકી ને ગાડાં આપી લશ્કરને હિંદમાં વગર હરકતે જવા દેવું.

પોતાનો બચાવ કરી રહ્યા. બંડખોરોએ શાહશુજાને મારી નાંખ્યો. સન ૧૮૪૧.

**હારનો બદલો લેવાનો ઠરાવ.** ૧૬. કાબુલની હારનો બદલો વાળવો જોઇએ એવો ઠરાવ ગવરનર જનરલે કરીને ખાઇબરને માર્ગે જનરલ પોલોકને અને બોલાનને માર્ગે જનરલ ઇંગ્લાંડને જવાનો હુકમ કર્યો. જાનેવારી. ૧૮૪૨. પણ આકલાંડ સાહેબનાં કામથી ઇંગ્લાંડના અધિકારીઓ નાખુશ થયા. તેમણે એલનબરો સાહેબને તેમની જગાએ ગવરનર જનરલ ઠરાવીને મોકલ્યો. તેથી સન ૧૮૪૨ ના ફેબ્રુઆરીમાં તે હિંદમાં આવ્યો.

**ચીન સાથે લડાઇ.** ૧૭. લાર્ડ આકલાંડના સમયમાં એક બીજો બનાવ બન્યો તે ચીન સાથેની લડાઈ છે. ચીનમાં હિંદનું અફીણ જતું. તે ખાઇને ત્યાંના લોક પાયમાલ થતા, તે જોઇ ચીનના પાદશાહે પોતાનાં દેશમાં અફીણ લાવવાની મના કરી. તોંપણ હિંદી વેપારીઓ તે ચોરીથી લાવવા લાગ્યા. કંતાનના સુબાએ એ ચોરીના માલની તપાસ કરાવી તેનો નાશ કરાવ્યો. તેથી વેપારીઓને નુકશાન થયું તેનો બદલો લેવાને તેમણે અંગ્રેજ સરકારની મદદ માગી. તેથી લાર્ડ આકલાંડે હિંદમાંથી જનરલ ગાફની સરદારી નીચે લશ્કર મોકલ્યું. ઈ. સ. ૧૮૪૦. તેણે ચીનના શાહને હરાવી સંધી કરવાની જરૂર પાડી. તેમાં એવો ઠરાવ થયો કે ચીનાઇશાહે હાંગ કાંગ અંગ્રેજને આપવો, તથા ચાર બંદરોમાં વેપાર કરવાની રજા આપવી સન ૧૮૪૨.

**લાર્ડ એલનબુરો.** ૧૮. એલનબરોના વખતમાં ત્રણ બનાવ બન્યા. ૧. કાબુલની હારનો બદલો વાળવો, ૨ સિંધ જીતવું. ૩. ગ્વાલિયરના રાજ્યનો બંદોબસ્ત.

**કાબુલની હારનો બદલો વાળવો.** ૧૯. ખાઇ-

બારને માર્ગે જનરલ પોલોકને અને બોલાનને માર્ગે જનરલ ઇંગ્લાંડને લશ્કર તથા ખોરાકી આપીને અફઘાનીસ્તાન ઉપર મોકલ્યા. પોલોકે જલાલાબાદ જઈ સર રોબર્ટ સેલના લશ્કરે સાથે મળી કાબુલ ઉપર ચઢાઇ કરી. જનરલ ઇંગ્લાંડ કંદહાર પહોંચ્યો એટલે નાટનું લશ્કર ગીજની ઉપર ચઢ્યું ને તે જીતી કાબુલ ભણી ચાલ્યું. બંને તરફથી લશ્કર આવતું સાંભળી અકબરખાન નાસી ગયો ને અંગ્રેજ કેદીઓને તુર્કસ્તાન ભણી મોકલી દીધા. જેના કબજામાં એ કેદીઓ હતા તેણે પૈસાની લાંચ લેઇ તેમને અંગ્રેજ લશ્કરને સોંપ્યા. અંગ્રેજી લશ્કરે કાબુલના બજારનો નાશ કર્યો, શેહેર લૂટ્યું ને તેને આગ લગાડી પોતાની હારનો બદલો લીધો. પછી તેઓ સર્વે હિંદમાં પાછા આવ્યા ને દોસ્ત મહંમદને છૂટો કરી કાબુલ મોકલ્યો.*

**સિંધ પ્રાંત ખાલસા થયો.** ૨૦. સિંધના અમીરોએ સન ૧૮૩૯ ની સંધીની સર્વે સરતો બરાબર પાળી હતી. કીનના લશ્કરને તથા નાટના કંદહારી લશ્કરને ખોરાકી પહોંચાડવામાં કાંઇપણ હરકત કરી નહોતી. વળી ઇંગ્લાંડના લશ્કરને પણ કાંઇ અડચણ પડવા દીધી નહિ. જો એવા સંકટ સમયે તેઓ વિરૂદ્ધ થયા હોત તો નાટનું લશ્કર ખોરાકી વગર ત્યાંજ નાશ પામત. સિંધ ત્રણ ભાગમાં વહેંચાયલું હતું ને તેમાં જુદા જુદા અમીરો રાજ્ય કરતા હતા. ઉપલા સિંધમાં ખૈરપુરનો અમીર મીર રૂસ્તમ મૂખ્ય હતો. તે સિવાય મીરપુર, હેદરાબાદ ને તેમના પેટામાં ધ-

---

* પાછો મોકલતી વખતે દોસ્તને અંગ્રેજો વિશે અભિપ્રાય પુછ્યો. ત્યારે તેણે કહ્યું કે તમારૂં બળ, રાજ્ય ને સાધન બોહોળાં છે, તેની મને ખાતરી થઇ છે. તથાપિ મને સમજાતું નથી કે આટલા મોટા રાજ્યવાળા આવો ફળદ્રુપ દેશ મૂકીને મારા પહાડી નાના રાજ્ય ઉપર શામાટે આવ્યા હશે?

ણા અમીરો સ્વતંત્ર હતા, ને તે દરેક સાથે ૧૮૩૯ માં જુદી જુદી સંધી થઇ હતી. સન ૧૮૪૨ માં સિંધના અંગ્રેજ અમલદારોએ એકની ભૂલના જવાબદાર સઘળા અમીરોને ગણવાનો ઠરાવ કર્યો. ત્યાંના અંગ્રેજ અધિકારી આઉટરામે તેમાંના બે કે ત્રણ અમીર કાબુલની હાર પછી અંગ્રેજ સામી દુશ્મનાવટ ધરાવે છે એવું તોહમત મૂકયું. ગવરનર જનરલે સર ચાર્લ્સ નેપીયર નામે યોદ્ધાને તેની તપાસ કરવાને મોકલ્યો. તે ઇંગ્લાંડથી નવો આવેલો હતો. તેને હુકમ કર્યો કે ઉપલા તોહમત બાબત તપાસ કરવી, પણ ખાંતરી થયા સિવાય તેમની વિરૂદ્ધ કાંઇ પણ પગલું ભરવું નહિ. પરંતુ આ દેશના લોકોની ખટપટથી, રીતભાતથી ને ભાષાથી અજાણ્યા નેપીયરે ત્રણે અમીર ઉપર તોહમત સાબીત ગણી તેમની વિરૂદ્ધ પગલું ભર્યું તથા તેમના મુલકનો કેટલોક ભાગ જપ્ત કરી તેમને મળવાને બોલાવ્યા. તેઓ ડરીને નાસી ગયા ને હૈદરાબાદમાં આઉટરામ નવી સંધી કરવામાં રોકાયો હતો તેની પાસે ગયા. તેમણે તેને કહ્યું કે અમારા ઉપરનું તોહમત ખોટું છે. આઉટરામે નવી સંધી ઉપર સહી કરવાને કહ્યું. તેમાં તેમની ટંકશાળ બંધ પાડવાનું, લશ્કરના ખર્ચ બદલ મુલક આપવાનું ને એકના ગુન્હા બદલ સઘળાને જવાબદાર રહેવાનું હતું. આ સરતો અમીરોને પસંદ નહોતી. તેમણે કહ્યું કે અમારો અંગ્રેજ સામે થવાનો ઇરાદો નથી, અમે ગુન્હો કર્યો નથી ને કરવાની અમારી તાકાદ નથી. છતાં વગર કારણે અમને આ નવી સંધી ઉપર સહી કરવાની શા માટે ફરજ પાડો છો? છેવટે આઉટરામના આગ્રહથી તેમણે સહી કરી. પછી તેમણે કહ્યું કે હૈદરાબાદમાં બલુચીઓ હથીઆર બંધ એકઠા થયા છે, તે કોઇના કબજામાં નથી,

માટે તમે સલામત જગાએ જાઓ. નહિ તો તેમના કામના જવાબદાર અમે રહી શકીશું નહિ. પરંતુ તેમની માગણી ઉપર તેણે લક્ષ આપ્યું નહિ. સંધી ઉપર સહી થયા પછી ત્રીજે કે ચોથે દીવસે પેલા બલુચીઓએ આઉટરામ ઉપર હુમલો કર્યો, તેથી આઉટરામ નાસીને નેપીયરના લશ્કરને જઈ મળ્યો. સન ૧૮૪૩ માં મીઆણી આગળ ને હેદરાબાદ આગળ બલુચીઓ હાર્યા, તેથી એ પ્રાંત તેજ સાલમાં ખાલસા કરવામાં આવ્યો. ખૈરપુરનો અમીર અલીમુરાદ જે તેના ભાઇ મીરરૂસ્તમ અને બીજા અમીરોના નાશનું મૂળ હતો, તેનોજ મુલક માત્ર રહ્યો. ભાવલપુરનો નવાબ જે અગાઉથી અંગ્રેજ પક્ષમાં હતો, તેને અમીરોના મુલકમાંથી થોડો ભાગ આપીને નવાજ્યો.

**સિંધિઆના રાજ્યનો બંદોબસ્ત.** ૨૧. દોલતરાવ સિંધીઆ સન ૧૮૨૭ માં મરણ પામ્યાથી તેની સ્ત્રીએ જનકોજીને દત્તક લીધો હતો. તે સન ૧૮૪૩ માં મરણ પામ્યો. જનકોજીની સ્ત્રીએ જીઆજીરાવને દત્તક લીધો. તે આઠ વરસનો હોવાથી જનકોજીનો મામો કારભાર કરવા લાગ્યો. પણ દાદા ખાસજી વાળાએ રાણીને કબજે લેઇ મામાને કહાડી મૂકી કારભાર પોતાના હાથમાં લીધો. દાદા અંગ્રેજની વિરૂદ્ધ પક્ષનો હતો. તેણે સિંધીઆના કવાયતી લશ્કરને કબજે લીધું. ગવરનર જનરલે દાદાને કહાડી મૂકવાને લખ્યું, એ કાગળ દાદાએ રાણીને બતાવ્યોજ નહિ. રાણીએ દાદાને કહાડી મૂકવા કબુલ કર્યું, ત્યારે ગવરનર જનરલે તેને પોતાને કબજે માગ્યો. તે ન આપવાથી અંગ્રેજી લશ્કર લેઇ એલનબરો પંડે ગ્વાલિયર આવવાને નીકળ્યો. ત્યારે રાણીના ત્રણ ઉમરાવો ગવરનર જનરલ પાસે આવીને કહેવા લાગ્યા કે રાણી ને રાજા આપની મુલાકાત

માટે આવે છે, તે આવે ત્યાં સુધી અંગ્રેજી લશ્કર અમારા રાજ્યમાં જતું અટકાવો. આપ કહેશો તે પ્રમાણે કરવાને અમે તૈયાર છીએ. પણ એ વાત નહિ માનતાં ગવરનર જનરલે લશ્કરની કુચ જારી રાખી. સિંધીઆનું લશ્કર શેહેર બહાર અંગ્રેજને અટકાવવા ચાલ્યું ને વગર સરદારે મહારાજપુર ને પનીઆર આગળ બહાદુરીથી લડ્યું. પણ તે હાર્યાથી ગવરનર જનરલે ગ્વાલિયર આવી સિંધીઆ સાથે નવી સંધી કરી તેનું લશ્કર ઘટાડ્યું. ગ્વાલિયરમાં અંગ્રેજી લશ્કર રાખી તેનું ખર્ચ સિંધીઆ આપે, એવું ઠરાવ્યું. અને રાણીને ત્રણ લાખનું વર્ષાસન બાંધી આપ્યું. સન ૧૮૪૪.

**લાર્ડ એલનબરોની વિદાયગીરી.** ૨૨. સિંધ ને ગ્વાલિયરની લડાઇઓ ઇંગ્લાંડમાં પસંદ પડી નહિ. તેથી લાર્ડ એલનબરોને વિલાયત પાછો બોલાવી લીધો ને તેની જગાએ લાર્ડ હાર્ડિંજને ગવરનર જનરલ ઠરાવીને મોકલ્યો સન ૧૮૪૪. લાર્ડ એલનબરોના વખતમાં સન ૧૮૪૩ માં એક નવો ઠરાવ કરી હિંદમાં ગુલામનો ધંધો કરવાની મના કરી.

---

## પ્રકરણ ૯. મું.

## શીખ રાજ્ય.

### સન ૧૮૦૦ થી ૧૮૪૯ સુધી.

**રણજીતસિંગ.** ૧. બંધુના મુઆ પછી પણ શીખ લોકોનો લડાયક જુસ્સો નરમ પડ્યો નહોતો. એ લોકનું પ્રબળ પંજાબમાં વધારે હતુ. એ પંથ માનનારા નાના નાના જાગીરદારો પંજાબમાં વધારે હતા. તેમાંના મહાસિંગ નામે સરદારને રણજીતસિંગ નામે પુત્ર થયો. બાપના

મરણથી બાર વરસની બાળવયે રણજીતસિંગ ગાદીએ બેઠો. સન ૧૭૯૨. બાળપણમાં બળીઆ નીકળ્યાથી એની એક આંખ ગઇ હતી. હૈદર કે શિવાજીની માફક એ પણ કાંઇ વિદ્યા શીખ્યો નહોતો, છતાં એ બંનેના જેવા રાજ્ય સ્થાપક ગુણો એનામાં હતા. તે વખતે પંજાબ કાબુલના દુરાની રાજાના તાબામાં હતું. જ્યારે કાબુલના ઝમાનશાહે હિંદ ઉપર સ્વારી કરી ત્યારે રણજીતસિંગે તેને સહાય કરી તેના બદલામાં શાહે તેને લાહોર ઇનામમાં આપ્યું ને પોતાની તરફથી તેને પંજાબનો સુબો ઠરાવ્યો. સન ૧૮૦૧. તે પછી કાબુલમાં દુરાની ભાઇઓ માંહે માંહે લઢીને નબળા થયા ત્યારે રણજીતસિંગ સ્વતંત્ર થયો. શીખ લોક બહાદુર ને લડવૈયા છે. તેમનું મન મેળવી લેઈ તેણે સતલજ સુધીનો મુલક જીતીને તાબે કર્યો. સતલજ ને જમનાં નદીની વચે સરહિંદ પ્રાંત છે તેમાં નાના નાના શીખ સરદારો રાજ્ય કરતા હતા. રણજીતસિંગે તેમના ઉપર ઉપરીપણાનો દાવો કર્યાથી તેમણે અંગ્રેજોની સહાય માગી. અંગ્રેજોએ તેમની સાથે સંધી કરી તેમને પોતાના આશ્રયમાં લીધા. તેથી રણજીતસિંગ તે તરફ આગળ વધતો અટકયો.

**રણજીતસિંગ શીખ લશ્કરને કવાયત શીખવે છે.** ૨. સન ૧૮૦૯માં મેટકાફ રણજીતસિંગ સાથે સંધી કરવાને લાહોર આવ્યો ત્યારે તેની સાથેની અંગ્રેજી લશ્કરની ટુકડીની કવાયત જોઇ તે ચકિત થયો, ને તેણે પોતાના લશ્કરને કવાયત શીખવવાનું ધાર્યું. પ્રથમ તેના બહાદુર લશ્કરે પોતાની જુની રીત છોડી કવાયત શીખવાને આનાકાની કરવા માંડી. પણ રણજીતસિંગે તેમને પગાર વધારવાની લાલચ આપીને, તેમની કવાયત ઉપર પોતે ખાસ ધ્યાન આપીને તથા પોતે જાતે કવાયત કરવા માં-

ડીને, પોતાના લશ્કરને કવાયત ઉપર ધ્યાન આપતા કર્યા. એ રીતે નિરંતર ધ્યાન આપ્યાથી એનું શીખ લશ્કર કવાયતી બન્યું, તથા તેનું તોપખાતું વખાણવા જોગ થયું.

**રણજીતસિંગના રાજ્યનો વધારો.** ૩. સને ૧૮૦૯ સુધીમાં એણે સઘળા શીખ સરદારોને પોતાના તાબામાં આણ્યા પછી પોતાનું રાજ્ય આસપાસ ફેલાવા માંડ્યું. તે સમયે મુલતાન કાબુલના અમીરના તાબામાં હતું, ત્યાં સ્વારી કરીને બે લાખ રૂપીઆ ખંડણી લીધી. સન ૧૮૧૦. સન ૧૮૧૩ માં એણે કાબુલના વજીર ફતેહખાંન સાથે સંધી કરીને કાસ્મીર જીતવાનો ઠરાવ કર્યો. પણ વજીર એકલાએ તે જીત્યાથી રણજીતને તેમાં ભાગ મળ્યો નહિ. તેથી તેણે અટકનો કિલ્લો ને તેની પાસેનો મુલક ફતેહખાનને હરાવીને લીધો ને સિંધુ સુધી પોતાના રાજ્યની હદ વધારી. કાબુલનો શાહ શુજા એને આશ્રયે આવી રહ્યાથી તેની પાસેથી રણજીતે કોહીનૂર પડાવી લીધો. તેથી શાહ અંગ્રેજને આશ્રયે લુધીઆણામાં આવી રહ્યો. સન ૧૮૧૮ માં કાબુલના અમીર મહંમદના દીકરા કામરાને ફતેહખાન વજીરને મારી નાંખ્યાથી તેના વીશ ભાઇઓએ મહંમદને હીરાત નસાડી મૂકી, અફ્ઘાનીસ્તાનનો કબજો લીધો. એ ગડબડનો લાભ લેઇ રણજીતે સન ૧૮૧૮ માં મુલતાન ને ૧૮૧૯ માં કાસ્મીર જીતી લીધું. તથા સન ૧૮૨૧ સુધીમાં સુલેમાન ને સિંધુ નદીની વચેની સિંધ સુધીની પટી જીતી લીધી.

**શીખ લશ્કર યુરોપિયન કવાયત શીખે છે.** ૪. સન ૧૮૨૨ માં નેપોલિયન બોનાપાર્ટના સરદાર કર્નલ એલાર્ડ અને વેન્ચુરા તેના લશ્કરમાં નોકર રહ્યા. તેમણે તથા તે પછી જનરલ કોર્ટ ને આવીટેબાઇલ પણ આવ્યા,

તેમણે શીખ લશ્કરને યુરોપિયન લડાઇની કવાયત તથા કળા શીખવી. તેથી એનું લશ્કર ને તોપખાનું હિંદનાં સર્વે દેશી રાજ્યો કરતાં ચડીઆતું થયું.

**વહાબી પંથ.** ૫. અમીરખાન પીંઢારાના લશ્કરમાં સૈયદ અહંમદ નામે એક નાનો સરદાર હતો, તેણે અમીરખાનનું લશ્કર વેરાયા પછી એક નવો ધર્મ ચલાવ્યો. તે સન ૧૮૨૨ માં બંગાળામાં ગયો ત્યારે ત્યાં પણ એના ઘણા શિષ્ય થયા હતા. એ અહંમદે સન ૧૮૨૭ માં બળવો કરીને પેશાવર ઉપર હલ્લો કર્યો, પણ તે હાર્યો. ફરીથી સન ૧૮૩૦ માં હલ્લો કરીને તેણે પેશાવર જીત્યું, પણ તે પાછો હાર્યો ને કાસ્મીરમાં નાસી ગયો. ત્યાં એનો શિષ્ય ટીટુમીર કરીને થયો, તેણે બંગાળામાં જઇને બળવો કર્યો. એ વાત પાછળ આવી ગઇ છે. ટીટુના બળવાની પૂર્વેજ અહંમદને રણજીતના લશ્કરે મારી નાંખ્યો હતો. ઇ.સ. ૧૮૩૧.

**રણજીત પેશાવર જીતે છે.** ૬. સન ૧૮૨૩ માં રણજીતે પેશાવર ઉપર ચઢાઇ કરી, પણ નોશેરા આગળ એનું લશ્કર હાર્યું, તોપણ અંતે વધારે લશ્કર લાવીને એણે પેશાવર જીત્યું ને દોસ્ત મહંમદના ભાઈ યાર મહંમદને ખંડણી આપવાની સરતે પાછું સોંપ્યું. આગળ જતાં જ્યારે દોસ્ત મહંમદ શાહશુજાના પાસેથી પાછળ કહ્યા પ્રમાણે કંદહાર પાછું લેવાને ગયો, ત્યારે રણજીતે પેશાવર ઉપર હલ્લો કરીને જીતી લીધું ને પોતાના રાજ્યમાં મેળવી જનરલ આવીટેબાઈલને ત્યાંનો સુબો ઠરાવ્યો. એ પ્રમાણે રણજીતસિંગે પરદેશીઓનો વિશ્વાસ કરી પોતાના લશ્કરના જનરલ બનાવ્યા એટલુંજ નહિ, પણ તેમને પોતાના રાજ્યમાં સુબેદાર ઠરાવ્યા. દોસ્ત મહંમદ પેશાવર જીતવાને આવ્યો, પણ હારીને પાછો ગયો. ઇ. સ. ૧૮૩૫.

**રણજીતના રાજ્યનો મધ્યાન.** ૭. સન ૧૮૩૫ સુધીમાં રણજીતસિંગે એક નાની ઠકરાતમાંથી તાતારથી સિંધ સુધી ને સતલજથી સુલેમાન સુધીનું વિસ્તિર્ણ રાજ્ય બનાવ્યું. એના રાજ્યની ઉપજ અઢી કરોડ રૂપીઆ ને લશ્કર એક લાખ માણસનું હતું. એના રાજ્યની પૂર્વ હદ ઉપર અંગ્રેજ ને તેમના મિત્રોનો મુલક હતો, ને સન ૧૮૦૯ની સંધી પ્રમાણે એ મુલક ઉપર તલપ મારવાની મના હતી. તેથી એના સરદારોનો આગ્રહ છતાં એણે મરતા સુધી તે તરફ દૃષ્ટિ કરી નહિ. દક્ષિણ તરફ સિંધ જીતવાની એની ઇચ્છા હતી, પણ અંગ્રેજોના વચે પડવાથી એ વાત એણે બંધ રાખી. પશ્ચિમ તરફ ખાઇબરઘાટમાં જવાની એના લશ્કરની મરજી નહોતી. તેથી હવે એના રાજ્યની હદ આવી રહી. સન ૧૮૩૯ માં રણજીતસિંગ મરણ પામ્યો. ત્યારે એના ખજાનામાં બાર કરોડ રૂપીઆ સીલક હતી.

**રણજીતસિંગનું ભવિષ્ય.** ૮. એણે પોતાના એક સરદારના પુત્રને અંગ્રેજી ભણવા મોકલ્યો હતો તે આવ્યો ત્યારે હિંદનો નકશો પથરાવીને લાહોરનું રાજ્ય બતાવવા કહ્યું. તે પછી એણે પુછ્યું કે હિમાચળથી લંકા સુધી આ લાલ લીટીની હદ શાની છે? છોકરે કહ્યું, એતો અંગ્રેજી રાજ્યની હદ છે. એ સાંભળી એણે નકશાને લાત મારી કહ્યું કે "આ બધો લાલ થઈ જશે." મતલબ કે આખું હિંદ અંગ્રેજી થશે. તે પછી દશબાર વરસમાં તો એનું રાજ્ય અંગ્રેજીમાં જોડાયું.

**રણજીતની રાજ્ય પદ્ધતિ.** ૯. રણજીતસિંગ ભણેલો નહોતો, તથાપિ એના કારભારીઓ કાગળ પત્રો લાવે તે સાંભળી તે પોતાના અભિપ્રાય આપતો. જો કે એણે જાતિ મેહેનતથી મુલકો જીત્યા ને જય મેળવ્યા, તો-

પણ તે લખાણમાં ને બોલવામાં પોતાને શીખ સમાજના મુખી તરીકે ગણતો—રાજા તરીકે નહિ. શીખ સમાજને "ખાલસા" કહેતા ને એનું લશ્કર ખાલસાનું લશ્કર કહેવાતું ને "ખાલસાનો જય" એમ બોલતા. એથી સરદાર, સિપાઇ ને લોક એની સાથે પૂજ્ય ભાવથી વળગી રહેતા. સઘળા વિજયો ને પરાક્રમો પરમેસ્વરને નામે ગુરૂ ગોવિંદની ખાતર અને ખાલસાની કીર્તિની ખાતર હતા, એમ સમજાવી એણે સર્વનો પ્રેમ સંપાદન કર્યો હતો. તે સન ૧૮૩૯ માં ૫૯ વરસની ઉમરે ૪૭ વરસ રાજ્ય કરીને મરણ પામ્યો. જો પૂર્વ ને દક્ષિણમાં અંગ્રેજની આડ નડી ન હોત તો એ હિંદમાં હિંદુ મહારાજ્ય સ્થાપી શક્યો હોત. અંગ્રેજો એને પંજાબનો સિંહ કહેતા.

**શીખ રાજ્યમાં કુસંપ.** ૧૦. રણજીત પછી તેનો પુત્ર કરકસિંગ રાજ્ય કરવા લાગ્યો. પણ રાજ્યની ખરી સત્તા તેના પુત્ર નાઓનિહાલસિંગના હાથમાં હતી, ને તેનો કારભાર જામુભાઇઓમાંનો ધ્યાનસિંગ કરવા લાગ્યો. રણજીતસિંગના સમયમાં ગુલાબસિંગ કરી રજપુત તેના પાયદળ લશ્કરમાં હતો. તેની હોંશિઆરીથી તે આગળ જતાં સરદાર થયો. રણજીતે તેને જામુની જાગીર આપી હતી. એ ત્રણ ભાઈ હતા, તેમાં ગુલાબસિંગ મોટો હતો. સન ૧૮૪૦ માં કરકસિંગ મરણ પામ્યો ને તેજ દીવસે તેનો પુત્ર નાઓનિહાલ પણ મુઓ. તેથી રણજીતનો પ્રખ્યાત કુંવર શેરસિંગ ગાદીએ બેઠો, ને ધ્યાનસિંગ કારભારી થયો. એવામાં ગુલાબસિંગે ચીનાઈ તીબેટ જીતવાનો વિચાર કર્યો, પણ અંગ્રેજોએ વચે પડી લાસા દરબાર સાથે સંધી કરાવી. આગળ પંજાબ દરબારમાં ખટપટ ચાલી, તેમાં શેરસિંગ ને ધ્યાનસિંગ મરાયા. તેથી રણજીતનો પાંચ વર-

સનો કુંવર દુલિપસિંગ ગાદીએ બેઠો. તેનો કારભાર તેનો મામો જુવાહિરસિંગ તથા લાલસિંગ નામે બ્રાહ્મણ કરવા લાગ્યા.

**સૈન્ય રાજ્ય.** ૧૧ હવે રાજ્યની સઘળી સત્તા સૈન્યના હાથમાં આવી. તેઓ ચાહે તેને ઉઠાડે ને ચાહે તેને બેસાડે એવું થયું. તેમણે ગુલાબસિંગને નમાવી ૬૮ લાખ ને મુલતાનના સુબા મૂળરાજને નમાવી ૧૮ લાખ રૂપીઆ લીધા. તથા જવાહિરસિંગને મારી નાંખ્યો. તેથી લાલસિંગ દિવાન ને તેજસિંગ સેનાપતિ થયા. જનરલ કોર્ટ નાસી ગયો ને જનરલ આવીટેબાઇલ જલાલાબાદ જતો રહ્યો. દુલિપસિંગની મા, લાલસિંગ ને તેજસિંગ પણ પોતાની સલામતી માટે લશ્કરથી ડરવા લાગ્યાં. તેઓ લશ્કરના હાથમાં રમકડા જેવાં થયાં.

**શીખ સાથે ૧ લું યુદ્ધ.** ૧૨. શીખ રાજ્યની આવી અસ્થિર હાલત જોઇને ગવરનર જનરલે પોતાના રાજ્યની સલામતી માટે સતલજની પૂર્વે ફીરોજપુરની આસપાસ ૪૦ હજાર લશ્કર જમાવેલું હતું. લાહોરમાં લશ્કર નકામું હોવાથી બેકેદ થયું ને કારભારીઓ તેથી ડરવા લાગ્યા ત્યારે તેઓ લશ્કરનો નાશ થએલો ઇચ્છવા લાગ્યા. અંગ્રેજો સિવાય તેમનો દોર નરમ પાડે તેવું કોઇ ન હોવાથી છેવટે તેમણે પોતાના લશ્કરને સતલજની પૂર્વના મુલક ઉપર હલ્લો કરવાને મોકલ્યું. તેથી ૬૦ હજાર શીખ લશ્કર જબરા તોપખાના સાથે સતલજ ઓળંગી આપાર આવ્યું. ફીરોજપુરમાં ૧૦ હજાર લશ્કર હતું. પણ લાલસિંગ ને તેજસિંગે લડાઇ ન કરતાં આગળ ચાલી ફીરોજ શહેર આગળ છાવણી નાંખી. સને ૧૮૪૫. ફીરોજપુરના લશ્કર ઉપર શીખ લશ્કરે હલ્લો કર્યો હોત તો, તેનો નાશ કરી શક્યા હોત. પણ શીખસરદારો શીખલશ્કરની જીતથી ડર-

તા હતા. તેથી તેઓ તેમની જીત કરતાં તેમનો નાશ વધારે ઇચ્છતા હતા. એવામાં કમાન્ડર ઇનચીફ ગાફ તથા ગવરનર જનરલ હાર્ડિંજ આવી પહોંચ્યા. વીશ હજાર લશ્કર લેઈ લાલસિંગે મુડકી આગળ અંગ્રેજી લશ્કર ઉપર હલ્લો કર્યો, પણ લાલસિંગ નાસી ગયાથી શીખ લશ્કર હારીને પાછું છાવણીમાં આવ્યું. ત્યાં આગળ ગાફે શીખ લશ્કર ઉપર હલ્લો કર્યો. અંગ્રેજી લશ્કરે છાવણી લેવાને ઘણો યત્ન કર્યો, પણ તે લેવાઇ નહિ ને બંને લશ્કર પોત પોતાની જગાએ રહ્યાં. સવારમાં લાલસિંગ નાસી ગયાંથી શીખ લશ્કર પાછું ફર્યું. એ લડાઇથી અંગ્રેજનો લડાઇનો સામાન ખુટી ગયો હતો, એવામાં તેજસિંગ તાજું લશ્કર લેઇને આવ્યો. પણ તે લડાઇ કર્યા વગરજ ચાલ્યો ગયો, તેથી અંગ્રેજી લશ્કરનો નાશ થતો બચ્યો. જેના સરદાર આંધળા તેનું લશ્કર કુવામાં પડે તેમાં નવાઇ નથી. નવો સામાન ને લશ્કરની સહાય આવતા સુધી અંગ્રેજી લશ્કર આગળ નહિ વધ્યાથી શીખ સરદાર રણજોરસિંગે બદીવાળ આગળ અંગ્રેજ સરદાર હારી સ્મીથ ઉપર હલ્લો કરીને તેને હરાવ્યો. પણ એજ સરદારે અલીવાલ આગળ રણજોરને હરાવી પોતાની ગએલી આબરૂ પાછી મેળવી સન ૧૮૪૬. લાલસિંગની નાલાયકી જોઇ ગુલાબસિંગને દિવાન ઠરાવ્યો. તેણે સલાહનું કહેણ ચલાવ્યું. પણ ગવરનર જનરલે શીખ લશ્કરનાં હથીઆર લેઈ લેવાની માગણી કરી, તે ગુલાબસિંગના હાથમાં નહિ હોવાથી સંધી થઇ નહિ. શીખ લશ્કરે સોબ્રાઓન આગળ છાવણી નાંખી. અંગ્રેજી લશ્કરે આગળ વધી છાવણી ઉપર હલ્લો કર્યો. શીખસરદાર લાલસિંગે શીખની નબળી જગા અંગ્રેજને બતાવ્યાથી, લાલસિંગને તેજસિંગ નાસી જવાથી અને તેજસિં-

ગે જતી વખતે સતલજ ઉપરનો પુલ તોડાવી નાંખ્યાથી શીખ હાર્યા. શીખ સરદાર શ્યામસિંગે મરતા સુધી બહાદુરીથી લડાઇ કરી. બાકીના મરાયા કે નદીમાં ડુબી ગયા. એ યુદ્ધમાં ૮ હજાર શીખ મુઆ ને અંગ્રેજી લશ્કરમાંથી સુમારે ૨૪૦૦ માણસ મરાયાં ૧૮૪૬. આ જય મેળવી અંગ્રેજી લશ્કર લાહોર આવ્યું ત્યાં સલાહ થઇ. તેમાં એવું ઠર્યું કે "સતલજ ને બીઆસ વચેનો દોઆબ પ્રાંત તથા લઢાઇના ખર્ચ બદલ દોઢ કરોડ રૂપીઆ અંગ્રેજોને આપવા. ૩૨૦૦૦ લશ્કર રાખી બાકીના શીખ લશ્કરને રજા આપવી. મહારાજા મોટા થતા સુધી પંચથી રાજ્યકારભાર ચલાવવો ને લાહોરમાં અંગ્રેજ રેસિડેંટ રાખવો." લડાઇના ખર્ચના રૂપીઆ આપવાના ખજાનામાં ૫૦ લાખથી વધારે નહિ હોવાથી એક કરોડ રૂપીઆ ગુલાબસિંગે આપ્યા. તેના બદલામાં અંગ્રેજે તેને કાશ્મીર ને જમુનો સ્વતંત્ર રાજા બનાવ્યો. રાજાની માગણીથી થોડું અંગ્રેજી લશ્કર પણ રાજ્યના બંદોબસ્ત માટે પંજાબમાં રાખ્યું. એ રીતે શીખની ૧ લી લઢાઇનું છેવટ આવ્યું. ઇ. સ. ૧૮૪૬.

**શીખ સરદારોનો બળવો.** ૧૩. સન ૧૮૪૮ માં લોર્ડ હાર્ડિંજ વિલાયત ગયો ને તેની જગાએ લાર્ડ ડલહૌસી ગવરનર જનરલ થયો. મુલતાન જીત્યા પછી રણજીતે મૂકેલો સુબો ૧૮૪૪ માં મરણ પામ્યાથી તે સુબાનો પુત્ર મૂળરાજ સુબો થયો. તેની સુબાગીરી ઉપર કાયમ થવાને દિવાન લાલસિંગે કરોડ રૂપીઆ માગ્યા, પણ છેવટે ૧૮ લાખ નક્કી થયા. પણ તે પછી શીખ દરબારમાં કુસંપ પેઠાથી તેણે તે આપ્યાં નહિ. પણ અંગ્રેજે સ્વસ્થતા કર્યા પછી એ રૂપીઆની ફરી માગણી થયાથી મૂળરાજ લાહોર આવ્યો ને ૧૮ લાખ રૂપીઆ આપીને તેણે રાજીના-

મું આપવાનું કહ્યું. તે સ્વીકારી તેની જગાએ ખાનસિંગને સુબો ઠરાવ્યો. તે તથા કેટલાક અંગ્રેજ અધિકારી થોડું લશ્કર લેઇ મૂળરાજ પાસેથી ચાર્જ લેવાને મુલતાન ગયા. સન ૧૮૪૮ તેમણે પાછલાં છ વરસનો હિસાબ માગ્યો. તેણે ચાલુ હિસાબ આપી પાછલો હિસાબ આપવાની ના પાડી. પરંતુ ચાર્જ લેનારાએ તે માન્યું નહિ, તેથી તેની ઉશ્કેરણીથી તેના લશ્કરે અંગ્રેજ અમલદારોને મારી નાંખ્યા તથા તેમની સાથે ગએલું લશ્કર પણ ફરી જઇ મૂળરાજને મળી ગયું. એ રીતે મૂળરાજે પંજાબમાં બંડનો પાયો નાંખ્યો. તે વખતે બનુમાં લફટેનંટ એડવર્ડસ હતો. તેણે લશ્કર જમાવ્યું, તથા ભાવલપુરના નવાબને મદદે બોલાવ્યો. તેથી તેની પાસે ૧૮ હજાર લશ્કર જામ્યું. તે વડે તેણે મૂળરાજને કિનેરી ને સદુસેન આગળ હરાવ્યો. એવામાં જનરલ વ્હીશ લશ્કર લેઇ તેની મદદે આવ્યો ને તેની સાથે શેરસિંગ નામે સરદાર શીખ લશ્કર લેઇને આવ્યો. તેમણે મુલતાનને ઘેરો ઘાલ્યો. એ જોઈ દુલિપસિંગની મા અંગ્રેજને કહાડવાની ખટપટ કરવા લાગી. એ ખટપટમાં મુલતાનનો નવો સુબો ખાનસિંગ પણ સામેલ થયો. વળી સરદાર શેરસિંગનો બાપ છત્રસિંગ જે હજારાનો સુબો હતો તેણે પણ બળવો કર્યો ને તેના પુત્રને તેમાં સામેલ થવાને તે ઉશ્કેરવા લાગ્યો. એવામાં શેરસિંગને બળવો કરવાનું કારણ મળ્યું. જનરલ વ્હીશે મૂળરાજને હુકમ કહાવ્યો કે "મહારાણી વિકટોરિઆને નામે મુલતાન ખાલી કરવું." એ ઉપરથી સર્વ શીખ સરદારોને ભય લાગ્યો કે પંજાબ અંગ્રેજે લેઇ લેવાનું ધાર્યું છે. એથી શેરસિંગ પણ ફરી ગયો ને મૂળરાજને જઈ મળ્યો તથા આખી શીખ પ્રજાને તેણે બંડ કરવાનો ઢંઢોરો પીટાવ્યો. પેલી તરફ પેશાવ-

રનું લશ્કર છત્રસિંગને મળી ગયું. તથા દોસ્ત મહંમદે શીખની વહારે આવવાને કબુલ કર્યું. એ રીતે થોડી મુદતમાં આખા પંજાબમાં એ બળવો ફેલાયો. સન ૧૮૪૮.

**શીખ સાથે ૨ જું યુદ્ધ.** ૧૪. મુંબાઇના લશ્કરની મદદ આવતા સુધી જનરલ વ્હીશ ઘેરો ઉઠાવી દૂર છાવણી નાંખીને પડયો ને શેરસિંગ મુલતાનથી બહાર નીકળ્યો. તેની સામો સેનાપતિ ગાફ આવી પહોંચ્યો ને રામનગર આગળ લડાઇ કરી, પણ તેમાં અંગ્રેજને નુકશાન થયું. આ વખતે શેરસિંગે ગવરનર જનરલને બળવાનું કારણ લખ્યું કે અંગ્રેજે શીખને હલકા ગણી ગુલાબસિંગ રજપૂતને ચઢાવ્યો, મુસલમાનોનું માન વધાર્યું, અમારી મહારાણીને કાશીમાં કેદ કરીને શીખ ધર્મ વિરૂદ્ધ પંજાબમાં ગૌવધ ચલાવ્યો, તેથી બળવો થયો છે. પણ જો તે તમે અટકાવો તો અમે તાબે થવાને તૈયાર છીએ. પણ તે માત્ર બાહાનું હતું. એના લશ્કરમાં વધારો થયા જતો હતો. સાદુલાપુર આગળ બીજી એક નાની લઢાઈ થઇ, પણ તેમાં કોઈની હારજીત થઇ નહિ. શેરસિંગ આગળ ચાલ્યો ને તેણે ચીલીયનવાળા આગળ જનરલ ગાફ સાથે યુદ્ધ કર્યું. તેમાં શીખની બાર તોપ અંગ્રેજને હાથ આવી ને અંગ્રેજની ચાર તોપ ને ત્રણ પલટણનાં વાવટા શીખને હાથ આવ્યા. ૧૮૪૯.

**મુલતાન જીતવું.** ૧૫. શેરસિંગના ગયા પછી થોડી મુદતમાં મુંબાઇનું લશ્કર જનરલ વ્હીશને આવી મળ્યું. તેથી તેની પાસે પુરતું લશ્કર થવાથી તેણે મુલતાન જીત્યું ને ચીલીયનવાળાની લડાઇ પછી એક માસમાં તો તે ગાફ સાહેબને આવી મળ્યો.

**બળવાનો અંત.** ૧૬. શીખ લશ્કર શેરસિંગની

સરદારી નીચે ગુજરાત આગળ છાવણી નાંખી પડેલું હતું. ત્યાં જનરલ વ્હીશનું લશ્કર આવ્યા પછી ગાફે હલ્લો કર્યો. તેમાં શીખ લશ્કર બીલકુલ હાર્યું ને શેરસિંગ નાસી ગયો. એની મદદમાં દોસ્તમંહમદના ૧૫૦૦ સ્વારો આવ્યા હતા તે પણ નાઠા. આખરે શેરસિંગ, છત્રસિંગ ને બીજા સરદારો તથા લશ્કર હથીઆર મૂકી અંગ્રેજને શરણે આવ્યા. શીખ સાથે થએલી પહેલી લડાઇમાં શીખ સરદારો બાયલા હોવાથી નાસી જતા. તે વખતે લડાઇનો ઉત્સાહ માત્ર લશ્કરમાંજ હતો, પણ આ વખતે જેવું શીખ લશ્કર બહાદુર ને ઉત્સાહી હતું, તેવાજ તેમના સરદારો હોવાથી તેમને હરાવતાં પહેલા વખત કરતાં અંગ્રેજોને વધારે મહેનત પડી ને તેમને નુકશાન પણ વધારે થયું.

**શીખ રાજ્યનો આખર.** ૧૭. હવે પંજાબના શીખ રાજ્યની આખર આવી. ગવરનર જનરલના હુકમથી મહારાજા દુલિપસિંગને પાંચ લાખનું વર્ષાસન બાંધી આપ્યું, ને રણજીતસિંગનું રાજ્ય તેના કહેલા ભવિષ્ય પ્રમાણે પંદર વરસમાં તો અંગ્રેજી રાજ્યમાં જોડાયું. શીખ લશ્કરનાં હથીઆર છોડાવી દીધાં ને જોન લારેન્સના ઉપરીપણા નીચે પંજાબમાં અંગ્રેજી વહિવટ ચલાવ્યો. મૂળરાજને જન્મ કેદ કર્યો. તથા બીજા બંડખોર સરદારોની જાગીરો લેઇ તેમને થોડાં થોડાં વર્ષાસન બાંધી આપ્યાં. ૧૮૪૯. રણજીતસિંગે મરતી વખતે કોહીનૂર જગનનાથજીને આપવાનું કહ્યું હતું, તે મહારાણી શ્રીના તાજમાં શોભવા માટે ઇંગ્લાંડ ગયો. હવે હિંદમાં એકે એવું દેશી રાજ્ય રહ્યું નહિ કે જે અંગ્રેજના તાબામાં ને હુકમમાં ન હોય.

# પ્રકરણ ૧૦ મું.

## અંગ્રેજી રાજ્યની પુષ્ટિકળા ને બળુવો.

## સન ૧૮૪૪ થી ૧૮૬૨ સુધી.

**લાર્ડ હાર્ડિંજ.** ૧ લાર્ડ હાર્ડિંજ ઇ. સ. ૧૮૪૪માં ગવરનર જનરલ થઇને આવ્યો, તે પછીનાં બે વરસ પંજાબના વિગ્રહમાં ગયાં. પંજાબનો વહિવટ કરવાને પંચ નીમ્યા પછીનાં બે વર્ષ સલાહ શાંતિમાં ગયાં. એ બે વરસમાં એણે દેશ સુધારાનાં દયાળુ કામ કર્યાં. પાછલાં આઠ વર્ષ લઢાઇમાં ગયાથી લોર્ડ વિલિયમ બેંટિકે સતી થવાની, દૂધ પીતી કરવાની, ને નરમેધ કરવાની બંધી કરી હતી તથા ફાંસીઆનો બંદોબસ્ત કર્યો હતો, તેનો બરાબર અમલ થયો નહોતો. તેથી હાર્ડિંજે તેનો બરાબર બંદોબસ્ત કરીને એ ક્રૂર ક્રિયાઓ થતી અટકાવી. તથા રાહદારી દાણ લેવાતું બંધ કરી વેપારને ઉત્તેજન આપ્યું. લોર્ડ હાર્ડિંજ સન ૧૮૪૮ માં વિલાયત પાછો ગયો ને તેની જગાએ લાર્ડ ડલહૌસી ગવનર જનરલ થઇને આવ્યો.

**લાર્ડ ડલહૌસી.** ૨. એના વખતમાં પાંચ મોટા બનાવ બન્યા. ૧ પંજાબ સાથે લઢાઈ ને એ રાજ્ય ખાલસા કરવું, ૨ બ્રહ્મદેશ સાથે લઢાઇ. ૩ બીનવારસી દેશી રાજ્યો અને જેને રાજ્ય ચલાવતાં ન આવડે એવા રાજાઓના રાજ્યનું ખાલસા થવું, ૪ કંપનીના પટામાં ફેરફાર, ૫ રેલવે, તાર, પુલ, વગેરે બંધાવવાં અને કેળવણીને ઉત્તેજન મળવું.

**શીખ રાજ્ય ખાલસા થવું.** ૩. ગુજરાતની લઢાઇમાં શીખને હરવ્યા પછી એ રાજ્ય ખાલસા કરી તેનો વહિવટ કરવાને સરજાન લારેન્સને નીમ્યો. તેણે શીખ લો-

કનાં હથીઆર લેઈ લીધાં ને જમાબંધી નક્કી કરી જમીન વેરો કમી કર્યો. સડકો ને નેહેરો બંધાવી આબાદી કરી તથા પ્રજાને સખત ન લાગે એવો દિવાની ફોજદારી કાયદો ચલાવી લોકનાં મન શાંત પાડ્યાં.

**બ્રહ્મ દેશસાથેલડાઇ.** ૪. બ્રહ્મદેશનો રાજા ઉદ્ધત થયાથી તેના કારભારીઓ રંગુનના અંગ્રેજ વેપારીઓ ઉપર જુલમ કરવા લાગ્યા. તેમણે અંગ્રેજી વહાણના કપ્તાનનું અપમાન કર્યું, તથા ગવરનર જનરલે તેનો જવાબ માગ્યો તે ઉન્મતાઇથી આપ્યો. તેથી બ્રહ્મદેશ સાથે બીજી વારની લઢાઇ કરવાની જરૂર પડી. ઇ. સ. ૧૮૫૨. અંગ્રેજી સેના બ્રહ્મદેશ ઉપર ચઢીને તેણે માર્તાબાન, રંગુન, બેસીન (વસાઇ), પેગુ વગેરે જીતી લીધાં. એવામાં બ્રહ્મદેશના રાજાને પદભ્રષ્ટ કરીને તેનો ભાઈ ગાદીએ બેઠો, તેણે અંગ્રેજ સરકાર સાથે સલાહ કરી, તેમાં પેગુપ્રાંત અંગ્રેજને મળ્યો. સન ૧૮૫૩. આ સિવાય બંગાળામાં લેણદારોના જુલમથી સન ૧૮૫૫ માં સાંતલ લોકે બળવો કર્યો, પણ તે તરતજ સમાવી દેઇ તે લોકનું સમાધાન કર્યું. એ વિના બીજી કોઇ જાણવા જોગ લઢાઇ એ ગવરનર જનરલના સમયમાં થઇ નથી.

**બીન વારસો રાજ્યોનું ખાલસા થવું.** ૫. બીન વારસી રાજ્યોમાં પ્રથમ સતારાના રાજાએ લીધેલો દત્તક ના મંજુર કરી એ રાજ્ય ખાલસા કર્યું. સન ૧૮૪૯. ઝાંસીના રાજાને પુત્ર ન હોવાથી તેને દત્તક નહિ લેવા દેવાનો ઠરાવ થયો હતો તે પ્રમાણે એ રાજા સન ૧૮૫૩ માં મરણ પામ્યાથી તે રાજ્ય ખાલસા થયું. નાગપુરનો રાજા પણ એજ સાલમાં અપુત્ર મુઆથી તેને પણ દત્તક નહિ લેવા દેતાં એ રાજ્ય પણ ખાલસા કર્યું. એજ પ્રમાણે સંબલપુ-

રનું રાજ્ય પણ ખાલસા કર્યું. એ સાલમાં બીથુરમાં બાજી-રાવ પેશ્વા ને દક્ષિણમાં કર્ણાટકનો નવાબ ને તંજાવરનો રાજા મરણ પામ્યા. તેઓ અપુત્ર હોવાથી તેમને અપાતાં વર્ષાસન ગવરનર જનરલે તેમના વારસને આપવાની મના કરી. બાજીરાવનો દત્તપુત્ર નાના સાહેબે (ધોંડુપંતે) વિલાયત સુધી ફરિયાદ ચલાવી પણ તેમાં એનું કાંઈ વળ્યું નહિ. કર્ણાટકના નવાબનાં સગાંને કાંઇક જીવાઇ બાંધી આપવામાં આવી. નીજામના રાજ્યમાં કંપનીનું જે કંટીન્જંટ લશ્કર રહેતું હતું, તેના ખર્ચ બદલે નીજામ ઉપર ઘણું લેણું ચઢ્યું હતું, તેથી ગવરનર જનરલે તે વસુલ કરવા માટે સન્ ૧૮૦૩ માં નાગપુરના રાજા પાસેથી નીજામને અપાવેલો વરાડ પ્રાંત કંપની સરકારને આપવાની જરૂર પડી. એ પ્રાંતમાંથી ખર્ચ જતાં બાકી વધે તે નીજામ સરકારને આપવાનું ઠરાવ્યું.

**અયોધ્યાનું રાજ્ય ખાલસા કર્યું.** ૬. અયોધ્યાના નવાબના રાજ્યમાં ઘણું અંધેર ચાલતું હતું, તેથી તેનું રાજ્ય સુધારવાને પાછલા ગવરનર જનરલો લાર્ડ બેંટિક અને હાર્ડિંજે સૂચના આપી હતી, તોપણ તે ઉપર લક્ષ આપવામાં આવ્યું નહોતું, અને રૈયત પીડાતી હતી, તેથી દલહૌસીએ તેની રૈયતને દુઃખમાંથી છોડવવાને નવાબને દરવરસે બાર લાખનું વર્ષાસન બાંધી આપી અયોધ્યાનું રાજ્ય ખાલસા કર્યું ને જનરલ ઔટરામને પંજાબના જેવો વહિવટ ચલાવવાનું કામ સોંપ્યું. એ પ્રમાણે લાર્ડ દલહૌસીએ પંજાબ ને પેગુ પ્રાંતો લઈને; નાગપુર, સતારા, સંબલપુર ને ઝાંસી બીન વારસી ખાલસા કરીને; વરાડ પ્રાંત નીજામ પાસેથી ને અયોધ્યા પ્રાંત નવાબ પાસેથી લેઇને કંપનીનું રાજ્યપૂર્ણ કળાએ પહોંચાડયું; તથા બાજીરાવ, તંજાવરનો

રાજા ને કર્ણાટકના નવાબનાં પેનશન બંધ કરીને કંપનીના ખર્ચમાં ઘટાડો કર્યો.

**કંપનીના પટામાં ફેરફાર.** ૭. સન ૧૮૩૩ માં થએલા કંપનીના પટાની મુદત સન ૧૮૫૩ માં પુરી થવાથી એ સાલમાં નવો પટો થયો. તેમાં કંપનીનો વહિવટ કરનારા ૨૪ ડિરેક્ટરો હતા તે ઘટાડીને ૧૮ કર્યા તથા તેમાંના ૬ ડિરેક્ટર ઇંગ્લાંડનો રાજા નીમે એવું ઠરાવ્યું. બંગાળા, બહાર ને ઓઢીઆ પ્રાંતનો લેફટેનંટ ગવરનર જુદો ઠરાવ્યો, ને સિવિલ સર્વિસની (કલેકટરો વગેરે થવાની) પરીક્ષા ઠરાવી, તે પરીક્ષા આપવાની સર્વ પ્રજાને છૂટી આપી.

**લોકોપયોગી કામો.** ૮. એ ગવરનર જરનલના વખતમાં લોકોપયોગી કામો ઘણાં થયાં. હિંદમાં રેલવે ને તારની શરૂઆત પ્રથમ એના વખતમાં થઇ. સન ૧૮૫૩. વળી એણે કેળવણીખાતામાં પણ સુધારો તથા વધારો કર્યો. ગોશીતળા કહાડવા માટે એક નવું ખાતું કહાડી આ દેશની પ્રજાને શીતળાની પીડાથી મુક્ત કરવાની યોજના કરી. તેમજ સડક, પુલ, બરાકો (લશ્કરી સોજરોને રહેવાની) અને સરકારી ઇમારતો બાંધવાનો ઠરાવ કરી પબ્લીક વર્કસ (ઇંજનેર) ખાતું કહાડયું. એ ગવરનર જનરલ ઇ. સ. ૧૮૫૬ માં વિલાયત ગયો.

**લાર્ડકાનિંગ.** ૯. લાર્ડ દલહોસી પછી લાર્ડ કાનિંગ ગવરનર જનરલ થયો. તેના વખતમાં ત્રણ મોટા બનાવ બન્યા, ૧ ઇરાન ને ચીન સાથે લડાઇ, ૨ દેશી ફોજનો બળવો, ૩ હિંદી રાજ્યનું કંપની પાસેથી મહારાણીશ્રીને હસ્તક જવું.

**ઇરાન સાથે લડાઇ.** ૧૦. ઇરાનના શાહે પ્રથમ કરેલી સરત નહિ પાળતાં હીરાત ઉપર સ્વારી કરી તે ગઢ

લીધો. સન ૧૮૫૬. તેમાં રૂશિઆની ઉશ્કેરણી હોવી જોઇએ એમ માનવામાં આવ્યું. તેથી હિંદથી જનરલ ઔટરામને સૈન્ય આપી ઇરાન ઉપર મોકલ્યો. સન ૧૮૫૬. તેણે કરકએટ તથા બુશેર બંદર જીતીને સન ૧૮૫૭ માં ઇરાની લોકને સંધી કરવાની જરૂર પાડી. તેમાં ઇરાની શાહે હીરાત તથા અફઘાનિસ્તાનપરનો દાવો છોડી દીધો.

**ચીનુ સાથે લડાઇ.** ૧૧. કંતાનના ગવંરનરે અંગ્રેજી માલને નુકશાન કરી બાર ખલાસીઓને કેદ કર્યા તેથી ચીન સાથે લઢાઇ ઉઠી. માટે લાર્ડ એલ્જીનને ઇંગ્લાંડથી લશ્કર આપી ચીન ઉપર મોકલ્યો. સન ૧૮૫૭. આ સમયે ફ્રેંચ લોક પણ અંગ્રેજની કુમકે આવ્યા હતા. બંને સરકારોનાં લશ્કરે કંતાન જીતીને ત્યાંના ગવરનરને કેદ કરી કલકત્ત મોકલી દીધો. કંતાનથી આગળ વધી એ લશ્કરે તીનસીન શેહેર જીતી પેકીન ઉપર કુચ કરી, ત્યારે ચીનના શાહે ભયભીત થઇ સંધી કરી. તેમાં યુરોપની મૂખ્ય પ્રજાને ચીનમાં વ્યાપારાર્થે આવવાની છૂટી મળી. સન ૧૮૬૦.

**સિપાઇઓનો બળવો.** ૧૨, ઉપરની બંને લડાઇઓ હિંદબહારના દેશોમાં ચાલી. પણ ચીન સાથે લઢાઇ ચાલતી હતી તેવામાં હિંદના અંગ્રેજી સૈન્ય પૈકી દેશી પલટણોએ સન ૧૮૫૭ માં બળવો કર્યો. એ બળવો મૂખ્યત્વે પલટણોનો હોવાથી એને સિપાઇઓનો બળવો કહેછે.

**બળવાનાં કારણ.** ૧૩. ૧ દેશી રાજાઓ અપુત્ર મરે કે નઠારી વર્તણુક ચલાવે તેનાં રાજ્ય લોર્ડ ડલહૌસીએ ખાલસા કર્યાથી બીજાં રાજા રાણા ને હિંદી પ્રજાને ભય પેઠું. ૨ દેશી લશ્કરને જ્યાં મોકલે ત્યાં જઈ નોકરી કરવાની સરતે લશ્કરમાં ભરતી કરવા માંડી. પેહેલાં માત્ર હિંદમાંજ નોકરી કરવાની હતી. ૪ રાઇફલ નામે નવી બંધુક

સિપાઇઓને આપવામાં આવી. એ બંધુકમાં દારૂ ગોળી નાંખવાને બદલે તોટીઓ નાંખવાની હતી. એકહાથમાં બંધુક ઝાલી, બીજે હાથે તોટી પકડી દાંતવડે તોડીને તે તોટી બંધુકમાં નાંખવાની હતી. અંગ્રેજી રાજ્ય ઉપર નારાજ થએલા લોકોએ એવી વાત ઉડાવી કે એ તોટીઓની એક તરફ ગાયની ને બીજી તરફ ડુકરની ચરબી લગાવેલી છે. કે જેથી કરડવાથી હિંદુ મુસલમાન બંને પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય. સિપાઈઓએ એ વાત ખરી માની. લૂટ મળવાની લાલચે કેટલાક કમાઈ વગરના માણસો તથા રાજ્ય ખોનારા ને પેનશન બંધ થવાથી નારાજ થએલા એ સર્વે સિપાઇઓને બળવો કરવા માટે ઉશ્કેરવા લાગ્યા. ૪ દીર્ઘ દૃષ્ટિ વાપરી આવી રીતે ગભરાયલા સિપાઇઓને શાંત પાડે એવા અમલદારોનો પણ એ સમયે તોટો હતો. કેમકે એવા માણસો પંજાબ, અયોધ્યા, પેગુ, નાગપુર વગેરે ઠેકાણે રોકાઇ ગયા હતા, તેથી સિપાઈઓ કબજે રહી શક્યા નહિ. ૫ હિંદમાં તાર ને આગગાડી નવાં થયાં હતાં. આજ સુધી નહિ થએલાં ને ન જોએલાં એવાં અદભૂત કાર્યો જોઇને અજ્ઞાન લોકો એવું સમજવા લાગ્યા કે અંગ્રેજ આપણને ખ્રિસ્તિ કરી વિલાયત લેઇ જશે ને તેજ માટે આવાં કાર્યો આરંભ્યાં છે. ૬ પાછલા ગવરનર જનરલના વખતમાં કેળવણી ખાતામાં વધારો થયો હતો. એ કેળવણી આપનારી શાળામાં કેટલીક ખ્રીસ્તિશાળા પણ હતી. અભ્યાસ ઉપરાંત એ ખ્રિસ્તિ શાળામાં ખ્રિસ્તિ ધર્મનો ઉપદેશ પણ થતો હતો. તેથી તથા સરકારી શાળામાં પણ કેટલીક વિદ્યાનાં તત્વો હિંદી પ્રજા પ્રાચીન કાળથી માનતી હતી તેથી ઉલટાં હતાં. એ સર્વે કારણોથી લોકનાં મન અંગ્રેજી રાજ્ય તરફ શકમંદ થયાં હતાં. ૭ વળી સન ૧૭૫૭ ની

પ્લાસીની લડાઇને સન ૧૮૫૭ માં બરાબર સો વરસ થ-યાં હતાં. અને કેટલાક ગ્રહોના યોગની ગણતરી ઉપરથી કે-ટલાક જોષીઓ કહેતા હતા કે કંપનીનું રાજ્ય સો વરસ ચાલવાનું છે ને સંવત ૧૯૧૪ ની સાલ (ઇ. સ. ૧૮૫૭) માં એ રાજય જશે. એ સાલ પણ આવ્યાથી લોકોનાં મ-ન ખળભળી રહી નવા ફેરફારની આતુરતાથી રાહ જો-વા લાગ્યાં.

**બળવાની શરૂઆત.** ૧૪. બળવાની પ્રથમ શરૂ-આત બંગાળામાં આવેલા બરાનપુર ને બરાકપુરમાં થઈ. એ બંને જગાના દેશી સિપાઇઓએ રાઈફલ લેવાની નાપાડી. તેથી તેમનાં હથીઆર લેઈ રજા આપી. આ સિપાઇઓએ પોતાની નોકરી છોડવાના કારણમાં રાઇફલની કાર્ટ્રીજ (તો-ટી)ની વાત સઘળે ફેલાવી દીધી. એ વખતે મીરતમાં લ-શ્કરની મોટી છાવણી હતી. તા. ૧૦ મી મે સન ૧૮૫૭ ને રોજ ત્યાંના દેશી સિપાઇઓએ બંડ કરી યુરોપિયન અ-મલદારને મારી નાંખ્યા. ત્યાં યુરોપિયન પલટણ હતી; પ-ણ તેનો ઉપયોગ નહિ કર્યાથી દેશી પલટણો વધારે હિમ-તવાન થઈ, દિલ્લી ગઇ ને તે જીતી લીધી. દિલ્લીમાં દારૂ ગોળાનો મોટો ભંડાર હતો, તે ત્યાંના યુરોપિયન આફીસરોએ પોતાના જીવની દરકાર નહિ કરતાં સળગાવી મૂકયો કે તે દુશ્મ-નોને હાથ જતો અટકે. દિલ્લીનો પાદશાહ તથા તેનો શાહ-જાદો એ બંડખોરના આગેવાન થયા. કાનપુરની દેશી પલટણો, પણ ફરી ગઇ. તેમનો આગેવાન બાજીરાવનો દત્તપુત્ર નાના સાહેબ થયો. તેણે યુરોપીયન અમલદારો, મડમો ને બાળકો અલહાબાદ સલામત પહોંચાડવાનું વચન આપી,વિશ્વાસઘાત કર્યો ને તેમને ક્રૂરપણે મારી નાંખ્યાં. લખનોરમાં અયોધ્યાના નવાબની મા હતી તે ત્યાંની પલટણોની આગેવાન થઈ ને તેણે

બંડ કર્યું. ગ્વાલિયરમાં કંટીજંટ લશ્કર હતું તે ફરી ગયું ને ઝાંસીની રાણી તથા નાના સાહેબનો ભત્રીજો તાતીઆ ટોપી તેમનો આગેવાન થયાં. સિંધિઆ ડરીને બળવામાં નહિ ભળતાં આગ્રે નાસી ગયો. એ પ્રમાણે અંગ્રેજી લશ્કરનીજ ૮૦ પલટણો ફરી ગઈ. એ બંડખોરના આગેવાન દિલ્લીનો પાદશાહ, અયોધ્યાની બેગમ, નાના સાહેબ, ઝાંસીની રાણી ને તાતીઆ ટોપી થયાં. એ બંડખોરની સાથે લૂટની લાલચ રાખનારા બીજા કેટલાક લોક સામેલ થયા. તેથી બળવાખોરની સંખ્યા વધી. એ બળવો જમનાં નદીથી અયોધ્યા સુધી ફેલાયો હતો, પણ લાર્ડ કાનિંગે ધીરજ, આગ્રહ ને ડહાપણથી તથા અંગ્રેજી અમલદારોએ બહાદુરીને નીડરતાથી ચપળતા વાપરી એ બળવો સમાવી દીધો.

**બળવાનું શાંત થવું.** ૧૫. બંડખોરનું મૂખ્ય સ્થળ દિલ્લી હતું. પંજાબમાં કેટલીક પલટણોએ બંડની નિશાની જણાવી હતી. તેનો બંદોબસ્ત કરીને તથા જુના શીખ સિપાઈઓને હથીઆર આપીને સરજાન લારેન્સે નવી પલટણો ઉભી કરી. તથા પત્યાળા વગેરે શીખ સંસ્થાનિકોએ પોતાની શક્તિ મુજબ પોતાનું સૈન્ય મદદે આપ્યું તે સર્વ શીખ સૈન્ય દિલ્લી ઉપર મોકલ્યું. એ સૈન્યની સહાયતાથી અંગ્રેજોએ દિલ્લી લેઇ ત્યાંનું બંડ સમાવ્યું. સન ૧૮૫૭. જનરલ હેવલાકે નાના સાહેબને કાનપુર આગળ હરાવીને નસાડયો. હવે બંડનાં મૂખ્ય સ્થાન લખનોર ને ઝાંસી થયાં. જનરલ હેવલાક કાનપુરથી લખનોર ગયો. ત્યાં જનરલ ઔટરામ વગેરેને બંડખોરના ઘેરામાંથી છોડવ્યા. આ સમયે લાર્ડ એલજીને ચીનમાં જય મેળવી પોતાનું કેટલુંક સૈન્ય હિંદના ગવરનર જનરલની માગણી ઉપરથી હિંદના અંગ્રેજોની કુમકે મોકલ્યું. તેમણે લખનોર જીતીને ત્યાંનું બંડ સમાવ્યું.

મુંબાઇનું લશ્કર લેઈ સરહ્યુરોઝ મધ્ય પ્રાંતોમાં થઈ બુદેલ ખંડમાં આવ્યો. તેણે તાત્યાટોપીને હરાવી ગ્વાલેર જીત્યું ને સિંધિઓ આગ્રે નાસી ગયો હતો તેને પાછો બોલાવી ગાદીએ બેસાડયો. ઝાંસીની રાણી ગ્વાલેર આગળ બહાદુરીથી લઢતાં લઢતાં રણમાં પડી ને તાત્યો નાસીને ગુજરાતમાં આવ્યો. સન ૧૮૫૮. તે વખતે અમદાવાદની પલટણોએ પણ બળવો કરવાની પેરવી કરી હતી, પણ તે અમલમાં આવતા પહેલાંજ બળવાખોર પકડાઇ ગયા ને સજા પામ્યા.

**બંડખોરનું પકડાવું.** ૧૬. દિલ્લીનો પાદશાહ પકડાયો તેને રંગુનમાં કેદ કર્યો તે ઈ. સ. ૧૮૬૨ માં ત્યાંજ મરણ પામ્યો. નાના સાહેબ નેપાળ ભણી નાઠો ને ત્યાંજ મરી ગયો એમ કહેવાય છે. તાત્યોટોપી ગુજરાતમાં છોટા ઉદેપુરની હદમાં પકડાયો, તેણે અંગ્રેજોનાં ખુન કર્યા હતાં, તેથી તેને ફાંસી દીધી. અયોધ્યાની બેગમ પણ પકડાઇને કેદમાં પડી. એ પ્રમાણે હિંદનું રક્ષણ કરવાને વિલાયતથી નવું લશ્કર નીકળ્યું હતું, તે હિંદમાં આવતા પહેલાંજ આ દેશના અંગ્રેજોએ ચતુરાઇ, હોંશીઆરી, ચંચળાઇ, સમયસૂચકતા ને બહાદુરીથી આ ભયંકર બળવો સમાવ્યો. તેમના આગેવાન પકડાયા, મરાયા ને નાઠા. પછી ગવરનર જનરલે મહારાણી શ્રીને નામે એક જાહેરનામું કહાડી તા. ૧ લી નવેંબર સન ૧૮૫૮ ને રોજ ભરતખંડમાં ગામે ગામ વંચાવ્યું.

**ઢંઢેરો.** ૧૭. એ ઢંઢેરામાં લખ્યું હતું કે જેમણે અંગ્રેજોનાં ખુન કર્યાં છે તેમનેજ માત્ર ખુનની સજા થશે. તે સિવાય બીજાઓની ઉશ્કેરણીથી ભૂલાવામાં પડી જેઓ બળવામાં સામેલ થયા હશે તેઓ જો લડાઇ છોડી શરણે આવશે, કિંવા ઘેર જઈ ધંધે વળગશે, તે સર્વેને માફી આ-

પવામાં આવશે. એથી ઘણા બંડખોર ઘેર જઇ પોત પોતાને ધંધે વળગ્યા. ને એ રીતે હિંદમાં બે વરસની અંદર ફરીને શાંતિ થઈ સન ૧૮૫૯. વળી એ ઢંઢેરામાં મહારાણીશ્રીએ જાહેર કર્યું હતું કે હિંદનું રાજ્ય કંપની પાસેથી લઈ પોતાને હસ્તક લીધું છે ને આંજથી માહારાણીશ્રી વચન આપેછે કે સર્વ પ્રજાને સમાન ગણવામાં આવશે. ધર્મની બાબતમાં સરકાર વચ્ચે પડશે નહિં. તથા સરકારી નોકરીમાં કાળાગોરાનો તફાવત ગણવામાં આવશે નહિ. વળી જમીન સંબંધી કે વારસા સંબંધી હિંદના પ્રાચીન હકક, રીવાજ, ધારા ને અધિકાર ઉપર પુરતું લક્ષ આપવામાં આવશે. આ જાહેરનામાની અસર થઇ. આર્યખંડીઓ એ ઢંઢેરાને પોતાના હકકપત્ર તરીકે ગણે છે. એ વગર વળી જે રાજાઓ એ બળવામાં સામેલ થયા નહિ હતા, તેમને દત્તક લેવા દેવાની પણ મહારાણીશ્રીએ સનંદ આપી.

**હિંદની રાજય વ્યવસ્થા.** ૧૮. કંપની પાસેથી મહારાણીશ્રીએ હિંદી રાજય પોતાને હસ્તક લેઈ ગવરનર જનરલને હિંદી રાજય ચલાવનાર પોતાનો પ્રતિનિધિ કે વાયસરાય ઠરાવ્યો. તથા તેના ઉપર દેખરેખ રાખવાને બ્રિટિશ રાજ્યના પ્રધાન મંડળમાંના એક જણને સેક્રેટરી નીમી તેને સલાહ આપવાને પંદર કૌન્સિલરો નીમ્યા. એ પંદરમાંના આઠ જણા ભરતખંડમાં નોકરી કરી આવેલા અનુભવી જોઇએ એવો ઠરાવ કર્યો. આ ઠરાવની રૂઇએ પહેલો વાયસરાય લાર્ડ કાનિંગ થયો. સન ૧૮૫૮. એણે રેલવે તથા નેહેરો વધારી તથા નવો ફોજદારી કાયદો થલાવ્યો. બળવામાં ૪૦કરોડ રૂપીઆ ખર્ચ થયું હતું માટે પ્રજા ઉપર ઉપજ વેરો નામે કર નાંખ્યો અને કાગળની નોટો ચલાવી. સન ૧૮૬૧ માં જમનાં ને સતલજવચ્ચેના મુલકમાં દુકાળ પડ્યો તેમાં પાંચ

લાખ માણસો ભૂખમરાથી મરણ પામ્યાં. એજ વાયસરાયના સમયથી જેને કાળે પાણી કે જન્મ દેશ નિકાલની સજા થાય તેને આંદામાન બેટમાં મોકલવા માંડયા. લાર્ડ કાનિંગ સન ૧૮૬૨માં વિલાયત ગયો ને એક માસમાં ત્યાં મરણ પામ્યો. એની જગાએ લાર્ડ એલજીન વાયસરાય થઇને આવ્યો. ઈ. સ. ૧૮૬૨.

---

## પ્રકરણ ૧૧-મું.

### સન ૧૮૬૨ થી સન ૧૮૯૧ સુધી.

**લાર્ડ એલ્જીન.** ૧. એ વાયસરાય સુમારે દોઢ વરસ હિંદમાં રહ્યો. એણે કાયદા કરવાને કૌન્સિલ ઠરાવી ને તેમાં ત્રણ ભરતખંડના ને ત્રણ અંગ્રેજ વેપારીઓ મેમ્બર કર્યા. હિંદની વાયવ્ય કોણમાં વાહાબી નામે મુસલમાની પંથ નીકળ્યો હતો, તેના આગેવાનોએ ત્યાંના પહાડી લોકોને ઉશ્કેરી બળવો કર્યો. એ પહાડી લોકને હરાવી તાબે કરતાં અંગ્રેજી લશ્કરને બહુ મેહેનત પડી. સન ૧૮૬૦ માં અમેરિકાના સ્વતંત્ર સંસ્થાનોમાં ગુલામોને સ્વતંત્રતા આપવાના સંબંધમાં ઉત્તર ને દક્ષિણ સંસ્થાનો વચે ભારે જંગ મચ્યો, તેથી ત્યાંનું રૂ વિલાયત જતું અટકયું. એ કારણથી હિંદના રૂની ખપત વધી ને તેનો ભાવ એકદમ આઠ ગણો ચઢી ગયો. એ રૂની કીમત બદલ વિલાયતથી સોનું રૂપુ ઘણું આવ્યું, તેથી નાણાની છત વધી ને મજુરી, દાણા, ને બીજી જણસો ઘણી મોંઘી થઇ. નાણાની છત વધ્યાથી મુંબાઇ, અમદાવાદ, સુરત વગેરે ઠેકાણે ઘણી કંપનીઓ થઇ. સન ૧૮૬૨–૬૩. લોર્ડ એલ્જીન સન ૧૮૬૩ માં હિંદમાંજ મરણ પામ્યાથી તેમની જગાએ લાર્ડ લારેન્સ (સરજાન લારેન્સ) વાયસરાય થયા સન ૧૮૬૪.

**લાર્ડ લારેન્સ.** ૨. આસિસ્ટંટ કલેકટરની પાયરીથી ચઢતાં ચઢતાં પોતાની હોંશીઆરી વડે તે વાયસરાય થયો હતો. એણે પંજાબની હાકમી ઉપર ઘણાં વરસ ગાળ્યાં હતાં. ૧. એણે પંજાબના શીખ રાજાઓને એકઠા કરી તેમને અંગ્રેજી રાજ્યના સુધારા પોતાના રાજ્યમાં દાખલ કરવાનો બોધ કર્યો સન ૧૮૬૪. ૨. એજ સાલમાં અંગ્રેજ સરકારને ભૂતાનના રાજા સાથે લઢાઇ ઉઠી. આશામની તળેટીમાં દુઆબ પ્રગણું છે તે ઉપર એ રાજા દાવો કરતો હતો, ને ત્યાંની રૈયતને લૂટતો ને પીડતો હતો. તેથી અંગ્રેજી સૈન્ય તેના ઉપર ચઢયું. પણ ત્યાંના જંગલનાં ખરાબ હવા પાણી લશ્કરને માફક નહિ આવ્યાથી તેની ખરાબી થઇ, તેથી દરવરસે ૨૫ હજાર રૂપીઆ આપવા ઠરાવી સંધી કરી. ૩. અમેરિકાની લડાઇથી હિંદના રૂનો ભાવ વધીને નાણાંની જે રેલછેલ થઇ ઘણી કંપનીઓ ઉભી થઇ હતી, તે અમેરિકાની લઢાઈ પત્યા પછી હિંદના રૂનો ભાવ બેસી ગયાથી કંપનીઓ તૂટી તેથી મુંબાંઈને ગુજરાતના ઘણા વેપારીઓ, ને લોકો પાયમાલ થઈ ગયા. સન ૧૮૬૫. ૪. સન ૧૮૬૬ માં ઓઢીઆમાં ને સન ૧૮૬૮ માં વાયવ્ય પ્રાંતોમાં દુષ્કાળ પડયાથી લાખો માણસો ભૂખમરાથી મરણ પામ્યાં. એ કંગાળ લોકોને ભૂખમરાથી બચાવવાનું જોખમ સરકારી અમલદારોને માથે નાખવામાં આવ્યું. દુષ્કાળથી લોકનું રક્ષણ થવા માટે તેમને મજુરીએ વળગાડવા સારૂ તળાવ ને નેહેરો ખોદાવવા માંડી તથા રેલવેનો વધારો કરવા માંડયો. ૫. કાબુલનો અમીર દોસ્ત મહંમદ સન ૧૮૬૩ માં મરણ પામ્યાથી એ રાજ્ય મેળવવા એના દીકરા માંહો માંહે લઢી મુઆ. અંતે તેનો એક દીકરો શેરઅલ્લી અમીર થયો, તેને ગવરનર જનરલ લારેન્સે મંજુર રાખ્યો ઈ. સ. ૧૮૬૮. ૬. સન ૧૮૬૭ માં

અંગ્રેજને આબીસીનીઆના રાજા સાથે લઢાઈ થઇ ત્યાં હિંદનું લશ્કર મદદે ગયું. અંગ્રેજોએ ત્યાંના રાજાને હરાવી તેના છોકરાને ગાદીએ બેસાડયો. દ્વારકાંની આસપાસ વાઘેર નામે બળવાન જાત રહે છે તેમાંના કેટલાંકે નારાજ થઇ બળવો કર્યો, તે ઘણા વરસ ચાલી સંન ૧૮૬૮ સુધીમાં તે સમાવવામાં આવ્યો. એવામાં રેવાકાંઠામાં રૂપાનાયકે બંડ કર્યું. તે, તથા હિંદની વાયવ્યમાં વગડાઉ મુસલમાન જાતોએ બંડ કર્યું તે સમાવ્યાં. મહારાણીશ્રીના રાજ્યમાં એવો ઠરાવ થયો હતો કે ગવરનર ને વાયસરાયે પોતાની હાકમી પાંચ વરસ ચલાવવી, તે ઠરાવ પ્રમાણે સન ૧૮૬૯ માં લોર્ડ લારેન્સ સાહેબની હાકમીને પાંચ વરસ પુરાં થવાથી તે વિલાયત ગયો ને ત્યાં સન ૧૮૭૯ માં મરણ પામ્યો.

**લાર્ડ મેયો.** ૩. લોર્ડલારેન્સની જગાએ સન ૧૮૬૯ માં લાર્ડ મેયો વાયસરાય થયો. ૧. તેણે કાબુલના અમીર શેરઅલ્લીને અંબાલામાં દરબાર ભરી અમીર તરીકે સ્વીકાર્યો ને તેને દર વરસે બાર લાખ રૂપીઆ આપવા ઠરાવી પોતાના પક્ષમાં લીધો ઇ. સ. ૧૮૬૯. ૨. એજ વરસની આખરે મહારાણીશ્રીના બીજા કુંવર ડયુક આવ એડીનબરોની આ દેશમાં પધરામણી થઈ. દેશી રાજા પ્રજાએ તેમને આદરમાન આપી બહુ રાજ્ય ભક્તિ બતાવી. ૩. વાયસરાયે ખેતીવાડીનું ખાતું કહાડયું, સ્થાનિક સ્વરાજ્યનાં બીજ વાવ્યાં, મીઠા ઉપરની જકાતમાં સુધારો કર્યો, તથા સડક, રેલવે ને નેહેરોનો પુષ્કળ વધારો કર્યો. બંગાળી અખાતના આંદામાન બેટમાં કાળે પાણીએ મોકલવામાં આવતા કેદીઓની હાલત તપાસવાને લોર્ડ મેયો ગયો, ત્યાં કોઇ શેરઅલ્લી નામે મુસલમાન કેદીએ તેનો ઘાત કર્યો સન ૧૮૭૨. તેથી હિંદી પ્રજા બહુ દીલગીર થઇ.

**લાર્ડ નાર્થબ્રુક.** ૪. સન ૧૮૭૨ માં એ વાયસરાયે હિંદમાં આવી હિંદી રાજ્યની લગામ હાથમાં લીધી. ૧. સન ૧૮૭૪,માં બંગાળામાં દુકાળ પડયો, તેમાં ગરીબ લોક ભૂખમરાના ભોગ ન થાય માટે તેમને મજુરીએ વળગાડવાને નેહેર, સડક, તળાવ વગેરે લોકોપયોગી કામો ચાલુ કર્યાં. વાયસરાયે પંડે એ કામમાં બહુ શ્રમ લેઈ ગરીબોના જીવ ઉગાર્યા. ૨. એ વર્ષના છેલ્લા ભાગમાં મલ્હારરાવ ગાયકવાડ ઉપર વડોદરાના રેસિડેંટ કર્નલ ફેરને ઝેર દેવાનું તોહમત આવ્યું, તેની તપાસ ત્રણ યુરોપિયન ને ત્રણ દેશી અધિકારીઓનું કમીશન નીમીને કરાવી. યુરોપિયનોએ તોહમત સાબીત ગણ્યું ને દેશીઓએ નાસાબીત ગણ્યું તો પણ એને રાજ્ય ચલાવતાં આવડતું નથી ને રાજ્યમાં ઘણું અંધેર ચાલે છે; તે તોહમત મૂકી એને પદભ્રષ્ટ કરી મદ્રાસમાં કેદ કર્યો તે ત્યાંજ મરણ પામ્યો. વડોદરાની ગાદીએ ગાયકવાડના વંશજ હાલના મહારાજા શ્રી શિઆજીરાવને ખંડેરાવ મહારાજાનાં વિધવા રાણી જમનાંબાઇ પાસે દત્તક લેવડાવી ગાદી આપી. સન ૧૮૭૫ માં મહારાણીશ્રીના જેષ્ટ પુત્ર પ્રીન્સ આવ વેલ્સ હિંદમાં પધાર્યા. તે વખતે હિંદી રાજા પ્રજાએ તેમનો બહુ આદર સત્કાર કર્યો ને વફાદારી બતાવી. એ સાલમાં વિલાયતનું પ્રધાન મંડળ બદલાયાથી લાર્ડ નાર્થબ્રુક પાંચ વરસ થતા પહેલાંજ રાજીનામું આપી વિલાયત ગયો ને તેની જગાએ લાર્ડ લીટન વાયસરાય થયો. સન ૧૮૭૬.

**લાર્ડ લીટન.** ૫. પાર્લામેંટની મંજુરીથી આપણાં મહારાણી સાહેબે હિંદની શેહેનશાહ બાનુ અથવા "કૈસરે હિંદ" પદ ધારણ કર્યું, તેથી સન ૧૮૭૭ ના જાનેવારીની ૧ લી તારીખે દિલ્લીમાં એક દરબાર ભરી, હિંદના રાજા, રા-

ણા, નવાબો, કારભારીઓ, ગ્રહસ્થો ને અમલદારો સમક્ષ ભારે ભભકાથી એ ઇલકાબ જાહેર કર્યો. ૨. એજ સાલમાં પાછલા વરસના વરસાદની તાણને લીધે દક્ષિણ હિંદમાં ભારે દુષ્કાળ પડયો. અગાઉ કોઇવાર નહિ પડેલો એટલા મોટા વિસ્તાર ઉપર મુંબાઈ ને મદ્રાસ ઇલાકામાં એ દુકાળ ફેલાયો. સરકારે અને પ્રજાએ એ દુકાળના ભૂખમરામાં મરતા કંગાળોને બચાવવા માટે ઘણી મેહેનત કરી, તોપણ પરા લાખ માણસ એ દુષ્કાળનાં ભોગ થઈ પડયાં. તેમાં મુંબાઈ કરતાં મદ્રાસ ઈલાકામાં વધારે હાની થઈ. સરકારને એ દુકાળમાં ૧૧ કરોડ રૂપીઆ ખર્ચ થયું. એ ખોટ પુરવા માટે તથા હવે પછી પડતી એવી દૈવિક આફતથી બચાવ કરવા માટે સરકારે લાઇસેન્સ ટાક્સ એટલે ધંધા રોજગાર ઉપર વેરો નાંખ્યો. તથા મુંબાઈ ને મદ્રાસ ઇલાકામાં મીઠાની જકાતમાં વધારો કર્યો. આ વાયસરાયના સમયમાં ત્રણ મહત્વનાં કામ થયાં. ૧ દેશી ભાષામાં છપાતાં વર્તમાન પત્રો, ચોપાનીઆં ને પુસ્તકોને લોર્ડ મેટકાફના વખતમાં જે સ્વતંત્રતા આપી હતી તે હરી લેઇ "ગેગિંગ એક્ટ" અથવા મુખ બંધ કરનારો કાયદો કર્યો. ૨ દેશીઓને હથીઆર નહિ રાખવા દેવાનો કાયદો પણ એજ વરસમાં કર્યો સન ૧૮૭૮. ૩ માનચેસ્ટરના લોકોની ફરીઆદ ઉપરથી વિલાયતી સૂતર તથા કાપડ ઉપરની જકાત કહાડી નાંખી. એમના સમયમાં મહારાષ્ટ્રમાં વાસુદેવ બળવંત ફડકેએ બંડ કર્યું, પણ તે જલદીજ પકડાઇને કાળા પાણીની સજા પામ્યો.

**અફ્ઘાન સાથે બીજી લડાઇ.** ૬. દક્ષિણનો દુકાળ હજુ તો સમ્યો નહોતો, એવામાં સન ૧૮૬૯ માં લાર્ડ મેયોએ કબુલ કરેલો અને દર વરસે હિંદના બારલાખ

રૂપીઆ ખાઇ જનારો કાબુલનો અમીર શેરઅલ્લી અંગ્રેજ પક્ષમાંથી ફરી જઇ રૂશ લોકને આશ્રયે ગયો. રૂશના વકીલને આદરમાન સાથે કાબુલમાં બોલાવી તેની સાથે મસલહત કરવા લાગ્યો, એટલુંજ નહિ, પણ અહીંના વકીલને અફઘાનિસ્તાનમાં પેસવા દીધો નહિ. તેથી લાર્ડ લીટનને તેની સાથે લડાઇમાં ઉતરવાની જરૂર પડી ૧૮૭૮. ખૈબર, કુરમ ને બોલાનને માર્ગે અંગ્રેજી સૈન્ય કાબુલ ઉપર ચઢ્યું. તેણે કંદહાર, ગીજની, જલાલાબાદ ને કાબુલ જીતી લીધાં. અમીર શેરઅલ્લી તુર્કસ્તાન ભણી નાઠો ને ત્યાંજ મરણ પામ્યો. શેરઅલ્લી નાઠાથી તેનો વડો દીકરો યાકુબખાન અમીર થયો. તેની સાથે સંધી કરી. એ સંધીની રૂએ કુરમને બોલાનના ઘારોની અંદરના ભાગનો કબજો અંગ્રેજને મળ્યો, તથા કાબુલમાં અંગ્રેજ રેસિડેંટ રાખવાની પરવાનગી મળી. તે પ્રમાણે સરલુઇ કાવેનરીને રેસિડેંટ બનાવીને ત્યાં રાખ્યો.

**કાબુલમાં બંડ.** ૭. જે ભૂલ સન ૧૮૩૯માં થઇ હતી તેજ ભૂલ આ પ્રમાણે બીજીવાર થઇ. અફઘાનો પરદેશીઓને પોતાના મુલકમાં સત્તાધારી જોઇ શકતા નથી ને તેથીંજ સન ૧૮૪૧ માં મેકનાટન સાહેબનું ખુન થયું હતુ ને હજારો અંગ્રેજી સૈન્ય કપાઇ ગયું હતું, તેજ પ્રમાણે આ વખતે પણ તેઓ બંડ કરી ઉઠયા ને રેસિડેંટ તથા તેનાં માણસોને મારી નાંખ્યાં, તેથી અંગ્રેજ સૈન્ય ફરીને અફઘાન મુલક ઉપર ચડ્યું. યાકુબખાન શરણ આવ્યો તેને કેદ કરીને હિંદમાં પેનશન આપીને રાખ્યો. તથા અંગ્રેજી લશ્કરે કાબુલ ને કંદહાર કબજે રાખ્યાં. પણ અફઘાનો સ્વદેશ માટે ફરીને લઢવાને ઉઠયા. એવામાં વિલાયતનું ‡કાનસ-

‡ રાજ્યકારભાર ચલાવવામાં રાજ્યનું હીત સાચવનારા પક્ષને કાનસરવેટીવ ને પ્રજાનુ હીત સાચવનારા પક્ષને લીબરલ કહે છે.

ઝર્વેટીવ પ્રધાનમંડળ બદલાયું ને લીબરલ પ્રધાન થયા, તેથી લાર્ડ લીટન રાજીનામું આપી સ્વદેશ ગયો ને લાર્ડ રીપન વાયસરાય થયો ઇ. સ. ૧૮૮૦.

**લાર્ડ રીપન.** ૮. એજ સાલમાં યાકુબખાનનો ભાઇ અયુબખાન જે હીરાતમાં સુબો હતો, તેણે બળવો કર્યો ને કંદહાર ઉપર સ્વારી કરી. તેને અટકાવવાને કંદહારી લશ્કર સામું ગયું, એ લશ્કરને હેલમન નદી આગળ મેવંદના મેદાનમાં અયુબખાને હરાવી કંદહારને ઘેરો ઘાલ્યો. એ સમાચાર સાંભળી સેનાપતિ સર રાબર્ટસે કાબુલથી કંદહાર આવી અયુબને હરાવીને નસાડયો ને અફઘાનો ઉપર અંગ્રેજી સત્તાનો ફરીને દાબ બેસાડયો.

**અફઘાન લડાઇનો અંત.** ૯. લાર્ડ રીપનનો વિચાર લાર્ડ લીટનથી ઉલટો હતો. જેમ બને તેમ, અફઘાનિસ્તાનમાંથી આબરૂભેર પાછા આવી, હિંદની રૈયતને ધનની ને માણસની ખુવારીમાં પડતી બચાવવી, એવા વિચારનો તે હતો, તેથી અયુબને નસાડયા પછી દોસ્ત મહંમદના મોટા પુત્રના વંશજ અબદર રેહેમાનને બોલાવી કાબુલની ગાદી આપી, ને સન ૧૮૮૧ માં અફઘાનિસ્તાનમાંથી સઘળું અંગ્રેજી સૈન્ય હિંદમાં પાછું બોલાવી લીધું. આ નાશકારક લડાઇથી હિંદને પંદર વીશ કોટી રૂપીઆ ખર્ચ થયું ને હજારો માણસ મરણ પામ્યાં. અંગ્રેજી સૈન્ય હિંદમાં આવ્યા પછી અયુબે ફરીને કંદહાર ઉપર સ્વારી કરી તે જીતી લીધું, પણ અબદર રેહેમાને તેને હરાવીને નસાડયો. તે ઇરાનમાં કેદ પકડાયો, ત્યાંથી તે સન ૧૮૮૭ માં નાસી ગયો, પણ અફઘાનો તેના પક્ષમાં નહિ આવ્યાથી તે અંગ્રેજ સરકારને શરણ આવ્યો. તેને પેનશન આપી હિંદમાં રાખ્યો. સન ૧૮૮૮. એ રીતે આ બીજી અફઘાન લડાઇનું છેવટ આવ્યું.

**લાર્ડ રીપનની રાજયનીતિ.** ૧૦. પરદેશી રાજ્યોની ખટપટમાં જેમ બને તેમ માથું નહિ મારતાં દેશીઓની સ્થિતિ સુધારી, દેશી લોકોની વફાદારી મેળવી હિંદનું અંગ્રેજી રાજ્ય મજબુત કરવું, એવા વિચારનો લાર્ડ રીપન હતો. ૧. તેથી લાર્ડ લીટનના વખતમાં વધારેલો મીઠાનો કર તેણે ઘટાડ્યો. ૨. "ગેગિંગ આક્ટ" અથવા છાપખાનાની બંધીનો ધારો રદ કરી વર્તમાન પત્રોને છૂટી આપી. ૩. મુંબાઇની સરકારે મહુડાંનું બીલ (ખરડો) કરવાનું ધાર્યું હતું, તે ગરીબ લોકોને હરકત કરતા ધારી રદ કર્યું. ૪. દેશીઓનો ઇનસાફ *જ્યુરીની મારફત કરવાની પરવાનગી આપી. એ બાબતમાં તેમને યુરોપી પ્રજાની બરાબરના હક્ક આપીને કાળા ગોરાનો તફાવત કહાડી નાંખ્યો. ૫ હિંદની પ્રજા ઘણા વરસથી પારકાના કારભારમાં દોરાએલી હોવાથી તથા કારભાર કરવાની મોટી જગા નહિ મળવાથી કારભાર કરવાની શક્તિ ગુમાવતી ચાલી હતી, તે શક્તિ લાવવા માટે લાર્ડ રીપને ‡લોકલફંડ અને મ્યુનિસિપાલીટી ( શેહેર સુધરાઇ ખાતું )નો વહિવટ દેશી લોક તરફથી નીમાયલા પ્રતિનિધીઓની મારફતે ચાલે એવો "લોકલસેલ્ફ †ગવર્નમેંટ"

*ખુન વગેરે મોટા ગુન્હાનો ન્યાય કરવા માટે ગામના આબરૂદાર વિદ્વાન પુરૂષોને પંચ તરીકે બેસાડવામાં આવે છે એ પંચને જ્યુરી કહે છે.

‡રસ્તા, તળાવ, નિશાળો વગેરે સાર્વજનિક ઉપયોગી કામો કરવા માટે અંગ્રેજ સરકારે જમીનની મેહસુલ ઉપર રૂપીએ એક આનાનો વધારો કરી જે ફંડ કર્યું છે તેને લોકલફંડ કહેછે.

†શેહેર સુધરાઇ ખાતાની તથા લોકલફંડની વ્યવસ્થા કરવા માટે પ્રજા તરફના તથા સરકાર તરફના નીમાયલા માણસો જે કારભાર ચલાવે છે તેને લોકલસેલ્ફ ગવર્નમેંટ કહેછે.

ચલાવવાનો ધારો તા. ૧૮ મી મે સન ૧૮૮૪ ને રોજ ક- રી હિંદી પ્રજાનો પ્યાર મેળવ્યો. એ ધારા પ્રમાણે હજુ વ- હિવટ ચાલેછે. ૬ મૈસૂરનું રાજ્ય જે લાર્ડ મેંટિકના સમયથી અંગ્રેજ કમીશનર મારફત ચાલતું હતું તે રાજ્ય, મહારા- જાની પુખ્ત વય થયાથી તેને સન ૧૮૮૧ માં પાછું સોં- પ્યું. ૭ લાર્ડ રીપનના ભલા ગુણોથી ઉશ્કેરાઈ હિંદની પ્ર- જાએ સન ૧૮૮૫ ના ડિસેંબરમાં મુંબાઇમાં "નેશનલ કોં- ગ્રેસ" નામે સામાજીક સભા સ્થાપી. એને બીજે વરસે એ સભા કલકત્તામાં, ત્રીજે વરસે મદ્રાસમાં, ચોથે વરસે અલ- હાબાદમાં, પાંચમે વરસે કલકત્તામાં એમ દર વરસે હિંદના જુદા જુદા ભાગમાં મળી પ્રજાને ઉપયોગી ને વફાદારી ભ- રેલાં કામો પોતાના હાથમાં લેઇ તે વિશે વિચાર ચલાવેછે. લાર્ડ રીપન સન ૧૮૮૫ ની આખરે વિલાયત ગયો ત્યારે હિંદની આભારી પ્રજા તરફથી એને એટલું બધું માન આપી નિવાજયો કે તેવું માન અગાઉ થઇ ગએલા કોઇ- પણ વાયસરાયને મળ્યું નહોતું.

**લાર્ડ ડફરીન.** ૧૧. લાર્ડ રીપનની જગાએ લાર્ડ ડફરીન વાયસરાય થઇને આવ્યો. ૧. તેણે સન ૧૮૮૬ ની શરૂઆતમાં રાવળપીંડીમાં દરબાર ભરી કાબુલના અમીર અબદર રહેમાનને કબુલ રાખ્યો. તથા તે પોતાના પક્ષમાં રહે માટે તેને દરવરસે બાર લાખ રૂપીઆનું સાલીઆણું ચા- લતું કર્યું. ૨. એજ વરસમાં બ્રહ્મદેશના રાજા થીબા સાથે વાંકુ પડવાથી અંગ્રેજો લડાઇમાં ઉતર્યા. થોડીજ મુદતમાં લડાઇ કર્યા વગરજ થીબો અંગ્રેજને શરણ આવ્યો. તેને રત્નાગીરીમાં કેદ રાખી ઉપલો બ્રહ્મદેશ હિંદીરાજ્ય સાથે જો- ડી દીધો. બાળવા મુકી અફઘાનિસ્તાનનો થોડો ભાગ હિંદી રાજ્યમાં ઉમેરાયા ઉપરાંત બીજો કાંઈ વધારો થયો નહો-

નો. તે અફઘાની રાજ્યના ઉમેરાથી વધારો થયો. પણ તેથી હિંદને માથે ખર્ચ વધ્યું. અફઘાની રાજા તાબે થયો, પણ અફઘાની લોક તાબે થયા નહિ. તેમણે લૂટફાટ ને ધાડ ચોરી જારી રાખ્યાથી ત્યાં લશ્કરનું ખર્ચ વધ્યું ને દેશની ઉપજ, ખર્ચને પુરી પડી નહિ, તેથી એ વધારાના ખર્ચનો બોજો હિંદને માથે પડ્યો.

**ખર્ચનો વધારો ને નવા કર.** ૧૨ કાબુલના અમીરને આપણા પક્ષમાં લીધો, તોપણ પાછલા અમીરોની પેઠે એ પણ ફરી નહિ જાય તેની કાંઇ જામીનગીરી ન હોવાથી સરહદ ઉપર બચાવનાં બાંધકામ કરાવવાનો આ વાયસરાયે આરંભ કર્યો. તેથી ઉપજ કરતાં ખર્ચ વધી પડ્યું. તે પુરું પાડવા માટે કરજમાં વધારો કર્યો. લાર્ડ રીપને ઘટાડેલો મીઠા ઉપરનો કર વધાર્યો, લૈસન્સ ટાકસને બદલે ઇનકમટાકસ અથવા ઉપજ વેરો નાંખ્યો. તથા કેટલાંક સરકારી ખાતાંમાં ખર્ચ કમી કર્યું.

**દેશી રાજ્યોમાં બનાવ.** ૧૩. સન ૧૮૮૬ માં તુકોજી હોલકર ને જીઆજીરાવ સિંધીઆ મરણ પામ્યા. હોલકરની ગાદીએ તેમનો પાટવી કુંવર બાળા સાહેબ થયો. સિંધીઆનો પાટવી કુંવર નાનો હોવાથી પંચની મારફત રાજ્ય વહિવટ ચલાવવાની ગોઠવણ મરહુમ સિંધીઆએ કરી હતી, તે પ્રમાણે ત્યાં વહિવટ ચાલેછે. વળી આ વાયસરાયે દેશી રાજ્યોમાં અંગ્રેજ દીવાન આપવાનો નવો ધારો પાડી ભોપાળમાં અંગ્રેજ દીવાન ઠરાવ્યો, તથા નીજામને પ્રાઇવેટ સેક્રેટરી (ખાનગી મસલહતીઓ) પણ અંગ્રેજ આપ્યો.

**ઇંગ્લાંડ પ્રત્યે હિંદની વફાદારી.** ૧૪. સન ૧૮૮૭ માં આપણાં કૈસરેહિંદને ઇંગ્લાંડમાં રાજ્ય કરતાં ૫૦ વરસ થવાનાં હોવાથી તા. ૧૬ મી ફેબ્રુઆરી સન ૧૮૮૭ ને રો-

૭૪ હિંદમાં ગામે ગામ અંગ્રેજી ને દેશી રાજ્યોમાં જ્યુબીલી મહોત્સવ કરવામાં આવ્યો. તે સમયે હિંદનાં રાજા પ્રજાએ કૈસરે હિંદ પ્રત્યે પોતાનો અપૂર્વ પ્યાર ને વફાદારી બતાવી ઉત્સાહથી એ ઉત્સવ ઉજવ્યો. એ પ્રસંગની યાદગીરી માટે હિંદમાં કરોડો રૂપીઆ ખર્ચાયા ને લાખો રૂપીઆનાં લોકોપયોગી કામો થયાં. એ મહોત્સવ ઇંગ્લાંડમાં જુન માસમાં ઉજવવામાં આવ્યો. તે વખતે પણ હિંદના ઘણા રાજા રાણાએ મહારાણીશ્રીના માનાર્થે ઇંગ્લાંડ જઈ પોતાની વફાદારી બતાવી. લાર્ડ ડફરીને સરહદનાં બાંધકામ આરંભ્યાં હતાં, તેમાં પણ ઘણું કરીને હિંદના સર્વ રાજા રાણાએ માણસથી ને ધનથી સહાય કરવાની ઇચ્છા જણાવી. લાર્ડ ડફરીન પોતાની મુદત પુરી થતા પહેલાં સન ૧૮૮૮ ની આખરે વિલાયત ગયો ને તેમની જગાએ હાલના વાયસરાય લાર્ડ લેન્સડાઉન આવ્યા. સન ૧૮૮૮ ડીસેંબર.

**લાર્ડ લેન્સડાઉન.** ૧૫. એમના અમલના ૧ લા વરસમાં કાસ્મીરના મહારાજાને કેટલીક રાજ્ય ખટપટથી પદભ્રષ્ટ કર્યા ને તેમના રાજ્યનો કારભાર પંચ મારફત ચલાવવા માંડ્યો ૧૮૮૯. એ વરસની આખરમાં કૈસરેહિંદના પૌત્ર પ્રીન્સ આલ્બર્ટ વિકટર હિંદના પ્રવાસે આવ્યા ને આ દેશમાં ફરી હિંદની વફાદાર પ્રજા પાસેથી સારી રીતે માનપાન પામ્યા. સન ૧૮૯૦ ની આખરે રૂશિયન શાહજાદો આ દેશના પ્રવાસે આવ્યો ને અંગ્રેજ સરકારની પરોણાગત લેઈ પાછો ગયો. સન ૧૮૯૧ માં મણીપુરમાં તોફાન થઈ ત્યાંના રાજાએ બ્રિટિશ રેસિડેંટ વગેરેને મારી નાંખ્યા, તેથી તે રાજ્ય ઉપર ચઢાઇ કરી જીતી લીધું. પરંતુ તેને ખાલસા કરવાને બદલે મણીપુરના રાજાના પીતરાઇઓમાંથી એક પાંચ વરસના છોકરાને ગાદીએ બેસાડી તેનો વહીવટ

એક અંગ્રેજ વહીવટદારને હાથે ચલાવવાનો ઠરાવ કર્યા. એજ સાલમાં લાર્ડ લેન્સડાઉનની સરકારે સંમતિ વયનો કાયદો પસાર કર્યો. સન ૧૮૯૨ ની શરૂઆતમાં આપણા મહારાણીશ્રીના પૌત્ર પ્રીન્સ વિકટર દેવલોક પામ્યા ને તેથી આ દેશનાં રાજા પ્રજા સર્વ શોકાતુર થયાં. મદ્રાસ ઈલાકામાં ને મુંબઈ ઈલાકાના દક્ષિણ ભાગમાં તથા બંગાળા ને અજમેરમાં વરસાદની તાણને લીધે દુકાળ પડયો, તેથી સરકારે એ દુઃખમાંથી લોકોને બચાવવા માટે દુકાળના બાંધકામ કરાવ્યાં.

સમાપ્ત.